# શ્રી શતકનામા

## પંચમ કર્મગ્રંથ




સંપાદક

પં.રસિકલાલ શાંતિલાલ મહેતા

(સૂઇગામવાળા)

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

પૂ.આચાર્યશ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ
વિરચિત

# શ્રી શતકનામા પંચમ કર્મગ્રંથ

## સરળ ગુજરાતી વિવેચન સાથે

સંપાદક
પં.રસિકલાલ શાન્તિલાલ મહેતા
(સૂઇગામવાળા)

દ્વિતીય સંસ્કરણ- પ્રત-૩૦૦ વિ.સં.-૨૦૭૨

પ્રકાશક
શ્રી આગમોદ્ધારક પ્રતિષ્ઠાન
C/O.વિક્રમભાઇ રસિકલાલ મહેતા,
૨૦૨, સિદ્ધગિરિ ટાવર, શત્રુંજય ટાવરની બાજુમાં
નવયુગ કોલેજની પાછળ,
રાંદેર રોડ, સુરત.
ફોન નં- ૯૮૨૫૫૬૪૯૧૦, ૯૮૨૫૮૮૭૧૪૦

# ॥ श्रुत भक्ति ॥

विक्रम संवत २०७१ ज्येष्ठ शुक्ला १३ दिनांक 31.05.2015 रविवार के दिन अहमदाबाद (राजनगर) में दिल्ली के उद्योगपति मंडार निवासी संघवी भंवरलालजी रुगनाथमलजी दोशी, की ऐतिहासिक दीक्षा का आयोजन अहमदाबाद एज्युकेशनल ग्राउंड में निर्मित विशाल संयम जहाज में हुआ। इस प्रसंग पर ४१ आचार्य भगवंत, १५०० से अधिक साधु-साध्वीजी भगवंत तथा १ लाख से अधिक श्रावक-श्राविकाओं की उपस्थिति थी। नूतन दीक्षित मुनि श्री **भव्यरत्न विजयजी म.सा.** प.पू.त्रिशताधिक दीक्षा दानेश्वरी आचार्य भगवंत श्रीमद् विजय **गुणरत्नसूरीश्वरजी म.सा.** के १०८ वे शिष्य घोषित किये गये।

प.पू.आ.श्री गुणरत्नसूरीश्वरजी म.सा. की प्रेरणा से दीक्षा के ज्ञान खाते की उपज में से इस ग्रंथ का मुद्रण का लाभ संघवी रुगनाथमलजी समरथमलजी दोशी रिलिजियस ट्रस्ट की ओर से लिया गया। खूब खूब हार्दिक अनुमोदना...

★ यह ग्रंथ ज्ञानखाते की रकममें से छपा हुआ है। अतः कोई भी गृहस्थ इसकी मालिकी न करें।

★ साधु-साध्वीजी भगवंत तथा ज्ञानभंडार को सप्रेम भेट दिया जाता है।

# સંપાદકીય નિવેદન

લોકાલોક રૂપ જગતનું સ્વરૂપ વિતરાગ ભગવંતોએ કેવલજ્ઞાનથી જોઈ સંસારીજીવોને દેશનાદ્વારા સમજાવવામાં આવ્યું.

ગણધરભગવંતોએ તે સ્વરૂપને દ્વાદશાંગી રૂપે રચના કરી. ષટ્દ્રવ્યાત્મક - લોકમાં અનંત શક્તિવાળા આત્માની ભિન્ન ભિન્ન અવસ્થાનું કારણ-કર્મ જણાવ્યું.

દ્વાદશાંગી રૂપે રચેલા અંગોમાંના બારમા દ્રષ્ટિવાદસૂત્રના પૂર્વગત નામના ચોથા વિભાગમાં બીજા અગ્રાયણી નામના પૂર્વમાંથી ઉદ્ઘરીને શિવશર્મસૂરિજીએ બનાવેલ કર્મપ્રકૃતિ આદિગ્રંથોમાંથી સંક્ષિપ્ત સાર ગ્રહણ કરીને પુ. આ. ભ. દેવેન્દ્રસૂરિ મહારાજે કર્મગ્રંથોની રચના કરી છે. જેમાંથી તે કર્મ વિષયનું જ્ઞાન આજના યુગના અલ્પબુદ્ધિવાળા અને અલ્પ આયુષ્યવાળા બાળજીવો મેળવી શકે છે..

આ કર્મગ્રંથોમાંના દરેક ગ્રંથોમાં કર્મ સંબંધી વિવિધ વર્ણન કર્યું છે. જેમકે પ્રથમ કર્મવિપાક કર્મગ્રંથમાં દરેક કર્મનું ફળ (વ્યાખ્યા) બતાવેલ છે. દ્વિતીય કર્મસ્તવ કર્મગ્રંથમાં ગુણસ્થાનકના ક્રમે બંધ - ઉદય - ઉદીરણા અને સત્તાનું વર્ણન છે. તૃતીય બંધસ્વામિત્વ કર્મગ્રંથમાં બાસઠ માર્ગણા ઉપર ગુણસ્થાનકના ક્રમે કર્મબંધનું સ્વામિત્વ જણાવ્યું છે. ષડશીતિ નામના ચતુર્થ કર્મગ્રંથમાં જીવસ્થાનક માર્ગણાસ્થાનક - ગુણસ્થાનક ઉપર યોગ - ઉપયોગ આદિ વિવિધ વિષયો ઉપરાન્ત કર્મબંધના હેતુઓના વિકલ્પો વિગેરે સમજાવેલ છે.

તેમજ આ શતકનામના પાંચમા કર્મગ્રંથમાં ધ્રુવબંધી અધ્રુવબંધી આદિ તથા પ્રકૃતિબંધ સ્થિતિબંધ - રસબંધ અને પ્રદેશબંધનું વિશદ સ્વરૂપ બતાવેલ છે.

આ ગહન વિષયવાળા અને ગૂઢ અર્થવાળા ગ્રંથોને ભણવામાં કર્મ નિર્જરા - સ્વાધ્યાયરસ અને સતત પુરુષાર્થથી સાર્થકતા રૂપે બને છે.

મેં મહેસાણા શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં અધ્યયન કર્યા પછી આ કર્મગ્રંથોનું અધ્યાપન મહેસાણા - અમદાવાદ (રાજનગર) અને સુરતમાં વારંવાર કરાવવાનો યોગ પ્રાપ્ત થયો.

# શતકનામા પંચમકર્મગ્રંથ

અધ્યાપન કરાવતી વખતે ગ્રંથના હાર્દને સમજવા - સમજાવવા પૂર્વક મુખ પાઠ થઈ શકે તેવો સાર સંગ્રહ કરાવવામાં આવતો.

તે સાર સંગ્રહને વ્યવસ્થિત તૈયાર કરીને પંચમ કર્મગ્રંથ રૂપે પ્રકાશિત થાય તેવી અધ્યયન કરનાર વર્ગની ભાવના હતી.

આ કર્મગ્રંથમાંના ૧ થી ૪ કર્મગ્રંથ મારા વડીલબંધુ પં. ધીરુભાઈ દ્વારા પ્રકાશિત થયા છે. પરંતુ શતક કર્મગ્રંથ તૈયાર થયેલ ન હોવાથી આ ગ્રંથ તૈયાર કરવાની મારી પણ તમન્ના થઈ. તેમાં આ વર્ષે અધ્યયન કરાવતાં પ. પૂ. નિતીસુરીશ્વરજી મ. સા. ના સમુદાયના પ. પૂ. વસંતશ્રીજી મ. સા. ના શિષ્યા પૂ. જ્યોતિપ્રભાશ્રીજી મ. સા. નાં શિષ્યા **પૂ. જયશીલાશ્રીજી મ.** સાહેબનાં શિષ્યાઓ **પૂ. સા. મંગલવર્ધનાશ્રીજી મ. પૂ. સા. મૈત્રીવર્ધનાશ્રીજી મ., પૂ. સા. આનંદવર્ધનાશ્રીજી** મહારાજશ્રીજીઓએ સાદ્યન્ત લખાણ તૈયાર કર્યું. જે લખાણને તપાસી વ્યવસ્થિત રૂપે તૈયાર કરી પ્રકાશિત કરવા વિચાર્યું.

આ ગ્રંથ પ્રકાશિત કરવામાં આર્થિક સહકારની પણ આવશ્યક્તા હતી. તેમાં પૂ. જયશીલાશ્રીજી મ. સાહેબની પ્રેરણાથી વિવિધસંઘ અને મહાનુભાવોની ઉદારતા પ્રાપ્ત થઈ.

તેમજ ગ્રંથ છપાવવામાં **પૂ. પૂર્ણચંદ્ર સાગરજી મ.** સાહેબના ઉપદેશથી આગમોદ્ધારક પ્રતિષ્ઠાને તૈયારી બતાવી. જેથી આ ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે.

આ પુસ્તક પ્રકાશિત કરવામાં પછીથી પણ અનેકની ઉદાર સહાય પ્રાપ્ત થઈ છે. જે આ સાથે સહયોગ આપનાર તથા પ્રેરણા કરનાર પૂજ્યોની યાદી આપેલ છે.

આ રીતે આ ગ્રંથનું લખાણ તૈયાર કરવામાં સહાય કરનાર પૂજ્ય ત્રણે સાધ્વીજી ભગવંતો - તુરત પ્રકાશિત થાય તેમાં પ્રેરણા કરનાર પૂ. પૂર્ણચંદ્ર સાગરજી મ. સાહેબ તથા આર્થિક સહાયની પ્રેરણા કરનાર **પૂ. મુનિચંદ્ર સૂરીશ્વરજી મ. સાહેબ, પૂ. પૂર્ણચંદ્રસાગરજી મ. સાહેબ, પૂ. કુલરત્નસાગરજી મ.સા., પૂ. સાધ્વીજી જયશીલાશ્રીજી મ.સા., પૂ. રત્નકલાશ્રીજી મ., પૂ.** (વાગડવાળા)

# શતકનામા પંચમકર્મગ્રંથ

**વિક્રસેન્દ્રાશ્રીજી મ., પૂ. રત્નચુલાશ્રીજી મ., પૂ. ધર્મપ્રજ્ઞાશ્રીજી મ., પૂ. નિત્યોદયાશ્રીજી મ.,** આદિના વંદના કરવા પૂર્વક આભારી છું.

આ ગ્રંથના મુખપૃષ્ટ ઉપર ગુણસ્થાનક દ્વારા આત્મા કેવી રીતે ઉર્ધ્વારોહણ કરે તે ચિત્ર તૈયાર કરનાર કલાકાર ભાઈશ્રી **તેજસ શાહ** તથા સુઘડ સ્વચ્છ અને તુરત પ્રકાશન કરવામાં સહયોગ આપનાર **શ્રી હેમ્મા આર્ટ પ્રિન્ટર્સ**ના માલિકને પણ આ સમયે યાદ કરું છું. અને આભાર વ્યક્ત કરું છું.

આ ગ્રંથનું વિવરણ તેયાર કરવામાં અધ્યયન કરનાર અનેક પૂજ્ય સાધુ - સાધ્વીજી ભગવંતો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહાયક થયાં છે તે સર્વને વંદના કરવા દ્વારા ઋણ અદા કરું છું. કારણકે ભણનાર ન હોત તો આ વિવરણ તૈયાર થઈ શકત નહી.

આ ગ્રંથનું લખાણ વ્યાકરણ - **સાહિત્યચાર્ય પં. માણેકભાઈ સોનેથાએ** પોતાનો અમુલ્ય સમય આપી પુરેપુરુ વાંચી યોગ્ય સુધારા વધારા કરી આપ્યા છે. તેથી તેમની ઉદારતા કેમ ભુલાય.

તેમજ આ ગ્રંથનું લખાણ તૈયાર કરવામાં અને છપાએલ લખાણને જોઈ - તપાસી માર્ગદર્શન આપનાર વડીલ - **વયોવૃદ્ધ પં. છબીલભાઈ તથા વડીલબંધુ પં. ધીરુભાઈને** પણ આ તકે યાદ કરું છું.

અંતમાં **આ શતકનામા પંચમ કર્મગ્રંથ**ના અધ્યયન દ્વારા સૌ કોઈ કર્મ નિર્જરા કરે.

આ લખાણમાં અજ્ઞાનતાથી અથવા દૃષ્ટિદોષથી કંઈ પણ જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધ - ત્રિવિધ ક્ષમા યાચના સાથે સુધારી વાંચવા તથા મારું ધ્યાન દોરવા વિનંતી છે.

**સં. ૨૦૫૭, શ્રા. સુ. ૧૧**

**૩૦૧, કુમુદચંદ્ર કૃપા** — **મહેતા રસિકલાલ શાન્તિલાલ**

**સુરત.** — **(સુઈગામવાળા)**

# શતકનામા પંચમકર્મગ્રંથ

## પ. પૂ. આ. ભ. દેવેન્દ્રસૂરિ મહારાજ વિરચિત શતકનામા પંચમકર્મગ્રંથ અંગે કંઈક

ગુજરાતી ભાષામાં ટુંકુંનામ પાંચમો કર્મગ્રંથ કર્મ સાહિત્યના મૂળભૂત પંચમકર્મગ્રંથ.

પ. પૂ. આ. ભ. દેવેન્દ્રસૂરિજી મ. સાહેબે લગભગ વિક્રમની બારમી સદીમાં રચના કરી છે. તેઓશ્રી જેમના મહાતપના કારણે "તપા" એવું બિરુદ મેળવેલ હોવાથી જૈન શાસનની મુખ્ય શાખા નું તપાગચ્છ એવું અતિપ્રસિદ્ધ નામ પડેલું તે આ. શ્રી હીરલા જગચ્ચન્દ્રસૂરિ તરીકે વિખ્યાત થયેલા પ. પૂ. જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મ. સા. ના મૂખ્ય શિષ્ય હતા.

જેમણે ચતુર્વિધ સંઘના દેવ - ગુરુ - ધર્મને લગતા આચારવિધિ માટે ત્રણભાષ્ય - ભાષ્યત્રય રચેલ છે. તેમજ કર્મસાહિત્ય પ્રારંભાન્ત સુધી સંક્ષિપ્ત રીતે સરળભાષામાં ગાથારૂપે ૧ થી ૫ પાંચ કર્મગ્રંથોની રચના પણ કરેલી છે. આ ભાષ્યત્રય અને પાંચ કર્મગ્રંથ જૈન શાસનમાં અભ્યાસ અભિગમ રૂપે ખુબ જ ચાલુ છે. અભ્યાસકો ગાથાઓ મુખપાઠ રૂપે અને તેમાંથી અપેક્ષિત આત્મિક સુંદરતમ ભાવોની પ્રાપ્તિ કરી શકે છે.

જે શ્રી ન્યાયવિશારદ - ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં વર્ષોથી (જેની શતાબ્દિ હમણાં જ ઉજવાઈ) મુખ્ય અભ્યાસક્રમ તરીકે ચલાવાયા છે. અને તે ગ્રંથોનું પ્રકાશન પણ અવાર નવાર આવૃત્તિઓથી તે જ સંસ્થા કરી રહેલ છે. આ બધું હોવા છતાં પંચમ કર્મગ્રંથની છેલ્લા કેટલાક વર્ષોથી અન્યાન્ય લેખકો ચિંતકો, વિવેચકો દ્વારા આવૃત્તિઓ બહાર પાડવાનું ચાલુ છે. તેમાં ખાસ કરીને અભ્યાસમાં અતિ સરળપણે અભ્યાસી અભ્યાસ કરી શકે વળી તેમાં આવતા વિષયોને વિસ્તૃતપણે પણ સરળતાથી સમજી શકાય તે રીતે યંત્રો રૂપે ગોઠવણ કરવા પૂર્વક **પં. વર્ય રસિકભાઈ શાન્તિલાલ મહેતા** પ્રારંભમાં ઉપરોક્ત મહેસાણા પાઠશાળામાં - રાજનગર - અમદાવાદની પાઠશાળાઓમાં અને વર્તમાનમાં સુરતમાં સેંકડોગમે સહસ્રાવધિ પ. પૂ. સાધુ -

# શતકનામા પંચમકર્મગ્રંથ

સાધ્વીજી મ. સાહેબોને અને શ્રાવક - શ્રાવિકાઓમાંના અભ્યાસક ગણને કર્મ સાહિત્યનું શિક્ષણ આપતાં કર્મ સાહિત્યનો બહોળો અનુભવ પ્રાપ્ત કર્યો છે. તેમના વરદ હસ્તે આ પંચમકર્મગ્રંથ મુદ્રિત થઈ રહેલ છે. તે પણ એક ધન્યઘડી રૂપઅને અનુમોદનીય છે.

આપણે સૌ અભ્યાસકવર્ગ પઠન - પાઠન અધ્યયન - અધ્યાપન દ્વારા તેનો સારો લાભ મેળવી શકીએ તે તેઓશ્રીના અથાગ પ્રયત્નને આંતરિક રીતે ન્યાય આપી તેમનાથી આપણે ગૌરવ અનુભવીએ.

છદ્મસ્થભાવે અથવા અજ્ઞાનતાથી જે કંઈ જિનાજ્ઞા - શાસ્ત્ર - વિરુદ્ધ લખાયું હોય તેની ત્રિવિધ ત્રિવિધ ક્ષમા - યાચના કરી વિરમું છું.

**છબીલદાસ કેશરીચંદ સંઘવી**
પ. પૂ. પં. અભયસાગરજી જ્ઞાનપીઠ
શ્રી ને. મે. વાડી ઉપાશ્રય, સુરત

૩૦૫, શત્રુંજય એપાર્ટમેન્ટ,
કાજીનું મેદાન, ગોપીપુરા,
સુરત

# પંચમકર્મગ્રંથના પ્રકાશન પ્રસંગે પ્રાસંગિક

શતકનામા પંચમ કર્મગ્રંથનું સરળભાષામાં સંપાદન કરી પં. શ્રી રસિકલાલ શાન્તિલાલ મહેતાએ અભ્યાસકોની જીજ્ઞાસાને પૂર્ણ કરવા કરેલ પ્રયત્ન પ્રશંસનીય છે.

અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવો કર્મોના બંધ - વિપાક આદિના સ્વરૂપને સમજી કર્મબંધનોથી મુક્ત થવા પ્રયત્ન કરે તે જરૂરી છે.

પંચમકર્મગ્રંથમાં આવતા પદાર્થો, કર્મ પ્રકૃતિઓના પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ, પ્રદેશબંધનું સ્વરૂપ ભૂયસ્કાર, અલ્પતર અવસ્થિત, અવક્તવ્યનું નિરુપણ, આત્માએ બાંધેલ કર્મપ્રદેશો કઈ પ્રકૃતિમાં કેટલા મળે તેમજ જઘન્ય ઉત્કૃષ્ટ સ્વામી, ઉપશમશ્રેણિ ક્ષપકશ્રેણિ વિગેરે પદાર્થોનું સરળ ભાષામાં સ્પષ્ટ રીતે વિવેચન કરી અભ્યાસકોને જાતે અભ્યાસમાં ઉપયોગી થાય તેવો પ્રયત્ન કરેલ છે. તે આ લખાણ મેં સાદ્યન્ત વાંચેલ છે તેથી જાણી શકાય છે.

પંડિત શ્રી રસિકભાઈ મહેતાએ વર્ષો સુધી અમદાવાદ - મહેસાણા પછી સુરતમાં પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજ સાહેબોને કર્મ સાહિત્યનું કર્મગ્રંથોનું અધ્યયન કરાવી કર્મગ્રંથોનું સારું જ્ઞાન મેળવેલ છે. અને આ સંપાદન દ્વારા તેમનો કર્મગ્રંથોના જ્ઞાનનો પ્રેમ અને સ્વાધ્યાય પ્રેમ જણાય છે.

અત્યારે કર્મગ્રંથોનું સચોટ સવિસ્તર સરળ ભાષામાં અધ્યયન કરાવનાર પંડિતો, અધ્યાપકો બહુ ઓછા છે. આવા ગ્રંથોના વાંચનથી અભ્યાસક વર્ગ તૈયાર થશે.

અભ્યાસક વર્ગ આ ગ્રંથના અભ્યાસ દ્વારા કર્મ પ્રકૃતિનું જ્ઞાન મેળવી આધ્યાત્મિક વિકાસમાં પ્રયત્નશીલ બની મોક્ષ મેળવવા સમર્થ બને તેવી શાસનદેવને પ્રાર્થના કરું છું.

પં. શ્રી રસિકભાઈ બીજા અન્ય કર્મગ્રંથોનું સંપાદન કરે તેવી આશા રાખું છું.

**સં. ૨૦૫૭ અષાઢ વદ-૫** — **માણેકલાલ હરગોવનદાસ સોનેથા**

**તા. ૧૧-૭-૨૦૦૧** — **(ગરાંબડીવાળા)**

**સાહિત્ય શાસ્ત્રી, ડી.બી.એડ.,**

**૫, રત્નસાગર એપાર્ટમેન્ટ, ગોપીપુરા, કાજીનું મેદાન, સુરત.**

# શતકનામા પંચમકર્મગ્રંથ

## શુદ્ધિપત્રક

| પેઈજ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૯ | ममिधेय | मभिधेय |
| ૨ | ૧૦ | शास्त्रदौ | शास्त्रादौ |
| ૭ | ૩ | મિથ્યાત્વ | મિથ્યાત્વ |
| ૭ | ૧૬ | સંજ્વળ | સંજ્વલન |
| ૧૨ | ૮ | निट्दौ | निद्दो |
| ૧૨ | ૨૬ | મોહનીપ | મોહનીય |
| ૨૦ | ૧૦ | अंतमुहुतं | अंतमुहुत्तं |
| ૨૦ | ૧૯ | અહારક | આહારક |
| ૨૩ | ૧૧ | मोकसाय | नोकसाय |
| ૨૩ | ૨૬ | સ્થાવક | સ્થાવર |
| ૨૪ | ૧૧ | એટલ | એટલે |
| ૨૪ | ૧૨ | જ્ઞાનાવણીય | જ્ઞાનાવરણીય |
| ૨૭ | ૨૫ | ઉદ્યોગ | ઉદ્યોત |
| ૨૮ | ૪ | ઋનુગતિ | ઋજુગતિ |
| ૨૯ | ૫ | ઋતુગતિ | ઋજુગતિ |
| ૩૭ | ૭ | एग | इग |
| ૪૧ | ૧૫ | અપૂર્વકરણમાં | અપૂર્વકરણમાં |
| ૪૨ | ૩ | ચ્ઘવી | ચ્યવી |
| ૪૬ | ૭ | આ.૧ | આ. ૦ |
| ૫૨ | ૧૬ | લુઘુ | લઘુ |
| ૫૩ | ૨ | દેવ | વેદ |
| ૫૭ | ૧૯ | ૧૪ | ૪ |
| ૬૪ | ૧૬ | ૨ | ૧ |
| ૬૯ | ૨૪ | દેવક | દેવ |

# શતકનામા પંચમકર્મગ્રંથ

| પેઈજ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૭૦ | ૨૬ | અગુરુલથુ | અગુરુલઘુ |
| ૮૪ | ૨૦ | સંક્લિષ્ટતતા | સંક્લિષ્ટતા |
| ૯૦ | ૨૪ | વિ દ્ધિ | વિશુદ્ધિ |
| ૯૦ | ૨૫ | તે૪ | તેથી |
| ૧૦૪ | ૫ | સમય | સમચતુ. |
| ૧૧૪ | ૧૬ | સંઘપણ | સંઘયણ |
| ૧૧૫ | ૨૦ | શ્વાસાશ્વાસ | શ્વાચ્છોશ્વાસ |
| ૧૧૫ | ૨૦ | ઓગણીસ | ઓગણત્રીસ |
| ૧૨૪ | ૩ | ક્રિયદ્વિક | વૈક્રિયદ્વિક |
| ૧૩૮ | ૭ | સંઘમાં | સ્કંધમાં |
| ૧૪૫ | ૨૨ | વિહાયે. | વિહાયો. |
| ૧૪૯ | ૩ | જ્ઞાનાવ ણીય ર્મ | જ્ઞાનાવરણીય કર્મ |
| ૧૫૩ | ૨ | ના | ૨૬ના |
| ૧૬૦ | ૩ | કર | કરતા |
| ૧૬૧ | ૯ | मिच्छ | मिच्छि |
| ૧૬૪ | ૨૧ | ત્રણરેણુ | ત્રસરેણુ |
| ૧૬૭ | ૬ | - | સ્પૃષ્ટ આકાશ પ્રદેશ વડે |
| ૧૭૦ | ૩ | ચારેગ | ચારેગતિમાં |
| ૧૭૪ | ૨ | ૦ | ૭ |
| ૧૭૫ | ૩ | - | પ્રમાણ અધ્યવસાયોમાં |
| ૧૮૨ | ૨૧ | કમનત | કર્મને થતા |
| ૧૮૭ | ૨૧ | ગંધયા | સંઘયણ |
| ૧૮૭ | ૨૨ | મિથ્યા ષ્ટિ | મિથ્યાદષ્ટિ |
| ૧૮૮ | ૧ | ઉત્કૃ | ઉત્કૃષ્ટ |
| ૧૯૨ | ૨ | ત્કૃષ્ટ | ઉત્કૃષ્ટ |

# શતકનામા પંચમકર્મગ્રંથ

## ।। ઉત્તર પ્રકૃતિઓની ગુણસ્થાનોમાં ધ્રુવ અધ્રુવસત્તા ।।

| પ્રકૃતિ | (ગુણસ્થાને) ધ્રુવસત્તા | (ગુણસ્થાને) અધ્રુવસત્તા |
|---|---|---|
| ૫ જ્ઞાનાવરણ | ૧ થી ૧૨ | ૦ |
| ૫ અન્તરાય | ૧ થી ૧૨ | ૦ |
| ૪ દર્શનાવરણ | ૧ થી ૧૨ | ૦ |
| ૨ નિદ્રા | (૧થી૧૨ના ઉપાન્ત્ય સમય સુધી) | ૦ |
| ૩ થિણદ્ધિઆદિ | ૧ થી દેશોન ૯ | કિંચિત્ શેષ ૯ થી ૧૧ |
| ૨ વેદનીય | ૧ થી ૧૩ | ૧૪ મે |
| ૧ મિથ્યાત્વ | ૧-૨-૩ | ૪ થી ૧૧ |
| ૧ મિશ્ર | ૨-૩ | ૧,૪ થી ૧૧ |
| ૧ સમ્યક્ત્વ | બીજે | ૧,૩,૪ થી ૧૧ |
| ૪ અનંતાનુ. | ૧-૨ | ૩ થી ૧૧ |
| ૮ મધ્યકષાય | ૧ થી દેશોન ૯ | કિંચિત્શેષ ૯ થી ૧૧ |
| ૩ સંજ્વલન આદિ | ૧ થી દેશોન ૯ | કિંચિત્શેષ ૯ થી ૧૧ |
| ૧ સંજ્વ. લોભ | ૧ થી ૧૦ | ૧૧ મે |
| ૯ નોકષાય | ૧ થી દેશોન ૯ | કિંચિત ૯ થી ૧૧ |
| ૧ નરકાયુઃ | ૦ | ૧ થી ૭ |
| ૧ તિર્યંચાયુઃ | ૦ | ૧ થી ૭ |
| ૧ નરાયુઃ | ૬ થી ૧૪ | ૧ થી ૭ |
| ૧ દેવાયુઃ | ૦ | ૧ થી ૧૧ |
| ૧ મનુષ્યગતિ | ૨ થી ૧૪ | ૧ લે. (તિર્યંચમાં) |
| ૧ મનુષ્યાનુપૂર્વી | " (અથવા ૨ થી સમયોન ૧૪) | ૧ લે. (તિર્યંચમાં) |
| ૨ દેવદ્વિક | ૨ થી ૧૪-દ્વિ | ૧ |
| ૨ નરકદ્વિક | ૨ થી દેશોન ૯ | ૧, કિંચિત્તૂશેષ ૯ થી ૧૧ |

| | | |
|---|---|---|
| ૨ તિર્યંચદ્વિક | ૧ થી દેશોન ૯ | કિં ૯ થી ૧૧ |
| ૪ એકેન્દ્રિયાદિ | ૧ થી દેશોન ૯ | કિં ૯ થી ૧૧ |
| ૧ પંચેન્દ્રિય | ૧ થી ૧૪ | ૦ |
| ૭ ઔદારિકસપ્તક | ૧ થી સમયોન ૧૪ | ૦ |
| ૭ વૈક્રિયસપ્તક | ૨ થી સમયોન ૧૪ | ૧ |
| ૭ આહારકસપ્તક | ૦ | ૧ થી ૧૪ |
| ૭ તૈ. કા. સપ્તક | ૧ થી સમયોન ૧૪ | ૦ |
| ૩૪ સંસ્થાન ૬-સંઘ | " | ૦ |
| ૬-વર્ણાદિ ૨૦ | " | ૦ |
| ખગતિ ૨ | " | ૦ |
| ૬ ત્રસ - બા. - પર્યા. - સુભગ - આદેય - યશઃ | ૧ થી ૧૪ | ૦ |
| ૪ પ્રત્યેક-સ્થિર શુભ સુસ્વર | ૧ થી સમયોન ૧૪ | ૦ |
| ૩ સ્થા. સૂક્ષ્મ-સાધા. | ૧ થી દેશોન ૯ | કિં. ૯ થી ૧૧ |
| ૭ અપર્યાપ્ત-દુઃસ્વર-અનાદેય-અસ્થિર -અશુભ-દુર્ભાગ્ય -અયશ | ૧ થી સમયોન ૧૪ | ૦ |
| ૨ આતપ-ઉદ્યોત | ૧ થી દેશોન ૯ | કિં. ૯ થી ૧૧ |
| ૫ ઉપ.-પરા.-અગુ-ઉચ્છ્વાસ-નિર્માણ | ૧ થી સમયોન ૧૪ | ૦ |
| ૧ જિનનામ | ૦ | ૨-૩ વિના શેષ ૧૨માં |
| ૧ ઉચ્ચગોત્ર | ૨ થી ૧૪ | ૧ લે. |
| ૧ નીચગોત્ર | ૧ થી સમયોન ૧૪ | ૦ |

॥ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

॥ श्री महावीर स्वामिने नमः ॥

॥ श्री गौतम स्वामिने नमः ॥

# શ્રી શતકનામા પંચમ કર્મગ્રંથ

: ગ્રંથકર્તા :

પૂ. આ. દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા

અવતરણ : શ્રી ચૌદપૂર્વ પૈકી 'અગ્રાયણી' નામના બીજા પૂર્વની પાંચમી વસ્તુમાંથી પરમોપકારી પૂર્વધર ભગવાન શ્રી શિવશર્મસૂરિ મહારાજાએ ભવ્ય જીવોના કલ્યાણ માટે શ્રી કર્મપ્રકૃતિ (કમ્મપયડી) નામના ગ્રન્થની રચના કરી તેમાંના બન્ધનકરણ અને શતક પ્રકરણમાંથી ઉદ્ધરીનેપૂ. શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજાએ ૧૦૦ ગાથાના પ્રમાણવાળો આ 'શતક' નામે પાંચમો કર્મગ્રંથ રચ્યો.

આ કર્મગ્રંથના પ્રારંભમાં આર્યમહાપુરુષોની દીર્ઘકાળથી ચાલી આવતી અતિ પ્રાચીન અને શિષ્ટ પુરુષો માટેની પદ્ધતિ પ્રમાણે પ્રથમ ગાથામાં **મંગલાચરણ** અને **અભિધેય** આદિ ૪ અનુબન્ધ બતાવે છે.

**नमिय जिणं धुवबंधो - दयसंताधाईपुन्न परियत्ता ।**
**सेयर चउह विवागा, वुच्छं बंधविह सामी अ ॥ 1 ॥**

**શબ્દાર્થ**

नमिय - નમસ્કાર કરીને
जिणं - તીર્થંકરને
पुन्न - પુણ્ય પ્રકૃતિ
सेयर - પ્રતિપક્ષી સહિત
चउह - ચાર પ્રકારે
अ - ઉપશમ શ્રેણિ અને ક્ષપકશ્રેણિ

# મંગલાચરણાદિ અનુબંધ

परियत्ता - પરાવર્તમાન

**અર્થ :-** તીર્થંકર દેવને નમસ્કાર કરીને ધ્રુવબંધી, ધ્રુવઉદયી, ધ્રુવસત્તા, ઘાતી, પુણ્ય અને પરાવર્તમાન પ્રકૃતિ. તે સર્વની પ્રતિપક્ષી પ્રકૃતિ સહિત તથા ચાર પ્રકારે વિપાક દેખાડનારી પ્રકૃતિ, ચાર પ્રકારે બંધવિધિ, બંધસ્વામિત્વ, ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી વગેરે ૨૬ દ્વારો કહીશું ॥ ૧ ॥

**વિવરણ :-** આ ગ્રંથની પ્રથમગાથામાં મંગલાચરણ તથા વિષય બતાવવામાં આવ્યો છે.

મંગલાચરણ આદિ કરવાનું કારણ.

**प्रेक्षावतां प्रवृत्पर्थ - ममिधेय प्रयोजने ।**
**मंगलं चैव शास्त्रदौ वाच्यमिष्टार्थसिद्धये ॥१॥**

શાસ્ત્રની શરૂઆતમાં ઈષ્ટની સિધ્ધિ માટે મંગલાચરણ કરવામાં આવે છે. અને વિચારપૂર્વક પ્રવૃતિ કરનારા શિષ્ટ પુરુષોને આ ગ્રંથમાં પ્રવૃતિ (પ્રવેશ) કરાવવા માટે અભિધેય (વિષય) પ્રયોજન અને સંબંધ કહેવામાં આવે છે. ॥૧॥

આ પહેલી ગાથામાં नमियजिणं એ બે પદથી શ્રી જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરવા રૂપ મંગલાચરણ કર્યું છે. કોઈપણ પ્રારંભેલુ શુભકાર્ય નિર્વિઘ્નપણે પૂર્ણ થાય અને શિષ્ય પરંપરામાં 'મંગલાચરણ કરવું જોઈએ' એ માર્ગ સમજાય તે માટે શબ્દોલ્લેખ પૂર્વક મંગલાચરણ કર્યું.

તથા ૪ પ્રકારના અનુબંધમાંથી પ્રથમ અભિધેય અનુબંધ એટલેકે આ ગ્રંથમાં કયો વિષય કહેવાનો છે તે મુકયું છે. જેથી શિષ્યપુરૂષો તેમાં પ્રવેશ કરી શકે. આ ગ્રંથમાં મુખ્યત્વે દશ દ્વાર અને અવાન્તર ૨૬ દ્વાર કહેવાનાં છે. તે આ પ્રમાણે.

## આ ગ્રંથના ૨૬ દ્વાર (વિષય)

(૧) ૧. ધ્રુવબંધી પ્રકૃતિઓ
૨. અધ્રુવબંધી પ્રકૃતિઓ
(૨) ૩. ધ્રુવોદયી પ્રકૃતિઓ

૧૪. જીવવિપાકી પ્રકૃતિ
૧૫. ભવવિપાકી પ્રકૃતિ
૧૬. પુદ્‌ગલવિપાકી પ્રકૃતિ

| | | | |
|---|---|---|---|
| | ૪. અધ્રુવોદયી પ્રકૃતિઓ | (૮) | ૧૭. પ્રકૃતિબંધ |
| (૩) | ૫. ધ્રુવસત્તા પ્રકૃતિઓ | | ૧૮. સ્થિતિબંધ |
| | ૬. અધ્રુવસત્તા પ્રકૃતિઓ | | ૧૯. રસબંધ |
| (૪) | ૭. ઘાતી પ્રકૃતિઓ | | ૨૦. પ્રદેશબંધ |
| | ૮. અઘાતી પ્રકૃતિઓ | (૯) | ૨૧. પ્રકૃતિબંધના સ્વામી |
| (૫) | ૯. પુણ્ય પ્રકૃતિઓ | | ૨૨. સ્થિતિબંધના સ્વામી |
| | ૧૦. પાપ પ્રકૃતિઓ | | ૨૩. રસબંધના સ્વામી |
| (૬) | ૧૧. પરાવર્તમાન પ્રકૃતિઓ | | ૨૪. પ્રદેશબંધના સ્વામી |
| | ૧૨. અપરાવર્તમાન પ્રકૃતિઓ | (૧૦) | ૨૫. ઉપશમ શ્રેણિ |
| (૭) | ૧૩. ક્ષેત્રવિપાકી પ્રકૃતિ | | ૨૬. ક્ષપક શ્રેણિ |

**૧. ધ્રુવબંધી :-** અવશ્ય બંધવાળી પ્રકૃતિ અથવા જે પ્રકૃતિનો બંધહેતુ હોતે છતે જેનો અવશ્ય બંધ હોય અથવા જે પ્રકૃતિનો બંધ જેટલા ગુણસ્થાનક સુધી કહયો હોય ત્યાં સુધી અવશ્ય જેનો બંધ હોય તે. - ૪૭ ધ્રુવબંધી પ્રકૃતિ છે.

**૨. અધ્રુવબંધી :-** જે પ્રકૃતિનો બંધ ભજનાએ હોય. અથવા મૂળબંધ હેતુ હોવા છતા કવચિત્ બંધ હોય અને વિશેષ હેતુના અભાવે કવચિત્ ન હોય તે અથવા બંધનુંસ્થાન પ્રાપ્ત હોવા છતાં કોઇકવખત બંધાય, કોઇકવખત ન પણ બંધાય તે અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિઓ છે.

**૩. ધ્રુવોદયી :-** અવશ્ય ઉદયવાળી પ્રકૃતિ અથવા જે પ્રકૃતિ પોતાના ઉદય વિચ્છેદ સ્થાન સુધી સતત- નિરન્તર ઉદયવાળી હોય તે - ૨૭ ધ્રુવોદયી પ્રકૃતિઓ છે.

**૪. અધ્રુવોદયી :-** જે પ્રકૃતિ પોતાના ઉદય વિચ્છેદ સ્થાન પર્યન્ત કવચિત્ ઉદયમાં આવે અને કવચિત્ ન આવે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવના હેતુને પામીને ઉદયમાં આવે. અને દ્રવ્યાદિ હેતુના અભાવે ઉદય ન હોય તે. તે ૯૫ પ્રકૃતિ અધ્રુવોદયી છે.

**૫. ધ્રુવસત્તા :-** અનાદિ મિથ્યાત્વીને જેની સત્તા અવશ્ય હોય તે અથવા સમક્તિ ગુણ પામ્યા પહેલા જેની સત્તા અવશ્ય હોય તે અથવા વિશિષ્ટ ગુણ પામ્યા

પહેલા જેની સત્તા અવશ્ય હોય તે. ધ્રુવસત્તા ૧૩૦ પ્રકૃતિ છે. સત્તાના વિચ્છેદ સ્થાન સુધી જેની સત્તા અવશ્ય હોય તે ધ્રુવસત્તા જો કે સમ્યકત્વાદિ વિશિષ્ટ ગુણો પ્રાપ્ત કરે તેમ સર્વ ધ્રુવસત્તા પ્રકૃતિઓની સત્તા ક્ષય થાય. માટે વિશિષ્ટ ગુણને આશ્રયીને ક્ષય પામે તેને અધ્રુવસત્તા ન કહેવાય પરંતુ ધ્રુવસત્તા જાણવી.

**૬. અધ્રુવસતા** :- અનાદિ મિથ્યાત્વીને જેની સત્તા ભજનાએ હોય એટલે કે કવચિત્ હોય. અથવા ન પણ હોય તે અથવા સમક્તિ ગુણ પામ્યા પહેલા જેની સત્તા ભજનાએ હોય તે. અથવા વિશિષ્ટ ગુણ પામ્યા પહેલા જેની સત્તા ભજનાએ હોય તે. ૨૮ પ્રકૃતિ છે.

**૭. ઘાતી** :- જે પ્રકૃતિનો ઉદય આત્માના ગુણને હણે તે.

**સર્વઘાતી** :- જે પ્રકૃતિ પોતાનાથી હણવાલાયક આત્માના ગુણને સંપૂર્ણપણે હણે તે. અથવા જેનો ઉદય અને ક્ષયોપશમ સાથે ન જ હોઇ શકે તે ૨૦ પ્રકૃતિ સર્વઘાતી છે.

**દેશઘાતી** :- જે પ્રકૃતિ પોતાનાથી હણવાલાયક આત્માના ગુણને દેશથી હણે અથવા જેનો ઉદય અને ક્ષયોપશમ સાથે હોઇ શકે એટલે કે ઉદય અને ક્ષયોપશમ વિરોધિ ન હોય તે. દેશઘાતી ૨૫ પ્રકૃતિ છે.

**૮. અઘાતી** :- જે પ્રકૃતિનો ઉદય આત્માના જ્ઞાનાદિ મૂળગુણને હણે નહિ પરંતુ સર્વઘાતીની સાથે રહે તો સર્વઘાતી જેવું ફળ આપે અને દેશઘાતીની સાથે રહે તો દેશઘાતી જેવું ફળ આપે તે અઘાતી ૭૫ પ્રકૃતિ છે.

**૯. પુણ્ય** :- શુભનો ઉદય તે પુણ્ય અથવા જે કર્મના ઉદયથી જીવને સુખ ઉત્પન્ન થાય, આલ્હાદ થાય, અનુકુળતા પ્રાપ્ત થાય તે. પુણ્યની ૪૨ પ્રકૃતિ છે.

**૧૦. પાપ** :- અશુભનો ઉદય તે પાપ અથવા જે કર્મના ઉદયથી જીવને દુઃખ ઉત્પન્ન થાય, પ્રતિકુળતા પ્રાપ્ત થાય, કડવા રસ વાળી હોય તે પાપની ૮૨ પ્રકૃતિ છે.

**૧૧. પરાવર્તમાન** :- પ્રતિપક્ષ એવી પરપ્રકૃતિના બંધ, ઉદય અથવા બંધોદયને રોકીને પોતાનો બંધ, ઉદય અથવા બંધોદય બતાવે તે પરાવર્તમાન ૯૧ પ્રકૃતિ છે.

**૧૨. અપરાવર્તમાન :-** પરપ્રકૃતિના બંધ, ઉદય અથવા બંધોદયને રોકયા વિના પોતાનો બંધ, ઉદય અથવા બંધોદય બતાવે તે અપરાવર્તમાન ૨૯ પ્રકૃતિઓ છે.

**૧૩. ક્ષેત્રવિપાકી :-** જે પ્રકૃતિનો ઉદય મુખ્યત્વે ક્ષેત્ર એટલે આકાશના આશ્રયે પ્રગટ થાય એટલે કે વિગ્રહગતિરૂપ આકાશરૂપ ક્ષેત્રમાં વિપાક બતાવે તે ક્ષેત્રવિપાકી '૪' આનુપૂર્વી છે.

**૧૪. જીવવિપાકી :-** પુદ્‌ગલાદિ કોઈપણ બાહ્ય નિમિત્ત વિના જે પ્રકૃતિ જીવને સીધો વિપાક બતાવે તે જીવવિપાકી ૭૮ પ્રકૃતિઓ છે.

**૧૫. ભવવિપાકી :-** જે પ્રકૃતિ પોતાના ભવમાંજ વિપાક બતાવે તે અર્થાત્ તે તે ગતિના ઉદયમાં તે તે પ્રકૃતિનો અવશ્ય ઉદય હોય અથવા જેના ઉદયવખતે તે ગતિનો પણ અવશ્ય વિપાક ઉદય હોય તે ભવવિપાકી '૪' આયુષ્ય છે.

**૧૬. પુદ્‌ગલવિપાકી :-** જે પ્રકૃતિ જીવને શરીરાદિ પુદ્‌ગલ પ્રત્યે વિપાક બતાવે તે પુદ્‌ગલવિપાકી, અથવા શરીર રૂપે પરિણામ પામતા પુદ્‌ગલ રૂપે વિપાક બતાવે તે ૩૬ પ્રકૃતિઓ છે.

**૧૭. પ્રકૃતિબંધ :-** કયા કર્મનો કેવો સ્વભાવ છે. તેનુ નિયતપણુ થવું તે પ્રકૃતિબંધ, સ્વભાવનુ નક્કી થવું તે અથવા સ્થિતિ-રસ અને પ્રદેશનો સમુહ તે પ્રકૃતિબંધ.

**૧૮. સ્થિતિબંધ :-** કયું કર્મ જીવની સાથે કેટલા કાળ સુધી રહે તેનું નક્કી થવું તે.

**૧૯. રસબંધ :-** બંધ સમયે કર્મનું શુભ-અશુભપણું, ઘાતી-અઘાતીપણું, એકઠાણીયા આદિપણું, તીવ્ર-મંદપણું નક્કી થવું તે.

**૨૦. પ્રદેશબંધ :-** બંધ સમયે કયા કર્મના કેટલા અનંતા પ્રદેશી કર્મસ્કંધો બંધાય તે નક્કી થવું અથવા કર્મના દળીયાનું અનંત-અનંતાનંત પ્રમાણ તે પ્રદેશ બંધ.

**૨૧. પ્રકૃતિબંધનાસ્વામી :-** જઘન્ય તથા ઉત્કૃષ્ટથી સંખ્યાવાળી પ્રકૃતિઓ બાંધનાર કયા કયા ગુણસ્થાનકવાળા અથવા કયા કયા જીવો છે તે કહેવુ.

**૨૨. સ્થિતિબંધના સ્વામી :-** કયા કર્મની જઘન્યસ્થિતિ બાંધનાર તથા ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધનાર કયા કયાં જીવો છે. તે

**૨૩. રસબંધના સ્વામી :-** કયા કર્મનો જઘન્યરસ તથા ઉત્કૃષ્ટ રસ બાંધનાર કયા જીવો છે તે.

**૨૪. પ્રદેશબંધના સ્વામી** :- કયા કર્મના જઘન્ય પ્રદેશો ગ્રહણ કરનાર તથા ઉત્કૃષ્ટ પ્રદેશો ગ્રહણ કરનાર કયા જીવો છે તે કહેવું તે.

**૨૫. ઉપશમ શ્રેણી** :- મોહનીયકર્મની પ્રકૃતિઓને ઉપશમાવવાની (સત્તામાં રહેવા દઈ ઉદયમાં ન આવે એવી બનાવવાની) પધ્ધતિ તે.

**૨૬. ક્ષપક શ્રેણી** :- આઠે કર્મની ૧૫૮ પ્રકૃતિઓને ખપાવવાની/ક્ષય કરવાની (સત્તામાંથી પણ સર્વથા કાઢી નાખી આત્માને કર્મ રહિત બનાવાની) પધ્ધતિ તે.

પ્રકૃતિબંધાદિ ચાર પ્રકારના બંધને બદલે ભૂયસ્કાંર, અલ્પતર, અવસ્થિત અને અવક્તવ્ય તે ચાર પ્રકારે પણ બંધ છે.

**ભૂયસ્કાર** :- એકાદિ અધિક પ્રકૃતિનો બંધ તે ભૂયસ્કારબંધ.

**અલ્પતર** :- એકાદિ ન્યૂન પ્રકૃતિનો બંધ તે અલ્પતરબંધ.

**અવસ્થિત** :- તેટલીજ પ્રકૃતિઓનો બંધ તે અવસ્થિતબંધ.

**અવક્તવ્ય** :- 'અ' એટલે નહિ 'વક્તવ્ય' એટલે કહેવાલાયક ભૂયસ્કાર આદિશબ્દથી ન કહેવાલાયક બંધ તે અવક્તવ્ય અથવા બંધ વિચ્છેદ થયા પછી પુનઃબંધના પહેલા સમયે અવક્તવ્યબંધ કહેવાય.

આ પ્રમાણે આ ગ્રંથમાં ૨૬ દ્વારો અભિધેય એટલે વિષય છે. આ ગ્રંથમાં બીજા અનુબંધ સ્પષ્ટ નથી તો પણ ઉપલક્ષણથી તે અનુબંધ આ પ્રમાણે છે. ભવ્યજીવો કે જેઓ મોક્ષમાર્ગાભિમુખ થઈ જીવ અને કર્મના સંબંધનું જ્ઞાન મેળવવાની ઇચ્છાવાળા છે તેવા અજ્ઞાની જીજ્ઞાસુઓ આ ગ્રંથના **અધિકારી** છે. અને આ ગ્રંથ ગણધરે રચેલા આગમોમાંથી ઉધ્ધરેલ છે તેથી ગુરૂપરંપરાએ ચાલ્યો આવે છે પરંતુ પોતાની મતિ કલ્પનાથી રચેલો નથી તેથી **ગુરૂપરંપરા સંબંધ** જાણવો. તથા આ ગ્રંથ ભણનારને જ્ઞાન પ્રાપ્તિ, અને ભણાવનારને ઉપકાર બુધ્ધિથી થતી નિર્જરા એ શ્રોતા-વકતાનું અનુક્રમે અનંતર પ્રયોજન છે. અને બન્નેનું મોક્ષ પ્રાપ્તિ પરંપર પ્રયોજન એટલે (અંતિમફળ) છે.

## ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિઓ

**वन्नचउतेअकम्मा, गुरुलहुनिमिणोवघाय भयकुच्छा।**

**मिच्छ कसायावरणा, विग्धं धुवबंधि सगचत्ता. ॥ २॥**

**અર્થ :-** વર્ણચતુષ્ક, તૈજંસ, કાર્મણ, અગુરૂલઘુ, નિર્માણ, ઉપઘાત, ભય, જુગુપ્સા, મિથ્પાત્વ, ૧૬કષાય, ૧૪ આવરણ અને ૫ અંતરાય એ ૪૭ પ્રકૃતિ ધ્રુવબંધી છે. ॥૨॥

**વિવરણ :-** હવે **ધ્રુવબંધી પ્રકૃતિઓ** કહે છે :- અવશ્ય બંધવાળી પ્રકૃતિ એટલે ધ્રુવબંધી. જે પ્રકૃતિનો બંધ જેટલા ગુણસ્થાનક સુધી કહ્યો હોય તેટલા ગુણસ્થાનક સુધી અવશ્ય બંધાય, પોતાનો બંધ હેતુ હોતે છતે અવશ્ય બંધાય તે ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિ છે. જ્ઞાના.-૫, દર્શ.૯, વેદ.-૦ મોહ.૧૯, આયુ.-૦ નામ.-૯ ગોત્ર-૦, અંત.-૫. કઈ પ્રકૃતિ કયા હેતુ થી બંધાય. તે આ પ્રમાણે...

બંધહેતુ :- મિથ્યાત્વમોહનો બંધ હેતુ મિથ્યાત્વ.

૧૬ કષાયનો બંધ હેતુ તે તે કષાય અને ૩૦ પ્રકૃતિઓ તત્પ્રાયોગ્ય કષાય જાણવો. તેમાં પણ

(૧) અનં. કષાયનો અનં. કષાય હેતુ હોવા છતાં વિસંયોજના કરી મિથ્યાત્વે આવેલાને એક આવલિકા સુધી અનં.નો ઉદય નથી છતાં બંધાય છે. માટે મિથ્યાત્વ પણ હેતુ જાણવો.

સં લોભનો દશમે ઉદય હોવા છતાં બંધ નથી. માટે સંજવળકષાયનો બંધ હેતુ બાદર સંજવલન કષાય જાણવો.

ધ્રુવબંધી કેટલી પ્રકૃતિ કયા કયા ગુણ. સુધી બંધાય તે આ પ્રામણે-

| ગુણસ્થાનક | ધ્રુવબંધી | કઈ પ્રકૃતિ કયાં સુધી બંધાય. |
|---|---|---|
| ૧ | ૪૭ | -૧ મિથ્યાત્વ મોહનીય. |
| ૨ | ૪૬ | અનંતાનુબંધી-૪, થિણધ્ધિ-૩. |
| ૩ | ૩૯ | |
| ૪ | ૩૯ | ૪-અપ્રત્યાખ્યાની |
| ૫ | ૩૫ | ૪-પ્રત્યાખ્યાની |
| ૬ | ૩૧ | |
| ૮/૧ | ૩૧ | ૨ નિદ્રા |

| | | |
|---|---|---|
| ૮/૬ | ૨૯ | ૯-નામકર્મની |
| ૮/૭ | ૨૦ | ભય-જુગુપ્સા |
| ૯/૨ | ૧૮ | સંજવલ ક્રોધ |
| ૯/૩ | ૧૭ | સંજવલ માન |
| ૯/૪ | ૧૬ | સંજવલ માયા |
| ૯/૫ | ૧૫ | સંજવલ લોભ |
| ૧૦ મે. | ૧૪ | જ્ઞાના.-૫, દર્શ.-૪, અંત.-૫ |

## અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિઓ.

**तणुवंगागिइ संघयण, जाइगइखगइ पुव्विजिणुसासं।**
**उज्जोआयवपरघा, - तसवीसा गोयवेअणिअं॥ ३॥**

तणु= ત્રણશરીરો-ઔદારિક, વૈક્રિય, આહારક. आगिइ=આકૃતિ, સંસ્થાન-છ

**અર્થ :-** ત્રણશરીર, ત્રણઉપાંગ, છ સંસ્થાન, છ સંઘયણ, પાંચજાતિ, ચારગતિ, બે વિહાયોગતિ, ચાર આનુપૂર્વી, જિનનામકર્મ, ઉચ્છ્વાસ નામકર્મ, ઉદ્યોત, આતપ, પરાઘાત, ત્રસવિશક, બેગોત્રકર્મ, બે વેદનીય કર્મ આ ૭૩ અધ્રુવબંધી છે. ॥૩॥

**વિવરણ - અધ્રુવબંધી :-** જે પ્રકૃતિનો બંધ ભજનાએ હોય. અથવા જે પ્રકૃતિનો બંધ જેટલા ગુણસ્થાનક સુધી કહ્યો હોય તેટલા ગુણસ્થાનક સુધી કવચિત્ બંધ હોય. કવચિત્ ન હોય તે પ્રકૃતિ અધ્રુવબંધી પ્રકૃતિઓ કહેવાય છે. તે ૭૩ પ્રકૃતિઓ છે.

વેદ=૨, મોહ.=૭, ગોત્ર=૨, આયુ.=૪, નામ.=૫૮.

આ ૭૩ પ્રકૃતિઓ અધ્રુવબંધી કેમ છે તેનું કારણ આ પ્રમાણે :-

**પરાઘાત** અને **ઉચ્છ્વાસ** નામકર્મનો બંધ પર્યાપ્ત નામકર્મની સાથેજ બંધાય છે. એટલેકે અપર્યાપ્ત નામ બંધાય ત્યારે આ પ્રકૃતિનો બંધ કરે નહીં તેથી પરાઘાત અને ઉચ્છ્વાસ એ અધ્રુવબંધી છે.

**આતપ** નામકર્મના બંધનો સંભવ એકેન્દ્રિય જાતિની સાથે છે એટલે કે બેઇન્દ્રિય આદિ જાતિની સાથે આતપ નામકર્મને બાંધે નહિ. તેથી અધ્રુવબંધી છે.

**ઉદ્યોત** નામકર્મના બંધનો સંભવ તિર્યંચગતિની સાથે છે. એટલે કે મનુષ્યાદિ ગતિની સાથે ઉદ્યોતનો બંધ થાય નહી તેથી અધ્રુવબંધી.

**જિનનામ** નો બંધ તત્પ્રાયોગ્ય સમ્યક્ત્વથી થાય છે. એટલે કે બધા જ સમ્યગ્દૃષ્ટિ જિનનામ કર્મ બાંધે એવું નહી તેથી અધ્રુવબંધી.

**આહારકદ્વિક**નો બંધ તત્પ્રાયોગ્ય સંયમીને થાય છે એટલે કે બધા સંયમી બાંધે એવો નિયમ નહિ તેથી અધ્રુવબંધી.

**બાકીની પ્રકૃતિઓ** પરસ્પર પ્રતિપક્ષી હોવાથી બધી પ્રકૃતિઓ સાથે બંધાય નહી માટે તે બધી પ્રકૃતિઓ અધ્રુવબંધી છે. એટલે કે એક પ્રકૃતિ બંધાતી હોય ત્યારે તેની વિરોધી પ્રકૃતિ ન બંધાય. જેમ મનુષ્યગતિ નામકર્મ બંધાય ત્યારે બીજી ગતિનામકર્મનો બંધ ન થાય એમ સર્વ અધ્રુવબંધીમાં જાણવું.

**हासाइजुयलदुगवेअ, आउतेवुत्तरी अधुवबंधी।**
**भंगा अणाइसाई, अणंतसंतुत्तरा चउरो ॥ 4॥**

तेवुत्तरी = તહોતેર
अधुवबंधी = અધ્રુવબંધી
भंगा = ભાંગા
अणाइ साइ = અનાદિ અને સાદિ
अणंतसंतुत्तरा = અનંત અને સાંત ઉત્તરપદમાં જોડેલા છે. એવા.

**અર્થ :-** હાસ્યાદિ બે યુગલ, ત્રણવેદ, ચાર આયુષ્યકર્મ એ તહોંતેર (૭૩) અધ્રુવબંધી પ્રકૃતિ છે. (ધ્રુવબંધી, અધ્રુવબંધી, ધુવોદયી, અધ્રુવોદયી પ્રકૃતિને આશ્રયીને અનાદિ અને સાદિ, અનંત અને સાંત ઉત્તરપદમાં જોડવાથી ચાર ભાંગા થાય છે ા૪ાા

હવે ધ્રુવબંધી આદિ પ્રકૃતિઓમાં કાળને આશ્રયીને ૪ ભાંગા દર્શાવાય છે. તે આ પ્રમાણે.

**(૧) અનાદિ અનંત :** જે પ્રકૃતિનો બંધ અનાદિકાળથી નિરન્તર ચાલુ છે અને ભવિષ્યમાં બંધ વિચ્છેદ થવાનો પણ નથી તે આ ભાંગો અભવ્યને ઘટે. અભવ્યજીવ અનાદિકાળથી મિથ્યાત્વે રહેલો છે અને અનંતકાળસુધી સમ્યક્ત્વાદિ આદિ વિશિષ્ટ ગુણ પામવાના અભાવે મિથ્યાત્વે જ રહેવાનો હોવાથી અનાદિ અનંત ભાંગો ઘટે.

**(૨) અનાદિ સાંત :-** જે પ્રકૃતિનો બંધ અનાદિકાળથી ચાલુ છે પરંતુ ભવિષ્યમાં

વિશિષ્ટ આત્મગુણપ્રાપ્તિના સદ્ભાવે તે પ્રકૃતિનો બંધ વિચ્છેદ અથવા અબંધ થશે. તે અનાદિ સાંત. આ ભાંગો ભવ્યજીવોને જ હોય છે. ભવ્યજીવને અનાદિકાળથી થતો પ્રકૃતિનો બંધ ઉપરના ગુણસ્થાનકે જતા બંધવિચ્છેદ થાય એટલે સાંત થાય તેથી અનાદિ સાંત ભાંગો ઘટે.

(૩) **સાદિ અનન્ત :-** જે પ્રકૃતિ બંધવિચ્છેદ થઈને અથવા અબંધ થઈને ફરી બંધાય તે સાદિ. અને તે ફરીથી બંધાયેલ પ્રકૃતિ અનંતકાળ સુધી રહે તે ભાંગો સાદિ **અનન્ત.** આ બંધ કોઈપણ પ્રકૃતિનો કોઈપણ જીવને હોય નહિ. કારણકે વિશિષ્ટ (સમ્યક્ત્વાદિ) ગુણ પ્રાપ્ત કરી પતિત થયેલ આત્મા ફરી વિશિષ્ટ ગુણ પામી બંધ વિચ્છેદ કરશેજ. તેથી સાદિ અનન્ત ઘટે નહી.

(૪) **સાદિ-સાન્ત** જે પ્રકૃતિનો બંધ વિચ્છેદ થયા પછી ફરીથી બંધાય ત્યારે સાદિ અને બંધાયેલ ફરી વિચ્છેદ પામે તે સાન્ત. એટલે **સાદિ-સાન્ત** આ ભાંગો પતિત પરિણામી ભવ્યજીવને ઘટે.

અનાદિ - જેની આદિ ન હોય તે.

સાદિ - स+आदि = જેની શરૂઆત થાય તે સાદિ.

ધ્રુવ - હંમેશા રહે તે ધ્રુવ વિચ્છેદ ન થાય તે ધ્રુવ-અનંત.

અધ્રુવ - હંમેશા ન હોય અથવા ન રહે તે અધ્રુવ-સાન્ત

## ધ્રુવબંધ્યાદિને વિષે ભાંગા.

**पढमबिया धुवउदइसु, धुवबंधिसु तइयवज्ज भंगतिगं ।**
**मिच्छम्मि तिन्नि भंगा, दुहावि अधुवा तुरियभंगा॥ ५॥**

तइयवज्ज = ત્રીજો ભાંગો વર્જીને      तुरिअभंगा = ચોથા ભાંગાવાળી.

**અર્થ :-** ધ્રુવોદયી પ્રકૃતિને વિષે પહેલો અને બીજો ભાંગો હોય, ધ્રુવબંધી પ્રકૃતિને વિષે ત્રીજો વર્જીને ત્રણ ભાંગા હોય, મિથ્યાત્વ મોહનીય ધ્રુવોદયીને વિષે ત્રણ ભાંગા હોય અને બંને પ્રકારે અધ્રુવપ્રકૃતિ ચોથા ભાંગાવાળી છે. ॥૫॥

**વિવરણ :-** મિથ્યાત્વસિવાયની શેષ ૨૬ ધ્રુવોદયી પ્રકૃતિઓના અનાદિઅનન્ત અને અનાદિ સાન્ત એમ 'બે' ભાંગા. ૪૭ ધ્રુવબંધિ પ્રકૃતિમાં અનાદિઅનન્ત,

અનાદિસાન્ત અને સાદિસાન્ત એમ 'ત્રણ' ભાંગા. ધ્રુવબંધિ અને ધ્રુવોદયી એટલે બન્ને પ્રકારના મિથ્યાત્વમાં ૩ ભાંગા અનાદિઅનંત, અનાદિ-સાંત અને સાદિસાન્ત. ૭૩ અધ્રુવબંધી તથા ૯૫ અધ્રુવોદયી પ્રકૃતિમાં સાદિસાન્ત એકજ ભાંગો ઘટે.

અનાદિકાળથી મિથ્યાત્વ ગુણસ્થાનકે રહેલા અભવ્યને મિથ્યાત્વનો બંધ અને ઉદય અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેશે માટે અનાદિઅનંત. ભવ્યજીવને મિથ્યાત્વનો બંધ અને ઉદય અનાદિકાળથી છે અને ઉપરના ગુણસ્થાનક પ્રાપ્ત કરે ત્યારે મિથ્યાત્વનો બંધ અને ઉદય અટકે એટલે સાન્ત. માટે ભવ્યને અનાદિસાંત ભાંગો ઘટે. પતિત પરિણામી ઉપરના ગુણસ્થાનકથી ફરી મિથ્યાત્વ ગુણસ્થાનકે આવે ત્યારે મિથ્યાત્વની સાદિ અને ફરી ઉપરના ગુણસ્થાનક પ્રાપ્તકરે ત્યારે બંધવિચ્છેદ થવાથી સાન્ત માટે પતિતને સાદિસાન્ત ભાંગો ઘટે.

## ધ્રુવોદયી ૨૭ પ્રકૃતિ

**निमिण थिरअथिर अगुरुय, सुहअसुहं तेय कम्म चउवन्ना।**
**नाणंतराय दंसण, मिच्छं धुवउदय सगवीसा. ॥ ६॥**

धुवउदय = ધ્રુવોદયી, નિરંતર ઉદયવાળી, सगवीसा = સત્તાવીશ.

**અર્થ :-** નિર્માણ, સ્થિર, અસ્થિર, અગુરૂલઘુ, શુભ, અશુભ, તૈજસ, કાર્મણ, વર્ણચતુષ્ક, જ્ઞાનાવરણ, અંતરાય, દર્શનાવરણ (૪) મિથ્યાત્વ એ ૨૭ ધ્રુવોદયી પ્રકૃતિ છે. ॥૬॥

**વિવરણ :-** જે પ્રકૃતિનો ઉદય જેટલા ગુણસ્થાનક સુધી કહ્યો હોય તેનો ઉદય તેટલા ગુણસ્થાનક સુધી અવશ્ય હોય તે ધ્રુવોદયી. ઉદય વિચ્છેદ સ્થાન સુધી નિરંતર ઉદયવાળી પ્રકૃતિ તે ધ્રુવોદયી. જ્ઞાના:૫, દર્શ=૪, મોહનીય=૧, અંત.=૫ નામ.=૧૨.

જ્ઞાનાવરણીય-૫, અંતરાય-૫, દર્શનાવરણીય-૪ આ ૧૪ પ્રકૃતિ ૧થી૧૨ ગુણસ્થાનક સુધી ધ્રુવોદયી છે. મિથ્યાત્વ મોહનીય પહેલે ગુણસ્થાનકે ધ્રુવોદયી છે. અને નામકર્મની-૧૨ પ્રકૃતિ ૧થી૧૩ ગુણસ્થાનકે ધ્રુવોદયી છે. અને નામની ૧૨ પ્રકૃતિ શરીરને લગતી છે. તેથી બધાજીવોને ૧૩ ગુણ. સુધી અવશ્ય હોય છે.

અંતરાય-૫, મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનવરણીય, અચક્ષુદર્શનાવરણીયનો

ક્ષયોપશાનુવિધ્ધઉદય હોય એટલે ક્ષયોપશમ અને ઉદયસાથે હોય છે.

ચક્ષુદર્શનાવરણીય, અવધિદર્શનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મન:પર્યવજ્ઞાનાવરણીયનો એકલો ઉદય પણ હોય અને ક્ષયોપશમાનુવિધ્ધ ઉદય પણ હોય જયારે કેવળજ્ઞાનાવરણીય અને કેવળદર્શનાવરણીયનો કેવળ ઉદય હોય છે પણ ક્ષયોપશમાનુવિધ્ધઉદય ન હોય.

## અધ્રુવોદયી ૯૫ પ્રકૃતિ.

**थिरसुभिअरविणु अधुव, बंधी मिच्छविणु मोहधुवबंधी।**
**निद्दोवघायमीसं, सम्मं पणनवइ अधुवुदया ॥ ७॥**

उवधाय = ઉપઘાતનામ    पणनवइ = પંચાણું.

**અર્થ :-** સ્થિર શુભ અને તેથી ઈતર તે અસ્થિર અશુભ એ ચાર વિના અધ્રુવબંધી ૬૯ અને મિથ્યાત્વવિના મોહનીયકર્મની૧૮ ધ્રુવબંધી, ૫-નિદ્રા, ઉપઘાત, મિશ્રમોહનીય, સમ્યકત્વમોહનીય એમકુલ ૯૫ અધ્રુવોદયી છે. ।।૭।।

**વિવરણ :-** જે પ્રકૃતિનો ઉદય જેટલા ગુણસ્થાનક સુધી કહ્યો હોય તેનો ઉદય તેટલા ગુણસ્થાનક સુધી ભજનાએ હોય તે અધ્રુવોદયી પ્રકૃતિ એટલે ઉદયવિચ્છેદ સ્થાન સુધી કવચિત્ ઉદય હોય, કવચિત્ ન હોય તે. તે પ્રકૃતિઓ આ પ્રમાણે છે. દર્શના.-૫, વેદનીય-૨, મોહ.-૨૭, આયુષ્ય-૪, નામકર્મની-૫૫, ગોત્ર-૨.

નામકર્મની ધ્રુવબંધી ૧૨ પ્રકૃતિ સિવાયની ૫૫ પ્રકૃતિઓ પ્રતિપક્ષી હોવાથી અધ્રુવોદયી છે કારણ પરસ્પર વિરોધિ બે પ્રકૃતિ સાથે ઉદયમાં હોય નહી. વળી આયુષ્ય ચારમાંથી કોઈપણ એકજ ઉદયમાં હોય છે માટે અધ્રુવોદયી.

નિદ્રા-૫નો સાથે ઉદય ન હોય પરંતુ જયારે ઉદય હોય ત્યારે કોઈપણ એકનો ઉદય હોય છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની કષાય નો કેવળ ઉદય અને કેવળ ક્ષયોપશમ હોય છે, અને ક્રોધ-માન-માયા તેમજ લોભનો ઉદય સાથે ન હોય. કોઈપણ એકનો હોય. અનંતાનુબંધિઆદિ સાથે હોય તેથી જે પ્રકૃતિનો ઉદય જેટલા ગુણસ્થાનક સુધી કહ્યો હોય તેટલા ગુણસ્થાનક સુધી ભજનાએ ઉદયમાં હોય તે અધ્રુવોદયી પ્રકૃતિ કહેવાય છે.

**પ્રશ્ન :-** મિથ્યાત્વ મોહનીપનો ઉદય સમ્પકૃત્વ પામવાથી ચાલ્યો જાય છે. વળી

મિથ્યાત્વે આવે ત્યારે ઉદય થાય છે તો તે અધ્રુવોદયી કેમ ન કહેવાય.

ઉત્તર :- ગુણના નિમિત્તથી ઉદય વિચ્છેદ થાય તે અધ્રુવોદયી ન કહેવાય. પરંતુ દ્રવ્ય-ક્ષેત્ર કાળ અને ભાવના નિમિત્તથી કયારેક ઉદય હોય કદાચિત્ ન હોય તે અધ્રુવોદયી કહેવાય.

મિથ્યાત્વે મિથ્યાત્વો ઉદય કોઈપણ ક્ષેત્ર-કાળ-ભાવ-કે દ્રવ્ય હોય તો પણ હોય જ છે. માટે અધ્રુવોદયી ન કહેવાય.

## ધ્રુવસત્તા ૧૩૦ પ્રકૃતિ.

**तसवन्नवीस सगतेय, कम्म धुवबंधि सेस वेयतिगं।**

**आगिइतिग वेअणिअं, दुजुयल सग उरलु सासचउ॥ ८॥**

सगतेयकम्म - તૈજસ-કાર્મણનુસપ્તક                सग - સાત

आगिइतिग - આકૃતિ ત્રિક (છસંસ્થાન, છસંઘયણ પાંચજાતિ.)

**અર્થ :-** ત્રસવિશક, વર્ણવિશક, તૈજસ-કાર્મણસપ્તક[1], બાકીની ધ્રુવબંધી-૪૧, ત્રણવેદ, આકૃતિત્રિક[2], બે વેદનીય, બે યુગલ, ઔદારિક[3] સપ્તક, ઉચ્છવાસ[4] ચતુષ્ક (ધ્રુવસત્તા) ॥૮॥

**ધ્રુવસત્તા :-** પોતાના વિચ્છેદસ્થાન સુધી અવશ્ય સત્તા હોય તે <u>અથવા</u> અનાદિ મિથ્યાત્વીને જે પ્રકૃતિની સત્તા અવશ્યહોય તે ધ્રુવસત્તા. વિશિષ્ટ ગુણ પામ્યા પહેલા જે પ્રકૃતિની સત્તા અવશ્ય હોય તે ધ્રુવસત્તા. ૧૩૦ પ્રકૃતિ ધ્રુવસત્તા છે. તે આ પ્રમાણે જ્ઞાના.-૫, દર્શ.-૯, વેદ.-૨, મોહ.-૨૬, નામ.-૮૨, ગોત્ર-૧, અંતરાય.-૫.

પ્રશ્ન :- અનંતાનુબંધીની ઉદ્વલના ૪થી૭ ગુણસ્થાનકમાં થાય ત્યારે સત્તા ન

---

૧. તૈજસ-કાર્મણ સપ્તક :- તૈજસ શરીર, કાર્મણશરીર, તૈજસકાર્મણ બંધન, કાર્મણ કાર્મણ બંધન, તૈજસ તૈજસબંધન તૈજસ સંઘાતન, કાર્મણ સંઘાતન.

૨. આકૃતિત્રિક :- ૬ સંસ્થાન, ૬ સંઘયણ, પાંચજાતિ.

૩. ઔદારિક સપ્તક :- ઔદારિક શરીર, ઔદારિક ઉપાંગ, ઔદારિક સંઘાતન, ઔદારિક-ઔદારિક બંધન, ઔદારિક-તૈજસ બંધન, ઔદારિક કાર્મણબંધન, ઔદારિક તૈજસ કાર્મણબંધન.

૪. ઉચ્છવાસ ચતુષ્ક :- ઉચ્છવાસ, ઉદ્યોત, આતપ, પરાઘાત

હોય તો તે ધ્રુવસત્તા કેવી રીતે કહેવાય?

ઉત્તર :- વિશિષ્ટ ગુણથી તો સર્વપ્રકૃતિની સત્તાનો ક્ષય થાય. એમ વિવક્ષા કરીએ તો સર્વ અધ્રુવસત્તા જ કહેવાય. પરંતુ મિથ્યાત્વે-ગુણ પામ્યાવિના પણ જેની સત્તા નાશ પામે તે અધ્રુવસત્તા જાણવી.

## અધ્રુવસત્તા ૨૮ પ્રકૃતિ.

**खगईतिरिदुगनीअं, धुवसंता सम्म मीस मणुयदुगं।**
**विउव्विक्कार जिणाउ, हारसगुच्चा अधुवसंता॥ ९॥**

विउव्विक्कार = વૈક્રિય એકાદશ　　　　उच्चा = ઉચ્ચગોત્ર

**અર્થ :-** ખગતિદ્વિક, તિર્યંચદ્વિક, નીચગોત્ર (૧૩૦ પ્રકૃતિ) ધ્રુવસત્તા જાણવી, સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મનુષ્યદ્વિક, વૈક્રિયએકાદશ, જિનનામકર્મ, ચાર આયુષ્ય, આહારક સપ્તક અને ઉચ્ચગોત્રએ (૨૮ પ્રકૃતિ) અધ્રુવસત્તા છે. ॥૯॥

**વિવરણ :- અધ્રુવસત્તા :-** પોતાના વિચ્છેદસ્થાન સુધી કવચિત્ હોય કવચિત્ ન હોય તે અથવા અનાદિ મિથ્યાત્વીને જે પ્રકૃતિનીસત્તા ભજનાએ હોય તે અધ્રુવસત્તા. સમ્યક્ત્વગુણ પામ્યા પહેલા જે પ્રકૃતિની સત્તા ભજનાએ હોય તે અધ્રુવસત્તા. વિશિષ્ટગુણ પામ્યા પહેલાં જે પ્રકૃતિની સત્તા ભજનાએ હોય તે અધ્રુવસત્તા.

અધ્રુવસત્તામાં મોહનીય-૨, આયુષ્ય-૪, નામકર્મની-૨૧-ગોત્ર-૧

**સમક્તિમોહનીય-મિશ્રમોહનીય :-** અનાદિ મિથ્યાત્વીને આ બે પ્રકૃતિની સત્તા હોયજ નહી. કારણકે નવુ સમ્યક્ત્વ પામે ત્યારે ઉપશમ સમક્તિની વિશુધ્ધિથી મિથ્યાત્વ મોહનીયના ત્રણ પુંજ થાય છે. ત્યારે સમ્યકત્વ.મોહનીય અને મિશ્રમોહનીયની સત્તા આવે છે.

ઉપશમ સમક્તિ માંથી પડી મિથ્યાત્વે આવનાર પતિત પરિણામી અંતર્મુહૂર્ત કરતા વધારે રહેતો સમ્ય. મોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના શરૂ કરે. ઉદ્વલના કરતા પલ્યોપમનો અસંખ્યાતમો ભાગકાળ થાય. ઉદ્વલના પૂરી થતા પ્રથમ ૨૭ની સત્તા, પછી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ૨૬ની સત્તાવાળો થાય તેથી સમ્ય. મોહનીય અને મિશ્રમોહનીયની સત્તા અધ્રુવ છે.

**મનુષ્યદ્વિક, ઉચ્ચગોત્ર** = અનાદિ મિથ્યાત્વી એવો જીવ તેઉકાય વાયુકાયના

ભવમાં જાય ત્યાં દીર્ઘકાળ સુધી રહે તો અંતર્મુહૂર્ત પછી આ ત્રણ પ્રકૃતિની ઉદ્‌વલના કરે. ઉદ્‌વલના કરતાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ થાય તેથી ઉદ્‌વલના કર્યા પછી તેઉકાય અને વાયુકાયના ભવમાં અને ત્યાંથી મરીને જયાં જાય ત્યાં એટલે કે પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, વિકલેન્દ્રિય, તિર્યંચપંચેન્દ્રિય માં જાય. ત્યાં શરીર પર્યાપ્તિએ પર્યાપ્તો ન થાય ત્યાં સુધી સત્તામાં ન હોય અને શરીર પર્યાપ્તિ પછી અવશ્ય બંધ થતો હોવાથી તેઓને સત્તામાં આવે છે.

તેઉકાય અને વાયુકાયમાં ઉદ્‌વલના કરતા કરતા અપૂર્ણ ઉદ્‌વલનાએ પૃથ્વી આદિ બીજા ભવમાં જાય તો ઉદ્‌વલના થાય નહિ. અને પરિણામના અનુસારે ફરી બંધ પણ થાય.

**વૈક્રિયાદિ-૧૧:-** વૈક્રિય-૧૧ની ઉદ્‌વલના એકેન્દ્રિય કરે છે. અનાદિમિથ્યાત્વીને વૈક્રિય ૧૧ની સત્તા હોય નહિ. પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્યપણુ પામે તો વૈક્રિય ૧૧ની સત્તા આવે, ફરી સ્થાવરપણુ પામે અને દીર્ઘકાળ રહેતો ઉદ્‌વલના શરૂ થાય. એકેન્દ્રિયના ભવમાં ગયા પછી અંતર્મુહૂર્ત પછી ઉદ્‌વલના શરૂથાય. ઉદ્‌વલના કરતા પલ્યોપમનો અસંખ્યાતમો ભાગકાળ થાય. પ્રથમ પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં દેવદ્વિક અથવા નરકદ્વિકની ઉદ્‌વલના થાય અને બીજા પલ્યોપમના અસંખ્યાતમા ભાગકાળમાં બાકીની ૯ની ઉદ્‌વલના થાય.

અપૂર્ણ ઉદ્‌વલનાએ એકેન્દ્રિયમાંથી નીકળે તો ઉદ્‌વલના બંધ થાય અને પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્યના ભવમાં જાય, પર્યાપ્ત થયા પછી પરિણામને અનુસારે બંધ કરે. ૨ અથવા ૧૧ પ્રકૃતિની ઉદ્‌વલના કર્યા પછી જયાં જાય એટલેકે તિર્યંચ મનુષ્યના ભવમાં જાય તો પર્યાપ્તો ન થાય ત્યાં સુધી આ પ્રકૃતિની સત્તા હોય નહિ. પર્યાપ્ત થયા પછી અંતર્મુહૂર્ત પછી અવશ્ય દેવદ્વિક અથવા નરકદ્વિકનો અને વૈક્રિયસપ્તકનો બંધ શરૂ થાય. અને પછી બાકીની પ્રકૃતિનો બંધ થાય. એટલે અંતર્મુહૂર્ત પછી ફરી સત્તામાં આવે.

**આહારક સપ્તક :-** આહરકસપ્તકની ઉદ્‌વલના અવિરતિ કરે છે. અનાદિ મિથ્યાત્વીને આહારકસપ્તકની સત્તા હોયજ નહિ. આહારક સપ્તકનો અપ્રમત અને અપૂર્વકરણ ગુણઠાણે બંધ થાય છે ત્યારે સત્તામાં આવે છે. અને બંધ કર્યા

પછી ફરી અવિરતિ ભાવને પામે અને અંતર્મુહૂર્ત કરતા વધારે રહેતો તેની ઉદ્‌વલના થાય. ઉદ્‌વલના કરતા પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ થાય. બંધ નહિ કરેલાને અને ઉદ્‌વલના કરેલાને બધા ગુણઠાણે સત્તામાં ન હોય. અને બંધ કર્યા પછી બધા ગુણઠાણા પામી શકે છે. એટલે ઉદ્‌વલના ન થાય ત્યાં સુધી બધા ગુણઠાણે સત્તામાં હોય માટે **અધ્રુવસત્તા** કહેવાય.

**જિનનામ :-** જિનનામના ઉદ્‌વલક તિર્યંચ છે. અનાદિ મિથ્યાત્વીને જિનનામની સત્તા હોય નહિ. જિનનામનો બંધ તત્ પ્રાયોગ્ય સમ્યક્ત્વથી થાય છે. તેમાં પહેલા જીવે નરકનું આયુષ્ય બાંધ્યું હોય પછી ક્ષયોપશમ સમક્તિ પામી જિનનામકર્મ બાંધે તો નરકમાં જતી વખતે ક્ષયોપશમ સમક્તિ લઇને જવાય નહિ તેથી છેલ્લા અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વપણું પામે અને નરકમાં પણ મિથ્યાત્વ લઇને જાય. ત્યાં જઇ અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વ પામે આ રીતે મિથ્યાત્વે જિનનામનીસત્તા અંતર્મુહૂર્ત સુધી ઘટે.

અનિકાચિત જિનનામ બાંધ્યું હોય તો તિર્યંચનાભવમાં જાય અને ઉદ્‌વલના કરે. તિર્યંચનાભવમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગકાળ રહે તો ઉદ્‌વલના કરે અને ઉદ્‌વલના કર્યા પહેલા જિનનામની સત્તા હોય. (નિકાચિતજિનનામ ત્રણ ભવ પહેલા જ બંધાય) ઉદ્‌વલના કર્યા પછી જિનનામની સત્તા હોય નહિ.[૧]

**આયુષ્ય :-** એકી સાથે બે કરતાં વધારે આયુષ્ય સત્તામાં હોય નહિ. માટે આયુષ્યએ અધ્રુવસતા છે. તેમજ સ્થાવરને નરકાયુઃ દેવાયુઃની અને નવમા દેવાલોકથી નવગ્રૈવેયક તથા અનુત્તર સુધીના દેવોને તિર્યંચાયુઃની સત્તા હોય જ નહિ. બાકીનાને હોઇ શકે માટે અધ્રુવસત્તા છે.

## ગુણઠાણે ધ્રુવસત્તા.

**पढमतिगुणेसु मिच्छं, निअमा अजयाइ अट्ठगे भज्जं।**
**सासाणे खलु सम्मं, संतं मिच्छाइदसगे वा ॥ १०॥**

अजयाइ – અવિરતાદિ
संतं – વિદ્યમાન હોય.
भज्जं – ભજના
वा – વિકલ્પે હોય.

૧. નિકાચિત જિનનામની સત્તા તિર્યંચમાં ન હોય.

અર્થ :- સત્તામાં પહેલા ત્રણ ગુણઠાણાને વિષે મિથ્યાત્વ મોહનીય નિશ્ચે હોય. અવિરતાદિ આઠ ગુણઠાણે ભજના જાણવી. સાસ્વાદન ગુણઠાણે સમ્યકત્વ મોહનીય નિશ્ચે વિદ્યમાન હોય. મિથ્યાત્વાદિ દશ ગુણઠાણે વિકલ્પે હોય ॥૧૦॥

ગુણસ્થાનક ઉપર મોહનીયની ધ્રુવ-અધ્રુવસત્તા સમજવા સત્તાસ્થાનોનું વર્ણન- મોહનીયના સત્તાસ્થાન ૧૫ છે. ૨૮, ૨૭, ૨૬, ૨૪, ૨૩, ૨૨, ૨૧, ૧૩, ૧૨, ૧૧, ૫, ૪, ૩, ૨, ૧

| સત્તાપ્રકૃતિ | કોને, કયા ગુણસ્થાનક સુધી. |
|---|---|
| ૨૮ સર્વ પ્રકૃતિ | ૧ થી ૧૧ ગુણસ્થાનકે, ચારે ગતિનાજીવો. |
| ૨૭ સમ્યક્ત્વ મોહનીય વિના | ૧ લે અને ૩ જે ગુણસ્થાનકે, ચારે ગતિનાજીવો. |
| ૨૬ સમ્યક્ત્વ+મિશ્રમોહનીય વિના | ૧લેગુણઠાણેઅનાદિમિથ્યાત્વીને ઉદ્વલકના કરેલા જીવોને |
| ૨૪ અનંતાનુબંધી વિના | વિસંયોજના કરી મિશ્રે ગયેલાને તથા વિસંયોજના પછી ક્ષયો. સમ્યક્ત્વીને ૪થી૭ અને ઉપશમ સમ્ય. ને ૪થી૧૧ ગુણસ્થાનક સુધી. |
| ૨૩ અનંતા.+મિથ્યાત્વ મોહ.વિના | ક્ષાયિક સમક્તિ પામતી વખતે ૪થી૭ ગુણ.માં, મનુષ્યનેજ. |
| ૨૨ અનંતા+મિથ્યા-મિશ્રમોહ.વિના | ક્ષાયિક સમક્તિ પામતી વખતે ૪થી૭ ગુણ.માં ચારે ગતિમાં |
| ૨૧ દર્શન સપ્તકનો ક્ષય કરવાથી | ૪થી૧૧ ગુણ.ઉપશમ શ્રેણીમાં, ક્ષાયિક સમ. ને તથા ચારે ગતિમાં |
| ૧૩ દર્શન સપ્તક ૮ કષાય વિના | ક્ષપકશ્રેણીમાં ૯/૩ ભાગે |
| ૧૨ " " + નપુ.વેદ વિના | ૯/૪ ભાગે ક્ષપકશ્રેણિમાં મનુષ્યને |
| ૧૧ " " + સ્ત્રીવેદ વિના | ૯/૫ ભાગે ક્ષપકશ્રેણિમાં મનુષ્યને |
| ૫ " " હાસ્યાદિ છવિના | ૯/૬ ભાગે ક્ષપકશ્રેણિમાં મનુષ્યને |
| ૪ " " પુરૂષવેદ વિના | ૯/૭ ભાગે ક્ષપકશ્રેણિમાં મનુષ્યને |

| | | |
|---|---|---|
| ૩ " " | સંજવલન ક્રોધ વિના | ૯/૮ ભાગે ક્ષપકશ્રેણિમાં મનુષ્યને |
| ૨ " " | સંજવલન માન વિના | ૯/૯ ભાગે ક્ષપકશ્રેણિમાં મનુષ્યને |
| ૧ " " | સંજવલન માયા વિના | ૯ માના ચરમ અંતર્મુહૂર્તે અને ૧૦ ગુણ. |

## ગુણસ્થાનક ઉપર સત્તાસ્થાન

કયા ગુણસ્થાનકમાં કયાં સત્તાસ્થાન

| ગુણ. | સત્તાસ્થાન. |
|---|---|
| ૧લા. | ૨૮, ૨૭, ૨૬ |
| ૨જા | ૨૮ |
| ૩જા | ૨૮, ૨૭, ૨૪ |
| ૪થી૭ માં | ૨૮, ૨૪, ૨૩, ૨૨, ૨૧ |
| ૮ | ૨૮, ૨૪, ૨૧ |
| ૯ | ૨૮, ૨૪, ૨૧, ૧૩, ૧૨, ૧૧, ૫, ૪, ૩, ૨, ૧ |
| ૧૦ | ૨૮, ૨૪, ૨૧, ૧ |
| ૧૧ | ૨૮, ૨૪, ૨૧. |

સિધ્ધાન્તના મતે ચોથા ગુણ.થી ત્રીજા ગુણ. માં જાય નહી તેથી મિશ્રે ૨૪ની સત્તા ન ઘટે. मिच्छता संकंत्ति अविरुद्धा होइ, सम्ममीसेसु. सम्माओ मिच्छतं

૧. <u>મિથ્યાત્વ મોહનીય</u> :- ૧લે, ૨જે, ૩જે ગુણ. ધ્રુવ હોય છે. તે આ પ્રમાણે. ૧લે ગુણ. મિથ્યાત્વ મોહનીય બંધ અને ઉદયમાં છે માટે સત્તામાં હોય જ, ૨જે ગુણ. ૨૮ ની સત્તા છે માટે સત્તા ધ્રુવ. ૩જે ગુણ. ૨૮, ૨૭, ૨૪ ની સત્તા છે માટે મિથ્યા. હોય તેથી ધ્રુવ.

૪થી૧૧ ગુણસ્થાનકે અધ્રુવ કારણકે ત્યાં ૨૩અને૨૨ની સત્તાવાળા ક્ષાયોપશમ સમ્યકત્વીને અને ક્ષાયિક ને ન હોય. પણ ૨૮અને૨૪ની ની સત્તાવાળા ઉપશમ અને ક્ષાયોપશમ સમ્યકત્વીને હોય તેથી અધ્રુવ.

૨. <u>સમકિત મોહનીય</u> :- સાસ્વાદન ગુણસ્થાનકે ધ્રુવ, કારણ ત્યાં ૨૮ની સત્તા હોય માટે

૧થી૧૧ (બીજાવિના) ગુણસ્થાનકે સમકિત મોહનીય અધ્રુવ હોય છે. ૧લે ગુણસ્થાનકે અનાદિ મિથ્યાત્વીને અને ઉદ્દ્વલના કરનારને સમકિત મોહનીયની ઉદ્દ્વલના કર્યા પછી નહોય. ઉપશમસમક્તિ પામી મિથ્યાત્વે આવેલાને ઉદ્દ્વલના ન કરે ત્યાં સુધી હોય તેથી અધ્રુવ.

ત્રીજે ગુણસ્થાનકે ૨૮ અને ૨૪ની સત્તાવાળાને હોય અને ૨૭ની સત્તાવાળાને ન હોય. ૪થી૧૧ ગુણસ્થાનકે ૨૧ની સત્તાવાળા ક્ષાયિક સમકિતીને ન હોય. ક્ષાયોપશમ અને ઉપશમ સમક્તિવાળાને હોય. (૨૮, ૨૪, ૨૩, ૨૨ની સત્તાવાળાને હોય) તેથી અધ્રુવ.

**सासणमीसेसु धुवं मीसं मिच्छाइनवसु भयणाए।**
**आइदुगे अण निअमा, भइआ मीसाइ नवगंमि॥ ११॥**

भयणाए = વિકલ્પે
निअमा = નિશ્ચયથીહોય
आइदुगे = પહેલા બે ગુણઠાણે
भइआ =ભજના

**અર્થ :-** સાસ્વાદન અને મિશ્રગુણઠાણે નિશ્ચયે મિશ્ર મોહનીય હોય, મિથ્યાત્વાદિ નવ ગુણઠાણે વિકલ્પે હોય. પહેલા બે ગુણઠાણે અનંતાનુબંધિ કષાય નિશ્ચયે હોય. મિશ્રાદિ નવ ગુણઠાણે ભજના જાણવી ॥૧૧॥

**વિવરણ :- મિશ્રમોહનીય :-** ૨જે અને ૩જે ગુણસ્થાનકે નિશ્ચયેહોય એટલે કે ધ્રુવ. ૨જે ગુણસ્થાનકે ૨૮ની સત્તાહોય માટે ધ્રુવ. ૩જે ગુણઠાણે મિશ્રમોહનીયનો ઉદય છે માટે સત્તા હોય તેથી ધ્રુવ.

૧લે ગુણઠાણે અનાદિ મિથ્યાત્વીને અને ઉદ્દ્વલના કર્યા પછી નહોય અને ઉપશમ સમ્યક્ત્વથી મિથ્યાત્વે આવેલાને ઉદ્દ્વલના ન કરે ત્યાં સુધી ૨૮ અને ૨૭ ની સત્તાવાળાને હોય. તેથી અધ્રુવ.

અહી બે ગુણસ્થાનક હોવા છતાં ગાથામાં બહુવચન તે પ્રાકૃતના નિયમ પ્રમાણે છે.

૪થી૧૧ ગુણઠાણે ક્ષાયિકસમક્તિીને અને ૨૨ની સત્તાવાળા ક્ષાયોપશમ સમકિતીને ન હોય અને ઉપશમ, ક્ષાયોપશમ સમક્તિીને અવશ્ય હોય માટે અધ્રુવ

# ગુણ. માં ધ્રુવસત્તા અધ્રુવસત્તા

<u>અનંતાનુબંધી</u> ૧લે અને ૨જે ગુણ. બંધ અને ઉદય બન્ને હોવાથી સત્તા અવશ્ય હોય તેથી ધ્રુવ[1]

૩થી૧૧ ગુણઠાણે અનંતાનુબંધીની વિસંયોજના કરેલ ક્ષાયોપશમિક સમકિતી, ઉપશમસમકિતી અને ક્ષાયિક સમકિતીને ન હોય. અને શેષ ક્ષાયોપશમ અને ઉપશમ સમકિતીને હોય તેથી અધ્રુવ.

કર્મપ્રકૃતિ આદિગ્રંથોમાં અનંતાનુબંધીની વિસંયોજના (ક્ષય) કરીને શ્રેણિપ્રાપ્ત કરે છે. પરંતુ ઉપશમ કરીને શ્રેણિ ચડે નહી. તેથી આઠમા આદિ ગુણ. માં સત્તા હોય નહી એમ કહેલ છે.[2]

**आहारसत्तगं वा सव्वगुणे बितिगुणे विणा तित्थं।**
**नोभयसंते मिच्छो अंतमुहुत्तं भवे तित्थे ॥ १२॥**

| | |
|---|---|
| वा = વિકલ્પે હોય. | मिच्छो = મિથ્યાત્વી |
| विणा = વિના | अंतमुहुतं = અંતર્મુહૂત પર્યંત |
| उभयसंत = બંનેની સત્તા છતે | भवे = હોય, થાય |

**અર્થ :-** આહારક સપ્તક સર્વ ગુણઠાણાને વિષે વિકલ્પે હોય. બીજા અને ત્રીજા ગુણઠાણાવિના બાકીના સર્વ ગુણઠાણાને વિષે તીર્થંકર નામકર્મ વિકલ્પે હોય. બન્નેની સત્તા હોતે છતે મિથ્યાત્વી ન થાય. તીર્થંકર નામકર્મની સત્તા હોતે છતે અંતર્મુહૂર્ત પર્યંત મિથ્યાત્વી થાય ॥૧૨॥

**વિવરણ :-** આહારક સપ્તક બધાજ ગુણઠાણે ભજનાએ હોય. ૭મા અને ૮મા ગુણઠાણે અહારક દ્વિકનો બંધ કરી નીચે અથવા ઉપરના ગુણઠાણાને પ્રાપ્ત કરે તેને હોય અને બંધ નહિ કરેલાને નહોય. આહારક દ્વિકનો બંધ કર્યા પછી જીવ મિથ્યાત્વ સુધી અને એકેન્દ્રિયાદિમાં પણ જાય છે.

**જિનનામ :-** ૨જા અને ૩જા ગુણઠાણાવિના ૧થી૧૪ ગુણઠાણે ભજનાએ

---

૧. અનં.ની વિસંયોજના કરી મિથ્યાત્વે આવેલાને એક આવલિકા સુધી અનંતાનુ બંધીનો ઉદય ન હોય.

૨. **बीयतइएसु मीसं नियमा ठाणनवगंमि भइयव्वं**
**संजोयणा उ नियमा दुसु पंचसु हुंति भइयव्वा** (કર્મપ્રકૃતિ ગા. ૪૨૩)

હોય. ૨જા અને ત્રીજા ગુણઠાણે તથા સ્વભાવે ન હોય[1] તે આ રીતે અને ૪થી૮ માના છઠ્ઠા ભાગ સુધી બંધ કરી મિથ્યાત્વે અથવા ઉપરના ગુણઠાણે ચડે તો તેની સત્તા હોય અને બંધ કર્યા વિના ઉપર અને નીચે જાયતો સત્તા ન હોય તેથી અધ્રુવસત્તા.

**જિનનામ અને આહારકદ્વિક :-** બંન્ને બાંધેલુ સત્તામાં હોય એવો જીવ તથાસ્વભાવે મિથ્યાત્વ ગુણઠાણું પામે નહિ. એટલેકે બન્નેની સત્તા સાથે મિથ્યાત્વે હોય નહી. તેમજ જિનનામ અને આહારક દ્વિકની સાથે સત્તા નરકમાં પણ ન હોય.

મિથ્યાત્વગુણસ્થાનકે જિનનામની સત્તા અંતર્મુહૂર્ત સુધી કેવી રીતે હોય તે આ પ્રમાણે :- પહેલા જીવે નરકનું આયુષ્ય બાંધ્યુ હોય પછી ક્ષયોપશમ સમક્તિ પામે અને તેની વિશુધ્ધિથી જિનનામકર્મ બાંધે. તે જીવ નરકમાં જતી વખતે ક્ષયોપશમ સમક્તિ લઈને જવાય નહી તેથી છેલ્લા અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વપણુ પામે અને નરકમાં પણ મિથ્યાત્વ લઈને જાય અને ત્યાં જઇ અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વપામે તેથી મનુષ્યના અને નરકના ભવમાં અંતર્મુહૂર્ત સુધી જિનનામની સત્તા મિથ્યાત્વે અંતર્મુહૂર્ત સુધી હોય.

અનિકાચિત જિનનામની સત્તા તિર્યંચમાં પણ હોય. અને તે ઉદ્‌વલના કરે. અહીં નિકાચિત જિનનામની જ વિવક્ષા કરવામાં આવેલ છે.

ગુણકૃત અને અગુણકૃત ઉદ્‌વલના એટલે શું?

આત્માના વિશિષ્ટ ગુણથી થતી ઉદ્‌વલના ને ગુણકૃત ઉદ્‌વલના કહેવાય. અને ગુણવિના જે પ્રકૃતિઓની સત્તાનો વિરોધી (દ્વેષી) એવો જીવ તેનો સત્તામાંથી નાશ કરે તે અગુણ કૃત ઉદ્‌વલના કહેવાય. આ ઉદ્‌વલના કરતાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ થાય છે. અને ગુણકૃત ઉદ્‌વલના અંતર્મુહૂર્ત કાળમાં થાય છે.

## ઘાતી પ્રકૃતિ-૪૫

**केवलजुअलावरणा, पणनिद्दा बारसाइम कसाया।**
**मिच्छं ति सव्वधाई, चउनाण ति दंसणावरणा।।१३।।**

---

१. तित्थयरेण विहीणं, सीयालसयं तु संतए होइ
सासायणम्मि उ गुणे, सम्मामीसे पयडीणं (બૃહત્‌કર્મસ્તવ ભાષ્ય ગા. ૨૫)

# સર્વઘાતી દેશઘાતી પ્રકૃતિઓ

सव्वघाई = સર્વઘાતી આવરणा = આવરણો.

**અર્થ :-** કેવલયુગલના આચ્છાદનો બે (કેવલજ્ઞાનાવરણીય-કેવલદર્શનાવરણીય), પાંચ નિદ્રા, પહેલા બાર કષાયો અને મિથ્યાત્વ એ પ્રકાંરે (વીશ પ્રકૃતિ) સર્વઘાતી છે. ચાર જ્ઞાનના અને ત્રણ દર્શનના આવરણો તથા ॥૧૩॥

**વિવરણ :- સર્વઘાતી :-** પોતાનાથી હણવાલાયક ગુણને સંપૂર્ણથી હણે તે અથવા જેનો ઉદય અને ક્ષયોપશમ સાથે ન જ હોઇ શકે (વિરોધી હોય) તે સર્વઘાતી પ્રકૃતિ કહેવાય છે તે ૨૦ પ્રકૃતિઓ છે. જ્ઞાના.ની ૧ કેવલજ્ઞાનાવરણીય. દર્શનાવરણીય-૬- કેવલદર્શનાવરણીય+પાંચ નિદ્રા. મોહ.-૧૨ (૪ અનંતાનુબંધી,[1] ૪-અપ્રત્યાખ્યાની, ૪- પ્રત્યાખ્યાની) કષાય+૧ મિથ્યાત્વમોહનીય.

અહીં સર્વઘાતી એટલે આત્માના ગુણને સંપૂર્ણ પણે હણે એમ ન કહેવું. એમ કહેવાથી આત્મા ગુણ રહિત થઇ જાય. માટે પોતાનાથી હણવા લાયક ગુણને સંપૂર્ણ હણે એમ જાણવું.[2]

**દેશઘાતી :-** પોતાનાથી હણવાલાયક ગુણને દેશથી હણે જેનો ઉદય અને ક્ષયોપશમ સાથે હોઇ શકે (અવિરોધિ હોય) તે દેશઘાતી પ્રકૃતિ.

કઈ પ્રકૃતિ કયા ગુણને હણે તે **આ પ્રમાણે**

**કેવળજ્ઞાનાવરણીય :-** કેવળજ્ઞાનને સંપૂર્ણપણે હણે તેથી સર્વઘાતી.

**પાંચનિદ્રા :-** દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થતી દર્શનલબ્ધિને સંપૂર્ણપણે હણે છે તેથી સર્વઘાતી.

---

૧. અનંતાનુબંધી તે ચારિત્રમોહનીયની પ્રકૃતિ છે. અને ચારિત્ર ગુણને હણવાના વિષયવાળી છે. છતાં અનંતાનુબંધીના ઉદયથી મિથ્યાત્વનો ઉદય અવશ્ય થાય છે. તેથી મિથ્યાત્વની સહચારી હોવાથી સમ્યક્ત્વને હણનાર છે. તેમ કહયું છે. તેથી જ દર્શનમોહનીયની ત્રણ અને અનં.ચાર નું નામ દર્શન સપ્તક કહેવાય છે.

૨. કોઇ પણ સર્વઘાતી પ્રકૃતિ અત્માના ગુણને સંપૂર્ણ પણે હણી શકતી નથી. પરંતુ પોતાનાથી હણવા લાયક ગુણનેજ સંપૂર્ણ પણે હણે. જો ગુણ સંપૂર્ણ હણાય તો જીવ અજીવ પણું પામે.

जइ पुण सो वि आवसिज्जा ता णं जीवो अजीवत्तणं पाविज्जा

જો ગુણ સંપૂર્ણ અવરાય તો જીવ અજીવ પણુ પામે. (નંદી અધ્યયન પત્ર-૧૯૫)

सव्व जीवाणं पि य णं अक्खरस्स अणंतमो भागो निच्चुधाडिओ चिट्ठइ

**અનંતાનુબંધિ, મિથ્યાત્વમોહ.** :- સમક્તિ ગુણને હણે છે તેથી સર્વઘાતી.
**અપ્રત્યાખ્યાની કષાય** :- દેશવિરતિ ગુણને હણે છે તેથી સર્વઘાતી.
**પ્રત્યાખ્યાની કષાય** :- સર્વવિરતિ ગુણને હણે છે તેથી સર્વઘાતી પ્રકૃતિ છે.

પ્રશ્ન :- નિદ્રા આત્માના મૂળગુણને હણતી નથી પરંતુ દર્શનાવરણીય કર્મના ક્ષાયોપશમથી પ્રગટ થયેલી દેશ દર્શન લબ્ધિને હણે છે. છતાં તેને સર્વઘાતી કેમ કહી.

જવાબ :- જોકે નિદ્રા જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયકર્મના ક્ષયોપશમથી પ્રગટ થયેલી પોતાનાથી હણવા લાયક એવી દેશ દર્શન અને જ્ઞાન લબ્ધિને હણે છે. તો પણ તે દેશ ગુણને પણ સંપૂર્ણ પણે હણે છે તેથી તે સર્વઘાતી કહી છે.

## દેશઘાતી-૨૫ - અઘાતી-૭૫

**संजलण मोकसाया, विग्धं इअदेसघाइ य अघाई।**
**पत्तेयतणुट्ठाउ, तसवीसा गोअदुगवन्ना ॥ १४ ॥**

इअ = એ　　　　　　　　　　　　　　　　वन्ना = વર્ણચતુષ્ક

**અર્થ** :- સંજવલન કષાયો, નવનોકષાયો અને પાંચ અંતરાય એ (૨૫) દેશઘાતી જાણવી. આઠ પ્રત્યેક પ્રકૃતિ તથા શરીરાદિ[1] અષ્ટક, ચાર આયુષ્ય, ત્રસવીશક[2] ગોત્રદ્વિક અને વર્ણ ચતુષ્ક એ (૭૫ પ્રકૃતિ) અઘાતી જાણવી ॥૧૪॥

**દેશઘાતી** :- પોતાનાથી હણવાલાયક આત્માના ગુણને દેશથી હણે તે અથવા જેનો ઉદય અને ક્ષયોપશમ સાથે હોઇ શકે (અવિરોધિ હોય) તે દેશઘાતી પ્રકૃતિ છે.

## કઇ પ્રકૃતિ કયા ગુણ ને હણે

મતિજ્ઞાનાવરણીય - મતિજ્ઞાનને દેશથી હણે છે.
શ્રુતજ્ઞાનાવરણીય - શ્રુતજ્ઞાનને દેશથી હણે છે.
અવધિજ્ઞાનાવરણીય - અવધિજ્ઞાનને દેશથી હણે છે.

---

૧. શરીરાદિ અષ્ટક :- પાંચશરીર, ત્રણઉપાંગ, ૬ સંસ્થાન, ૬ સંઘયણ, પાંચજાતિ, ચારગતિ, બે વિહાયોગતિ, ૪ આનુપૂર્વિ
૨. ત્રસવિશક :- સ્થાવક દશક અને ત્રસદશક.

# સર્વઘાતી દેશઘાતી પ્રકૃતિઓ

મન:પર્યવજ્ઞાનાવરણીય - મન:પર્યવજ્ઞાનને દેશથી હણે છે.
ચક્ષુદર્શનાવરણીય - ચક્ષુ દર્શનને દેશથી હણે છે.
અચક્ષુદર્શનાવરણીય - અચક્ષુદર્શનને દેશથી હણે છે.
અવધિદર્શનાવરણીય - અવધિ દર્શનને દેશથી હણે છે.
-ચાર સંજવલન એ ચારિત્રગુણને દેશથી હણે છે.
સંજ્વલન કષાયના ઉદયથી ચારિત્રમાં અતિચાર લાગે છે.[1]
નવનો કષાય એ ચારિત્રગુણને દેશથી હણે છે.
દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્યાન્તરાય કર્મ-દાનાદિ લબ્ધિ ને દેશથી હણે છે.

**અઘાતી :-** જે પ્રકૃતિનો ઉદય આત્માના ગુણને હણે નહી. પરંતુ સર્વઘાતીની સાથે રહે તો સર્વઘાતી જેવું ફળ આપે અને દેશઘાતીની સાથે રહે તો દેશઘાતી જેવું ફળ આપે એટલ કે ચોર નહી પણ ઘંટીચોર.[2] અઘાતી ૭૫ પ્રકૃતિ છે.

પ્રશ્ન :- કેવલજ્ઞાનાવરણીયને સર્વઘાતી પ્રકૃતિ કહી છે તેમ મન:પર્યવજ્ઞાનાવણીય અને અવધિજ્ઞાનાવરણીય ને સર્વઘાતી કેમ ન કહી અને દેશઘાતી પ્રકૃતિ શા માટે કહી?

જવાબ :- કેવળજ્ઞાન એટલે પરિપૂર્ણજ્ઞાન સર્વઆવરણ દૂર થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે. જયારે મન:પર્યવજ્ઞાન અને અવધિજ્ઞાન તો તેનું એક અલ્પ આવરણ હઠે એટલે કે દૂર થાય ત્યારે પણ થાય છે. તે પરિપૂર્ણજ્ઞાન નથી પરંતુ આંશિકજ્ઞાન છે. માટે તેનાં આવરણકર્મ આંશિક ગુણને હણે છે. તેથી દેશઘાતી કહેવાય.

પ્રશ્ન :- અવધિજ્ઞાનાવરણીય અને મન:પર્યવજ્ઞાનાવરણીયને દેશઘાતી કહી છે. પરંતુ જેને અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન થયું ન હોય તેની અપેક્ષાએ સર્વઘાતી કેમ ન કહેવાય?

---

૧. सव्वेविय अइयारा, संजयणाणं तु उदयओ हुन्ति
मूलछिन्नं पुण होइ, बारसाण्हं कसायाणं (આવ. નિર્યુકિત ગા.૧૧૨)

૨. जाण न विसओ धाइत्तणम्मि, ताणं पि सव्वघाइरसो
जायइ धाइसगासेण चोरया वेहS चोराणं (પંચસંગ્રહ દ્વા.૩ ગા.૪૧)

જવાબ :- જેનો ઉદય અને ક્ષયોપશમ સાથે ન જ હોઇ શકે તેને જ સર્વઘાતી કહેવાય. જેને અવધિજ્ઞાન કે મનઃપર્યવજ્ઞાન થયું હોય તેને ઉદય અને ક્ષયોપશમ સાથે હોય છે. માટે સર્વઘાતી કહેવામાં દોષ આવે તેથી દેશઘાતી કહી છે. ચક્ષુદર્શનાવરણીય, મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય અને પાંચ અંતરાય[1] આ આઠ પ્રકૃતિનો દેશઘાતી રસ ઉદયમાં આવે. શેષ દેશઘાતી પ્રકૃતિઓના રસ સ્પર્ધકો કોઇવાર સર્વઘાતી ઉદયમાં આવે છે અને કોઇવાર દેશઘાતી ઉદયમાં આવે છે.

## ૪૨ પુણ્ય પ્રકૃતિ.

**सुरनर तिगुच्चसायं तसदस तणुवंग वइरचउरंसं।**
**परघासग तिरिआउ वन्नचउ पणिंदि सुभखगइ ।।१५।।**

**અર્થ** :- દેવત્રિક, મનુષ્યત્રિક, ઉચ્ચગોત્ર, શાતાવેદનીય, ત્રસદશક, પાંચશરીર, ત્રણઉપાંગ, વજ્રઋષભનારાચ સંઘયણ, સમચતુરસ્ર સંસ્થાન, પરાઘાતસપ્તક, તિર્યંચનુ આયુષ્ય, વર્ણ ચતુષ્ક, પંચેન્દ્રિય જાતિ, શુભવિહાયોગતિ ।।૧૫।।

**વિવરણ :- પુણ્ય** :- જે કર્મના ઉદયથી જીવને સુખનો અનુભવ થાય, અનુકુળતા પ્રાપ્ત થાય, આલ્હાદ થાય તે પુણ્ય અથવા શુભનો ઉદય તે પુણ્ય. તે ૪૨ પ્રકૃતિ છે તે આ પ્રમાણે વેદનીય-૧, આયુ.-૩, નામ.-૩૭ અને ગોત્ર-૧.

પ્રશ્ન :- તિર્યંચના આયુષ્યને પુણ્ય પ્રકૃતિમાં અને તિર્યંચગતિને પાપપ્રકૃતિ કેમ કહી?

જવાબ :- તિર્યંચપણુએ ખરાબ છે માટે અશુભ છે તેથી તિર્યંચગતિને પાપમાં કહી, છતાં તિર્યંચને મરવું ગમતું નથી પોતાનું આયુષ્ય સારું લાગે છે માટે આયુષ્યને પુણ્યમાં કહયું.

## ૮૨ પાપ પ્રકૃતિ

**बायाल पुण्णपगई, अपढमसंठाणखगइ संघयणा।**

---

૧. જગતના સર્વ પદાર્થોનો અનંતમો ભાગજ દ્રવ્ય ગ્રહણ-ધારણયોગ્ય છે. તેથી અંતરાયકર્મનો વિષય સર્વદ્રવ્યોનો દેશ (અનંતમો) ભાગરૂપ હોવાથી તેને હણે છે માટે તે દેશઘાતી છે. સર્વઘાતી નથી.

**तिरिदुग असायनीओ, वघायइगविगल निरय तिगं॥ १६॥**
**थावरदस वन्नचउक्क, धाइ पणयाल सहिय बासीई।**
**पावपयडित्ति दोसुवि, वन्नाइगहा सुहा असुहा ॥१७॥**

घाइ = સર્વઘાતી અને દેશઘાતી  पावपयडित्ति = એ પ્રમાણે પાપ પ્રકૃતિ
पणयाल = પીસ્તાલીશ  दोसुवि = પુણ્ય અને પાપ બન્ને ને વિષે.

**અર્થ :-** એ પ્રમાણે બેતાલીશ પુણ્ય પ્રકૃતિ છે. પહેલું વર્જીને સંસ્થાન, વિહાયોગતિ, સંઘયણ, તિર્યંચદ્વિક, અસાતાવેદનીય, ઉપઘાત, નીચગોત્ર, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય જાતિ, નરકત્રિક ॥૧૬॥ સ્થાવરદશક, અશુભવર્ણચતુષ્ક, પિસ્તાલીશ ઘાતી પ્રકૃતિઓ એ સર્વ મળીને ૮૨ પાપ પ્રકૃતિ છે. એ પુણ્ય અને પાપ બન્ને ને વિષે વર્ણાદિકનુ ગ્રહણ કરવાથી પુણ્ય પ્રકૃતિને વિષે શુભ વર્ણાદિ અને પાપ પ્રકૃતિને વિષે અશુભ વર્ણાદિ કહેવા ॥૧૭॥

**વિવરણ :- પાપ પ્રકૃતિઓ :-** જે કર્મના ઉદયથી જીવને દુ:ખ ઉત્પન્ન થાય, અથવા પ્રતિકુળતા થાય તે પાપ. અથવા અશુભ કર્મ તે પાપ. તે ૮૨ પ્રકૃતિ છે. જ્ઞા.-૫. દર્શ.-૯ વેદ.-૧, મોહ.-૨૬, આ.-૧, નામ.-૩૪, ગો.-૧, અંત.-૫.

ઉત્તરભેદની અપેક્ષાએ વર્ણાદિ ચાર પુણ્ય અને પાપ બન્નેમાં ગણ્યા છે તેથી બંધમાં ૧૨૦ પ્રકૃતિ છે અને પુણ્ય-પાપ બન્ને મળીને પ્રકૃતિ ૧૨૪ થાય છે.

### ૨૯ અપરાવર્તમાન પ્રકૃતિ.

**नामधुवबंधिनवगं, दंसण पणनाण विग्ध परघायं।**
**भयकुच्छ मिच्छसासं, जिणगुणतीसा अपरियत्ता. ॥१८॥**

**અર્થ :-** નામકર્મની નવધ્રુવબંધી, દર્શનાવરણ ચતુષ્ક, પાંચ જ્ઞાનાવરણીય, પાંચ અંતરાય, પરાઘાત,ભય, જુગુપ્સા અને મિથ્યાત્વ, ઉચ્છ્વાસ, જિનનામ એમ ઓગણત્રીસ અપરાવર્તમાન પ્રકૃતિ છે. ॥૧૮॥

**વિવરણ :- અપરાવર્તમાન :-** પરપ્રકૃતિના બંધ કે ઉદયને રોકયાવિના પોતાનો બંધ કે ઉદય બતાવે તે, નામકર્મની ૯ ધ્રુવબંધી, :- વર્ણચતુષ્ક, તૈજસ, કાર્મણ, અગુરૂલઘુ, નિર્માણ અને ઉપઘાત.

### ૯૧ પરાવર્તમાન તથા ૪ ક્ષેત્ર વિપાકી.

**तणुअट्ठ वेअ दुजुअल, कसाय, उज्जोअगोअदुग निद्दा।**
**तसवीसाउ परित्ता खित्तविवागाणुपुव्वीओ ॥१९॥**

खित्तविवागा - ક્ષેત્રવિપાકી आणुपुव्वीओ - ચાર આનુપૂર્વી

**અર્થ :-** શરીરાદિ[1] અષ્ટક, ત્રણવેદ, બેયુગલ, સોળકષાય, ઉદ્યોતદ્વિક[2], ગોત્રદ્વિક[3], નિદ્રા, ત્રસવિશક, ચાર આયુષ્ય એ ૯૧ પ્રકૃતિ પરાવર્તમાન જાણવી. ચાર આનુપૂર્વિઓ ક્ષેત્રવિપાકી છે. ॥૧૯॥

**પરાવર્તમાન :-** પ્રતિપક્ષ પ્રકૃતિના બંધ અથવા ઉદયને રોકીને પોતાનો બંધ અથવા ઉદય બતાવે તે. પરાવર્તમાન ૯૧ પ્રકૃતિઓ છે.

પ્રશ્ન :- કઇ પ્રકૃતિ કોની સાથે વિરોધી છે?

જવાબ :- દરેક પરાવર્તમાન પ્રકૃતિ સ્વજાતિય અન્ય પ્રકૃતિ સાથે વિરોધી હોય છે. જેમ ઔદારિક શરીર અન્ય બે શરીર સાથે વિરોધી છે. એક સંસ્થાન બીજા સંસ્થાનો સાથે વિરોધી છે. તેમાં પણ કોઇ બંધમાં કોઇ ઉદયમાં તો કોઇ બંધ-ઉદય બન્નેમાં વિરોધી હોય છે. તે આ પ્રમાણે.

| **પરાવર્તમાન પ્રકૃતિ ૯૧** | | **પ્રકૃતિ** | |
|---|---|---|---|
| કેવલ ઉદય પરાવર્તમાન | - | ૨૧ | (૧૬ કષાય અને પાંચ નિદ્રા) |
| ઉદય પરાવર્તમાન | - | ૮૭ | (ઉભયપરા.+ કેવલ ઉદયપરા.) |
| કેવલબંધ પરાવર્તમાન | - | ૪ | સ્થિર, અસ્થિર, શુભ, અશુભ. |
| બંધ પરાવર્તમાન | - | ૭૦ | (ઉભયપરા. + કેવલ બંધ પરા.) |
| ઉભય પરાવર્તમાન | - | ૬૬ | (૯૧ માંથી ૨૫ ઓછી ૬૬) |

હવે ચાર પ્રકારનો વિપાક કહે છે તેમાં પહેલા ક્ષેત્રવિપાકી કહે છે. આગામી ભવમાં જતા વચમાં આકાશક્ષેત્રમાં વર્તતા જીવને પોતાનો વિપાક દેખાડે, ઉદયમાં

---

૧ શરીરાદિ અષ્ટક :- ૩ શરીર, ૩ ઉપાંગ, ૬ સંસ્થાન, ૬ સંઘયણ, પાંચજાતિ, વિહોયોગતિ, ૪-ગતિ, ૪-આનુપૂર્વિ, એ ૩૩ પ્રકૃતિ.

૨ ઉદ્યોગ દ્વિક :- ઉદ્યોત અને આતપ નામ.

૩ ગોત્ર દ્વિક :- બે ગોત્ર અને બે વેદનીય.

આવે તે ક્ષેત્રવિપાકી કહેવાય. ચાર આનુપૂર્વિ એ ક્ષેત્રવિપાકી છે. વિગ્રહગતિરૂપ ક્ષેત્રમાં ઉદયમાં આવે છે. અને આનુપૂર્વીના ઉદયમાં ક્ષેત્રએ અસાધારણ કારણ છે. માટે ૪ આનુપૂર્વીઓ મુખ્યત્વે ક્ષેત્રવિપાકી ગણાય છે.

ઋનુગતિવડે એક સમયમાં ભવાન્તરમાં જતા જીવને આનુપૂર્વીનો ઉદય હોય નહી. વળી ઋતુગતિમાં પ્રથમ સમયે ભવાન્તરના આયુષ્યનો ઉદય હોય છે અને ભવાન્તરનો આહાર પણ હોય છે.

વક્રગતિ વડે ભવાન્તરમાં જતા જીવને બીજા સમયથી ભવાન્તરના આયુષ્યનો ઉદય હોય છે. અને આહાર ઉત્પત્તિ સ્થાનમાં જાય ત્યારે હોય છે. અહીં આનુપૂર્વીનો ઉદય હોય છે.

## ૭૮ જીવવિપાકી તથા ૪ ભવવિપાકી

**घणघाइदुगोअजिणा, तसिअरतिग सुभगदुभगचउसासं।**
**जाइतिग जियविवागा, आउचउरो भवविवागा ॥२०॥**

घणघाइ – ઘનઘાતી          भवविवागा – ભવવિપાકી

**અર્થ :-** ઘનઘાતી ૪૭ પ્રકૃતિ, ગોત્રદ્વિક, જિનનામકર્મ ત્રસત્રિક, સ્થાવરત્રિક, સુભગચતુષ્ક, દુર્ભગચતુષ્ક, શ્વાસોચ્છવાસનામકર્મ, જાતિત્રિક એ ૭૮ પ્રકૃતિ જીવવિપાકી છે અને ચાર આયુષ્ય ભવવિપાકી છે. ॥૨૦॥

**વિવરણ :- જીવવિપાકી :-** જીવને સીધો વિપાક બતાવે તે જીવવિપાકી અથવા પુદ્ગલાદિ બાહ્ય કોઇ પણ નિમિત્ત વિના પણ જીવને સીધો વિપાક બતાવે છે. તે જીવ વિપાકી ૭૮ પ્રકૃતિ છે.

ઘનઘાતી ૪૭ :- જ્ઞાનાવરણ-૫, દર્શનાવરણ-૯, મોહનીય-૨૮, અંતરાય-૫

ગોત્રદ્વિક :- ગોત્ર-૨, વેદનીય-૨.

જાતિત્રિક :- જાતિ-પાંચ, ગતિ-ચાર અને વિહાયોગતિ-૨.

આ જીવવિપાકી ૭૮ પ્રકૃતિઓ પોતાની શક્તિરૂપ ફળ જીવમાં જ બતાવે છે. પરંતુ શરીર આદિમાં નહી. જેમ જ્ઞાનાવરણીયના ઉદયથી જીવ અજ્ઞાની કહેવાય. દર્શનાવરણીયના ઉદયથી જીવ આંધળો-બહેરો-ઉંઘણસી કહેવાય. વેદનીયના ઉદયથી જીવ સુખી અથવા દુઃખી કહેવાય. મોહનીયના ઉદયથી જીવ અશ્રધ્ધાળુ

અચારિત્રી-અસંયમી-રાગી-દ્વેષી-માની-લોભી કહેવાય. પરંતુ શરીર ક્રોધી-લોભી છે એમ કહેવાતું નથી.

ગોત્રના ઉદયથી જીવ ઉચ્ચ અગર નીચ કહેવાય.

નામકર્મમાં ગતિનામ વિગેરેના ઉદયથી મનુષ્ય-તિર્યંચ એમ કહેવાય.

આરીતે જીવને વિશે વિપાક અનુભવાય છે માટે જીવવિપાકી છે.

**ભવવિપાકી :-** પોતાના ભવમાં વિપાક બતાવે તે ભવવિપાકી અર્થાત્ આયુષ્યનો ઉદય થવામાં પોતાનો ભવ એ અસાધારણ કારણ હોવાથી ચાર આયુષ્યને ભવવિપાકી કહી છે.

આયુષ્યનો ઉદય પોતાના ભવમાંજ અને બાંધ્યા પછી અનંતરભવમાં અવશ્ય આવે છે. પ્રદેશોદયથી અગાઉથી અથવા અન્યભવમાં ઉદયમાં આવતું નથી માટે તેના વિપાકમાં ભવ અસાધારણ કારણ છે માટે ભવવિપાકી છે.

જેમ આયુષ્યનો પ્રદેશોદય પણ અન્યભવમાં ન હોય. તેમ આનુપૂર્વીનામકર્મમાં નથી. એટલેકે તેનો પ્રદેશોદય અન્યસ્થાનમાં પણ હોય છે. છતાં તેના વિપાકોદયમાં ક્ષેત્ર એ અસાધારણ કારણ હોવાથી ક્ષેત્રવિપાકી કહી છે.

પ્રશ્ન :- ચંદનના વિલેપનથી રતિ, કાંટોવાગવાથી અરતિ અને દુશ્મનને જોવાથી ક્રોધ આ રીતે રતિ, અરતિ અને ક્રોધાદિનો ઉદય પુદ્ગલથી પણ થાય છે તો તેને જીવવિપાકી શામાટે કહી?

જવાબ :- રતિ-અરતિ અને ક્રોધાદિનો ઉદય જેમ પુદ્ગલથી થાય છે તેમ પુદ્ગલવિના પણ પૂર્વનું અનુભવેલું યાદ આવવાથી ઉદયમાં આવે છે. પુદ્ગલવિપાકી કહીએ તો અનવસ્થા દોષ આવે છે તેથી જીવવિપાકી કહી છે.

પ્રશ્ન :- જેમ આયુષ્યને ભવવિપાકી કહી તેમ ગતિનામકર્મ પણ પોતાના ભવમાં વિપાક બતાવે છે. તો ગતિને ભવવિપાકી કેમ ન કહી.

જવાબ :- આયુષ્ય જેમ પોતાના ભવમાં જ અને અનંતર ભવમાં જ ઉદયમાં આવે છે. પરંતુ પ્રદેશોદયથી પણ અન્યભવમાં ઉદયમાં આવે નહિ. જયારે ગતિનામકર્મ બાંધ્યા પછી અનંતર ભવમાં રસોદયથી ઉદયમાં આવે જ એવો નિયમ નથી તેમજ ગતિનામકર્મનો પ્રદેશોદય અન્ય ભવોમાં પણ હોય છે. માટે

ગતિના ઉદયમાં ભવએ અસાધારણ કારણ ન હોવાથી ભવવિપાકી કહી નહિ. જીવવિપાકી ૭૮ પ્રકૃતિમાં :- જ્ઞાના.-૫, દર્શ.-૯, વેદ.-૨, મોહ.-૨૮, નામ.-૨૭, ગો.-૨, અંત.-૫

### ૩૬ પુદ્‌ગલવિપાકી તથા ૪ પ્રકારનો બંધ.

**नामध्रुवोदय चउतणु, वघायसाहारणिअरुजोअ तिगं।**
**पुग्गलविवागि बंधो, पयइठिइ रस पएसत्ति।।२१॥**

पुग्गलविवागि - પુદ્‌ગલ વિપાકી — पयइठिइ - પ્રકૃતિબંધ, સ્થિતિબંધ
बंधो - બંધ — रसपएसत्ति - રસબંધ, પ્રદેશબંધ

**અર્થ :-** નામકર્મની ધ્રુવોદયી બાર પ્રકૃતિ, શરીર ચતુષ્ક, ઉપઘાત, સાધારણ, પ્રત્યેક, ઉદ્યોતત્રિક એ ૩૬ પ્રકૃતિ પુદ્‌ગલ વિપાકી જાણવી. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ એ ચાર પ્રકારે બંધ જાણવો ॥૨૧॥

**વિવરણ :- પુદ્‌ગલવિપાકી :-** જીવને પુદ્‌ગલ દ્વારા વિપાક બતાવે તે પુદ્‌ગલવિપાકી કહેવાય. આ ૩૬ પ્રકૃતિઓ જીવને પુદ્‌ગલદ્વારા વિપાક બતાવે છે.

જીવને શરીર રૂપે પરિણામ પામેલા પુદ્‌ગલમાં વિપાક બતાવે છે. જેમ નિર્માણ-સ્થિર વિગેરે નામકર્મ શરીરરૂપે પરિણામ પામેલા આંગોપાંગનુ નિયમનપણુ, મસ્તકાદિને વિશે શુભપણું, પગઆદિને વિશે અશુભપણુ, જીહ્વા આદિમાં અસ્થિરપણું, શરીરમાં સારા-ખરાબ વિગેરે આકારપણું થાય છે. આ રીતે આ પ્રકૃતિઓ શરીરરૂપ પુદ્‌ગલમાં ફળ બતાવે છે. માટે પુદ્‌ગલ વિપાકી કહી. પરંતુ શ્વાસોશ્વાસનામ-સ્વરનામને પુદ્‌ગલ વિપાકી ન કહેવી. કારણકે તે શરીર રૂપે પરિણામ પામતી નથી.

**હવે ચાર પ્રકારનો બંધ કહે છે.**

(૧) પ્રકૃતિબંધ :- કર્મબંધ કરતી વખતે કર્મના દળિયાનો સ્વભાવ નક્કી થાય તે અથવા સ્થિતિ-રસ અને પ્રદેશનો સમુહ તે પ્રકૃતિબંધ.

(૨) સ્થિતિબંધ :- કર્મના દળિયાનો કાળ નક્કી થવો તે સ્થિતિબંધ.

(૩) રસબંધ :- કર્મના દળિયામાં રસ નક્કી થાય તે રસબંધ, કષાયની સાથે

લેશ્યા ભળે ત્યારે શુભ-અશુભ, ઘાતી-અઘાતી, એક ઠાણિયો વિગેરે રસ નક્કી થાય.

(૪) પ્રદેશબંધ :- કર્મના દળિયાનુ પ્રમાણ તે. જેમ યોગ વ્યાપાર વધારે તેમ પ્રદેશબંધ વધારે થાય. કર્મના પ્રદેશનું પ્રમાણ વધારે થાય.

યોગ વ્યાપાર વધે તેમ કર્મના પ્રદેશો વધારે બંધાય. અને યોગ વ્યાપાર ઘટે તેમ કર્મપ્રદેશો ઓછા બંધાય. જેમ કહ્યું છે કે -

**ठिइबंधु दलस्स ठिई, पएसबंधो पएसगहणं जं**
**ताणरसो अणुभागो, तस्समु-दाओ पगइबंधो॥ (पंचसंग्रह)**

## પ્રકૃતિઓના ધ્રુવબંધી આદિ ભેદની સંખ્યાનું યંત્ર

| કર્મપ્રકૃતિ | ધ્રુવબંધી | અધ્રુવબંધી | ધ્રુવોદયી | અધ્રુવોદયી | ધ્રુવસત્તા | અધ્રુવસત્તા | સર્વઘાતી | દેશઘાતી | અઘાતી | પરાવર્તમાન | અપરાવર્તમાન | પુણ્ય પ્રકૃતિ | પાપ પ્રકૃતિ | ક્ષેત્રવિપાકી | ભવવિપાકી | જીવવિપાકી | પુદ્ગલવિપાકી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘે.૧૫૮ | ૪૭ | ૭૩ | ૨૭ | ૯૫ | ૧૩૦ | ૨૮ | ૨૦ | ૨૫ | ૭૫ | ૯૧ | ૨૯ | ૪૨ | ૮૨ | ૪ | ૪ | ૭૮ | ૩૬ |
| જ્ઞા.૫ | ૫ | ૦ | ૫ | ૦ | ૫ | ૦ | ૧ | ૪ | ૦ | ૦ | ૫ | ૦ | ૫ | ૦ | ૦ | ૫ | ૦ |
| દર્શ.૯ | ૯ | ૦ | ૪ | ૫ | ૯ | ૦ | ૬ | ૩ | ૦ | ૫ | ૪ | ૦ | ૯ | ૦ | ૦ | ૯ | ૦ |
| વેદ.૨ | ૦ | ૨ | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ | ૦ |
| મોહ.૨૮ | ૧૯ | ૭ | ૧ | ૨૭ | ૨૬ | ૨ | ૧૩ | ૧૩ | ૦ | ૨૩ | ૩ | ૦ | ૨૬ | ૦ | ૦ | ૨૮ | ૦ |
| આયુ.૪ | ૦ | ૪ | ૦ | ૪ | ૦ | ૪ | ૦ | ૦ | ૪ | ૪ | ૦ | ૩ | ૧ | ૦ | ૪ | ૦ | ૦ |
| નામ.૧૦૩ | ૯ | ૫૮ | ૧૨ | ૫૫ | ૮૨ | ૨૧ | ૦ | ૦ | ૬૭ | ૫૫ | ૧૨ | ૩૭ | ૩૪ | ૪ | ૦ | ૨૭ | ૩૬ |
| ગોત્ર.૨ | ૦ | ૨ | ૦ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ | ૦ |
| અંત.૫ | ૫ | ૦ | ૫ | ૦ | ૫ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૫ | ૦ | ૫ | ૦ | ૦ | ૫ | ૦ |

## મૂળ પ્રકૃતિના ભૂયસ્કારાદિ બંધ.

**मूलपयडीण अडसत छेगबंधेसु तिन्नि भूगारा।**
**अप्पतरा तिअचउरो, अवट्ठिओ नहु अवत्तव्वो ॥२२॥**

# ભૂયસ્કારાદિ બંધનું સ્વરૂપ

मूल पयडीण – મૂળ પ્રકૃતિના
भूगारा – ભૂયસ્કાર બંધ હોય.
अप्पतरा – અલ્પતર બંધ
तिय – ત્રણ
अवट्ठिओ – અવસ્થિત બંધ
अवत्तव्वो – અવકતવ્ય બંધ

**અર્થ :-** મૂળ પ્રકૃતિના આઠ, સાત, છ અને એક (એ ચાર) પ્રકૃતિના બંધસ્થાનને વિષે ત્રણ ભૂયસ્કાર બંધ હોય, અલ્પતર બંધ ત્રણ અને અવસ્થિત બંધ ચાર હોય છે. અવકતવ્ય બંધ નથી જ. ॥૨૨॥

**વિવરણ :-** એકી સાથે બંધાતી પ્રકૃતિઓનો સમુહ તે બંધસ્થાનક કહેવાય.

મૂળ પ્રકૃતિના બંધસ્થાનક ૪ છે. ૮નું, ૭નું, ૬નું અને ૧નું. આયુષ્ય બાંધતો હોય ત્યારે ૧થી૭ (ત્રીજા વિના) ગુણઠાણે ૮નુ બંધસ્થાનક હોય. આયુષ્યના બંધકાળવિના ૧થી૯ ગુણ. સુધી ૭નું બંધસ્થાનક હોય. દશમે ગુણસ્થાનકે આયુષ્ય અને મોહનીય વિના ૬નું બંધસ્થાનક અને ૧૧થી૧૩ ગુણસ્થાનકે વેદનીય એકજ બાંધે ત્યારે ૧નું બંધસ્થાનક હોય.

મૂળ પ્રકૃતિના ૪ બંધસ્થાનકને વિષે ત્રણ ભૂયસ્કાર હોય. એકાદિ અધિક પ્રકૃતિનો બંધ થાય ત્યારે પ્રથમ સમયે ભૂયસ્કાર બને છે. ઉપશમ શ્રેણિમાં ૧૧મે ગુણસ્થાનકે ૧નો બંધ હોય ત્યાંથી પડીને ૧૦ મે ગુણસ્થાનકે આવે ત્યાં પહેલે સમયે ૬ના બંધનો **પહેલો ભૂયસ્કાર**, તે પછી અનુક્રમે પડતો ૯ મે ગુણસ્થાનકે આયુષ્ય વિના ૭ કર્મ બાંધે અથવા ભવક્ષયે કાળ કરી ચોથે ગુણઠાણે દેવભવમાં આયુષ્ય વિના ૭ કર્મ બાંધે ત્યારે પહેલે સમયે સાતના બંધનો **બીજો ભૂયસ્કાર** તે પછી જયારે આયુષ્ય બંધ કરે ત્યારે પહેલા સમયે આઠના બંધનો **ત્રીજો ભૂયસ્કાર.**

ત્રણ અલ્પતર હોય છે. એકાદિ પ્રકૃતિહીન બંધ કરે ત્યારે અલ્પતર થાય છે. આયુષ્ય બાંધતો હોય ત્યારે ૮નું બંધસ્થાનક હોય, આયુષ્ય બાંધી રહયા પછી સપ્તવિધ બંધક થાય ત્યારે પહેલા સમયે **પહેલો અલ્પતર બંધ.** તે સપ્તવિધ બંધક શ્રેણીએ ચઢતો ૧૦મે ગુણસ્થાનકે આવે ત્યારે મોહનીય વિના ૬ કર્મ બાંધે. ત્યાં પહેલા સમયે **બીજો અલ્પતર બંધ.** ત્યાંથી વળી ચઢતો અગ્યારમે અથવા બારમે ગુણસ્થાકે જાય ત્યારે એકવિધ બંધક થાય ત્યારે પહેલા સમયે **ત્રીજો અલ્પતર**

બંધ હોય.

ચારે બંધસ્થાનકે પહેલા સમય પછી બીજા આદિ સમયે અવસ્થિત બંધ હોય. તેટલી પ્રકૃતિનો બંધ સતત જયાં સુધી હોય ત્યાં સુધી તેને અવસ્થિત બંધ કહેવાય. બધા બંધસ્થાનક ૧ સમય કરતાં અધિક બંધાય છે માટે **અવસ્થિત** બંધ ચાર છે.

અબંધક થયા પછી ફરીથી બંધ કરે તેના પહેલા સમયે અવક્તવ્ય બંધ કહેવાય છે. મૂળ પ્રકૃતિનો અબંધક તો અયોગી ગુણસ્થાનકે હોય ત્યાંથી ફરી બંધ થાય નહિ માટે મૂળપ્રકૃતિનો અવક્તવ્ય બંધ હોય નહિ.

## ભૂયસ્કારાદિનુ સ્વરૂપ

**एगादहिगे भूओ, एगाई उणगंमि अप्पत्तरो।**
**तम्मतोऽवट्ठियओ, पढमे समये अवत्तव्वो ॥२३॥**

एगादहिगे – એકાદિઅધિક પ્રકૃતિનો બંધ　तम्मतो – તેટલો જ બંધ
भूओ – ભૂયસ્કાર બંધ　पढमे समए–અબંધક થયા પછીપુનઃ બંધના પહેલા સમયે.
एगाईऊणगंमि– એકાદિ પ્રકૃતિવડે હીનબંધ

**અર્થ :-** એકાદિ અધિક પ્રકૃતિનો બંધ છતે ભૂયસ્કાર બંધ થાય. એકાદિ પ્રકૃતિ વડે હીન બંધ છતે અલ્પતર બંધ થાય. તેટલી પ્રકૃતિનો બંધ તે અવસ્થિત બંધ અને અબંધક થયા પછી પુનઃ બંધના પહેલા સમયે બંધ થાય તે અવક્તવ્ય બંધ હોય. ॥૨૩॥

**વિવરણ :- ભૂયસ્કાર :-** પૂર્વે થોડી બાંધતો હોય અને પછી એકાદિ અધિક બાંધે તે
**અલ્પતર :-** પૂર્વે ઘણી પ્રકૃતિ બાંધતો હોય અને પછી એકાદિ ઓછી બાંધે તે.
**અવસ્થિત :-** પૂર્વે બાંધતો હોય તેટલી જ પ્રકૃતિ જયાં લગે બાંધે ત્યાં સુધી.
**અવક્તવ્ય :-** 'અ' એટલે નહિ. 'વક્તવ્ય' એટલે કહેવા યોગ્ય. ભૂયસ્કાર આદિ ત્રણ શબ્દો વડે જે કહેવાયોગ્ય બંધ ન હોય તે અવક્તવ્ય બંધ કહેવાય. એટલે સર્વથા અબંધક થઇને ફરી તે કર્મ બાંધે ત્યારે પ્રથમ સમયે તે અવક્તવ્ય બંધ કહેવાય.

મૂળકર્મ અને વેદનીય કર્મમાં અવક્તવ્ય બંધ હોય નહી. કારણકે મૂળકર્મ તથા વેદનીય કર્મનો બંધ વિચ્છેદ થયા પછી ફરી બંધ થતો નથી માટે બીજા

કર્મોમાં અવક્તવ્ય બંધ સંભવે, તે આગળ કહેશે.

### ઉત્તર પ્રકૃતિના ભૂયસ્કારાદિ બંધ.

**नव छच्चउदंसे दुदु, तिदु मोहे दुइगवीस सतरस।**
**तेरस नव पण चउतिदु, इक्को नव अट्ठदस दुन्नि॥२४॥**

**અર્થ :-** દર્શનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિનાં નવ, છ અને ચાર પ્રકૃતિનાં (એમ ત્રણ) બંધસ્થાન હોય, બે ભૂયસ્કાર, બે અલ્પતર, ત્રણ અવસ્થિત અને બે અવક્તવ્ય બંધ હોય. મોહનીય કર્મને વિષે બાવીશ, એકવીશ, સત્તર, તેર, નવ, પાંચ, ચાર, ત્રણ, બે અને એક પ્રકૃતિનાં એમ દશ બંધસ્થાન હોય. તેમાં નવ ભૂયસ્કાર, આઠ અલ્પતર, દશ અવસ્થિત અને બે અવક્તવ્ય બંધ હોય ॥૨૪॥

વિવરણ :-

દર્શ. કર્મનાં બંધસ્થાનક - ગુણ. કાળ આદિ

| **દર્શનાવ. કર્મના બંધ.** | **ગુણસ્થાનક** | **કાળ** |
|---|---|---|
| ૯ નું | ૧લે, ૨જે. | અભવ્યને અનાદિ અનંત.<br>ભવ્યને અનાદિ સાંત.<br>પતિત ને સાદિ સાંત.<br>જઘ.અંત., ઉ.દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તકાળ |
| ૬ નું | ૩ થી૮/૧ભાગ | જ.અંત.ઉત્કૃ.સાધિક૧૩૨ સાગરોપમ |
| ૪ નું | ૮/૨થી૧૦ | જ. ૧સમય. ઉત્કૃ. અંતર્મુહૂર્ત |

દર્શનાવરણીયકર્મના ત્રણ બંધસ્થાનકને વિષે બે ભૂયસ્કાર હોય. એક અધિક પ્રકૃતિનો બંધ થાય ત્યારે પ્રથમ ભૂયસ્કાર થાય. ઉપશમશ્રેણીમાં ૧૧મા ગુણસ્થાનકથી પડતા ૧૦મા ગુણસ્થાનકે ૪ પ્રકૃતિ બાંધતો બાંધતો ૮મા ગુણસ્થાનકના પહેલા ભાગે આવે અને ૬ પ્રકૃતિનો બંધ કરે ત્યારે **પહેલો ભૂયસ્કાર.** ૬ પ્રકૃતિને બાંધતો સાસ્વાદને અથવા મિથ્યાત્વે આવે અને નવ પ્રકૃતિ બાંધે ત્યારે **બીજો ભૂયસ્કાર.** એકાદિ ઊણી પ્રકૃતિ બાંધે તે અલ્પતર. મિથ્યાત્વથી મિશ્રે તથા સમ્યક્ત્વે જાય ત્યારે ૯ પ્રકૃતિ બાંધતો ૬ પ્રકૃતિ બાંધવા

લાગે ત્યારે પહેલા સમયે **પહેલો અલ્પતર.** અને ૮માના પહેલા ભાગથી ૮માના બીજા ભાગે જાય ત્યારે ૬ પ્રકૃતિના બંધકમાંથી ૪ પ્રકૃતિનો બંધ શરૂ કરે ત્યારે પહેલા સમયે **બીજો અલ્પતર.**

ત્રણે બંધસ્થાનકોમાં પહેલા સમય પછી બીજા આદિ સમયોમાં અવસ્થિત બંધ હોય. એટલે અવસ્થિત બંધ ત્રણ છે.

બંધ રહિત થયા પછી ફરીથી બંધ કરે તે અવક્તવ્યબંધ, ઉપશમશ્રેણીમાં અબંધ થઈ કાળક્ષયે પડતા દશમા ગુણઠાણે પ્રથમ સમયે જીવ ચાર પ્રકૃતિનો બંધ કરે તે **પહેલો અવક્તવ્ય** અને ૧૧મે ગુણસ્થાનકે સર્વથા અબંધક થયા પછી મરણ પામી ભવક્ષયે દેવના ભવમાં ચોથે ગુણસ્થાનકે આવે ત્યારે ૬ પ્રકૃતિનો બંધ કરે. તે **બીજો અવક્તવ્ય** બંધ કહેવાય. આ રીતે દર્શનાવરણીય કર્મમાં બે ભૂયસ્કાર, બે અલ્પતર, ત્રણ અવસ્થિત અને બે અવક્તવ્ય બંધ હોય.

**મોહનીય કર્મના** બંધસ્થાનક **દશ** છે. ૨૨, ૨૧, ૧૭, ૧૩, ૯, ૫, ૪, ૩, ૨, ૧નું મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ છે. તેમાં સમક્તિ મોહનીય અને મિશ્રમોહનીય બંધમાં હોય નહી. તેથી ૨૬ પ્રકૃતિ તેમાં ત્રણ વેદ એકી સાથે બંધાય નહિ માટે ત્રણ માંથી એકવેદ. અને હાસ્ય-રતિ અથવા અરતિ-શોક એ બે યુગલમાંથી એક યુગલ એક સાથે બંધાય તેથી મિથ્યાત્વે ૨૨ પ્રકૃતિ બંધાય.

મિથ્યાત્વમોહ. વિના સાસ્વાદને-૨૧નો બંધ.

મિશ્રે અને અવિરતે અનંતાનુબંધ વિના ૧૭નો બંધ.

દેશવિરતિએ અપ્રત્યાખ્યાની વિના ૧૩ નો બંધ.

પ્રત્યાખ્યાની વિના ૯ પ્રકૃતિનો બંધ પ્રમત્તથી અપૂર્વકરણ સુધી હોય.

અનિવૃત્તિના પહેલા ભાગે-૫, બીજા ભાગે-૪, ત્રીજા ભાગે-૩, ચોથા ભાગે-૨. અને પાંચમા ભાગે-૧ પ્રકૃતિ બાંધે. આ દશ બંધ સ્થાનક છે સપ્તતિકા ગા. ૨૧ માં પણ દશ બંધસ્થાન કહ્યાં છે. તેમાં નવ ભૂયસ્કાર બંધ છે તે આ પ્રમાણે :-

અનિવૃતિના પાંચમાભાગે સં. લોભ એક પ્રકૃતિ બાંધતો ત્યાંથી કાળક્ષયે ૯/૪ ભાગે બે પ્રકૃતિનો બંધ કરે તે **પહેલો ભૂયસ્કર.** બે પ્રકૃતિ બાંધતો ત્રણ પ્રકૃતિનો બંધ કરે ત્યારે પહેલા સમયે **બીજો ભૂયસ્કાર.** આ રીતે એક વિગેરે

વધારે પ્રકૃતિ બાંધતો યાવત્ ૨૧ થકી ૨૨ બાંધે ત્યારે નવમો ભૂયસ્કાર હોય. પ્રમત્તાદિ તથા શ્રેણીમાં ૧, ૨, ૩, ૪, ૫, ૯ પ્રકૃતિ બાંધતો ભવક્ષયે જો ચોથું ગુણઠાણુ લઇ દેવના ભવમાં જાય તો ૧૭ નો બંધ કરે તે પણ ભૂયસ્કાર બંધ થયો કહેવાય. પરંતુ તે ભૂયસ્કાર ૧૭નો એકજ જાણવો અવધિભેદથી જુદો ગણાય નહી.

એકાદિ ઓછી પ્રકૃતિનો બંધ તે અલ્પતર બંધ જાણવો. ૨૨થી વધારે પ્રકૃતિનો બંધ નથી, તેથી ૨૨ પ્રકૃતિનો અલ્પતર બંધ ન થાય. મિથ્યાત્વથી સાસ્વાદને જવાય નહી. તેથી ૨૨માંથી ૨૧નું બંધસ્થાનક ન આવે પરંતુ ૧૭-૧૩ અને ૯ના બંધસ્થાનકમાંથી આવે એટલે કે ૪ થા, ૫ મા, ૬-૭મા ગુણસ્થાનકથી સાસ્વાદને આવે તેથી ૨૧નું બંધસ્થાનક ભૂયસ્કાર બને, પરંતુ અલ્પતર ન બને.

**नव-भूअगारबंधा, अट्ठेव हवंति अप्पतर बंधा।**
**दो अव्वत्तगबंधा, अवट्ठिया दस उ मोहम्मि॥** (બૃહચ્છતક ભાષ્ય. ગા. ૨૬૧)

માટે ૨૧ પ્રકૃતિનું અલ્પતર ન થાય. મિથ્યાત્વથી મિશ્રે અથવા ૪થે જાય ત્યારે ૧૭ પ્રકૃતિ બાંધે ત્યારે પહેલા સમયે પહેલું અલ્પતર. ૧૭ પ્રકૃતિ બાંધતો ૧૩ પ્રકૃતિ બાંધે ત્યારે પહેલા સમયે **બીજું અલ્પતર** ૧૩ પ્રકૃતિ બાંધતો ૯ પ્રકૃતિ બાંધે ત્યારે પહેલા સમયે **ત્રીજું અલ્પતર.** આ રીતે પ્રકૃતિના બંધ વિચ્છેદથી યાવત્ એક પ્રકૃતિનો બંધ કરે ત્યારે **આઠમો અલ્પતર** થાય. આમ મોહનીય કર્મમાં આઠ (૮) અલ્પતર થાય.

મોહનીયના ૧૦ બંધસ્થાનકને વિશે પ્રથમ સમય પછી બીજા આદિ સમયે જેટલો સમય બંધ કરે તે દરેક બંધસ્થાનક અવસ્થિત બંધ. તેથી અવસ્થિત બંધ ૧૦ છે.

ઉપશમ શ્રેણીમાં ૧૧ મે ગુણસ્થાનકે મોહનીયનો સર્વથા અબંધક થઇ કાળક્ષયે ૧૦મે થઇ ૯ મે ગુણઠાણે આવે ત્યારે પ્રથમ સમયે ૧ પ્રકૃતિ (સંજવલનલોભ) બાંધે તે **પહેલો અવક્તવ્ય બંધ.** અને ભવક્ષયે જીવ ૪થે ગુણઠાણે આવે ત્યારે પ્રથમ સમયે ૧૭ પ્રકૃતિનો બંધ કરે. તે **બીજો અવકતવ્ય બંધ** થાય.

આ રીતે મોહનીયમાં ૯ ભૂયસ્કાર, ૮ અલ્પતર, ૧૦ અવસ્થિત અને બે અવક્તવ્ય બંધ હોય. મોહનીયમાં ૨૨ વિગેરે બંધસ્થાનકોમાં અનુક્રમે જ પામે

એવો નિયમ નથી. જેમ ૨૨ ના બંધમાંથી ૧૭ અથવા ૧૩ અથવા પ્રમત-અપ્રમત્ત ગુણસ્થાનકમાં ૯નું બંધસ્થાનક પણ પામે, પરંતુ અહીં સમજવા માટે અનુક્રમ સમજાવ્યો છે. ભૂયસ્કારમાં પણ અનુક્રમે આવે એમ ન જાણવું જેમ ૧-૨-૩-૪-૫ અને ૯નો બંધ કરતો ભવક્ષયે મરણ પામી દેવલોકમાં જાય તો એક વિગેરે માંથી ૧૭ નું બંધસ્થાનક આવે, વળી પ્રમત્ત અપ્રમત્ત માંથી સીધો મિથ્યાત્વે જાય તો ૯ માંથી ૨૨નું બંધસ્થાનક પણ આવે.

**तिपणछअट्ठनवहिया, वीसा तीसेगतीस एग नामे ।**
**छस्सग अट्ठतिबंधा, सेसेसु य ठाणमिक्किक्कं ॥25॥**

**અર્થ :-** ત્રણ, પાંચ, છ, આઠ અને નવ અધિક વીશ એટલે કે ત્રેવીસ, પચીસ, છવ્વીસ, અઠ્ઠાવીશ, ઓગણત્રીશ, ત્રીશ, એકત્રીશ, અને એક પ્રકૃતિનાં (એમ આઠ) બંધસ્થાન નામકર્મને વિષે હોય. છ-ભૂયસ્કાર, સાત અલ્પતર, આઠ અવસ્થિત અને ત્રણ અવક્તવ્ય બંધ છે. અને બાકીના કર્મો ને વિષે એક એક બંધ સ્થાનક હોય. ॥૨૫॥

**વિવરણ :-** સપ્તતિકા વિગેરેમાં ઉપયોગી હોવાથી નામકર્મનાં બંધસ્થાનક વિસ્તારથી જણાવાય છે.

નામકર્મમાં બંધસ્થાનક આઠ છે તે આ પ્રમાણે :- ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૧ નું.

એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધસ્થાનક :- ૨૩, ૨૫, ૨૬ (ત્રણ)

વિકલેન્દ્રિય પ્રાયોગ્ય બંધસ્થાનક :- ૨૫, ૨૯, ૩૦. (ત્રણ)

તિર્યંચ પંચેન્દ્રિય પ્રાયોગ્ય બંધસ્થાનક :- ૨૫, ૨૯, ૩૦. (ત્રણ)

મનુષ્ય પ્રાયોગ્ય બંધસ્થાનક :- ૨૫, ૨૯, ૩૦. (ત્રણ)

દેવ પ્રાયોગ્ય બંધસ્થાનક :- ૨૮, ૨૯, ૩૦, ૩૧. (ચાર)

નરક પ્રાયોગ્ય બંધસ્થાનક :- ૨૮ (એક)

અપ્રાયોગ્ય બંધસ્થાનક :- ૧.

# નામકર્મનાં બંધસ્થાનક

## એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધસ્થાનક.

| અપર્યા. એકે.પ્રાયોગ્ય. ૨૩. | પર્યા.એકે.પ્રાયોગ્ય ૨૫, | બાદરપર્યા.એકે.પ્રાયોગ્ય ૨૬ |
|---|---|---|
| ૯ નામની ધ્રુવબંધી ૯ | ૯ નામની ધ્રુવબંધી ૯ | ૯ નામની ધ્રુવબંધી ૯ |
| ૧૦ તિર્યંચગતિ | ૧૦ તિર્યંચગતિ | ૧૦ તિર્યંચગતિ |
| ૧૧ તિર્યંચાનુપૂર્વી | ૧૧ તિર્યંચાનુપૂર્વી | ૧૧ તિર્યંચાનુપૂર્વી |
| ૧૨ એકે.જાતિ | ૧૨ એકે.જાતિ | ૧૨ એકે.જાતિ |
| ૧૩ ઔદારિક શરીર | ૧૩ ઔદારિક શરીર | ૧૩ ઔદારિક શરીર |
| ૧૪ હુંડક સંસ્થાન | ૧૪ હુંડક સંસ્થાન | ૧૪ હુંડક સંસ્થાન |
| ૧૫ સ્થાવર | ૧૫ સ્થાવર | ૧૫ સ્થાવર |
| ૧૬ સૂક્ષ્મ-બાદર | ૧૬ સૂક્ષ્મ-બાદર | ૧૬ બાદર |
| ૧૭ અપર્યાપ્તા | ૧૭ પર્યાપ્તા | ૧૭ પર્યાપ્તા |
| ૧૮ સાધારણ-પ્રત્યેક | ૧૮ સાધારણ-પ્રત્યેક | ૧૮ પ્રત્યેક |
| ૧૯ અસ્થિર | ૧૯ સ્થિર-અસ્થિર | ૧૯ સ્થિર-અસ્થિર |
| ૨૦ અશુભ | ૨૦ શુભ-અશુભ | ૨૦ શુભ-અશુભ |
| ૨૧ દૌર્ભાગ્ય | ૨૧ દૌર્ભાગ્ય | ૨૧ દૌર્ભાગ્ય |
| ૨૨ અનાદેય | ૨૨ અનાદેય | ૨૨ અનાદેય |
| ૨૩ અપયશ | ૨૩ યશ-અપયશ | ૨૩ યશ-અપયશ |
| | ૨૪ પરાઘાત | ૨૪ પરાઘાત |
| | ૨૫ શ્વાસોચ્છ્વાસ | ૨૫ શ્વાસોચ્છ્વાસ |
| | | ૨૬ આતપઅથવાઉદ્યોત |

## બેઇન્દ્રિય પ્રાયોગ્ય બંધસ્થાનક

| અપર્યા.બેઇ.પ્રાયોગ્ય ૨૫, | પર્યા.બેઇ.પ્રાયોગ્ય ૨૯ | પર્યા.બેઇ.પ્રાયોગ્ય ૩૦ |
|---|---|---|
| ૯ નામની ધ્રુવબંધી ૯ | ૯ નામની ધ્રુવબંધી-૯ | ૯ નામની ધ્રુવબંધી-૯ |
| ૧૦ તિર્યંચગતિ | ૧૦ તિર્યંચગતિ | ૧૦ તિર્યંચગતિ |
| ૧૧ તિર્યંચાનુપૂર્વી | ૧૧તિર્યંચાનુપૂર્વી | ૧૧ તિર્યંચાનુપૂર્વી |

| | | |
|---|---|---|
| ૧૨ બેઇન્દ્રિય જાતિ | ૧૨ બેઇન્દ્રિય જાતિ | ૧૨ બેઇન્દ્રિય જાતિ |
| ૧૩ ઔદારિક શરીર | ૧૩ ઔદારિક શરીર | ૧૩ ઔદારિક શરીર |
| ૧૪ ઔદારિક અંગોપાંગ | ૧૪ ઔદારિક અંગોપાંગ | ૧૪ ઔદારિક અંગોપાંગ |
| ૧૫ હુંડક સંસ્થાન | ૧૫ હુંડક સંસ્થાન | ૧૫ હુંડક સંસ્થાન |
| ૧૬ છેવટ્ઠુ સંઘયણ | ૧૬ છેવટ્ઠુ સંઘયણ | ૧૬ છેવટ્ઠુ સંઘયણ |
| ૧૭ ત્રસ | ૧૭ ત્રસ | ૧૭ ત્રસ |
| ૧૮ બાદર | ૧૮ બાદર | ૧૮ બાદર |
| ૧૯ અપર્યાપ્ત | ૧૯ પર્યાપ્ત | ૧૯ પર્યાપ્તા |
| ૨૦ પ્રત્યેક | ૨૦ પ્રત્યેક | ૨૦ પ્રત્યેક |
| ૨૧ અસ્થિર | ૨૧ સ્થિર-અસ્થિર | ૨૧ સ્થિર-અસ્થિર |
| ૨૨ અશુભ | ૨૨ શુભ-અશુભ | ૨૨ શુભ-અશુભ |
| ૨૩ દુર્ભગ | ૨૩ દુર્ભગ | ૨૩ દુર્ભગ |
| ૨૪ અનાદેય | ૨૪ અનાદેય | ૨૪ અનાદેય |
| ૨૫ અપયશ | ૨૫ યશ-અપયશ | ૨૫ યશ-અપયશ |
| | ૨૬ પરાઘાત | ૨૬ પરાઘાત |
| | ૨૭ શ્વાસોચ્છ્વાસ | ૨૭ શ્વાસોચ્છ્વાસ |
| | ૨૮ અશુભ વિહાયોગતિ | ૨૮ અશુભ વિહાયોગતિ |
| | ૨૯ દુઃસ્વર | ૨૯ દુઃસ્વર |
| | | ૩૦ ઉદ્યોત |

મનુષ્ય પ્રાયોગ્ય ૨૫-૨૯નું બંધસ્થાનક પં. તિર્યંચ પ્રાયોગ્યની જેમ જાણવું. અને ૩૦ના બંધસ્થાનકમાં ઉદ્યોતને બદલે જિનનામ તથા સ્થિર આદિ ત્રણ જ વિકલ્પ હોય બીજા સંઘયણ વિગેરેના વિકલ્પ ન હોય.

બેઇન્દ્રિયની જેમ જ તેઇન્દ્રિય પ્રાયોગ્ય અને ચઉરિન્દ્રિય **પ્રાયોગ્ય** બંધસ્થાનક છે. પરંતુ એટલું વિશેષ બેઇન્દ્રિય જાતિને બદલે **તેઇન્દ્રિય અને** ચઉરિન્દ્રિય જાતિ કહેવી.

બેઇન્દ્રિયની જેમ જ તિર્યંચ પંચે.ના, બંધસ્થાનક છે પરંતુ બેઇન્દ્રિય જાતિને

બદલે પંચેન્દ્રિયજાતિ અને ૨૯ તથા ૩૦ ના બંધમાં છેવઠ્ઠુ સંઘયણને બદલે છ માંથી ૧ સંઘયણ, હુંડક સંસ્થાનને બદલે છ માંથી ૧ સંસ્થાન, દૌર્ભાગ્ય-અનાદેય-દુ:સ્વર અશુભ વિહાયોગતિ આ પ્રકૃતિ પ્રતિપક્ષી એટલે બેમાંથી એક લેવી.

- નામની ધ્રુવબંધી ૯ :- વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરૂલઘુ, નિર્માણ, ઉપઘાત, તૈજસ શરીર, કાર્મણ શરીર

## દેવગતિ પ્રાયોગ્ય બંધસ્થાનક

| ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ |
|---|---|---|---|
| ૯ નામની ધ્રુવબંધી૯ | નામની ધ્રુવબંધી૯ | નામની ધ્રુવબંધી૯ | નામની ધ્રુવબંધી૯ |
| ૧૦દેવગતિ | ૧૦ દેવગતિ | ૧૦ દેવગતિ | ૧૦ દેવગતિ |
| ૧૧દેવાનુપૂર્વી | ૧૧ દેવાનુપૂર્વી | ૧૧ દેવાનુપૂર્વી | ૧૧ દેવાનુપૂર્વી |
| ૧૨પંચે.જાતિ | ૧૨ પંચે.જાતિ | ૧૨ પંચે.જાતિ | ૧૨ પંચે.જાતિ |
| ૧૩વૈક્રિય શરીર | ૧૩ વૈક્રિય શરીર | ૧૩ વૈક્રિય શરીર | ૧૩ વૈક્રિય શરીર |
| ૧૪વૈક્રિયઆંગોપાંગ | ૧૪વૈક્રિયઆંગોપાંગ | ૧૪ વૈક્રિયઆંગોપાંગ | ૧૪ વૈક્રિયઆંગોપાંગ |
| ૧૫સમચતુઃસંસ્થાન | ૧૫ સમચતુસંસ્થાન | ૧૫ સમચતુસંસ્થાન | ૧૫ સમચતુસંસ્થાન |
| ૧૬ત્રસ | ૧૬ ત્રસ | ૧૬ ત્રસ | ૧૬ ત્રસ |
| ૧૭બાદર | ૧૭ બાદર | ૧૭ બાદર | ૧૭ બાદર |
| ૧૮પર્યાપ્ત | ૧૮ પર્યાપ્ત | ૧૮ પર્યાપ્ત | ૧૮ પર્યાપ્ત |
| ૧૯પ્રત્યેક | ૧૯ પ્રત્યેક | ૧૯ પ્રત્યેક | ૧૯ પ્રત્યેક |
| ૨૦સ્થિર-અસ્થિર | ૨૦ સ્થિર-અસ્થિર | ૨૦ સ્થિર | ૨૦ સ્થિર |
| ૨૧શુભ-અશુભ | ૨૧ શુભ-અશુભ | ૨૧ શુભ | ૨૧ શુભ |
| ૨૨સૌભાગ્ય | ૨૨ સૌભાગ્ય | ૨૨ સૌભાગ્ય | ૨૨ સૌભાગ્ય |
| ૨૩સુસ્વર | ૨૩ સુસ્વર | ૨૩ સુસ્વર | ૨૩ સુસ્વર |
| ૨૪આદેય | ૨૪ આદેય | ૨૪ આદેય | ૨૪ આદેય |
| ૨૫યશ-અપયશ | ૨૫ યશ-અપયંશ | ૨૫ યશ | ૨૫ યશ |
| ૨૬ શુભવિહાયોગતિ | ૨૬ શુભવિહાયોગતિ | ૨૬ શુભવિહાયોગતિ | ૨૬ શુભવિહાયોગતિ |

| | | | |
|---|---|---|---|
| ૨૭પરાઘાત | ૨૭ પરાઘાત | ૨૭ પરાઘાત | ૨૭ પરાઘાત |
| ૨૮શ્વાસોચ્છ્વાસ | ૨૮ શ્વાસોચ્છ્વાસ | ૨૮ શ્વાસોચ્છ્વાસ | ૨૮ શ્વાસોચ્છ્વાસ |
| | ૨૯ જિનનામ કર્મ | ૨૯ આહારકશરીર | ૨૯ અહારકશરીર |
| | | ૩૦ આહારકઆંગોપાંગ | ૩૦ આહારકઆંગોપાંગ |
| | | | ૩૧ જિનનામ કર્મ |

## નરક પ્રાયોગ્ય બંધસ્થાનક-૧ (૨૮નું)

| | | |
|---|---|---|
| ૯ નામકર્મની ધ્રુવબંધી ૯ | ૧૬ ત્રસ | ૨૩ દુસ્વર |
| ૧૦ નરકગતિ | ૧૭ બાદર | ૨૪ અનાદેય |
| ૧૧ નરકાનુપૂર્વી | ૧૮ પર્યાપ્ત | ૨૫ અપયશ |
| ૧૨ પંચેન્દ્રિય જાતિ | ૧૯ પ્રત્યેક | ૨૬ પરાઘાત |
| ૧૩ વૈક્રિય શરીર | ૨૦ અસ્થિર | ૨૭ શ્વાસોચ્છ્વાસ |
| ૧૪ વૈક્રિય આંગોપાંગ | ૨૧ અશુભ | ૨૮ અશુભ વિહાયોગતિ |
| ૧૫ હુંડક સંસ્થાન | ૨૨ દુર્ભગ | |

નામકર્મમાં ૬ ભૂયસ્કાર બંધ હોય તે આ પ્રમાણે. એક યશનો બંધ કરી ઉપશમશ્રેણીથી પડતાં અપૂર્વકરણમાં ૬ઠ્ઠા ભાગથી ૩૧, ૩૦, ૨૯ અથવા ૨૮ પ્રકૃતિનો બંધ કરે ત્યાં ૨૮-૨૯-૩૦ અથવા ૩૧ નો જુદો જુદો ભૂયસ્કાર થાય પરંતુ સર્વથી નાની સંખ્યા હોવાથી ૧નું બંધસ્થાનક ભૂયસ્કાર નથી અને ૨૩ના બંધ માંથી ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧ના બંધ કરે તેથી ૨૩નું બંધસ્થાનક ભૂયસ્કાર નથી. ૧ પ્રકૃતિનો બંધ કરતો પડીને સીધો ૨૩નો બંધ કરતો નથી તેથી ૨૩નું પણ બંધસ્થાનક ભૂયસ્કાર થાય નહી. આ રીતે ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧ એમ ૬ ભૂયસ્કાર થાય છે.

એકાદિ ઓછી પ્રકૃતિનો બંધ તે અલ્પતર બંધ. નામકર્મમાં ૭ અલ્પતર બંધ છે. તે આ પ્રમાણે. દેવગતિ પ્રાયોગ્ય ૨૮, ૨૯, ૩૦, ૩૧ પ્રકૃતિ બાંધી જીવ શ્રેણિ ચઢતા અપૂર્વકરણના ૭ મા ભાગે ૧ પ્રકૃતિ બાંધે તે પહેલા સમયે પહેલુ અલ્પતર, જિનનામ અને આહારક દ્વિક સહિત દેવગતિ પ્રાયોગ્ય ૩૧ બાંધતો દેવમાં જઇને મનુષ્યગતિ પ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિ બાંધે તે બીજુ અલ્પતર, તેમજ

દેવમાં મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ બાંધતો ત્યાંથી ચ્યવી મનુષ્યમાં આવી દેવ પ્રાયોગ્ય ૨૯ બાંધે ત્યારે ત્રીજુ અલ્પતર, મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ બાંધતો દેવ અથવા નારક ત્યાંથી ચ્યવી મનુષ્ય-તિર્યંચમાં આવી દેવ પ્રાયોગ્ય, નરક પ્રાયોગ્ય ૨૮ બાંધે ત્યારે ચોથો અલ્પતર. તેમજ સંકિલષ્ટ પરિણામી થાય ત્યારે ૨૮ પ્રકૃતિ બાંધતો એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬ અથવા ૨૫ અથવા ૨૩ બાંધે ત્યારે અલ્પતર બંધ થાય. આ રીતે ૭ અલ્પતર બંધ થાય.

દરેક બંધસ્થાનક જઘન્યથી એક સમય બંધ પણ હોય અને મધ્યમ અને ઉત્કૃષ્ટથી વધારે કાળ પણ બંધાય છે. માટે સર્વકર્મનાં બંધસ્થાનકો અવસ્થિત બંધ રૂપે હોય. તેમ નામ કર્મનાં બંધસ્થાનક એક સમય કરતા વધારે પણ બંધાય છે. તેથી બીજા સમયથી અવસ્થિત બંધ થાય છે તેથી નામકર્મના અવસ્થિત બંધ ૮ છે.

સર્વથા બંધ વિચ્છેદ થયા પછી ફરીથી બંધ થવો તે અવક્તવ્ય બંધ, નામકર્મમાં અવક્તવ્ય બંધ ત્રણ છે. ૨૯, ૩૦ અને ૧ પ્રકૃતિનું. ૧૧ મે ગુણઠાણે કાળક્ષયે પડીને ૧૦ મે ગુણઠાણે આવે ત્યારે ૧ પ્રકૃતિ બાંધે તે **પહેલો અવકતવ્ય** બંધ. ૧૧ મા ગુણઠાણેથી ભવક્ષયે મરી ૪થે ગુણઠાણે દેવનાભવમાં જિનનામકર્મ વિના મનુ.ગતિ પ્રાયોગ્ય ૨૯ નો બંધ કરે ત્યારે **બીજો અવક્તવ્ય** અને પૂર્વે જિનનામ બાંધ્યું હોય તે જિનનામ સહિત ૪ થે ગુણઠાણે દેવના ભવમાં મનુ.ગતિ પ્રાયોગ્ય ૩૦નો બંધ કરે ત્યારે **ત્રીજો અવક્તવ્ય** આ રીતે નામકર્મમાં ત્રણ અવક્તવ્ય છે.

શેષ કર્મ એટલે જ્ઞાનાવરણીય, વેદનીય, આયુ:, ગોત્ર અને અંતરાય એ પાંચ કર્મને વિષે એક એક બંધસ્થાનક છે.

જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મની ૧થી૧૦ ગુણઠાણા સુધી પાંચે પ્રકૃતિ સાથે જ બંધાય છે. એક પણ ઓછી કે વધારે પ્રકૃતિ બંધાતી નથી. માટે પાંચ પ્રકૃતિનું એક બંધસ્થાનક છે. ભૂયસ્કાર કે અલ્પતર બંધ થતો નથી. ૧થી૧૦ ગુણઠાણા સુધી સતત્ બંધાતી હોવાથી એક અવસ્થિત બંધ થાય છે. અને એક અવક્તવ્યબંધ પાંચ પ્રકૃતિનું બે રીતે થાય છે. કાળક્ષયે ૧૧મા ગુણઠાણાથી ૧૦

મે આવે ત્યારે પ્રથમ સમયે પાંચ પ્રકૃતિ બાંધે તે પહેલી રીતે અવક્તવ્ય અને ભવક્ષયે ચોથે જાય ત્યારે 'પાંચ' પ્રકૃતિ બાંધે તે બીજી રીતે અવક્તવ્ય બંધ જાણવો.

વેદનીયકર્મમાં સાતા અથવા અસાતા બે માંથી એક જ બંધાય. તેથી અહીં પણ ભૂયસ્કાર. અને અલ્પતર બંધ ન હોય. ૧૩ ગુણઠાણા સુધી સતત બંધ હોવાથી અવસ્થિત બંધ ૧ પ્રકૃતિનુ થાય. અને અવક્તવ્ય બંધ નથી કારણ સર્વથા બંધ વિચ્છેદ ૧૪મા અયોગી ગુણઠાણે થાય છે અને ત્યાંથી પડીને ફરી વેદનીયનો બંધ કરતો નથી માટે. ગોત્રકર્મની બે પ્રકૃતિમાંથી એક સમયે એક નો બંધ જ હોય છે. તેથી ત્યાં પણ ભૂયસ્કાર અને અલ્પતર બંધ નથી પરંતુ સદાય એક પ્રકૃતિનું અવસ્થિત બંધ હોય છે. ૧૧ મા ગુણઠાણે સર્વથા બંધરહિત દશમે અથવા ચોથે ફરી બાંધે ત્યારે પ્રથમ સમયે ૧ પ્રકૃતિનું અવક્તવ્ય બંધ થાય.

આયુષ્યકર્મની ચાર પ્રકૃતિ છે. તેમાંથી એક ભવમાં એકજ બાંધે અને એકવાર જ બાંધે. તેથી ભૂયસ્કાર અને અલ્પતર બંધ ન હોય. જયારે આયુષ્યનો બંધ શરૂ કરે ત્યારે પહેલા સમયે પહેલો અવક્તવ્ય બંધ થાય. અને બીજા સમયથી બંધકાળ સુધી અવસ્થિત બંધ હોય છે.

પ્રકૃતિબંધનુ વર્ણન પૂર્ણ થયું હવે સ્થિતિબંધ કહેશે.

## આઠ કર્મની ઉત્તર પ્રકૃતિના બંધ સ્થાનક તથા ભૂયસ્કારાદિ બંધ.

| ૮ કર્મ | જ્ઞાનાવરણ | દર્શનાવરણ | વેદનીય | મોહનીય | આયુઃ | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|
| ઉત્તરપ્રકૃતિ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| કેટલાબંધસ્થાનક | ૧ | ૩ | ૧ | ૧૦ | ૧ | ૮ | ૧ | ૧ |
| કેટલીપ્રકૃતિના બંધસ્થાનક | ૫ | ૯,૬,૪. | ૧ | ૨૨,૨૧,૧૭,૧૩,૯ ૫,૪,૩,૨,૧. | ૧ | ૨૩,૨૫,૨૬,૨૮ ૨૯,૩૦,૩૧,૧. | ૧ | ૫ |
| ભૂયસ્કાર | ૦ | ૨ | ૦ | ૯ | ૦ | ૬ | ૦ | ૦ |
| અલ્પતર | ૦ | ૨ | ૦ | ૮ | ૦ | ૭ | ૦ | ૦ |
| અવસ્થિત | ૧ | ૩ | ૧ | ૧૦ | ૧ | ૮ | ૧ | ૧ |
| અવક્તવ્ય | ૧ | ૨ | ૦ | ૨ | ૧ | ૩ | ૧ | ૧ |

# ઉત્તર પ્રકૃતિના બંધસ્થાનક

૮ મૂળ કર્મની ઉત્તર પ્રકૃતિના બંધસ્થાનક.

| | બંધસ્થાનક | જ્ઞા. | દર્શ. | વે. | મોહ. | આ. | નામ | ગોત્ર | અંત | ક્યાં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અપ્રયોગ્ય | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧ થી ૧૩ ગુણસ્થાનક |
| ” | ૧૭ | ૫ | ૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૦ મે ” |
| ” | ૧૮ | ૫ | ૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૫ | ૯/૫ મા ભાગે |
| ” | ૧૯ | ૫ | ૪ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ | ૯/૪ ભાગે |
| ” | ૨૦ | ૫ | ૪ | ૧ | ૩ | ૦ | ૧ | ૧ | ૫ | ૯/૩ ભાગે |
| ” | ૨૧ | ૫ | ૪ | ૧ | ૪ | ૦ | ૧ | ૧ | ૫ | ૯/૨ ભાગે |
| ” | ૨૨ | ૫ | ૪ | ૧ | ૫ | ૦ | ૧ | ૧ | ૫ | ૯/૧ ભાગે |
| ” | ૨૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૧ | ૧ | ૫ | ૮/૭ મા ગુણસ્થાનક |
| દેવ.પ્રાયોગ્ય | ૫૩ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૨૮ | ૧ | ૫ | ૮/૨ થી ૮/૬ઠ્ઠા ” |
| ” | ૫૪ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૨૯ | ૧ | ૫ | ” ” |
| ” | ૫૫ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૦ | ૧ | ૫ | ” ” |
| ” | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ” ” |
| ” | ૫૭ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૩૦ | ૧ | ૫ | ૭ થી ૮/૧ ભાગ સુધી |
| ” | ૫૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ” ” |
| ” | ૫૯ | ૫ | ૬ | ૧ | ૯ | ૧ | ૩૧ | ૧ | ૫ | ૭ મા ગુણસ્થાનકે |
| ” | ૬૦ | ૫ | ૬ | ૧ | ૧૩ | ૧ | ૨૮ | ૧ | ૫ | ૫મા ” |
| ” | ૬૧ | ૫ | ૬ | ૧ | ૧૩ | ૧ | ૨૯ | ૧ | ૫ | ” ” |
| ” | ૬૩ | ૫ | ૬ | ૧ | ૧૭ | ૦ | ૨૮ | ૧ | ૫ | ૪-થા ગુણસ્થાનકે |
| મનુ.પ્રાયોગ્ય | ૬૪ | ૫ | ૬ | ૧ | ૧૭ | ૦ | ૨૯ | ૧ | ૫ | ” ” |
| ” | ૬૫ | ૫ | ૬ | ૧ | ૧૭ | ૦ | ૩૦ | ૧ | ૫ | ” ” |
| ” | ૬૬ | ૫ | ૬ | ૧ | ૧૭ | ૧ | ૩૦ | ૧ | ૫ | ” ” |
| એકે.પ્રાયોગ્ય | ૬૭ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૧ | ૨૩ | ૧ | ૫ | ૧લા ” |
| ” | ૬૮ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૦ | ૨૫ | ૧ | ૫ | ” ” |
| એકે.પ્રાયોગ્ય | ૬૯ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૦ | ૨૬ | ૧ | ૫ | ” ” |
| ” | ૭૦ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૧ | ૨૬ | ૧ | ૫ | ” ” |
| નરકપ્રાયોગ્ય | ૭૧ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૦ | ૨૮ | ૧ | ૫ | ” ” |
| મનુ.તિ.પ્રા. | ૭૨ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૦ | ૨૯ | ૧ | ૫ | ” ” |
| તિર્યંચ અને | ૭૩ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૦ | ૩૦ | ૧ | ૫ | ” ” |
| વિક.પ્રાયોગ્ય ” | ૭૪ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૧ | ૩૦ | ૧ | ૫ | ” ” |

અનેકજીવ આશ્રયી કુલ બંધસ્થાનક ૨૯ છે. તેમાં ભૂયસ્કાર ૨૮, અલ્પતર, ૨૮ અવસ્થિત-૨૯ હોય છે પણ અવક્તવ્ય બંધ હોય નહિ.

## ગુણસ્થાનકે વિશે આઠકર્મનાં બંધસ્થાનક

### મિથ્યાત્વ ગુણસ્થાનકે

| બંધસ્થાનક | જ્ઞા. | દર્શ. | વે. | મો. | આ. | નામ. | ગો. | અં. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬૬ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૦ | ૨૩ | ૧ | ૫ |
| ૬૭ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૧ | ૨૩ | ૧ | ૫ |
| ૬૮ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૦ | ૨૫ | ૧ | ૫ |
| ૬૯ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૦ | ૨૬ | ૧ | ૫ |
| ૭૦ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૧ | ૨૬ | ૧ | ૫ |
| ૭૧ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૦ | ૨૮ | ૧ | ૫ |
| ૭૨ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૦ | ૨૯ | ૧ | ૫ |
| ૭૩ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૦ | ૩૦ | ૧ | ૫ |
| ૭૪ | ૫ | ૯ | ૧ | ૨૨ | ૧ | ૩૦ | ૧ | ૫ |

### સાસ્વાદન ગુણસ્થાનકે

| બંધસ્થાનક | જ્ઞા. | દર્શ. | વે. | મો. | આ. | નામ. | ગો. | અં. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭૦ | ૫ | ૯ | ૧ | ૨૧ | ૦ | ૨૮ | ૧ | ૫ |
| ૭૧ | ૫ | ૯ | ૧ | ૨૧ | ૦ | ૨૯ | ૧ | ૫ |
| ૭૨ | ૫ | ૯ | ૧ | ૨૧ | ૦ | ૩૦ | ૧ | ૫ |
| ૭૩ | ૫ | ૯ | ૧ | ૨૧ | ૧ | ૩૦ | ૧ | ૫ |

### મિશ્ર ગુણસ્થાનકે

| બંધસ્થાનક | જ્ઞા. | દર્શ. | વે. | મો. | આ. | નામ. | ગો. | અં. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬૩ | ૫ | ૬ | ૧ | ૧૭ | ૦ | ૨૮ | ૧ | ૫ |
| ૬૪ | ૫ | ૬ | ૧ | ૧૭ | ૦ | ૨૯ | ૧ | ૫ |

# ગુણસ્થાનકને વિષે બંધસ્થાનક

## અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે

| બંધસ્થાનક | જ્ઞા. | દર્શ. | વે. | મો. | આ. | નામ. | ગો. | અં. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬૩ | ૫ | ૬ | ૧ | ૧૭ | ૦ | ૨૮ | ૧ | ૫ |
| ૬૪ | ૫ | ૬ | ૧ | ૧૭ | ૦ | ૨૯ | ૧ | ૫ |
| ૬૫ | ૫ | ૬ | ૧ | ૧૭ | ૧ | ૨૯ | ૧ | ૫ |
| ૬૬ | ૫ | ૬ | ૧ | ૧૭ | ૧ | ૩૦ | ૧ | ૫ |

## દેશવિરતિ ગુણસ્થાનકે

| બંધસ્થાનક | જ્ઞા. | દર્શ. | વે. | મો. | આ. | નામ. | ગો. | અં. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫૯ | ૫ | ૬ | ૧ | ૧૩ | ૦ | ૨૮ | ૧ | ૫ |
| ૬૦ | ૫ | ૬ | ૧ | ૧૩ | ૦ | ૨૯ | ૧ | ૫ |
| ૬૧ | ૫ | ૬ | ૧ | ૧૩ | ૧ | ૨૯ | ૧ | ૫ |

## પ્રમત્ત ગુણસ્થાનકે

| બંધસ્થાનક | જ્ઞા. | દર્શ. | વે. | મો. | આ. | નામ. | ગો. | અં. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫૫ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૨૮ | ૧ | ૫ |
| ૫૬ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૨૯ | ૧ | ૫ |
| ૫૭ | ૫ | ૬ | ૧ | ૯ | ૧ | ૨૯ | ૧ | ૫ |

## અપ્રમત્ત ગુણસ્થાનકે

| બંધસ્થાનક | જ્ઞા. | દર્શ. | વે. | મો. | આ. | નામ. | ગો. | અં. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫૫ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૨૮ | ૧ | ૫ |
| ૫૬ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૨૯ | ૧ | ૫ |
| ૫૭ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૩૦ | ૧ | ૫ |
| ૫૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| ૫૯ | ૫ | ૬ | ૧ | ૯ | ૧ | ૩૧ | ૧ | ૫ |

## અપૂર્વકરણ ગુણસ્થાનકે

| બંધસ્થાનક | જ્ઞા. | દર્શ. | વે. | મો. | આ. | નામ. | ગો. | અં. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૫૩ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૨૮ | ૧ | ૫ |
| ૫૪ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૨૯ | ૧ | ૫ |
| ૫૫ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૦ | ૧ | ૫ |
| ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| ૫૭ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૩૦ | ૧ | ૫ |
| ૫૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |

## અનિવૃત્તિકરણ ગુણસ્થાનકે

| બંધસ્થાનક | જ્ઞા. | દર્શ. | વે. | મો. | આ. | નામ. | ગો. | અં. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | ૫ | ૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૧૯ | ૫ | ૪ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૨૦ | ૫ | ૪ | ૧ | ૩ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૨૧ | ૫ | ૪ | ૧ | ૪ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૨૨ | ૫ | ૪ | ૧ | ૫ | ૦ | ૧ | ૧ | ૫ |

## સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે

| બંધસ્થાનક | જ્ઞા. | દર્શ. | વે. | મો. | આ. | નામ. | ગો. | અં. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭ | ૫ | ૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ |

## ૧૧ થી ૧૩ ગુણસ્થાનકે

| બંધસ્થાનક | જ્ઞા. | દર્શ. | વે. | મો. | આ. | નામ. | ગો. | અં. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

કેટલાક બંધસ્થાનક આયુષ્યકર્મ અને નામકર્મના બંધસ્થાનકની અપેક્ષાએ અન્ય રીતે પણ થાય. પરંતુ અહીં ગુણસ્થાનકોમાં કેટલી સંખ્યાવાળા બંધસ્થાનક હોય તે સમજાય માટે એક રીતે બતાવેલ છે.

# મૂળકર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ

## મૂળ કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ.

**वीसयर कोडिकोडी नामे गोए अ सत्तरी मोहे।**

**तीसियरचउसु उदही, निरयसुराउम्मि तित्तीसा ॥२६॥**

अयर कोडि कोडी – ક્રોડા ક્રોડ સાગરોપમ          उदही – સાગરોપમ

**અર્થ :-** વીશ ક્રોડાક્રોડ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ નામ કર્મ અને ગોત્રકર્મની હોય. મોહનીયકર્મની ૭૦ કોડાકોડી સાગરોપમ હોય. બાકીના ચાર કર્મને વિષે ત્રીશ કોડા કોડી સાગરોપમ હોય. (આયુષ્યકર્મ) નારકી અને દેવતાના આયુષ્યને વિષે તેત્રીસ સાગરોપમ સ્થિતિ હોય. ॥૨૬॥

**વિવરણ :-** એક સાથે બંધાતી સ્થિતિનું પ્રમાણ તે **સ્થિતિબંધ** તેમજ એકી સાથે એક સમયમાં બંધાતી વધારેમાં વધારે સ્થિતિનું પ્રમાણ તે **ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ** કહેવાય. સ્થિતિબંધમાં મુખ્ય કારણ કષાય છે. જેમ કષાય વધારે તેમ સ્થિતિ વધારે બંધાય. અને જેમ કષાય ઓછા તેમ સ્થિતિ પણ ઓછી બંધાય. ઉત્કૃષ્ટ કષાય થી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય છે. મધ્યમ કષાયથી મધ્યમ સ્થિતિબંધ થાય. અને જઘન્ય કષાયથી જઘન્ય સ્થિતિબંધ થાય.

બાંધ્યા પછી ઉદયમાં ન આવે ત્યાં સુધીનો કાળ તે **અબાધા કાળ** કહેવાય. કર્મ બાંધ્યા પછી જીવને બાધા (પીડા) ન થાય ત્યાં સુધીનો કાળ તે અબાધાકાળ. જેટલા કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ તેને તેટલા ૧૦૦ વર્ષ વડે ગુણવાથી અબાધાકાળ આવે છે. એટલેકે જેટલા કોડાકોડી સાગરોપમની સ્થિતિ તેટલા ૧૦૦ વર્ષ આબાધાકાળ. અને અબાધાકાળ રહિત તે નિષેક કાળ કહેવાય.

અહીં આયુષ્યકર્મનો ભોગ્ય (નિષેક કાળ) કહયો છે. તેમાં અબાધા સહિત કરવાથી સત્તાકાળ થાય છે. જેમ દેવાયુષ્યનો પૂર્વક્રોડના ત્રીજા ભાગ સહિત ૩૩ સાગરોપમ ઉત્કૃષ્ટથી સત્તાકાળ છે. આયુષ્ય સિવાયના કર્મોનો ગ્રંથકારે સત્તાકાળની અપેક્ષાએ સ્થિતિબંધ કહયો છે. તેમાંથી અબાધાન્યૂન ભોગ્ય (નિષેક) કાળ કહેવાય. જેમ જ્ઞાનાવરણીયનો ૩ હજાર વર્ષ અબાધકાળ. ૩ હજાર વર્ષ ન્યૂન ૩૦ કોડાકોડી

સાગરોપમ નિષેક કાળ. અને ૩૦ કોડા કોડી સાગરોપમ[1] સ્થિતિબંધ તે સત્તાકાળ જાણવો.

સ્થિતિબંધમાં ૧ સમયથી માંડીને પલ્યોપમના અસંખ્યાતમા ભાગના બંધની હાની વૃધ્ધિમાં અબાધામાં ૧ સમયની હાની વૃધ્ધિ થાય છે.

આયુષ્ય સિવાયના સાતે કર્મોમાં જેમ સ્થિતિબંધ વધારે થાય તેમ અબાધા વધારે પડે અને જેમ સ્થિતિબંધ ઓછો તેમ અબાધા પણ ઓછી પડે. પરંતુ આયુષ્યમાં આ નિયમ નથી એટલે કે આયુષ્યના ઉત્કૃષ્ટ સ્થિતિબંધે, ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય અબાધા પડે. અને ક્વચિત્ જઘન્ય આયુષ્યબંધે ઉત્કૃષ્ટ પણ અબાધા હોય.

આયુષ્ય સિવાય સાતકર્મમાં જઘન્ય સ્થિતિબંધે જઘન્ય અબાધા હોય.

સમયાધિક જઘન્ય સ્થિતિબંધથી માંડીને પલ્યો. નો અસં. ભાગ સ્થિતિબંધ વધે ત્યાં સુધી અબાધામાં એક સમય વધે. એટલે સમયાધિક જઘન્ય અબાધા થાય.

પલ્યો. ના અસંખ્યાતમા ભાગ સહિત જઘન્ય બંધ કરતાં પણ સમયાધિક સ્થિતિબંધ થ્રાય તો બે સમય અધિક જઘન્ય અબાધા. એમ સમય સમયની વૃદ્ધિએ બીજો પલ્યો. નો અસં. ભાગ અધિક બંધ થાય ત્યાં સુધી બે સમય અધિક જઘન્ય અબાધા હોય. એટલે બે સમય સહિત અંતર્મુહૂર્ત અબાધા.

આ રીતે સ્થિતિબંધમાં એક સમય થી માંડીને પલ્યો નો અસં. ભાગ સ્થિતિબંધ વધે ત્યાં સુધી અબાધામાં એક સમય વધે.

એમ સ્થિતિબંધ પલ્યો. નો અસં. ભાગ વધારવો. અને અબાધામાં એક સમય વધારવો. એમ કરતાં એવો સુમેળ થાય કે સ્થિતિબંધ એક કોડાકોડી સાગરોપમ થાય ત્યારે અબાધા સો વર્ષ પ્રમાણ થાય.

વળી કોડાકોડી સાગરોપમ કરતાં બંધમાં એક સમયથી માંડી પલ્યો. નો

---

૧ અગાધ સાગરની જેમ જલ્દી પાર (છેડો) ન આવે તેટલો દીર્ઘકાળ તે સાગરોપમ. સમુદ્રની ઉપમાથી જણાવેલ કાળ. અથવા અતર જલ્દીથી સમુદ્રની જેમ તરી ન શકાય, પાર ન પામી શકાય માટે સાગરોપમને અતર કહે છે. तरीतुं न शक्यते इति अतरः

અસં. ભાગ વધે ત્યારે અબાધા એક સમય અધિક સો વર્ષ પ્રમાણ થાય. બે પલ્યો. નો અસં. ભાગ અધિક એક કોડાકોડી સાગરોપમ બંધ થાય ત્યાં સુધી અબાધા બે સમય અધિક ૧૦૦ વર્ષ થાય. એમ સ્થિતિબંધમાં પલ્યો. નો અસં. ભાગ અને અબાધામાં સમય - સમય વધારતાં એક કોડાકોડી સાગરોપમ સ્થિતિબંધ વધે તો અબાધામાં સો વર્ષ વધે.

માટે જેટલા કોડાકોડી સાગરોપમનો બંધ થાય તેટલા સો વર્ષ અબાધા થાય.

તે જ પ્રમાણે સ્થિતિબંધમાં એક સમયથી માંડી પલ્યો. નો અસં. ભાગ બંધ ઘટે તો અબાધામાં એક સમયની હાની થાય તેમ જાણવું

## મૂળકર્મનો જઘન્ય સ્થિતિબંધ

**मुत्तुं अकसायठिइं, बार मुहुत्ता जहन्न वेअणिए ।**
**अट्ठट्ठ नाम गोएसु, सेसएसु मुहुत्तंतो ॥27॥**

| | |
|---|---|
| मुत्तुं - મુકીને | ठिइं - સ્થિતિને |
| अकसाय - અકષાયીને | मुहुत्तंतो - અંતર્મુહૂર્ત |

**અર્થ :-** અકષાયી સ્થિતિવર્જીને વેદનીય કર્મને વિષે જઘન્યસ્થિતિ બાર મુહૂર્ત હોય. નામ અને ગોત્રકર્મને વિષે આઠ-આઠ મુહૂર્ત હોય. બાકીના પાંચ (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય,આયુ અને અંતરાય) કર્મને વિષે જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત હોય ॥૨૭॥

**વિવરણ :-** વેદનીય કર્મની સ્થિતિ બે પ્રકારે છે. (૧) સકષાયી (૨) અકષાયી. તેમાં કષાયનો ઉદય ન હોવાથી ૧૧-૧૨-૧૩માં ગુણસ્થાનકે અકષાયી કહેવાય. અને દશગુણ. સુધી સકષાયી કહેવાય. અકષાયી તે ૧૧,૧૨,૧૩ ગુણઠાણાવાળા બાંધે, કારણ આ ગુણઠાણે વેદનીયની સ્થિતિ બે સમયની હોય છે. એટલે કે પહેલા સમયે બંધાય. બીજા સમયે વેદાય અને ત્રીજા સમયે નાશ પામે. બે સમયની સ્થિતિની અહીં વિવક્ષા કરી નથી કારણકે તે અકષાયી કહેવાય છે. અહીં સકષાયી સ્થિતિની સ્થિતિબંધમાં વિવક્ષા કરી છે. ઉત્તરાધ્યયનમાં વેદનીયનો જઘન્ય સ્થિતિબંધ અંતર્મુહૂર્ત કહ્યો છે.

દરેક કર્મમાં જઘન્ય અબાધા અંતર્મુહૂર્ત હોય છે. આયુષ્ય સિવાય સાતકર્મમાં જઘન્ય સ્થિતિબંધમાં જઘન્ય અબાધા હોય છે. આયુષ્ય કર્મમાં ઉત્કૃષ્ટ - મધ્યમ અને જઘન્ય સ્થિતિબંધમાં પણ જઘન્ય અબાધા હોય છે.

જોકે દેવ અને નારક પોતાના છ માસ આયુષ્ય બાકી રહે ત્યારે ભવાન્તરનું આયુષ્ય બાંધે તેથી તેઓને આયુષ્યની છ માસની અબાધા હોય છે, તે પ્રમાણે યુગ. મનુષ્ય તિર્યંચો પણ છ માસ આયુષ્ય બાકી હોય ત્યારે અને કેટલાકના મતે પલ્યો. નો અસં. ભાગ આયુષ્ય બાકી હોય ત્યારે ભવાન્તરનું આયુષ્ય બાંધે.

શેષ નિરુપક્રમી અને સોપક્રમી આયુષ્યવાળા મનુષ્ય તિર્યંચો પોતાના આયુષ્યના ત્રીજાભાગે આયુષ્ય બાંધે. અને સોપક્રમી આયુષ્યવાળા ત્રીજાભાગે ન બાંધે તો નવમા સત્યાવીશમા. એકયાશીમા એમ ત્રિ-ત્રિભાગે આયુષ્ય બાંધે છેલ્લે એક અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી હોય ત્યારે બાંધે.

આયુષ્ય બંધ થયા પછી શેષ રહેલ આયુષ્ય તે નવા આયુષ્યની અબાધા જાણવી.

## ઉત્તરપ્રકૃતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ

**विग्धावरण असाए, तीसं अट्ठार सुहुमविगलतिगे ।**
**पढ़मागिई संघयणे, दसदुसुवरिमेसु दुगवुड्ढी ॥28॥**

उवरिमेसु - ઉપરના સંસ્થાન અને સંઘયણને વિષે
दुगवुड्ढी - બે બે કોડાકોડી સાગરોપમની વૃદ્ધિ જાણવી.

**અર્થ :-** પાંચ અંતરાય, ચૌદઆવરણ, અને અશાતા વેદનીયને વિષે ત્રીશ કોડા કોડી સાગ. ની ઉત્કૃષ્ટસ્થિતિ હોય. સૂક્ષ્મત્રિક (સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ) વિકલેન્દ્રિય ત્રિકને વિષે અઢાર કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ હોય. પહેલુ સંસ્થાન અને પહેલા સંઘયણ એ બેને વિષે દશ કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ હોય અને ઉપરના સંસ્થાન અને સંઘયણ બંનેને વિશે બે બે કોડાકોડી સાગરોપમની વૃદ્ધિ જાણવી ॥૨૮॥

# ઉત્કૃષ્ટ સ્થિતિબંધ

**વિવરણ :-** હવે ઉત્તર પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ કહે છે.

| સંઘયણ | સંસ્થાન | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ |
|---|---|---|
| વજ્રઋષભનારાચ | સમચતુરસ્ર | ૧૦ કોડા કોડી સાગરોપમ |
| ઋષભનારાચ | ન્યગ્રોધપરિમંડળ | ૧૨ કોડા કોડી સાગરોપમ |
| નારાચ | સાદિ | ૧૪ કોડા કોડી સાગરોપમ |
| અર્ધનારાચ | કુબ્જ | ૧૬ કોડા કોડી સાગરોપમ |
| કીલિકા | વામન | ૧૮ કોડા કોડી સાગરોપમ |
| છેવટ્ઠુ | હુંડક | ૨૦ કોડા કોડી સાગરોપમ |

જ્ઞાન : ૫, અંત : ૫, દર્શ - ૪, અશાતાવેદનીય એમ કુલ ૧૫ પ્રકૃત્તિઓનો ૩૦ કોડાકોડી સાગ. ઉત્કૃષ્ટ સ્થિતિબંધ છે. સૂક્ષ્મ - અપર્યાપ્ત - સાધારણ અને વિકલેન્દ્રિયત્રિક એ છનો ૧૮ કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ છે.

**चालीसकसाएसुं, मिउलहुनिद्धुण्हसुरहिसिअमहुरे .**
**दसदोसड्ढ समहिआ, ते हालिद्दंबिलाईणं ॥29॥**

मिउलहुनिद्ध - મૃદુ, લઘુ,સ્નિગ્ધ     सिअमहुरे - શ્વેતવર્ણ,મધુરરસ
उण्ह सुरहि - ઉષ્ણ, સુરભીગંધ     दोसड्ढ समहिया - અઢી કોડાકોડી સાગ. અધિક

**અર્થ :-** સોળકષાયોને વિષે ચાલીશ કોડાકોડી સાગરોપમ હોય, મૃદુ, લુઘુ, સ્નિગ્ધ અને ઉષ્ણ સ્પર્શ, સુરભિગંધ, શ્વેતવર્ણ, મધુર રસને વિષે ૧૦ કોડાકોડી સાગરોપમ હોય. અને તેમાં અઢી કોડાકોડી સાગરોપમ સ્થિતિ પીતવર્ણ અને આમ્લરસ વિગેરેમાં વધારવાથી ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી ॥૨૯॥

**વિવરણ :-** મોહનીયમાં કષાય મોહનીયની ૧૬ પ્રકૃતિની સ્થિતિ ૪૦ કોડાકોડી સાગરોપમ છે. મૃદુવિગેરે ૭ અતિ શુભ વર્ણાદિની સ્થિતિ ૧૦ કોડાકોડી સાગરોપમની છે. તેમજ પીતવર્ણ અને આમ્લરસની ૧૨॥ કોડાકોડી સાગ. રક્તવર્ણા અને કષાયરસની ૧૫ કોડાકોડી સાગ., તથા નીલવર્ણ અને કટુરસની ૧૭॥ કોડાકોડી સાગ. અને કૃષ્ણવર્ણ - તિક્તરસ - દુર્ગંધ તથા ગુરુ - કર્કશ - રૂક્ષ - ગુરુ સ્પર્શની ૨૦ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે.

**दससुहविहगइउच्चे, सुरदुगथिरछक्क पुरिसरइहासे ।**

**मिच्छे सत्तरि मणुदुग, इत्थीसाएसु पन्नरस ॥30॥**

**અર્થ :-** શુભવિહાયોગતિ, ઉચ્ચગોત્ર, દેવદ્વિક, સ્થિરષટ્ક, પુરુષદેવ, રતિમોહનીય અને હાસ્યમોહનીયને વિષે દશ કોડાકોડી સાગરોપમ હોય. મિથ્યાત્વને વિષે ૭૦ કોડાકોડી સાગરોપમની હોય. અને મનુષ્યદ્વિક, સ્ત્રીવેદ, સાતા વેદનીયને વિષે પંદર કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટસ્થિતિ હોય ॥૩૦॥

**વિવરણ :-** ગાથામાં બતાવ્યા પ્રમાણે ઉત્તર પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ બંધાય છે.

**भयकुच्छअरइसोए, विउव्वितिरिउरलनिरयदुगनीए ।**
**तेअ पण अथिर छक्के, तसचउथावर इग पणिंदी ॥31॥**
**नपुकुखगई सासचउ - गुरुकक्खडरुक्खसीयदुग्गंधे ।**
**वीसं कोडाकोडी, एवइ अबाह वाससया ॥32॥**

तेअपण - તૈજસ પંચક
अबाह - અબાધા
इग - એકેન્દ્રિય
वाससया - સો વર્ષ

**અર્થ :-** ભય જુગુપ્સા, અરતિ અને શોક મોહનીયને વિષે, વૈક્રિયદ્વિક, તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, નરકદ્વિક, નીચગોત્ર, તૈજસપંચક (તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત) અસ્થિરષટ્ક, ત્રસચતુષ્ક, સ્થાવર, એકેન્દ્રિય અને પંચેન્દ્રિય જાતિને વિષે ॥૩૧ ॥.

નપુંસકવેદ, અશુભવિહાયોગતિ, ઉચ્છ્વાસ ચતુષ્ક (ઉચ્છ્વાસ, ઉદ્યોત આતપ, પરાઘાત) ગુરુ, કર્કશ રૂક્ષ અને શીત સ્પર્શ, દુર્ગંધ ને વિષે વીશ કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ હોય. (જેટલા કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય) એટલા સો વર્ષ અબાધા જાણવી. ॥૩૨॥

**વિવરણ :-** ૨૬મી ગાથાથી અહીં ૩૨ ગાથા સુધી ૧૧૫ ઉત્તર પ્રકૃતિઓ અને આઠમૂળનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ બતાવેલ છે.

અબાધાકાળ : કર્મ બંધાયા પછી ઉદયમાં ન આવે, બાધા ન કરે, ફળ ન આપે ત્યાં સુધીનો કાળ તે અબાધાકાળ કહેવાય. અબાધાકાળમાં કર્મ સ્વાભાવિક રીતે ઉદયમાં ન આવે. ઉદીરણાઆદિથી આવે.

જે કર્મ જેટલા કોડાકોડી સાગરોપમનું બંધાય તેની અબાધા તેટલા સો

વર્ષની હોય. દશ કોડાકોડી સાગરોપમવાળુ કર્મનો એક હજાર વર્ષ અબાધા કાળ જાણવો. તે પ્રમાણે બીજી સ્થિતિમાં પણ જાણવું. (જુઓ પેઈજ ૪૯ )

**गुरुकोडिकोडि अंतो, तित्थाहारण भिन्नमुहु बाहा ।**
**लहु ढिइ संखगुणूणा, नरतिरिआणा 3 पल्लतिगं ॥33॥**

लहु - જઘન્ય  भिन्नमुहु - અંતર્મુહૂર્ત

**અર્થ** :- તીર્થંકર નામ કર્મ અને આહારકદ્વિકની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતઃ કોડા કોડી સાગરોપમ છે. અને અબાધાકાળ અંતર્મુહૂર્ત છે. જઘન્યસ્થિતિ સંખ્યાત ગુણહીન અંતઃ કોડાકોડી સાગરોપમ હોય. મનુષ્ય અને તિર્યંચના આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ જાણવી ॥૩૩॥

આહારકદ્વિક અને જિનનામ કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અંતઃકોડાકોડી સાગરોપમ હોય છે. કારણકે જિનનામનો બંધ ૪થા ગુણઠાણાથી આઠમા ગુણઠાણા સુધી બંધ હોય, તે ગુણસ્થાનકોમાં અંતઃકોડાકોડી જ બંધ હોય છે. અને જઘન્ય બંધ પણ અંતઃ કોડાકોડી થાય છે. પરંતુ ઉત્કૃષ્ટની અપેક્ષાએ સંખ્યાતગુણો નાનો અંતઃકોડાકોડીનો સ્થિતિબંધ હોય.

તે જ પ્રમાણે આહારકદ્વિકનો બંધ પણ જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતઃકોડા કોડી[૧] સાગરોપમનો થાય.

જિનનામ અને આહારકદ્વિકના જઘન્ય સ્થિતિબંધમાં અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં અબાધાકાળ અંતર્મુહૂર્ત હોય છે. તેમાં જઘન્યસ્થિતિબંધે નાનું અંતર્મુહૂર્ત હોય છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધે મોટું અંતર્મુહૂર્ત અબાધા સમજવો.

મતાન્તરે જિનનામનો જઘન્ય સ્થિતિબંધ દશ હજાર વર્ષ એટલે દશ હજારથી કંઈક અધિક. તે ત્રણભવ પહેલાં જિનનામ બાંધે વચ્ચે પહેલી નારકીનો દશ હજાર વર્ષનો ભવ કરે અને પછી છેલ્લો તીર્થંકરનો ભવ કરે, તે અપેક્ષાએ સાધિક દશ હજાર વર્ષ સંભવે અને આહારક દ્વિકનો જઘન્ય સ્થિતિબંધ અંતર્મુહૂર્ત ક્ષપક આઠમે ગુણ.માં બાંધે તેમ કહ્યો છે.

---

૧. અંતઃ કોડા કોડી સાગરોપમ એટલે એક ક્રોડ સાગરોપમથી એક સમય અધિકથી એક ક્રોડા ક્રોડ સાગરોપમમાં એક સમય પણ ન્યુન સુધી તે સર્વ અંતઃ કોડા કોડી સાગરોપમ કહેવાય.

પ્રશ્ન : જિનનામ કર્મની સત્તા જો અંતઃકોડા કોડી સાગરોપમ હોય તો તે આટલી દીર્ઘ સત્તા પુરી કેવી રીતે થાય ? જિનનામનો બંધ ત્રણ ભવ પહેલાં થાય છે. અને તે ત્રણ ભવમાં કેવી રીતે પુરાય. કારણકે ત્રણભવનો કુલકાળ બે પૂર્વક્રોડ વર્ષ સહિત ૩૩ સાગરોપમ (વચમાં દેવભવની અપેક્ષાએ) થાય. અને અંતઃ કોડા કોડી સાગરોપમ તે તિર્યંચના ભવો સિવાય પૂર્ણ ન થાય. વળી જિનનામની સત્તા તિર્યંચમાં નિષેધી છે.

ઉત્તર : જિનનામની સત્તા તિર્યંચમાં નિષેધી છે. તે નિકાચિત માટે જાણવું. અનિકાચિત જિનનામની સત્તા તિર્યંચમાં લઈને જવાય. વળી તિર્યંચમાં જિનનામની ઉદ્દ્વલના કહી છે. એટલે જિનનામની અંતઃકોડાકોડી સાગરોપમની સત્તા લઈ તિર્યંચમાં ગયા પછી અંતર્મુહૂર્ત પછી તેની ઉદ્દ્વલના કરે. ઉદ્દ્વલના કરતાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ થાય. તેટલા કાળે નિર્લેપ થાય. પંચસંગ્રહ દ્વાર - ૫, ગા. ૪૪ માં તે વાત બતાવેલ છે તે આ પ્રમાણે...

**जं इह निकाइयतित्थं, तिरियभवे तं निसेहियं संतं।**

**इयरंमि नत्थि दोसो, उव्वट्टणावट्टणासज्झे ॥44॥**

## આયુષ્યબંધનો નિયમ

**ईगविगल पुव्वकोडी, पलिआसंखंस आउचउअमणा।**

**निरुवकमाण छमासा, अबाह सेसाण भवतंसो ॥38॥**

अमणा - અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા   निरुवकमाण - નિરુપક્રમ આયુષ્યવાળા

**અર્થ :-** એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય (મનુષ્ય - તિર્યંચનું) પૂર્વકોટિ વર્ષનું આયુષ્ય બાંધે અને અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા ચારે આયુષ્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ બાંધે. નિરુપક્રમ આયુષ્યવાળાને ૬ માસ અબાધાકાળ હોય અને બાકીના જીવોને ભવનો ત્રીજો ભાગ અબાધાકાળ હોય ॥૩૪॥

**વિવરણ :-** એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવો ભવાન્તરનું મનુષ્ય અને તિર્યંચનું જ આયુષ્યબાંધે અને તે ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ વર્ષનું બાંધી શકે. જેમ મરૂદેવા માતા એકેન્દ્રિયમાંથી પૂર્વક્રોડના આયુષ્યવાળા મનુષ્ય થયાં.

પર્યા. અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો ઉત્કૃષ્ટથી દેવ નારકીનું પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું એટલે ભવનપતિ - વ્યંતરનું તેટલું આયુષ્ય બાંધી શકે અને મનુષ્યનું પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ સુધીનું એટલે કર્મભૂમિ અને ૫૬ અંતર દ્વીપ સુધીનું આયુષ્ય બાંધી શકે પરંતુ જ્યોતિષ, વૈમાનિક અને હિમવંત આદિ યુગલિક ક્ષેત્રનું આયુષ્ય ન બાંધે. અને તેમાં મરીને જાય નહીં.

## ઉત્તર પ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ

**लहुठिईबंधो संजलण, लोह पण विग्धनाण दंसेसु ।**
**भिन्नमुहुत्तं ते अट्ठ, जसुच्चे बारस य साए ॥ 35॥**

**અર્થ :-** સંજવલન લોભ, પાંચ અંતરાય, પાંચજ્ઞાનાવરણ અને ચાર દર્શનાવરણ ને વિષે જઘન્યસ્થિતિબંધ અંતર્મુહૂર્ત હોય. યશનામકર્મ તથા ઉચ્ચગોત્રને વિષે આઠ મુહૂર્ત અને સાતાવેદનીયને વિષે બાર મુહૂર્ત જઘન્ય સ્થિતિબંધ હોય ॥૩૫॥

**વિવરણ :-** આ ગાથામાં મનુષ્ય નવમા અને દશમા ગુણસ્થાનકમાં સર્વથી અલ્પ (જઘન્ય) બંધ કરે તે ૧૮ પ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ કહ્યો છે.

**दो इगमासो पक्खो संजलणतिगे पुमट्ठ वरिसाणि ।**
**सेसाणुक्कोसाओ, मिच्छत्तठिईए जं लद्धं ॥36॥**

वरिसाणि - વર્ષ    जं लद्धं - જે પ્રાપ્ત થાય.

**અર્થ :-** સંજ્વલત્રિકને વિષે અનુક્રમે બે માસ, એક માસ અને એક પક્ષ જઘન્ય સ્થિતિબંધ હોય. પુરુષવેદનો આઠ વર્ષ અને બાકીની પંચાશી પ્રકૃતિઓનો પોતાની ઉત્કૃષ્ટ સ્થિતિને મિથ્યાત્વની સ્થિતિવડે ભાગતાં જે પ્રાપ્ત થાય તે જઘન્યસ્થિતિ બંધ છે. ॥૩૬॥

**વિવરણ :-** આ ગાથામાં નવમા ગુણ.માં બંધાતી પાંચ પ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ કહ્યો તે આ પ્રમાણે...

### જઘન્ય સ્થિતિબંધ

૧૫ પ્રકૃતિઓનો જ. અંતર્મુહૂર્ત હોય કારણકે સંજવલન લોભ નવમા ગુણઠાણાના અંતે પોતાના બંધવિચ્છેદ કાલે જઘન્ય સ્થિતિબંધ. અંતર્મુહૂર્તનો જ

બંધાય છે. જ્ઞાનાવરણીય - ૫, અંતરાય - ૫ અને દર્શનાવરણીય-૪ એમ ચૌદ પ્રકૃતિનો દશમાના છેલ્લા સમયે અંતર્મુહૂર્ત બંધાય છે. યશનામકર્મ અને ઉચ્ચગોત્ર આ બન્ને પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ દશમા ગુણઠાણાને અંતે આઠમુહૂર્તનો હોય છે. શાતાવેદનીયનો કષાય પ્રત્યયિકબંધ જઘન્યથી બાર મુહૂર્તનો દશમાને અંતે હોય છે. સંજ્વલનત્રિક અને પુરુષવેદનો આ ગાથામાં કહ્યો તે જઘન્યસ્થિતિબંધ નવમા ગુણઠાણે પોતાના બંધના વિચ્છેદ સમયે હોય છે. ચાર આયુષ્ય અને વૈક્રિય ષટકનો જઘન્ય સ્થિતિબંધ આગળ કહેશે. જિનનામ અને આહારક દ્વિકનો જઘન્ય સ્થિતિબંધ પહેલા કહ્યો. હવે બાકીની ૮૫ પ્રકૃત્તિઓનો જઘન્ય સ્થિતિબંધ એકેન્દ્રિયમાં જ પ્રાપ્ત થાય એટલે કે એકેન્દ્રિયને આશ્રયીને ઘટે છે. તે કેટલો હોય તે જણાવવા માટે રીત પોતાની ઉત્કૃષ્ટ સ્થિતિબંધને મિથ્યાત્વની સ્થિતિ સાથે ભાગવાથી જે આવે તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યુન જાણવો તે આ પ્રમાણે...

૧૦ કોડાકોડી સાગરોપમ વાળી પ્રકૃત્તિઓનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૧/૭ સાગરોપમ
૧૨ કોડાકોડી સાગરોપમ વાળી પ્રકૃત્તિઓનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૬/૩૫ સાગરોપમ
૧૨ા કોડાકોડી સાગરોપમ વાળી પ્રકૃત્તિઓનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૫/૨૮ સાગરોપમ
૧૪ કોડાકોડી સાગરોપમ વાળી પ્રકૃત્તિઓનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૧/૫ સાગરોપમ
૧૫ કોડાકોડી સાગરોપમ વાળી પ્રકૃત્તિઓનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૩/૧૪ સાગરોપમ
૧૬ કોડાકોડી સાગરેપમ વાળી પ્રકૃત્તિઓનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૮/૩૫ સાગરોપમ
૧૭ા કોડાકોડી સાગરોપમ વાળી પ્રકૃત્તિઓનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૧/૧૪ સાગરોપમ
૧૮ કોડાકોડી સાગરોપમ વાળી પ્રકૃત્તિઓનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૯/૩૫ સાગરોપમ
૨૦ કોડાકોડી સાગરોપમ વાળી પ્રકૃત્તિઓનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૨/૭ સાગરોપમ
૩૦ કોડાકોડી સાગરોપમ વાળી પ્રકૃત્તિઓનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૩/૭ સાગરોપમ
૪૦ કોડાકોડી સાગરોપમ વાળી પ્રકૃત્તિઓનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૪/૭ સાગરોપમ
૭૦ કોડાકોડી સાગરોપમ વાળી પ્રકૃત્તિઓનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૧ સાગરોપમ

આ રીતે પ્રમાણે ૮૫ પ્રકૃતિઓનો જ સ્થિતિબંધ મિથ્યાત્વની સ્થિતિ વડે ભાગવાથી જે આવ્યો તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરવાથી આવે

છે અને તે એકે. ની અપેક્ષાએ જાણવો.

**अयमुक्कोसोगिंदिसु पलियासंखंसहीण लहु बंधो ।**
**कमसो पणवीसाए पन्ना सय सहस्स संगुणिओ ॥37॥**
**विगल असन्निसु जिट्ठो, कणिट्ठओ पल्लसंखभागूणो ।**
**सुरनिरयाउ समा दस, सहस्स सेसाउ खुड्डभवं ॥38॥**

अयं - આ (પૂર્વોક્તરીતે ગણતા આવે તે) पन्ना - પચાસ
उक्कोसो - ઉત્કૃષ્ટ સ્થિતિબંધ खुड्डभवं - ક્ષુલ્લકભવ
कमसो - અનુક્રમે संगुणिओ - ગુણવાથી
पणवीसाए - પચીશ વડે समा - વર્ષ

**અર્થ :-** એકેન્દ્રિયને વિષે એ પૂર્વોક્ત સ્થિતિબંધ ઉત્કૃષ્ટ જાણવો અને જઘન્ય સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન જાણવો. અનુક્રમે પચીશ, પચાસ, સો અને હજાર વડે ગુણતા ા૩૭ા વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચે. ને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અનુક્રમે હોય અને જઘન્યસ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન હોય છે. દેવાયુષ્ય અને નરકાયુની જઘન્ય સ્થિતિ દશહજાર વર્ષ અને બાકીના આયુષ્યની ક્ષુલ્લકભવ જઘન્યસ્થિતિ હોય છે. ા૩૮ા

**વિવરણ :-** હવે એકેન્દ્રિય આદિ જીવો કઈ પ્રકૃતિનો કેટલો સ્થિતિબંધ કરે તે જણાવે છે.

પૂર્વે કહેલી રીતે દરેક કર્મની ઉત્કૃષ્ટસ્થિતિને મિથ્યાત્વની સ્થિતિવડે ભાગવાથી એકેન્દ્રિયને વિષે ઉત્કૃષ્ટસ્થિતિ બંધ છે. એટલે એકેન્દ્રિય ૧૦૯ પ્રકૃતિ બાંધે તેમાં ૮૫ પ્રકૃતિનો પૂર્વે કહેલી ગાથા ૩૬ મી પ્રમાણેની રીતે જાણવો અને જ્ઞાના.૫, દર્શ.-૪, અંત.-૫, નો ૩/૭ સાગરોપમ. શાતાવેદનીયનો ૩/૧૪ સાગ. યશનામ અને ઉચ્ચગોત્રનો ૧/૭ સાગરોપમ. પુરૂષવેદનો ૧/૭ સાગરોપમ. ચાર સંજ્વલનનો ૪/૭ સાગરોપમ અને મનુષ્ય અને તિર્યંચનું આયુષ્ય પૂર્વક્રોડ વર્ષનું બાંધે આ પ્રમાણે ૧૦૯ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ એકેન્દ્રિયને વિષે જાણવો. શેષ પ્રકૃતિ એકેન્દ્રિય બાંધે નહિ. આ સ્થિતિબંધમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એકેન્દ્રિય જઘન્યથી બાંધે છે. પરંતુ બે આયુષ્ય જઘન્યથી અંતર્મુહૂર્ત

પ્રમાણ બાંધે.

વિકલેન્દ્રયાદિને વિષે સ્થિતિબંધ આયુષ્ય સિવાય ૧૦૭ પ્રકૃતિનો જે એકે. માં ઉત્કૃષ્ટ બંધ છે તેને અનુક્રમે પચીસ, પચાસ, સો અને હજાર વડે ગુણાકાર કરીએ ત્યારે વિકલેન્દ્રિય આદિનો સ્થિતિબંધ આવે

## એકેન્દ્રિયને વિશે સ્થિતિબંધ

**૧૦૭ પ્રકૃતિઓ** - ઉત્કૃષ્ટ સ્થિતિબંધ - પોતાની સ્થિતિને મિથ્યાત્વની સ્થિતિ વડે ભાગવાથી જે આવે તે.

જઘન્ય સ્થિતિબંધ - મિથ્યાત્વની સ્થિતિ વડે ભાગવાથી આવેલ ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન તે જઘન્ય સ્થિતિબંધ.

મનુષ્યાયુ, તિર્યંચાયુ - ઉ. પૂર્વક્રોડ વર્ષ. જ. અંતર્મુહૂર્ત

શેષ વૈક્રિયઅષ્ટક આહારકદ્વિક અને જિનનામ બાંધે નહી. તેથી તેનો સ્થિતિબંધ ન હોય.

તેમજ દરેક પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિબંધને મિથ્યાત્વની સ્થિતિ વડે ભાગવાથી જે આવે તેને અનુક્રમે પચીસ વડે ગુણતા બેઈન્દ્રિયને વિશે, પચાસ વડે ગુણતા તેઈન્દ્રિયને વિષે, સો વડે ગુણતા ચઉરિન્દ્રિયને વિષે, અને હજાર વડે ગુણતા અસંજ્ઞી પંચેન્દ્રિયને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય છે. વિકલેન્દ્રિય જીવો એકેન્દ્રિયની જેમ ૧૦૯ પ્રકૃતિઓજ બાંધે છે. અને દેવત્રિક નરકત્રિક અને વૈક્રિયદ્વિકનો બંધ અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિય જ કરે છે. સંજ્ઞીકરતાં અસંજ્ઞીને સ્થિતિબંધ ઓછો હોય તેથી અસંજ્ઞીનેવિશે એકેન્દ્રિય ના સ્થિતિ બંધ કરતા હજાર ગુણો બંધ ઘટે છે. માટે દેવદ્વિકનો ૧૦૦૦/૭ સાગરોપમ અને નરકદ્વિક તથા વૈક્રિયદ્વિકનો બંધ ૨૦૦૦/૭ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે અને જઘન્ય પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યુન સ્થિતિબંધ કરે વૈક્રિયદ્વિકનો જઘન્ય સ્થિતિબંધ અસંજ્ઞીને વિશે દેવદ્વિકની અપેક્ષાએ ૧૦૦૦/૭ સાગરોપમ થાય છે. ચારે આયુષ્યનો અસંજ્ઞીને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ હોય છે. અને જઘન્ય સ્થિતિબંધ દેવાયુ: તથા નરકાયુ:નો ૧૦ હજાર વર્ષ અને મનુષ્યાયુ: તિર્યંચાયુ:નો અંતમૂહૂર્ત હોય છે. વિકલેન્દ્રિય દેવાયુ તથા નરકાયુનો બંધ કરે નહિ મનુષ્યાયુ અને

# એકેન્દ્રિયાદિને વિશે સ્થિતિબંધ

તિર્યંચાયુનો ઉત્કૃષ્ટ બંધ પૂર્વક્રોડ વર્ષનો કરે અને જઘન્ય અંતર્મુહૂર્ત કરે છે.

## વિકલેન્દ્રિયને વિશે સ્થિતિબંધ

| | | ૧૦૭ પ્રકૃતિ | મનુષ્યાયુ, તિર્યંચાયુ |
|---|---|---|---|
| બેઈન્દ્રિયને વિશે | ઉ. | એકેન્દ્રિયથી ૨૫ગુણો કરવાથી | પૂર્વક્રોડ વર્ષ |
| | જ. | ઉત્કૃષ્ટમાં પલ્યો. સંખ્યાતમે ભાગન્યૂન | અંતર્મુહૂર્ત |
| તેઈન્દ્રિયને વિશે | ઉ. | એકેન્દ્રિયથી ૫૦ ગુણો કરવાથી | પૂર્વક્રોડવર્ષ |
| | જ. | પોતાના ઉત્કૃષ્ટમાં પલ્યો.સંખ્યા.ભાગન્યૂન | અંતર્મુહૂર્ત |
| ચઉરિન્દ્રિયને વિશે | ઉ. | એકેન્દ્રિયથી ૧૦૦ ગુણો કરવાથી | પૂર્વક્રોડવર્ષ |
| | જ. | પોતાના ઉત્કૃષ્ટથી પલ્યો.સંખ્યા.ભાગન્યૂન | અંતર્મુહૂર્ત |
| અસંજ્ઞી પંચે. વિશે | ઉ. | ૧૧૩ પ્રકૃતિનો એકેન્દ્રિયથી ૧૦૦૦ ગુણો | ચાર આયુષ્ય પલ્યો. નો અસંખ્યાતમો ભાગ |
| | જ. | પોતાના ઉત્કૃષ્ટથી પલ્યો. સંખ્યા. ભાગન્યૂન | દેવનારકાયુઃ દશહજાર વર્ષ<br>મનુ તિર્યંચાયુ - અંતર્મુહૂર્ત |

અસંજ્ઞી પંચેન્દ્રિય આહારકદ્વિક અને જિનનામ એ ત્રણ પ્રકૃતિ ન બાંધે પરંતુ ૧૧૭ પ્રકૃતિ બાંધે, એટલે દેવદ્વિક-નરકદ્વિક અને વૈ. દ્વિક સહિત ૧૧૩ પ્રકૃતિનો સ્થિતિબંધ એકે. થી હજાર ગુણો જાણવો. અંહીં એકે. આદિના સ્થિતિબંધમાં મતાન્તર છે તે આ પ્રમાણે.

**પંચસંગ્રહના મતે** (જુઓ પંચસંગ્રહ દ્વાર-૫. ગા.-૪૮)

**जा एगिंदि जहन्ना, पलिया संखंससंजुया सा उ तेसिं जिट्ठत्ति**

દરેક કર્મને પોતાની સ્થિતિને મિથ્યાત્વની સ્થિતિ વડે ભાગવાથી જે આવે તે એકે. ને વિશે જઘન્ય સ્થિતિબંધ અને પલ્યો. નો અસંખ્યાતમો ભાગ સહિત કરવાથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય જેમ મતિજ્ઞાનાવરણીયનો ૩/૭ સાગરોપમ જઘન્ય અને પલ્યો. અસંખ્યાતમો ભાગ સહિત ૩/૭ સાગરોપમ ઉત્કૃષ્ટ.

આ રીતે દરેક ૧૦૭ પ્રકૃતિઓમાં જાણવું.

હવે એકે. ની જઘન્યસ્થિતિને ૨૫-૫૦-૧૦૦ અને ૧૦૦૦ વડે ગુણવાથી બેઈન્દ્રિય આદિમાં જઘન્ય સ્થિતિબંધ આવે. અને એકેન્દ્રિયની ઉત્કૃષ્ટસ્થિતિને

૨૫-૫૦-૧૦૦ અને ૧૦૦૦ વડે ગુણવાથી બેઈ. આદિમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ આવે.

હવે કર્મપ્રકૃતિના મતે : (જુઓ શિવશર્મસૂરિકૃત કર્મપ્રકૃતિ ગા. ૭૯)

**वग्गुक्कोस ढिईणं मिच्छत्तुक्कोसगेण जं लद्धं**
**सेसाणं तु जहन्ना, पल्ला संखिज्जमागुणा**

પોતાના વર્ગની સ્થિતિને મિથ્યાત્વની સ્થિતિવડે ભાગવાથી જે આવે તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એકેન્દ્રિયને વિશે જઘન્ય સ્થિતિબંધ અને પલ્યો. અસં. ભાગન્યૂન ન કરીએ તો એકે. ને વિશે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જાણવો.

અહીં દરેક કર્મની પોતાની મૂળકર્મની સ્થિતિ તે વર્ગની સ્થિતિ જાણવી.

પરંતુ મોહનીયમાં ત્રણ વર્ગ છે.(૧) દર્શનમોહનીયનો વર્ગ (૨) કષાયમોહનીયનો વર્ગ (૩) નોકષાય મોહનીયનો વર્ગ. તેમાં પ્રથમવર્ગની મિથ્યાત્વ મોહનીયનો ૧ સાગરોપમમાં પલ્યો. અસં. ભાગ ન્યુન, ૧૬ કષાયનો ૪/૭ સાગરોપમમાં પલ્યો. અસં. ભાગ ન્યૂન તથા નવનોકષાય, નામ કર્મની પ્રકૃતિઓ, ગોત્રનો ૨/૭ સાગરોપમમાં પલ્યો. અસં. ભાગન્યૂન. જ્ઞાના., દર્શના., અંતરાય અને વેદનીયની ૩/૭ સાગ.માં પલ્યો. અસં. ભાગ ન્યુન અને દેવદ્વિક, વૈક્રિયદ્વિક, નરકદ્વિક નો ૨૦૦૦/૭ સાગરોપમમાં પલ્યો. માં સંખ્યાતમો ભાગ ન્યૂન, જ. સ્થિતિબંધ હોય આ પ્રમાણે ત્રણ મત છે.

જિનનામ અને આહારકદ્વિકનો જ. અને ઉ. સ્થિતિબંધ અંતઃકોડાકોડી સાગરોપમ છે.

**सव्वाण वि लहुबंधे भिन्नमुहु अबाह आउ जिट्ठे वि ।**
**क़ेई सुराउ समं जिण-मंतमुहू बिंति आहारं ॥39॥**

केई - કેટલાક આચાર્ય　　　　बिंति - કહે છે

**અર્થ :-** સર્વ પ્રકૃતિના વળી જઘન્ય સ્થિતિને વિષે અબાધાકાળ અંતર્મુહૂર્તનો હોય છે. આયુષ્યના ઉત્કૃષ્ટ સ્થિતિબંધને વિષે અબાધાકાળ અંતર્મુહૂર્ત પણ હોય છે. કેટલાક આચાર્યો જિનનામ કર્મને દેવાયુષ્યની તુલ્ય જઘન્યબંધ અને આહારકદ્વિકને જઘન્યથી અંતર્મુહૂર્ત કહે છે. ॥૩૯॥

# સ્થિતિબંધ અને અબાધાકાળ

**વિવરણ :-** જિનનામ અને આહારકદ્વિકની જઘન્યસ્થિતિ પૂર્વે કહી છે. તેમાં મતાંતર છે. જિનનામની જઘન્યસ્થિતિ અંતઃકોડાકોડી છે. કેટલાક આચાર્યો દેવના આયુષ્યની સમાન એટલે ૧૦ હજારવર્ષની કહે છે કારણકે જિનનામ બાંધ્યા પછી કોઈક તીર્થંકરનો આત્મા દેવનો ૧ પલ્યોપમનો અથવા નારકીનો ૧૦ હજાર વર્ષનો ભવ કરી ત્યાં જઘન્ય બંધ કરી જિન એટલે કે તીર્થંકર થાય માટે. મનુષ્યના બે ભવ (બે પૂર્વક્રોડ) સહિત દશ હજાર વર્ષ છે. અને આહારકદ્વિકનો અંતઃકોડાકોડીને બદલે અંતર્મુહૂર્ત કહે છે. કારણકે આઠમા ગુણઠાણામાં બંધ અંતર્મુહૂર્તનો માને છે.

**सुरनारयाउणं दसवास सहस्स लहु तित्थाणं (પંચસંગ્રહ દ્વાર-૫ - ગા.૪૬)**

**साए बारस हारगविग्धावरणाण किंचूणं (પંચસંગ્રહ દ્વાર-૫. ગા.૪૭)**

આયુષ્ય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિને વિષે જઘન્ય અબાધા પણ હોય છે. અહિં આયુષ્યમાં અબાધાકાળ નિયત નથી.

અબાધાકાળ એટલે દલિકની રચના વિનાનો કાળ, કર્મના ફળ વિનાનો કાળ. સાતકર્મમાં જે સ્થિતિબંધ બતાવ્યો છે તે સત્તાકાળ છે. તેમાં શરૂઆતનો અબાધાકાળ તે અનિષેક કાળ અને અબાધાન્યૂન શેષકાળ તે નિષેકકાળ છે. આયુષ્યકર્મમાં જે સ્થિતિ બતાવવામાં આવેલ છે તે નિષેક સ્થિતિ છે. તેમાં જેટલું આયુષ્ય વહેલું (જ્યારે) બાંધે તે કાળ સહિત આયુષ્યની સ્થિતિ તે સત્તાકાળ કહેવાય છે.

## ૪ - આયુષ્યનો સ્થિતિબંધ અને અબાધાકાળ

### ૧. ઉત્કૃષ્ટ સ્થિતિબંધે ઉત્કૃષ્ટ અબાધા :

પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો જીવ પૂર્વક્રોડના ત્રીજાભાગે ઉત્કૃષ્ટ સ્થિતિનું આયુષ્ય બાંધે એટલે કે દેવ અથવા નારકીનું ૩૩ સાગરોપમનું અથવા મનુષ્ય કે તિર્યંચનું ૩ પલ્યોપમનું આયુષ્ય બાંધે ત્યારે ઉત્કૃષ્ટથી અબાધાકાળે પૂર્વક્રોડ નો ત્રીજા ભાગ સહિત ૩૩ સાગરોપમ સત્તાકાળ.

### ૨. ઉત્કૃષ્ટ સ્થિતિબંધે મધ્યમ અબાધા :

પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો જીવ. પોતાના આયુષ્યના નવમા આદિ ભાગે

ઉત્કૃષ્ટ સ્થિતિના આયુષ્યનો બંધ કરે એટલે કે દેવ અથવા નારકનું ૩૩ સાગરોપમનું અથવા મનુષ્ય કે તિર્યંચનું ૩ પલ્યોપમનું આયુષ્ય બાંધે ત્યારે અબાધાકાળ અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડના ૯મા ભાગે, અથવા ૨૭ મા ભાગે અથવા ૮૧મા ભાગે વિગેરે કાળ સહિત ૩૩ સાગરોપમ સત્તાકાળ થાય. તેમાં પૂર્વભવમાં જ્યારે આયુષ્ય બાંધ્યા પછી જેટલો કાળ બાકી રહે તે મધ્યમ અબાધા સહિત ૩૩ સાગરોપમ સત્તાકાળ.[1]

**(૩) ઉત્કૃષ્ટ સ્થિતિબંધે જઘન્ય અબાધા :**

નવવર્ષથી આરંભીને પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો જીવ પોતાના આયુષ્યના છેલ્લા અંતર્મુહૂર્તે ઉત્કૃષ્ટ સ્થિતિનું આયુષ્ય બંધ કરે એટલે કે દેવ અથવા નરકનું ૩૩ સાગરોપમનું અથવા મનુષ્ય કે તિર્યંચનું ૩ પલ્યોપમનું આયુષ્યબાંધે ત્યારે અબાધાકાળ અંતર્મુહૂર્ત સહિત ૩૩ સાગરોપમ સત્તાકાળ થાય એ જ રીતે (૪) **મંધ્યમસ્થિતિબંધે ઉત્કૃષ્ટ અબાધા (૫) મધ્યમસ્થિતિબંધે મધ્યમ અબાધા (૬) મધ્યમસ્થિતિબંધે જઘન્ય અબાધા (૭) જઘન્યસ્થિતિબંધે ઉત્કૃષ્ટ અબાધા (૮) જઘન્યસ્થિતિબંધે મધ્યમ અબાધા (૯) જઘન્ય સ્થિતિબંધે જઘન્ય અબાધા**

## ક્ષુલ્લકભવ સ્વરૂપ

**सतरस समहिया किर इगाणू पाणुंमि हुंति खुड्डभवा ।**
**सगतीससय तिहुतर पाणू पुण इगमुहुत्तंमि ॥40॥**

किर - નિશ્ચયે — खुड्डभवा - ક્ષુલ્લકભવો

इगाणुपाणुंमि - એક શ્વાસોચ્છ્વાસમાં — पाणू - શ્વાસોચ્છ્વાસ

**અર્થ :-** એક શ્વાસોચ્છ્વાસમાં કંઈક અધિક સત્તરક્ષુલ્લક (નાના) ભવો નિશ્ચયે થાય છે. અને એક મુહૂર્તમાં સાડત્રીશસો તહોંતેર (૩૭૭૩) શ્વાસોચ્છ્વાસ થાય છે. ॥૪૦॥

---

૧. આયુષ્યકર્મમાં અબાધાકાળ વ્યતીત થયા પછી તે વિપાકોદય રૂપે જ ઉદયમાં આવે. જિનનામ કર્મનો અબાધાકાળ વ્યતીત થયા પછી પ્રથમ પ્રદેશોદયથી જ કર્મ ઉદયમાં આવે અને ત્રીજા ભવે કેવલજ્ઞાન થાય ત્યારે વિપાકોદયથી ઉદયમાં આવે. બાકીના કર્મોમાં અબાધાકાળ વ્યતીત થયા પછી પ્રદેશોદયથી અને કોઈ કર્મ વિપાકોદયથી પણ ઉદયમાં આવે.

# કાળનું સ્વરૂપ

**पणसट्ठिसहस पणसय, छत्तीसा इगमुहुत्तखुड्डभवा ।**
**आवलिआणं दोसय, छप्पन्ना एगखुड्डभवे ॥४१॥**

आवलियाणं - આવલિકાના     खुड्ड़भवे - ક્ષુલ્લકભવમાં

**અર્થ :-** એક મુહૂર્ત (બેઘડી) માં પાંસઠ હજાર પાંચસો અને છત્રીસ ક્ષુલ્લકભવો થાય છે. અને એક ક્ષુલ્લકભવને વિષે બસો છપ્પન આવલિકા થાય છે.॥૪૧॥

ક્ષુલ્લકભવ : જીવનો નાનામાં નાનો ભવ. ક્ષુલ્લકભવ મનુષ્ય - તિર્યંચમાં હોય છે. અહીં કાળનું વર્ણન આ પ્રમાણે છે.

સમય : નાનામાં નાનો કાળ અથવા નિર્વિભાજ્ય કાળ એટલે કે કેવલી ભગવંત પણ બે ઉપયોગ ન મૂકી શકે તેટલો નાનો કાળ તે સમય કહેવાય છે.

આવલિકા : અસંખ્ય સમયોની આવલિકા થાય છે. આવલિકા એટલે આંખના પલકારા કરતાં પણ ઘણો નાનો કાળ. કારણકે એક સેકન્ડમાં આંખના પલકારા બે ત્રણ થાય જ્યારે એક સેકન્ડમાં ૫૮૨૫ સાધિક આવલિકા થાય. એક મુહૂર્તમાં ૨૮૮૦ સેકન્ડ થાય જ્યારે એક મુહૂર્તમાં ૧૬૭૭૭૨૧૬ આવલિકા થાય.

ક્ષુલ્લકભવને સમજાવવા મુહૂર્તાદિનું વર્ણન આ પ્રમાણે :-

| | |
|---|---|
| ૧ મુહૂર્ત - ૨ ઘડી | ૧ મુહૂર્ત - ૭૭ લવ |
| ૧ મુહૂર્ત - ૪૮ મીનીટ | ૨ મુહૂર્ત - ૫૩૯ સ્તોક |
| ૧ મુહૂર્ત - ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ | ૭ સ્તોક - ૧ લવ |
| ૧ મુહૂર્ત - ૬૫૫૩૬ ભવ | ૭ શ્વાસોચ્છ્વાસ - ૧ સ્તોક |
| ૧ મુહૂર્ત - ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા | ૩૮॥ લવ - ૧ ઘડી |

હવે ક્ષુલ્લકભવનું સ્વરૂપ કહે છે : સર્વ ભવ થકી નાનો ભવ તે ક્ષુલ્લકભવ કહેવાય. તીર્થંકર દેવોએ એક શ્વાસોચ્છ્વાસમાં સત્તરભવ ઝાઝેરા કહ્યા છે.

૧ મુહૂર્ત માં ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ છે. અને ૧ મુહૂર્તમાં ૬૫૫૩૬ ક્ષુલ્લકભવ છે. તો એક શ્વાસોચ્છ્વાસમાં ક્ષુલ્લકભવ કેટલા ? તે જાણવા માટે ૬૫૫૩૬ ક્ષુલ્લકભવને ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ વડે ભાગવું. એમ કરવાથી ૧૭ ભવ પૂર્ણ આવે અને ૧૮મા ભવમાંના ૧૩૯૫ અંશ બાકી રહે. આમ એક શ્વાસોચ્છ્વાસમાં સત્તરભવ ઝાઝેરા થાય તે ક્ષુલ્લક ભવ કહીએ.

૧ મુહૂર્તમાં ૬૫૫૩૬ ક્ષુલ્લકભવ કહ્યા તે ઔદારિક શરીરી મનુષ્ય તિર્યંચમાં સર્વને હોય. (શ્રી ભગવતી સૂત્ર અને કર્મ પ્રકૃતિના અભિપ્રાય પ્રમાણે જાણવું.) તથા શ્રી આવશ્યક ટીકામાં ક્ષુલ્લકભવનું આયુષ્ય વનસ્પતિમાં જ હોય એમ કહ્યું છે.

એક ક્ષુલ્લકભવમાં કેટલી આવલિકા થાય તે જાણવા માટે ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકાને ૬૫૫૩૬ થી ભાગવુ. તેમ કરવાથી ૧ ક્ષુલ્લક ભવમાં ૨૫૬ આવલિકા થાય છે. અને એક સેકન્ડમાં ૨૨ કરતા પણ વધારે ભવો એકેન્દ્રિયના થાય.

લબ્ધિ અપર્યાપ્તા તિર્યંચ અને મનુષ્યનુ જઘન્યથી ૨૫૬ આવલિકાનું આયુષ્ય હોય છે. અહિં આધિ - વ્યાધિ અને ઉપાધિથી રહિત એવા નિરોગી મનુષ્ય અથવા તિર્યંચના એક શ્વાસોચ્છવાસમાં ૧૭ ભવ ઝાઝેરા કહ્યા છે.

સામાયિકનો સમય બે ઘડી (૪૮ મીનીટ) છે. પરંતુ અત્યારે ૨૪ મીનીટની ઘડીના બદલે ૪૮ મીનીટ ની પણ ઘડી જોવામાં આવેલી છે. જે સામાયિક કરતી વખતે ઘડીનો ઉપયોગ કરાય છે. છતાં કાળના વર્ણનમાં ૨૪ મીનીટની ઘડી સમજવી.

## ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી

**अविरयसम्मो तित्थं, आहारदुगामराउ य पमत्तो ।**
**मिच्छदिट्ढी बंधई, जिट्ठठिइं सेस पयडीणं ॥42॥**

अविरय - અવિરત સમ્યગદ્રષ્ટિ મનુષ્ય　　જિટ્ઠઠિઇ - ઉત્કૃષ્ટ સ્થિતિને
पमत्तो - પ્રમતયતિ　　मिच्छादिट्ठी - મિથ્યાદષ્ટિ

**અર્થ :-** જિનનામકર્મને અવિરત સમ્યગદષ્ટિ, આહારકદ્વિક તથા દેવાયુને પ્રમત્તયતિ અને બાકીની (૧૧૬) પ્રકૃતિને મિથ્યાદષ્ટિ સંજ્ઞી જીવ ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધે છે. ॥૪૨॥

**વિવરણ :-** તીર્થંકર નામકર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ - પૂર્વે મનુષ્યના ભવમાં નરકનું આયુષ્ય બાંધ્યું હોય પછી ક્ષાયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે અને જિનનામ બાંધે. પછી નરકમાં જતી વખતે ક્ષયોપશમ સમ્યક્ત્વ લઈને નરકમાં જવાય નહી તેથી છેલ્લા અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વ પામવાના પૂર્વ સમયે એટલે સમ્યક્ત્વના ચરમ

સમયે તીર્થંકર નામકર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય.

મનુષ્ય - તિર્યંચ અને દેવાયુષ્ય સિવાય સર્વ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંક્લિષ્ટ પરિણામથી થાય છે માટે.

તીર્થંકર નામકર્મને બાંધનારાઓમાં વધારે સંક્લિષ્ટ આ જીવ હોય માટે તે સ્વામી છે. એટલે તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી નરક - મિથ્યાત્વાભિમુખ અવિરત સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય હોય.

આહારકદ્વિક તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી પ્રમત્તાભિમુખ અપ્રમતયતિ. આહારકદ્વિકનો બંધ અપ્રમત્ત અને અપૂર્વકરણ ગુણસ્થાનકમાં થાય છે. તે બેમાંથી અપ્રમત્ત ગુણસ્થાનકથી પ્રમત્ત સન્મુખ થાય ત્યારે સર્વથી વધારે સંક્લિષ્ટ હોય માટે.

જો કે ગાથામાં પ્રમત્તયતિ કહ્યો છે પરંતુ પ્રમત્તની સન્મુખ થયેલ અપ્રમત્ત તે પ્રમત્ત જેવો કહેવાય, કારણકે વર્તમાનની સમીપનો ભવિષ્યકાળ તે વર્તમાન કહેવાય. જેમ હું બોલું છું એમ હવે બોલવાનું હોય તો પણ બોલું છું એમ કહેવાય. તેમજ વળી દેવાયુષ્યનો સ્વામી પ્રમત્તયતિ છે માટે બંનેના સ્વામી પ્રમત્ત કહ્યા પરંતુ આહારકદ્વિકનો અપ્રમતયત્તિ જાણવો.

અહીં પંચસંગ્રહ દ્વાર - ૫, ગા. ૬૪ ની ટીકાનો પાઠ આ પ્રમાણે છે.

**आहारकद्विकस्य प्रमत्ताभिमुखः अप्रमत्तयतिः ॥**

શિવશર્મસૂરિકૃત પ્રાચીન શતક કર્મગ્રંથ ગા. ૬૪ માં.

**देवाउयं प्रमत्तो आहारक अपमत्त विरओउ ॥**

**तित्थयरं च मणूसो, अविरयसम्मो समज्जेई ॥**

## દેવાયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ

આયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશુદ્ધિથી બંધાય. પ્રમત્તકરતાં અપ્રમત્તે વિશુદ્ધિ વધારે હોય પરંતુ અપ્રમત્તે આયુષ્યબંધની શરૂઆત થાય નહી અને પ્રમત્તે બંધ શરૂ કરીને બાંધતો બાંધતો અપ્રમત્તે જાય તો ત્યાં પણ ૩૩ સાગરોપમ સ્થિતિબંધ થાય પરંતુ અબાધારૂપ સ્થિતિસત્તા પ્રમત્તથી શરૂ કરતો હોવાથી ઓછી થાય માટે પૂર્વક્રોડના ત્રીજા ભાગ સહિત ૩૩ સાગરોપમ રૂપ સ્થિતિસત્તા પ્રમત્ત ગુણસ્થાનકમાં

આયુષ્ય બાંધવાની શરૂઆત કરે ત્યારે પ્રથમ સમયે હોય માટે દેવાયુષ્યના સ્વામી અપ્રમત્ત ન કહેતાં પ્રમત્ત કહ્યા છે. એટલે સર્વ વિશુદ્ધ અપ્રમત્તાભિમુખ પ્રમત્તયતિ પૂર્વક્રોડના ત્રીજા ભાગના પ્રથમ સમયે વર્તતા.

બાકીની ૧૧૬ ઉત્તરપ્રકૃતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ મિથ્યાદ્રષ્ટિ સંજ્ઞી પંચે. કરે છે. પરંતુ કેટલીક પ્રકૃત્તિઓમાં જુદી જુદી ગતિવાળા જ કરે છે. તે આગળ કહેવાય છે.

ભિન્ન ભિન્ન ગતિમાં સંભવતો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ.

**विगलसुहुमाउगतिगं, तिरिमणुआ सुरविउव्वि निरयदुगं ।**
**एगिंदिथावरायव, आईसाणा सुरुक्कोसं ॥43॥**

आईसाणा - ઈશાનસુધીના उक्कोसं - ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે

**અર્થ :-** મિથ્યાત્વી તિર્યંચ અને મનુષ્યો - વિકલેંદ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક, આયુષ્યત્રિક, સુરદ્વિક, વૈક્રિયદ્વિક અને નરકદ્વિકને ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધે છે. ઈશાન દેવલોક સુધીના દેવો એકેંદ્રિય જાતિ, સ્થાવર નામ, અને આતપ નામકર્મને ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધે ॥૪૩॥

**વિવરણ :-** જે જે પ્રકૃત્તિઓનો જ્યાં જ્યાં એટલે જે જે ગતિમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ હોય તે જણાવે છે.

**વિકલેન્દ્રિયત્રિક - સૂક્ષ્મત્રિક અને નરકાયુષ્ય - દેવદ્વિક** આ નવ પ્રકૃતિઓ દેવ-નારક ન બાંધે તેમજ મનુષ્ય - તિર્યંચ અતિસંક્લિષ્ટ હોય તો નરકદ્વિક વૈક્રિયદ્વિક બાંધે માટે. તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી મિથ્યા. સંજ્ઞી પર્યાપ્તા મનુષ્ય - તિર્યંચ જાણવા, આયુષ્ય બહુ સંક્લિષ્ટ પરિણામથી ન બંધાય તેથી નરકાયુષ્યમાં પણ તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યા. સંજ્ઞી. મનુ-તિર્યંચ જાણવા.

**નરકદ્વિક - વૈક્રિયદ્વિક** - અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યાપ્ત સંજ્ઞી મનુષ્ય - તિર્યંચ.

ઉ. સ્થિતિબંધ સંક્લિષ્ટ પરિણામથી થાય અને મનુષ્ય - તિર્યંચને અતિ સંક્લિષ્ટ પરિણામ હોય ત્યારે એકે. વિકલે. અને તિર્યંચ ગતિના બદલે નરક

પ્રાયોગ્ય બંધ કરે માટે અને દેવ નારક આ પ્રકૃતિઓ બાંધે નહીં.

**મનુષ્યાયુષ્ય** - તિર્યંચાયુષ્ય તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામી મિથ્યા. ૫ સંજ્ઞી. મનુષ્ય તિર્યંચ - પૂર્વક્રોડ વર્ષના ત્રીજાભાગના પ્રથમ સમયે વર્તતા.

યુગલિક મનુષ્ય તિર્યંચનું આયુષ્ય મનુષ્ય તિર્યંચ જ બાંધે. દેવ અને નારકી સંખ્યાતવર્ષવાળા તિર્યંચ મનુષ્યમાં જાય પરંતુ યુગલિકમાં જાય નહીં. તેમજ નરક સિવાયનાં ત્રણ ઉત્કૃષ્ટ આયુષ્ય વિશુદ્ધિથી બંધાય માટે તત્પ્રાયોગ્ય વિશુદ્ધ કહ્યા. તેમજ આયુષ્ય અતિવિશુદ્ધિથી પણ ન બંધાય. પરંતુ પરાવર્તમાન - ઘોલમાન - મધ્યમ પરિણામથી બંધાય માટે તત્પ્રાયોગ્ય વિશુદ્ધ વિશેષણ છે.

**એકે. સ્થાવર આતપ** અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ ઈશાન સુધીના દેવો.

આ પ્રકૃતિ નારક બાંધે નહી. અને મનુષ્ય તિર્યંચ અતિ સંક્લિષ્ટ હોય તો નરક પ્રાયોગ્ય બંધ કરે અને ઓછા સંક્લિષ્ટ હોય તો ઉત્કૃષ્ટ સ્થિતિ ન બંધાય - મધ્યમ સ્થિતિ બંધાય માટે દેવો જ કહ્યા.

**तिरिउरलदुगुज्जोअं, छिवट्ठ सुरनिरय सेस चउगईआ ।**
**आहार जिणमपुव्वो, ऽनिअट्टि संजलण पुरिस लहुं ॥४४॥**

चउगइया - ચારે ગતિવાળા મિથ્યાત્વી    लहुं - જઘન્ય સ્થિતિબંધ

**અર્થ :-** તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, ઉદ્યોતનામ કર્મ, છેવઠ્ઠુ સંઘયણને દેવતા અને નારકી ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધે, બાકીની ૯૨ પ્રકૃતિ ચારે ગતિવાળા મિથ્યાત્વી બાંધે. અપૂર્વકરણ ગુણઠાણે વર્તતો ક્ષપક આહારક દ્વિક અને જિનનામ કર્મને જઘન્યસ્થિતિએ બાંધે. સંજ્વલન ચાર અને પુરુષવેદને અનિવૃતિ બાદર સંપરાય ગુણ. વાળો જઘન્ય સ્થિતિએ બાંધે ॥૪૪॥

**વિવરણ :- તિર્યંચદ્વિક ઔદારિક શરીર અને ઉદ્યોતનામકર્મ** - અતિ સંકલિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યાપ્તા સહસ્રાર સુધીના દેવ અને નારક તેમજ **ઔદારિક આંગોપાંગ અને છેવઠ્ઠુ સંઘયણ** - અતિ સંકલિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યાપ્ત. સનત થી સહસ્રાર સુધીના દેવ અને નારક.

આ પ્રકૃતિઓમાં એકેન્દ્રિય જાતિની જેમ કારણ સમજવું. વળી નરક પણ

તિર્યંચ પ્રાયોગ્ય બંધ કરે માટે નરક પણ સ્વામી જાણવા.

શેષ ૯૨ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ચારેગતિના પર્યાપ્તા સંજ્ઞી કરે પરંતુ તેમાં આગળ બતાવેલ ૨૫ અધ્રુવબંધી પરાવર્તમાન પ્રકૃતિઓ પોતાની પ્રતિપક્ષ પ્રકૃતિથી કંઈક અલ્પ શુભ અથવા અલ્પ અશુભ હોવાથી તત્પ્રાયોગ્ય સંકિલષ્ટ પરિણામી મિથ્યા. પ. ચારેગતિના સંજ્ઞી અને બાકીની ૬૭ પ્રકૃતિ વધારે અશુભ હોવાથી અતિસંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યાપ્તા ચારે ગતિના સંજ્ઞી હોય.

| પ્રકૃતિઓ | **ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી** |
|---|---|
| જિનનામ - | તદ્ પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી, નરકમિથ્યાત્વાભિમુખ, અવિરત સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય |
| આહારકદ્વિક - | તદ્યોગ્ય સંક્લિષ્ટ પરિણામી, પ્રમતાભિમુખ અપ્રમત્તયતિ |
| દેવાયુષ - | તદ્યોગ્ય વિશુદ્ધ પરિણામી અપ્રમતાભિમુખ પ્રમત્તયતિ, પૂર્વક્રોડના ત્રીજા ભાગના પ્રથમ સમયે વર્તતા |
| વિકલે.ત્રિક સૂક્ષ્મત્રિક દેવદ્વિક | તદ્યોગ્ય સંક્લિષ્ટ પરિણામી, મિથ્યાદષ્ટિ, પર્યાપ્તા સંજ્ઞી મનુષ્ય, તિર્યંચ. |
| નરકાયુષ્ય - | તદ્યોગ્ય સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પૂર્વક્રોડના ત્રીજાભાગના પ્રથમ સમયે વર્તતા પર્યાપ્તા સંજ્ઞી મનુષ્ય તિર્યંચ. |
| મનુષ્યાયુષ તિર્યંચાયુષ | તદ્યોગ્ય વિશુદ્ધપરિણામી મિથ્યાદષ્ટિ પૂર્વક્રોડના ત્રીજા ભાગના પ્રથમ સમયે વર્તતા પર્યાપ્તા સંજ્ઞી મનુષ્ય તિર્યંચ |
| એકે. સ્થાવર આતપ | અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ, પર્યાપ્તા ઈશાન સુધીના દેવ |
| નરકદ્વિક વૈક્રિયદ્વિક | અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યાપ્તા સંજ્ઞી મનુષ્ય તિર્યંચ |
| તિર્યંચદ્વિક ઉદ્યોત ઔદારિક શરીર | અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યાપ્તા સહસ્રાર સુધીના દેવક અને નારક |
| છેવટ્ઠુ સંઘયણ ઔદારિક અંગો. | અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યાપ્તા સનતથી સહસ્રાર સુધીના દેવ અને નારક |

# ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી

| | |
|---|---|
| **શાતા વેદનીયાદિ ૨૫ પ્રકૃતિ [1]** | તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી મિથ્યા. પર્યા. ચારે ગતિના સંજ્ઞી |
| **શેષ ૬૭ પ્રકૃતિઓ [2]** | અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યા. પર્યા. ચારેગતિના સંજ્ઞી |

## જઘન્ય સ્થિતિબંના સ્વામી

**सायजसुच्चावरणा, विग्धं सुहुमो विउव्वि छ असन्नी ।**

**सन्नी वि आउ बायर पज्जेगिंदी उ सेसाणं ॥45॥**

विउव्वि छ - વૈક્રિય ષટ્ક વિ - અસંજ્ઞી પણ

**અર્થ :-** સૂક્ષ્મસંપરાયવાળો સાતાવેદનીય, યશનામ, ઉચ્ચગોત્ર, નવ આવરણ અને પાંચ અંતરાયને જઘન્ય સ્થિતિએ બાંધે. પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિય ષટકને જઘન્ય સ્થિતિએ બાંધે. સંજ્ઞી અને અસંજ્ઞી પંચેન્દ્રિય ચારે પ્રકારના આયુષ્યને જઘન્ય સ્થિતિએ બાંધે અને બાદર પર્યાપ્તો એકેન્દ્રિય બાકીની ૮૫ પ્રકૃતિને જઘન્ય સ્થિતિએ બાંધે ।।૪૫।।

**વિવરણ :-** ત્રણ આયુષ્યવિના સર્વ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ વિશુદ્ધિથી થાય. તેથી તે તે પ્રકૃતિના બાંધનારાઓમાં જે વધારે વિશુદ્ધ હોય તે જઘન્ય સ્થિતિબંધના સ્વામી હોય તે આ પ્રમાણે.

કોઈપણ પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ તેના બાંધનારામાં જે વધારે વિશુદ્ધ હોય તે જઘન્ય સ્થિતિબંધના સ્વામી છે. માટે **સાતા વેદનીય - યશનામ - ઉચ્ચગોત્ર, પાંચ જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ - પાંચ અંતરાય - પુરુષવેદ - સંજ્વલન ચતુષ્ક** આ ૨૨ પ્રકૃતિના જઘન્ય સ્થિતિબંધના સ્વામી પોતાના બંધ વિચ્છેદ સમયે વર્તતા, અતિવિશુદ્ધ, ક્ષપક શ્રેણિવાળા જાણવા. આ પ્રકૃતિઓનું

---

૧. શાતાવેદનીય, ઉચ્ચગોત્ર, હાસ્ય, રતિ, સ્ત્રીવેદ, પુરુષ વેદ, મનુષ્યદ્વિક, પ્રથમ પાંચ સંઘયણ, પાંચ સંસ્થાન, સ્થિરષટ્ક, શુભ વિહાયોગતિ (૨૫ પ્રકૃતિઓ)

૨. જ્ઞાના. પાંચ, દર્શ. ૯, અશાતાવેદનીય મોહનીય-૨૨, નીચગોત્ર, અંતરાય-પાંચ, નામકર્મની (૨૪) પંચેન્દ્રિયજાતિ, તૈજસ, કાર્મણ, હુંડક, સંસ્થાન, વર્ણાદિ ૪, અશુભ વિહાયોગતિ ત્રસ ચતુષ્ક, અસ્થિરષટ્ક, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત (૬૭ પ્રકૃતિઓ)

બંધ વિચ્છેદ સ્થાન નવમે અને દશમે છે. ત્યાં એકેન્દ્રિય કરતા પણ ઓછો સ્થિતિબંધ હોવાથી અને ઉપશમશ્રેણીવાળા જીવો કરતાં તે તે સ્થાને ક્ષપકને અર્ધબંધ થતો હોવાથી આ પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિબંધના સ્વામી ક્ષપક કહ્યા છે.

**વૈક્રિયષટ્ક** : એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય સુધીના જીવો બાંધતા નથી. અને સંજ્ઞીને આઠમા ગુણઠાણા સુધી અંતઃકોડાકોડી સાગરોપમ બંધ છે. તેથી તેની અપેક્ષાએ અસંજ્ઞી પંચેન્દ્રિયને હીન બંધ હોય માટે સર્વ વિશુદ્ધ પર્યા. અસંજ્ઞી પંચે. સ્વામી છે. નરકદ્વિકમાં તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પર્યા. અસંજ્ઞી જાણવા.

**वेउव्विछक्कि तं सहसताडियं जं असण्णिणो तेसिं**
**पलियासंखंसूणं ठिई अबाहूणिय निसेगो** (પંચસંગ્રહ દ્વાર ૫મું ગા.૪૯)

**આહારકદ્વિક** અને **જિનનામ**નો બંધ અસંજ્ઞી સુધીના જીવો કરતા નથી. માટે સંજ્ઞી જીવો તેના સ્વામી કહ્યા. તેમાં પણ સર્વથી વધારે વિશુદ્ધિ ક્ષપકને હોય માટે સર્વવિશુદ્ધ ક્ષપક અપૂર્વકરણ ગુણ.વાળા કહ્યા. આગળ તે પ્રકૃતિનો બંધ નથી માટે.

**નરકાયુષ્યનો** જઘન્ય સ્થિતિબંધ વિશુદ્ધિથી થાય માટે તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પર્યાપ્તા અસંજ્ઞી - સંજ્ઞી મનુષ્યતિર્યંચ કહ્યા. એકેન્દ્રિયાદિ જીવો દેવ - નરકાયુષ્ય બાંધે નહી. દેવ-નરકમાં જાય નહી માટે તેઓ તેના સ્વામી નથી.

**મનુષ્યાયુષ્ય તિર્યંચાયુષ્ય**નો જઘન્ય સ્થિતિબંધ અંતર્મુહૂર્તનો હોય અને એકેન્દ્રિયાદિ સર્વે તિર્યંચ અને મનુષ્ય કરે. વળી આયુષ્ય બહુ સંક્લિષ્ટ પરિણામથી બંધાય નહી માટે તત્પ્રાયોગ્ય સંકિલ્ષ્ટ વિશેષણ કહ્યું છે.

**દેવાયુષ્ય** શુભ છે તેથી જઘન્ય સ્થિતિબંધ સંક્લિષ્ટ પરિણામથી થાય અને તેને ૫૦ પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્યો જ બાંધે માટે તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યાપ્તા અસંજ્ઞી-સંજ્ઞી મનુષ્યતિર્યંચ જાણવા.

બાકીની પ્રકૃતિઓ ચારેગતિના જીવો બાંધે છે. પરંતુ સંજ્ઞીજીવોને આ પ્રકૃતિઓ આઠમા ગુણ. થી આગળ બંધાય નહી. અને આઠમા ગુણ સુધી અંતઃકોડાકોડીથી ઓછો બંધ નથી. માટે સર્વથી અલ્પ બંધ બાદર પર્યાપ્તા એકેન્દ્રિયને હોય.

# જઘન્ય સ્થિતિબંધના સ્વામી

| પ્રકૃતિઓ | જઘન્ય સ્થિતિબંધના સ્વામી |
|---|---|
| આહારકદ્વિક, જિનનામ | અતિ વિશુદ્ધ ક્ષપક, અનિવૃત્તિકરણ બાદર સંપરાય, સ્વબંધ વિચ્છેદ સમયવર્તી |
| સંજ્વલન-૪, પુરુષવેદ | અતિ વિશુદ્ધ ક્ષપક, અનિવૃત્તિકરણ બાદર સંપરાય, સ્વબંધ વિચ્છેદ સમયવર્તી |
| જ્ઞાના. દિ - ૧૭ - | અતિ વિશુદ્ધ ક્ષપક, સૂક્ષ્મ સંપરાય - ચરમ સમય વર્તી |
| દેવદ્વિક-વૈક્રિયદ્વિક - | અતિ વિશુદ્ધ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ. |
| નરકદ્વિક - | તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામી પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયતિ. |
| મનુષ્યાય[1], તિર્યંચાયુષ | તત્પ્રાયોગ્ય સંકલિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યાપ્ત અપર્યાપ્ત એકેન્દ્રિયથી સંજ્ઞી સુધીના સર્વ તિર્યંચ અને મનુષ્ય |
| દેવાયુ - | તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યાપ્ત અસંજ્ઞી પંચે. તિર્યંચ અને પર્યાપ્ત સંજ્ઞી મનુષ્ય, તિર્યંચ |
| નરકાયુ - | તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યાપ્ત અસંજ્ઞી પંચે. તિર્યંચ અને પર્યાપ્ત સંજ્ઞી મનુષ્ય, તિર્યંચ |
| ૩૩ પ્રકૃતિઓ[2] | તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામી મિથ્યાદષ્ટિ બાદર પર્યાપ્ત એકેન્દ્રિય. |
| ૫૨ પ્રકૃતિઓ[3] | સર્વવિશુદ્ધિ પરિણામી બાદર પર્યાપ્ત એકેન્દ્રિય |

## સ્થિતિબંધમાં મૂળ પ્રકૃતિના ૭૮ ભાંગા

**उक्कोसजहन्नेअर, भंगा साई अणाइ धुव अधुवा ।**

૧. મનુષ્યાયુષ્યમાં તેઉકાય-વાયુકાય વર્જીને જાણવા.

૨. ૫ છેલ્લાં સંઘયણ, ૫ સંસ્થાન, તિર્યંચદ્વિક અરતિ-શોક, નપુ.વેદ,સ્ત્રીવેદ, એકે.જાતિ વિકલેન્દ્રિયજાતિ, અશુભવિ હાયોગતિ, સ્થાવર-૧૦, નીચગોત્ર અશાતાવેદનીય (૩૩ પ્રકૃતિઓ)

૩. હાસ્ય-રતિ, પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન, મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક, તૈજસ, કાર્મણ, ભય-જુગુપ્સા, વર્ણાદિ-૪, પંચેન્દ્રિયજાતિ, નિદ્રા-૫, પ્રત્યેક-૭, શુભવિહાયોગતિ, ત્રસ-૯, મિથ્યાત્વ, કષાય-૧૨ (૫૨ પ્રકૃતિઓ)

**चउहा सग अजहन्नो, सेसतिगे आउचउसु दुहा ॥46॥**

उक्कोस जहन्न, - ઉત્કૃષ્ટબંધ, જઘન્ય બંધ सग - સાતમૂળ પ્રકૃતિ સંબંધિ

इयर - પ્રતિપક્ષી, તે અનુત્કૃષ્ટ અને અજઘન્યબંધ

**અર્થ :-** ઉત્કૃષ્ટબંધ, જઘન્યબંધ, અનુત્કૃષ્ટબંધ, અજઘન્યબંધ એ ચાર ભાંગા અથવા સાદિબંધ, અનાદિબંધ, ધ્રુવબંધ અને અધ્રુવબંધ એ ચાર ભાંગા જાણવા. સાતમૂળ પ્રકૃતિ સંબંધી અજઘન્ય બંધ ચાર પ્રકારે છે. અને બાકીના ત્રણ બંધને વિષે (જઘન્ય, ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ) સાદિ, અધ્રુવ એ બે પ્રકારે બંધ છે. ચાર આયુષ્યને વિષે સાદિ અને અધ્રુવ એ બે ભાંગે બંધ છે. ॥૪૬॥

**વિવરણ :-** સર્વથી વધારે બંધ તે ઉત્કૃષ્ટબંધ કહીએ. ઉત્કૃષ્ટમાં એક સમય ન્યૂનથી માંડીને સમય સમયની હાની કરતાં જ્યાં સુધી જઘન્ય થાય ત્યાં સુધી એટલે જઘન્ય સહિત સર્વે અનુત્કૃષ્ટ બંધ કહેવાય. સર્વથી ઓછો બંધ તે જઘન્યબંધ કહીએ. અને સમયાધિક જઘન્યથી માંડીને સમય સમયની વૃદ્ધિ કરતાં જ્યાં સુધી ઉત્કૃષ્ટ થાય ત્યાં સુધી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સહિત સર્વે અજઘન્યબંધ કહીએ.

**સાદિ :** જે બંધ ની નવી શરૂઆત થાય

**અનાદિ :** જે બંધની આદિ ન હોય તે અનાદિ.

**ધ્રુવ :** જે બંધ કોઈપણ કાળે વિચ્છેદ નહી પામે, હંમેશા રહે તે ધ્રુવ.

**અધ્રુવ :** જે બંધ આગળ (ભાવિમાં) વિચ્છેદ પામશે તે અધ્રુવ.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, નામ, ગોત્ર અને અંતરાય એ છ મૂળકર્મનો **જઘન્ય સ્થિતિબંધ** ક્ષપકને ૧૦માના ચરમ સમયે હોય તેથી જઘન્યની સાદિ. અને એક સમય પછી તે છ કર્મનો બંધ વિચ્છેદ થવાથી જઘન્ય અધ્રુવ બંધ થાય. અને મોહનીય કર્મનો ક્ષપક ૯ માના ચરમ સમયે જઘન્યબંધ કરે તેથી સાદિ અને એક સમય પછી બંધવિચ્છેદ થવાથી જઘન્ય અધ્રુવ થાય છે. આમ આયુષ્ય સિવાય સાત કર્મમાં જઘન્યબંધ બે પ્રકારે સાદિ - અધ્રુવ છે.

હવે અજઘન્યબંધ ચાર પ્રકારે છે તે આ પ્રમાણે.

ઉપશમશ્રેણી ચઢેલાને અને ઉપશાન્ત મોહ ગુણસ્થાનકમાં અબંધ થઈ ત્યાંથી પડે અને ૧૦મે ગુણઠાણે છ કર્મનો અને મોહનીયનો નવમે આવે અથવા ભવક્ષયે

# સ્થિતિબંધના ભાંગા

ચોથા ગુણસ્થાનકમાં આવે ત્યારે અજઘન્યબંધ શરૂ થાય. તેથી અજઘન્યની સાદિ. અનાદિકાળથી મિથ્યાત્વે રહેલાને અજઘન્ય અનાદિબંધ હોય કારણકે અનાદિકાળથી મિથ્યાત્વે છે તેને જઘન્યબંધ હોય નહિ. પરંતુ ક્ષપકને જ જઘન્યબંધ હોય માટે અજઘન્ય બંધ જ હોય. અભવ્યને અજઘન્ય ધ્રુવબંધ હોય કારણકે અભવ્યને અજઘન્ય બંધ જ હંમેશા રહેવાનો, પરંતુ બંધ વિચ્છેદ પામશે નહિ તેથી ધ્રુવ. અને ભવ્યજીવ ઉપશમશ્રેણીમાં ૧૧ મે ગુણસ્થાનકે અબંધસ્થાન પામે અથવા ક્ષપક જઘન્યબંધ કરે ત્યારે અજઘન્ય અધ્રુવ થાય છે. આ પ્રમાણે સાત મૂળકર્મમાં અજઘન્યબંધ ચાર પ્રકારે છે.

ઉત્કૃષ્ટબંધ અને અનુત્કૃષ્ટબંધ સાદિ અને અધ્રુવ બે પ્રકારે છે.

અતિસંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ સંજ્ઞીને ઉત્કૃષ્ટસ્થિતિ બંધ ૧ સમયથી અંતર્મુહૂર્ત સુધી થાય છે. જ્યારે ઉત્કૃષ્ટબંધ કરે ત્યારે ઉત્કૃષ્ટની સાદિ, પછી ઉત્કૃષ્ટ સ્થિતિબંધને યોગ્ય પરિણામથી પતિત થાય ત્યારે ઉત્કૃષ્ટ બંધને બદલે અનુત્કૃષ્ટ બંધ કરે તેથી ઉત્કૃષ્ટ અધ્રુવ અને અનુત્કૃષ્ટની સાદિ.

(વળી કાલાંતરે એટલે જઘન્યથી **અંતર્મુહૂર્ત પછી અને ઉત્કૃષ્ટથી અનંતકાલે અતિસંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ સંજ્ઞીપણું** પામે ત્યારે ઉત્કૃષ્ટબંધ કરે તેથી અનુત્કૃષ્ટ અધ્રુવ અને ઉત્કૃષ્ટની સાદિ આમ બંને બંધ સંસારમાં મિથ્યાત્વે વારાફરતી અનેકવાર આવે છે માટે બંને બંધ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે.)

અહિં નિત્ય નિગોદની વિવક્ષા કરવામાં આવી નથી. નિત્ય નિગોદમાં અનાદિકાળથી અનુત્કૃષ્ટ બંધ છે. અને અનંતકાળ રહેવાનો છે. પરંતુ અનિત્ય નિગોદ આદિ (સાંવ્યવહારિક) ની વિવક્ષા કરવામાં આવી છે. એમ જણાય છે.

આયુષ્યકર્મમાં જઘન્ય આદિ ચારે ભાંગા સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે. કારણકે આયુષ્ય અધ્રુવબંધી હોવાથી ભવમાં એક જ વાર બંધાય છે. માટે જઘન્ય (જઘન્ય, અજઘન્ય, ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ) આદિ જે બંધ કરે ત્યારે સાદિ અને અંતર્મુહૂર્ત પછી અવશ્ય અધ્રુવ થાય છે. આયુષ્ય અંતમુર્હૂર્ત સુધી સતત બંધાય છે. આ પ્રમાણે ૭ કર્મમાં એક એકના ૧૦ એમ ૭૦ ભાંગા. અને આયુષ્ય

કર્મના આઠ ભાંગા એમ કુલ ૭૮ ભાંગા મૂળકર્મના થાય.

## સ્થિતિબંધમાં ઉત્તર પ્રકૃતિના ૯૯૬ ભાંગા

**चउभेओ अजहन्नो, संजलणावरण नवगविग्धाणं ।**
**सेसतिगि साई अधुवो, तह चउहा सेस पयडीणं ॥४७॥**

**અર્થ :-** સંજ્વલન કષાય, નવ આવરણ, પાંચ અંતરાય એ અઢાર પ્રકૃતિને વિષે અજઘન્ય સ્થિતિબંધ ચાર ભેદે છે. અને એજ પ્રકૃતિના બાકીના ત્રણ બંધને વિષે સાદિ અને અધ્રુવ બંધ હોય. બાકીની ૧૦૨ પ્રકૃતિ સંબંધિ જઘન્યાદિ ચાર બંધ તેવી જ રીતે (સાદિ, અધ્રુવ) છે.

**વિવરણ :-** હવે ઉત્તર પ્રકૃતિને વિષે ભાંગા કહે છે. : ૪ - સંજ્વલન કષાય, ૫-જ્ઞાનાવરણ, ૪-દર્શનાવરણ અને ૫-અંતરાય એ અઢાર પ્રકૃતિનો ઉપશમ શ્રેણીવાળો જીવ. ૪-સંજ્વલનકષાયનો દશમે ગુણઠાણે અને ૯-આવરણ અને ૫-અંતરાયનો ૧૧ મે ગુણઠાણે બંધ કરે નહિ. ૧૧ મે ગુણઠાણે જઈ અબંધક થયા પછી પતિત પરિણામી થવાથી ૧૦ મે ગુણઠાણે આવે ત્યારે ૯-આવરણ અને ૫-અંતરાયનો અજઘન્યબંધ કરે અને ૯મે ગુણઠાણે આવે ત્યારે સંજ્વલન-૪ કષાયનો અજઘન્યબંધ કરે તેથી અજઘન્યની સાદિ. અનાદિકાળથી મિથ્યાત્વે રહેલાને અજઘન્ય અનાદિ. અભવ્યને ધ્રુવ અને ભવ્ય જીવ ઉપશમશ્રેણીમાં ૧૧ મે ગુણઠાણે અબંધક થાય અથવા ક્ષપકશ્રેણીવાળો જીવ અજઘન્યમાંથી જઘન્યબંધ કરે ત્યારે અજઘન્ય અધ્રુવ.

૯-આવરણ અને પાંચ અંતરાયને વિષે ક્ષપકને ૧૦માના ચરમ સમયે તેના બંધકમાં સર્વ વિશુદ્ધ હોવાથી જઘન્યબંધ હોય તેથી જઘન્યની સાદિ અને ૧ સમય પછી બંધ વિચ્છેદ થવાથી અધ્રુવબંધ.

સંજ્વલન - ૪ કષાયનો જઘન્યબંધ ૯માં ગુણઠાણાના પોત પોતાના બંધના ચરમ સમયે ક્ષપક કરે છે. તેથી જઘન્યની સાદિ અને ૧ સમય પછી બંધવિચ્છેદ થવાથી જઘન્ય અધ્રુવ.

ઉત્કૃષ્ટબંધ અતિસંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિય કરે તેથી ૧ સમયથી અંતર્મુહૂર્ત સુધી ઉત્કૃષ્ટ કરે ત્યારે સાદિ, પછી સંક્લિષ્ટ પરિણામથી

પતિત થાય ત્યારે ઉત્કૃષ્ટ અધ્રુવ. અને અનુત્કૃષ્ટની સાદિ, વળી કાલાંતરે એટલે જઘન્યથી અંતર્મુહૂર્ત પછી અને ઉત્કૃષ્ટથી અનંતકાલે અતિ સંક્લિષ્ટ પરિણામી પર્યા. સંજ્ઞી મિથ્યા. થાય ત્યારે અનુત્કૃષ્ટ અધ્રુવ અને ઉત્કૃષ્ટની સાદિ થાય.

શેષ ૧૦૨ પ્રકૃતિમાં નિદ્રાપંચક (૫) મિથ્યાત્વ (૬) બારકષાય (૧૮) ભય (૧૯) જુગુપ્સા (૨૦) તૈજસ (૨૧) કાર્મણ (૨૨) વર્ણ ચતુષ્ક (૨૬) ઉપઘાત (૨૭) અગુરુલઘુ (૨૮) અને નિર્માણ (૨૯) એ ઓગણત્રીશ ધ્રુવબંધી પ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ સર્વ વિશુદ્ધ પરિણામી બાદર પર્યાપ્તો એકેન્દ્રિય કરે છે. સમયથી માંડીને અંતર્મુહૂર્ત પછી સંક્લિષ્ટ થઈને તે જ એકેન્દ્રિય અજઘન્ય બંધ કરે છે. વળી તે જ ભવમાં અથવા ભવાંતરે બાદર પર્યા. એકેન્દ્રિય વિશુદ્ધ થઈને ફરી પણ જઘન્ય બંધ કરે એમ વારાફરતી જઘન્ય-અજઘન્ય બંધ સંસારમાં અનેકવાર થાય માટે સાદિ - અધ્રુવબંધ હોય.

ઉત્કૃષ્ટબંધ સર્વ સંક્લિષ્ટ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જ કરીને અંતર્મુહૂર્તે ફરી અનુત્કૃષ્ટ બંધ કરે, વળી કોઈ વારે ઉત્કૃષ્ટ બંધ કરે એમ એ બંને પણ સાદિ-અધ્રુવબંધ હોય.

શેષ અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિનો જઘન્ય, અજઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ બંધ અધ્રુવબંધી હોવાથી સાદિ અને અધ્રુવ એ બે ભેદે હોય. એટલે કે જ્યારે જે બંધ કરે ત્યારે તેની સાદિ અને બંધ ન કરે ત્યારે અધ્રુવ.

આ રીતે જ્ઞાના. આદિ ૧૮ પ્રકૃતિને વિષે એક એકના દશ. એટલે કે અજઘન્ય-૪, જઘન્ય-૨, ઉત્કૃષ્ટ-૨, અનુત્કૃષ્ટ-૨ એમ દશ ભાંગા થાય. એ પ્રમાણે ૧૮-પ્રકૃતિના ૧૮૦ ભાંગા થાય.

૧૦૨ પ્રકૃતિના એક એકના - ૮ એટલે કે અજઘન્યના-૨, જઘન્ય-૨, ઉત્કૃષ્ટ-૨, અનુત્કૃષ્ટ-૨ એમ આઠ ભાંગા થાય. તેથી ૧૦૨ પ્રકૃતિના ૮૧૬ ભાંગા થાય. એ બંને મળીને ઉત્તરપ્રકૃતિના કુલ ૯૯૬ ભાંગા થાય. અને મૂળ પ્રકૃતિના ૭૮ ભાંગા. એ સર્વ મળીને એક હજાર ચુમ્મોત્તેર (૧૦૭૪) સ્થિતિબંધના ભાંગા થાય.

## ગુણઠાણે સ્થિતિબંધ

**साणाईअपुव्वंते, अयरंतोकोडिकोडिओ न हिगो ।**
**बंधो नहु हीणो नय, मिच्छे भव्विअर सन्निमि ॥48॥**

साणाई - સાસ્વાદનથી　　　　नहिगो - અધિક બંધ ન હોય.
अयरंतो कोडि कोडिओ - અંતઃકોડાકોડી સાગરોપમથી　　नहु - ન જ હોય

**અર્થ :** ભવ્યસંજ્ઞી જીવને સાસ્વાદનથી અપૂર્વકરણ ગુણસ્થાનક પર્યંત અંતઃ કોડાકોડી સાગરોપમથી અધિક બંધ ન હોય. તેમજ હીન બંધ પણ ન જ હોય. મિથ્યાદષ્ટિ ભવ્ય અને અભવ્ય સંજ્ઞિને વિષે પણ હીન બંધ ન જ હોય ॥૪૮॥

સંજ્ઞી પંચેન્દ્રિય સાસ્વાદનથી અપૂર્વકરણ[૧] ગુણઠાણા સુધી આયુષ્ય સિવાયના સાતેકર્મોનો જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમથી સ્થિતિબંધ અંતઃ કોડાકોડીનો જ કરે છે. તેનાથી હીન બંધ પણ ન કરે અને અધિકબંધ પણ ન કરે. આયુષ્યકર્મમાં આ નિયમ નથી. એટલે આયુષ્યનો અતંર્મુહૂર્તથી માંડીને ૩૩ સાગરોપમનો બંધ થાય.

૯ મા અને ૧૦ મા ગુણઠાણે વર્તતો જીવ સાતેકર્મનો અંતઃકોડાકોડી કરતાં હીન બંધ કરે અને મિથ્યાત્વ ગુણસ્થાનકે વર્તતો જીવ સાતે કર્મનો જઘન્યથી અંતઃ કોડાકોડી અને મધ્યમથી અધિક બંધ કરતાં યાવત્ ઉત્કૃષ્ટસ્થિતિ સુધી બંધ કરે પણ અંતઃકોડાકોડીથી હીન બંધ ન કરે. એટલે કે મિથ્યાત્વ ગુણઠાણે વર્તતો સંજ્ઞી હંમેશા ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે એવો નિયમ નથી. જ્યારે મિથ્યાત્વ ગુણઠાણે ગ્રંથીભેદ કરે ત્યારે સાતે કર્મોની અંતઃ કોડાકોડીની જઘન્યસ્થિતિ બાંધે છે.[૨]

---

૧. પંચાશકજીની વૃત્તિમાં સાતમા ગુણ. માં પણ મોહનીયનો અંતર્મુહૂર્તનો બંધ કહ્યો છે. અનિવૃત્તિ ગુણ. માં પણ શરૂઆતમાં અંતઃકોડાકોડી સાગરોપમ બંધ હોય પછી ઘટતો ઘટતો અંતર્મુહૂર્ત સુધીનો બંધ થાય.

૨. સિદ્ધાંતના મતે ગ્રંથીભેદ કર્યા પછી મિથ્યાત્વે જાય તો પણ અંતઃકોડાકોડી સાગરોપમથી અધિક સ્થિતિબંધ ન બાંધે. જ્યારે કર્મગ્રંથના મતે ગ્રંથીભેદ કર્યા પછી સાસ્વાદન આદિ ગુણઠાણે અધિક સ્થિતિ ન બાંધે. પણ મિથ્યાત્વે આવે ત્યારે અંતઃકોડાકોડીથી અધિક યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ પણ બાંધે પરંતુ તીવ્ર અનુભાગ ન બાંધે.
बंधेण न वोलइ क्यावि इत्यावश्यकवचनात् અંતઃકોડાકોડી સાગરોપમના બંધને ક્યારે ઉલ્લંઘન કરતો નથી.

ગાથામાં સાસ્વાનાદિ ગુણ. માં અંતઃકોડાકોડીનો બંધ કહ્યો છે. પરંતુ એકેન્દ્રિયાદિ જીવો અંતઃકોડાકોડી બંધ કરતા નથી. હીન જ કરે છે. છતાં તેઓને સાસ્વાદન ગુણસ્થાનક ક્વચિત હોવાથી વિવક્ષા કરી નથી.

## સ્થિતિબંધનું અલ્પબહુત્વ

**जईलहुबंधो बायर, पज्जअसंखगुण सुहुम पज्जऽहिगो ।**
**एसि अपज्जाण लहू, सुहुमेअर अपज्जपज्जगुरु ॥४९॥**

जई - યતિ　　　　हिगो - વિશેષાધિક

**અર્થ :-** યતિનો જઘન્ય સ્થિતિબંધ સર્વથી થોડો હોય. તેનાથી બાદર પર્યાપ્તા એકેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ અસંખ્યાતગુણ હોય. અને તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા એકેન્દ્રિયનો જ. વિશેષાધિક એ (બાદર અને સૂક્ષ્મ એકેન્દ્રિય) ના અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ તેથી વિશેષાધિક, તે થકી સૂક્ષ્મ અપર્યાપ્તા, બાદર અપર્યાપ્તા, સૂક્ષ્મ પર્યાપ્તા, અને બાદર પર્યાપ્તા એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અનુક્રમે વિશેષાધિક હોય છે. ॥૪૯॥

હવે સ્થિતિબંધનું અલ્પબહુત્વ એકેન્દ્રિય આદિ જીવોને વિશે બતાવે છે.

જેમ વિશુદ્ધિ વધારે તેમ ન્યુન ન્યુન સ્થિતિ બાંધે અને જેમ સંક્લિષ્ટતા વધારે તેમ અધિક અધિક સ્થિતિ બાંધે.

સર્વ અલ્પસ્થિતિબંધ યતિનો જઘન્યસ્થિતિ બંધ હોય. યતિ એટલે સંયમીને ૬ થી ૧૦ ગુણસ્થાનક સુધી સ્થિતિબંધ થાય. અગ્યારમા આદિ ગુણસ્થાનકમાં કષાય ન હોવાથી સ્થિતિબંધ ન થાય.

(૧) સંયમીને જઘન્ય સ્થિતિબંધ ક્ષપકને હોય અને તે જ્ઞાનાવરણીય આદિનો અંતર્મુહૂર્ત હોય. તે સંયમીના જઘન્ય સ્થિતિબંધથી (૨) પ. બાદર એકેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ અસંખ્યગુણ હોય. કારણકે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૧/૭, ૨/૭ સાગરોપમ ઈત્યાદિ હોય. અને તે બંધ અંતર્મુહૂર્તથી અસંખ્યગુણો કહેવાય.

બાદર પર્યાપ્તા એકેન્દ્રિયના જઘન્ય સ્થિતિબંધથી (૩) પર્યાપ્તા સૂક્ષ્મ એકે. નો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક એટલે પૂર્વના સ્થિતિબંધ કરતાં પછીનો સ્થિતિબંધ

દ્વિગુણ કરતાં હીન હોય કારણકે દ્વિગુણ - ત્રિગુણ ઈત્યાદિ સંખ્યાતગુણ કહેવાય. કારણકે બાદર કરતાં સૂક્ષ્મની વિશુદ્ધિ ઓછી હોય માટે સ્થિતિબંધ વિશેષાધિક.

(૪) તેનાથી અપર્યાપ્ત બાદર એકેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક કારણકે પર્યાપ્ત કરતાં અપર્યાપ્તાની વિશુદ્ધિ હીન હોય માટે અધિક બાંધે.

(૫) તેનાથી અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક કારણકે બાદર કરતાં સૂક્ષ્મની વિશુદ્ધિ ઓછી હોય માટે અધિક બંધ હોય.

(૬) તેનાથી અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક કારણકે જઘન્ય કરતાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ હોય તે વધારે સંક્લિષ્ટ પરિણામથી બંધાય છે. તેમાં ઉપરના ચાર એકેન્દ્રિયમાં સર્વથી ઓછી સંક્લિષ્ટતા અપર્યાપ્ત સૂક્ષ્મને હોય માટે ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં પ્રથમ અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયનો કહ્યો

(૭) તેનાથી વધારે સંક્લિષ્ટતા અપર્યાપ્ત બાદર એકેન્દ્રિયને હોય એટલે તેનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અધિક હોય.

(૮) અપર્યાપ્ત બાદર એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતાં પર્યાપ્ત સુક્ષ્મ એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક. કારણકે અપર્યાપ્ત કરતાં પર્યાપ્ત ની સંક્લિષ્ટતા વધારે હોઈ શકે તેથી વધારે બંધ કરે

(૯) અને તે પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયના ઉત્કૃષ્ટસ્થિતિ બંધ કરતાં પર્યાપ્ત બાદર એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક હોય. કારણકે એકેન્દ્રિયમાં સર્વથી વધારે સંક્લિષ્ટતા પર્યાપ્ત બાદર એકેન્દ્રિયને હોય માટે.

**लहु बिअपज्जअपज्जे, अपजेअर बिअगुरुऽहिगो एवं ।**
**ति चउ असन्निसु नवरं, संखगुणो बिअ अमण पज्जे ॥50॥**

| | |
|---|---|
| बिय - બેઈન્દ્રિય | गुरु - ઉત્કૃષ્ટસ્થિતિબંધ |
| अहिगो - અધિક | नवरं - એટલુ વિશેષ |

**અર્થ :-** બેઈન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ તે થકી અપર્યાપ્ત પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે. એ પ્રમાણે તેઈન્દ્રિય ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને વિષે જાણવું પરંતુ એટલું વિશેષકે બેઈન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં સંખ્યાતગુણ કહેવો. ॥૫૦॥

# સ્થિતિબંધનું અલ્પબહુત્વ

**વિવરણ :-** એકે. ના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતાં (૧૦) પર્યાપ્તા બેઈન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણ જાણવો.

એકેન્દ્રિય કરતાં બેઈન્દ્રિય જીવોને કાષાયિક પરિણામ વધારે હોય માટે સ્થિતિબંધ ૨૫ ગુણોબંધ કરે. પરંતુ અપર્યાપ્તા બેઈન્દ્રિય કરતાં પર્યાપ્તા બેઈન્દ્રિયને વિશુદ્ધિ અને સંકલેશતા વધારે હોય માટે જઘન્યસ્થિતિબંધમાં પર્યાપ્તા બેઈન્દ્રિયનો જઘ. સ્થિતિબંધ પહેલો કહયો. તે એકેન્દ્રિય કરતાં ૨૫ ગુણા કરતાં કંઈક ન્યૂન એટલે પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન જાણવો. પરંતુ ૨૪ ગણા કરતાં વધારે છે માટે સંખ્યાતગુણ કહેલ છે.

(૧૧) તેનાથી અપર્યાપ્તા બેઈન્દ્રિયનો જઘન્યસ્થિતિબંધ વિશેષાધિક જાણવો. તે પણ જ્ઞાનાવરણીયની અપેક્ષાને ૭૫/૭ માં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન જાણવો. પરંતુ પર્યાપ્તા બેઈન્દ્રિય જેટલો પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યુન ન જાણવો. ઓછો ન્યુન હોય માટે વિશેષાધિક જાણવો.

અપર્યાપ્તા બેઈન્દ્રિયના જઘન્ય સ્થિતિબંધ કરતાં (૧૨) અપર્યાપ્તા બેઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિ વિશેષાધિક જાણવો. તેનાથી (૧૩) પર્યાપ્તા બેઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. પર્યાપ્તાને બધાથી વધારે સંકલેશતા આવે માટે.

૫. બેઈ. ના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતાં (૧૪) પર્યા. તેઈ. નો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. બેઈન્દ્રિયથી તેઈન્દ્રિયનો સ્થિતિબંધ દ્વિગુણ હોય, પરંતુ જઘન્ય હોવાથી પલ્યો. સંખ્યાતમો ભાગ ન્યુન છે એટલે સંખ્યાતગુણ ન કહેવાય પરંતુ વિશેષાધિક જાણવો.

પછી તેઈન્દ્રિયના બાકીના ત્રણબોલ એટલે તેનાથી (૧૫) અપર્યાપ્તા તેઈન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ તેનાથી (૧૬) અપ. તેઈ. નો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ તેનાથી (૧૭) પર્યાપ્તા તેઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક જાણવો. આ બોલમાં કારણ બેઈ. ની જેમ જાણવુ.

પર્યા. તેઈ. ના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતાં (૧૮) પર્યાપ્તા ચઉરિન્દ્રયનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક અહીં પણ તેઈ. કરતાં દ્વિગુણમાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યુન હોવાથી સંખ્યાતગુણ ન કહ્યો.

તેનાથી (૧૯) અપર્યાપ્તા ચઉરિન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ તેનાથી (૨) અપર્યા. ચઉ. નો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ તેનાથી (૨૧) પર્યાપ્તા ચઉ. નો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક અનુક્રમે જાણવો.

તેનાથી (૨૨) પર્યાપ્તા અસંજ્ઞીનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણો કારણકે ચઉરિન્દ્રિય કરતાં અસંજ્ઞીનો બંધ દશ ગુણો છે માટે પછીના ત્રણ બોલ (૨૩) અપર્યાપ્તા અસંજ્ઞીનો જઘન્ય (૨૪) અપર્યાપ્તા અસંજ્ઞીનો ઉત્કૃષ્ટ (૨૫) પર્યા. અસંજ્ઞીનો ઉત્કૃષ્ટ વિશેષાધિક છે.

**तो जईजिट्ठो बंधो, संखगुणो देसविरयहस्सिअरो ।**

**सम्मचउ सन्निचउरो, ठिईबंधाऽणुकम संखगुणा ॥51॥**

देसविरयहस्स - દેશવિરતિનો જઘન્ય　　ठिईबंधा - સ્થિતિબંધો

सम्मचउ - સમ્યગ્દ્દષ્ટિના ચાર પ્રકારના　　इयरो - ઉત્કૃષ્ટ સ્થિતિબંધ

**અર્થ :-** તે થકી યતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણ. તે થકી દેશવિરતિનો જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ તેનાથી સમ્યગ્દ્દષ્ટિના ચારે સ્થિતિબંધ અને સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાત્વીના ચારે સ્થિતિબંધ અનુક્રમે સંખ્યાત ગુણ હોય. ॥૫૧॥

**વિવરણ :-** પર્યાપ્તા અસંજ્ઞી ના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતા (૨૬) યતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણો છે. કારણકે છટ્ઠે પ્રમત્ત ગુણઠાણે અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિબાંધે. પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ૩૦૦૦/૭ સાગરોપમ છે. અંતઃકોડાકોડી સાગરોપમ એટલે કોડાકોડી સાગરોપમમાં ન્યુન. અહિં દ્વિગુણ કરતા વધારે હોવાથી સંખ્યાતગુણ થાય છે. તેના કરતા (૨૭) દેશવિરતિનો જઘન્ય અને (૨૮) ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અનુક્રમે સંખ્યાતગુણ હોય છે.

દેશવિરતિ ગુણઠાણે અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધે છે પરંતુ યતિના ઉ. કરતાં સંખ્યાતગુણ થાય છે, કારણકે અંતઃ કોડાકોડીના અસંખ્યાતા ભેદ હોય છે. અંતઃકોડાકોડી સાગરોપમ એટલે એક ક્રોડ સાગરોપમથી એક સમયાદિ ની વૃદ્ધિ કરતાં એક ક્રોડ અને એક સાગરોપમ - બે સાગરોપમ યાવત્ કોડાક્રોડ સાગરોપમમાં એક સમય ન્યુન સુધીના બધા ભેદ અંતઃકોડાકોડી

સાગરોપમ જાણવા. ટૂંકમાં એક ક્રોડ સાગરોપમ અને એક ક્રોડાક્રોડ સાગરોપમની વચ્ચેના બધા અંતઃ કોડાકોડી સાગરોપમ જાણવા. જેમ નવસમયથી માંડીને સમય ન્યૂન મુહૂર્ત લગે અંતર્મુહૂર્તના અસંખ્યાતાભેદ હોય તેમ. સાધુના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી માંડીને સમયાધિકની વૃદ્ધિએ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધીના અસંખ્યાતાભેદ હોય.

તે થકી સમ્યગ્દૃષ્ટિના ચાર સ્થિતિબંધના બોલ એટલે કે (૨૯) પર્યા. સમ્યગ્દૃષ્ટિનો જઘન્ય. (૩૦) અપર્યાપ્તા સમ્યગ્દૃષ્ટિનો જઘન્ય (૩૧) અપર્યાપ્તા સમ્યગ્દૃષ્ટિનો ઉત્કૃષ્ટ (૩૨) પર્યાપ્તા સમ્યગ્દૃષ્ટિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અનુક્રમે સંખ્યાતગુણો જાણવો. સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્તા અને અપર્યાપ્તા બંન્ને હોય. જ્યારે દેશવિરતિ અને યતિ પર્યાપ્તા જ હોય, અપર્યાપ્તા ન હોય. તે થકી (૩૩ થી ૩૬) મિથ્યાદૃષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિયના ચાર સ્થિતિબંધ અનુક્રમે સંખ્યાતગુણા હોય છે. છેલ્લા ૧૧ બોલમાંથી ૧૦ બોલ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ કર્મપ્રકૃતિમાં કહ્યા છે. અને છેલ્લો ૩૬મો બોલ જ્ઞાનાવરણીયની અપેક્ષાએ ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જાણવો. જ્ઞાનાવરણીયની અપેક્ષાએ સ્થિતિબંધનું પ્રમાણ લખ્યું છે. એ રીતે દરેક કર્મમાં જાણવું.

સ્થિતિબંધનુ અલ્પબહુત્વ મતિજ્ઞાનાવરણીયની અપેક્ષાએ.

| બોલ | સ્થિતિ | કેટલોવધારેહોય | ક્યાં હોય | કેટલો |
|---|---|---|---|---|
| ૧-યતિનો | જઘન્યસ્થિતિબંધ | સર્વથી થોડો | દશમાના ચરમ સમયે ક્ષપકને | અંતર્મુહૂર્ત |
| ૨-બાદરપર્યા.એકે. | જઘન્યસ્થિતિબંધ | અસંખ્યાતગુણો | સર્વ વિશુદ્ધ બાદર પર્યા. એકેન્દ્રિયને | પલ્યો.અસં.ભાગ ન્યૂન ૩/૭ સા. |
| ૩-સૂક્ષ્મપર્યાએકે. | જઘન્યસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ વિશુદ્ધ સૂક્ષ્મ પર્યા. એકેન્દ્રિયને | પલ્યો.અસં.ભાગ ન્યૂન ૩/૭ સા. |
| ૪-બાદરઅપ.એકે. | જઘન્યસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ વિશુદ્ધ બાદર અપર્યા. એકેન્દ્રિયને | પલ્યો.અસં.ભાગ ન્યૂન ૩/૭ સા. |
| ૫-સૂક્ષ્મઅપ.એકે. | જઘન્યસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ વિશુદ્ધ સૂક્ષ્મ અપર્યા. એકેન્દ્રિયને | પલ્યો.અસં.ભાગ ન્યૂન ૩/૭ સા. |
| ૬-સૂક્ષ્મઅપ.એકે. | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ સંક્લિષ્ટ સૂક્ષ્મ અપર્યા. એકેન્દ્રિયને | પલ્યો.અસં.ભાગ ન્યૂન ૩/૭ સા. |

| બોલ | સ્થિતિ | કેટલોવધારેહોય | ક્યાં હોય | કેટલો |
|---|---|---|---|---|
| ૭-બાદરઅપ.એકે. | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વસંક્લિષ્ટબાદરઅપર્યા.એકેન્દ્રિયને | પલ્યો.અસં.ભાગ ન્યૂન ૩/૭ સા. |
| ૮-સૂક્ષ્મ પર્યા.એકે. | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ સંકલિષ્ટ સૂક્ષ્મ પર્યા.એકેન્દ્રિયને | પલ્યો.અસં.ભાગ ન્યૂન ૩/૭ સા. |
| ૯-બાદ પર્યા.એકે. | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ સંક્લિષ્ટ બાદર પર્યા.એકેન્દ્રિયને | ૩/૭ સાગરોપમ |
| ૧૦-પર્યા.બેઈ. | જઘન્યસ્થિતિબંધ | સંખ્યાતગુણો | સર્વ વિશુદ્ધ પર્યા. બેઈન્દ્રિયને | પલ્યો.સંખ્યા..ભાગ ન્યૂન ૭૫/૭ સા. |
| ૧૧-અપર્યા. બેઈ. | જઘન્યસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ વિશુદ્ધ અપર્યા. બેઈન્દ્રિયને | પલ્યો.સંખ્યા.ભાગ ન્યૂન ૭૫/૭ સા. |
| ૧૨-અપર્યા. બેઈ. | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ સંક્લિષ્ટ અપર્યા.બેઈન્દ્રિયને | પલ્યો.સંખ્યા.ભાગ ન્યૂન ૭૫/૭ સા. |
| ૧૩-પર્યા. બેઈ. | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ સંક્લિષ્ટ પર્યા. બેઈન્દ્રિયને | ૭૫/૭ સાગરોપમ |
| ૧૪-પર્યા.તેઈ. | જઘન્યસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ વિશુદ્ધ પર્યા. તેઈન્દ્રિયને | પલ્યો.સંખ્યા.ભાગ ન્યૂન ૧૫૦/૭ સા. |
| ૧૫-અપર્યા.તેઈ. | જઘન્યસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ વિશુદ્ધ અપર્યા.તેઈન્દ્રિયને | પલ્યો.સંખ્યા.ભાગ ન્યૂન ૧૫૦/૭ સા. |
| ૧૬-અપર્યા.તેઈ. | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ સંક્લિષ્ટ અપર્યા. તેઈન્દ્રિયને | પલ્યો.સંખ્યા.ભાગ ન્યૂન ૧૫૦/૭ સા. |
| ૧૭-પર્યા.તેઈ. | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ સંક્લિષ્ટ પર્યા. તેઈન્દ્રિયને | ૧૫૦/૭ સાગ. |
| ૧૮-પર્યા.ચઉ. | જઘન્યસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ વિશુદ્ધ પર્યા. ચઉરિન્દ્રિયને | પલ્યો.સંખ્યા.ભાગ ન્યૂન ૩૦૦/૭ સા. |
| ૧૯-અપર્યા. ચઉ. | જઘન્યસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ વિશુદ્ધ અપર્યા. ચઉરિન્દ્રિયને | પલ્યો.સંખ્યા.ભાગ ન્યૂન ૩૦૦/૭ સા. |
| ૨૦-અપર્યા. ચઉ. | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ સંક્લિષ્ટ અપર્યા. ચઉરિન્દ્રિયને | પલ્યો.સંખ્યા.ભાગ ન્યૂન ૩૦૦/૭ સા. |
| ૨૧-પર્યા. ચઉ. | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ સંક્લિષ્ટ પર્યા. ચઉરિન્દ્રિયને | ૩૦૦/૭ સાગ. |
| ૨૨-પર્યા.અસંજ્ઞી | જઘન્યસ્થિતિબંધ | સંખ્યાતગુણો | સર્વ વિશુદ્ધ પર્યા. અસંજ્ઞી પંચે. ને. | પલ્યો.સંખ્યા.ભાગ. ન્યૂન ૩૦૦૦/૭ સા |

# સ્થિતિબંધનું અલ્પબહુત્વ

| બોલ | સ્થિતિ | કેટલોવધારેહોય | ક્યાં હોય | કેટલો |
|---|---|---|---|---|
| ૨૩-અપર્યા.અસંજ્ઞી | જઘન્યસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ વિશુદ્ધ અપર્યા. અસંજ્ઞી પચે.ને. | પલ્યો.સંખ્યા.ભાગ. ન્યૂન ૩૦૦૦/૭ સા |
| ૨૪-અપર્યા.અસંજ્ઞી | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ સંક્લિષ્ટ અપર્યા.અસંજ્ઞી પંચે.ને. | પલ્યો.સંખ્યા.ભાગ. ન્યૂન ૩૦૦૦/૭ સા |
| ૨૫-પર્યા. અસંજ્ઞી | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | વિશેષાધિક | સર્વ સંક્લિષ્ટ પર્યા. અસંજ્ઞી પંચે.ને. | ૩૦૦૦/૭ સાગ. |
| ૨૬-યતિનો | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | સંખ્યાતગુણો | સર્વ સંક્લિષ્ટ યતિને | અંતઃકોડાકોડી સાગ |
| ૨૭-દેશવિરતિ | જઘન્યસ્થિતિબંધ | સંખ્યાતગુણો | સર્વ વિશુદ્ધ દેશવિરતિને | અંતઃકોડાકોડી સાગ |
| ૨૮-દેશવિરતિ | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | સંખ્યાતગુણો | સર્વ સંક્લિષ્ટ દેશવિરતિને | અંતઃકોડાકોડી સાગ |
| ૨૯-પર્યા.અવિ. | જઘન્યસ્થિતિબંધ | સંખ્યાતગુણો | સર્વ વિશુદ્ધપર્યા.અવિરતસમ્યગ્દૃષ્ટિ | અંતઃકોડાકોડી સાગ |
| ૩૦-અપર્યા.અવિ. | જઘન્યસ્થિતિબંધ | સંખ્યાતગુણો | સર્વ વિશુદ્ધઅપર્યા.અવિરતસમ્યગ્દૃષ્ટિ | અંતઃકોડાકોડી સાગ |
| ૩૧-અપર્યા.અવિ. | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | સંખ્યાતગુણો | સર્વસંક્લિષ્ટઅપર્યા.અવિરતસમ્યગ્દૃષ્ટિ | અંતઃકોડાકોડી સાગ |
| ૩૨-પર્યા.અવિ. | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | સંખ્યાતગુણો | સર્વસંક્લિષ્ટપર્યા.અવિરતસમ્યગ્દૃષ્ટિ | અંતઃકોડાકોડી સાગ |
| ૩૩-પર્યા.મિ.પંચે. | જઘન્યસ્થિતિબંધ | સંખ્યાતગુણો | સર્વ વિશુદ્ધ પર્યા. મિથ્યાદૃષ્ટિ સં. | અંતઃકોડાકોડી સાગ |
| ૩૪-અપર્યા.મિ.પંચે. | જઘન્યસ્થિતિબંધ | સંખ્યાતગુણો | સર્વ વિશુદ્ધ અપર્યા. મિથ્યાદૃષ્ટિ સં. | અંતઃકોડાકોડી સાગ |
| ૩૫-અપર્યા.મિ.પંચે. | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | સંખ્યાતગુણો | સર્વ સંક્લિષ્ટ અપર્યા. મિથ્યાદૃષ્ટિ સં. | અંતઃકોડાકોડી સાગ |
| ૩૬-પર્યા. મિ. પંચે. | ઉત્કૃષ્ટસ્થિતિબંધ | સંખ્યાતગુણો | સર્વ સંક્લિષ્ટ પર્યા. મિથ્યાદૃષ્ટિ સં. | ૩૦ કોડાકોડી સાગ |

દરેક જીવને સર્વ વિશુદ્ધ એટલે પોતાની ભૂમિકા અનુસરે વિશુદ્ધિ અને સર્વ સંક્લિષ્ટ એમાં પણ પોતાની ભૂમિકા અનુસારે સંક્લિષ્ટતા જાણવી. બધા જીવોને સંક્લિષ્ટતતા અને વિશુદ્ધિ સમાન ન હોય. પોતાની કક્ષા પ્રમાણે હોય. દરેક જીવોને મધ્યમ અધ્યવસાયથી પોતાના જઘન્ય ઉત્કૃષ્ટ વચ્ચેનો સ્થિતિબંધ પણ થાય એમ જાણવું.

જેમકે મિથ્યા. પર્યા. સંજ્ઞીને જઘન્ય અંતઃકોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટથી પોત પોતાના સ્થિતિબંધના અનુસારે ૧૦ કોડાકોડી થી ૭૦ કોડાકોડી થાય. અને મધ્યમથી અંતઃકોડાકોડીમાં સમયાદિકની વૃદ્ધિએ એક કોડાકોડી બે કોડાકોડી વિગેરે યાવત્ પોતાના ઉત્કૃષ્ટ ન થાય ત્યાં સુધી અસંખ્ય પ્રકારે મધ્યમ સ્થિતિ બંધ હોય.

# કર્મસ્થિતિનું શુભાશુભપણું

**सव्वाण वि जिट्ठठिई असुभा जं साईसंकिलेसेणं ।**
**इअरा विसोहिओ पुण मुत्तुं नर अमर तिरिआउं ॥52॥**

| | | | | | |
|---|---|---|---|---|---|
| सव्वाणवि | - | સર્વ (કર્મપ્રકૃતિ)ની | आईसंकिलेसेणं | - | તીવ્ર કષાયના ઉદયે |
| असुभा | - | અશુભ | विसोहिओ | - | વિશુદ્ધિ વડે |

**અર્થ :** મનુષ્ય દેવ અને તિર્યંચના આયુષ્યને વર્જીને બાકીની સર્વ કર્મપ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ તે અશુભ જાણવી, જે કારણ માટે તે તીવ્ર કષાયના ઉદયે બંધાય છે. જઘન્ય સ્થિતિ વિશુદ્ધિ વડે બંધાય છે. માટે ઉત્કૃષ્ટસ્થિતિની અપેક્ષાએ શુભ જાણવી. ।।૫૨।।

**વિવરણ :** સર્વે શુભ-અશુભ પ્રકૃતિની જે ઉત્કૃષ્ટસ્થિતિ તે અશુભ જાણવી તેથી ત્રણ આયુષ્યવિના શુભ કે અશુભ પ્રકૃતિનો જેમ જેમ પરિણામ સંક્લિષ્ટ તેમ તેમ સ્થિતિબંધ વધે એટલે કે. જેમ કષાય વધે તેમ સ્થિતિબંધ વધે અને જેમ જેમ પરિણામ વિશુદ્ધ હોય તેમ તેમ સ્થિતિબંધ ઘટે એટલે કે કષાય ઘટે તેમ સ્થિતિબંધ ઘટે. સર્વકર્મની સ્થિતિ શુભ નહી, કારણકે કષાયથી બંધાય છે માટે, વળી અનુભાગ તો કષાય વૃદ્ધિએ અશુભ પ્રકૃતિનો વધે અને શુભ પ્રકૃતિનો ઘટે. અને કષાયની હાનીએ અશુભપ્રકૃતિનો ઘટે અને શુભ પ્રકૃતિનો વધે.[૧] ठिई अणुभागं कसायाओ इति वचनात्

પરંતુ ત્રણ આયુષ્યમાં તત્ પ્રાયોગ્ય વિશુદ્ધિથી આયુષ્યનો સ્થિતિબંધ વધે અને તત્ પ્રાયોગ્ય સંક્લિષ્ટતાથી આયુષ્યનો સ્થિતિબંધ ઘટે. આયુષ્ય ઘોલમાન પરિણામથી બંધાય છે. અતિ વિશુદ્ધ કે અતિ સંક્લિષ્ટ પરિણામ હોય તો આયુષ્યનો બંધ થાય નહિ માટે તત્ પ્રાયોગ્ય એવું વિશેષણ મુક્યું છે. આયુષ્ય સિવાયના સાતકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાએ જઘન્યસ્થિતિ શુભ કહી છે. હકીકત તો કષાય કારણ હોવાથી શુભ નથી.

---

૧. જો કે કેટલાક કષાય સ્થાનોથી સમાન સ્થિતિબંધ પણ થાય છે. એટલે વધારે પ્રમાણમાં કષાય વધે કે ઘટે તો સ્થિતિબંધની હાનિ વૃદ્ધિ થાય તેમ જાણવું.

# યોગનું વર્ણન

## યોગનું અલ્પબહુત્વ

**सुहुमनिगोआइखणप्पजोग बायर य विगल अमणमणा ।**

**अप्पज्जलहु पढमदुगुरु पजहस्सिअरो असंखगुणो ॥५३॥**

आइखण - (ઉત્પત્તિના) પહેલા સમયે  अप्पजोग - અલ્પયોગ

**અર્થ :** લબ્ધિ અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદનો ઉત્પતિના પ્રથમ સમયે જઘન્ય યોગ સર્વથી અલ્પ હોય, તે થકી અપર્યાપ્તા બાદર એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્પત્તિના પહેલા સમયનો જઘન્ય યોગ અનુક્રમે અસંખ્યાતગુણ હોય તે થકી પહેલાદ્વિકનો ઉત્કૃષ્ટ, તે થકી પહેલા દ્વિકના પર્યાપ્તનો જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગ અનુક્રમે અસંખ્યાત ગુણ હોય છે. ॥૫૩॥

**વિવરણ :** કષાય સહિત અને કષાય રહિત યોગ વડે કર્મ ગ્રહણ થાય છે માટે અહીં યોગનું વર્ણન કર્યું છે.

વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી અને ક્ષયથી ઉત્પન્ન થયેલ શકિત તે લબ્ધિવીર્ય કહેવાય. અને તે શક્તિનો વપરાશ તે યોગ કહેવાય. એટલે કે લેશ્યાવંત જીવને યોગ વ્યાપારથી કર્મબંધ થાય છે. માટે તે કરણવીર્ય કહેવાય. ક્ષાયિકભાવવાળા કેવલી જીવને પણ સલેશી વીર્ય તે કર્મબંધનું કારણ બને છે. અને છદ્મસ્થ જીવોને ક્ષયોપશમ ભાવનું વીર્ય હોય છે.

વળી અભિસંધિજ-ઉપયોગપૂર્વકનો વ્યાપાર અને અનભિસંધિજ વીર્ય - અનાયાસે ઉપયોગ વિના પ્રવર્તતો વ્યાપાર એમ બે પ્રકારે છે. દરેક આત્માના આત્મ પ્રદેશો અસંખ્યાતા હોય. તેમાં સૂક્ષ્મ નિગોદ લબ્ધિ અપર્યાપ્તા જીવને પણ દરેક પ્રદેશમાં અસંખ્યાતુ વીર્ય હોય. એટલે અસંખ્ય લોકાકાશ જેટલો વીર્ય વ્યાપાર હોય. છતાં બધા આત્મપ્રદેશોમાં સમાન ન હોય.

કારણકે જ્યાં કાર્યનું નિકટપણું ત્યાં વધારે વીર્યવ્યાપાર હોય અને જ્યાં કાર્યનું દૂરપણું ત્યાં ઓછો વ્યાપાર હોય. જેમ હાથથી વસ્તુ ઉચકીએ તો હાથના ખભાના આત્મપ્રદેશોમાં વીર્યવ્યાપાર વધારે અને પગ વિગેરેમાં ઓછો વ્યાપાર

હોય. આ રીતે બધા આત્મપ્રદેશોમાંના કેટલાકમાં વિષમ અને કેટલાકમાં સમ વ્યાપાર હોય માટે વર્ગણાદિ થાય.

સર્વથી અલ્પ પરસ્પર સમાન વીર્યવ્યાપારવાળા કેટલાક આત્મપ્રદેશોનો સમુહ તે પહેલી જઘન્ય વર્ગણા. એક અધિક વીર્યવાળા આત્મ પ્રદેશોનો સમુહ તેને બીજી વર્ગણા. ઉત્તરોત્તર વર્ગણામાં પરસ્પર સમાન આત્મપ્રદેશો અલ્પ અલ્પ હોય છે.

આ રીતે એકોત્તર વૃદ્ધિવાળી શ્રેણીના અસંખ્યાતમાભાગ જેટલી વર્ગણાઓનો સમુહ તે સ્પર્ધક કહેવાય. પછી અસંખ્ય લોકાકાશ પ્રમાણ અંતર પડે વળી શ્રેણીના અસં. ભાગ જેટલી વર્ગણાનું બીજું સ્પર્ધક બને, આવા શ્રેણીના અસંખ્યાતમા ભાગ જેટલા એક સમયના આત્મપ્રદેશોના વીર્ય વ્યાપારમાંથી સ્પર્ધકો બને. તે સ્પર્ધકોનો સમુહ તેને યોગસ્થાન કહેવાય.

આવા સર્વ જીવ આશ્રયી યોગસ્થાન અસંખ્યાતા બને. નિગોદઆદિમાં અનંતાનંત જીવોને સમાન એક યોગસ્થાનક હોય. પૃથ્વીકાયાદિ, અને ત્રસાદિ જીવોમાં કેટલાકને સમાન વીર્યવ્યાપાર પણ અસંખ્યજીવોને હોય. તેથી યોગસ્થાન અનંતા નહી પરંતુ અસંખ્યાતા છે.

યોગની હાની-વૃદ્ધિ પણ થાય અને એકનું એક યોગ સ્થાનક અમુક સમય સુધી રહે પણ ખરું.

આ અંગે વધારે સ્વરૂપ કર્મપ્રકૃતિ બંધનકરણમાંથી જાણી લેવું. હવે જીવોને વિષે વધારે યોગ કોને હોય અને ઓછો યોગ કોને હોય તે એટલે કે અલ્પબહુત્વ કહે છે.

ઓછી શક્તિવાળાને યોગ વ્યાપાર ઓછો હોય તેથી એકેન્દ્રિયજીવોને સૌથી ઓછો યોગ હોય. એકેન્દ્રિયમાં પણ સૂક્ષ્મ અપર્યાપ્તા જીવોને ઉત્પત્તિના પ્રથમ સમયે સૌથી અલ્પયોગ હોય છે. તેના કરતા બાદર અપર્યાપ્તાનો જઘન્ય યોગ ઉત્પત્તિના પ્રથમ સમયે અસંખ્યાતગુણો હોય છે. સૂક્ષ્મ કરતા બાદરની શક્તિ વધારે છે તેથી આ પ્રમાણે સર્વમાં સમજવું.

# યોગનું વર્ણન

**अपजत्ततसुक्कोसो पज्जजहन्निअरु एव ठिइठाणा ।**

**अपजेअर संखगुणा, परमपजबिए असंखगुणा ॥५४॥**

इयरु - ઉત્કૃષ્ટયોગ ठिइठाणा - સ્થિતિસ્થાનો

**અર્થ** :- તે થકી અપર્યાપ્તા ત્રસનો ઉત્કૃષ્ટ યોગ, પર્યાપ્તા ત્રસનો જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગ સંખ્યાત ગુણ અનુક્રમે હોય છે. એ પ્રકારે (સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવના અનુક્રમે) સ્થિતિના સ્થાનો કહેવા ત્યાં (પૂર્વોક્ત સૂક્ષ્મ બાદર એકેન્દ્રિયાદિ) અપર્યાપ્તા કરતા પર્યાપ્તાના સંખ્યાતગુણ કહેવા પરંતુ અપર્યાપ્તા બેઈન્દ્રિયને વિષે અસંખ્યાત ગુણ કહેવાં ાાપ૪ાા

**વિવરણ** :- આ યોગનું અલ્પબહુત્વ શ્રી ભગવતીજીના ૨૫માં શતકના પહેલા ઉદ્દેશે કહ્યું છે. ત્યાં પર્યાપ્તાના જઘન્યયોગ કરતા અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અધિક કહ્યો છે. બીજા બોલોમાં પણ ક્રમમાં કેટલાક ફેરફાર છે. છતાં અહીં કર્મપ્રકૃતિ આદિના આધારે બતાવેલ છે. તત્વ કેવલીગમ્ય.

કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોમાં યોગના પર્યાયવાચી શબ્દો વીર્ય - ઉત્સાહ- બલ - પરાક્રમ - ચેષ્ટા - શક્તિ - સામર્થ્ય વિગેરે છે.

કેવલી ભગવાનને પણ યોગ વ્યાપાર છે. તેથી જ કર્મબંધ તેર ગુણસ્થાનક સુધી કહ્યો છે. જો કે શક્તિરૂપ વીર્ય કેવલી ભગવાનને અનંતુ છે. પરંતુ પ્રવૃત્તિરૂપ વીર્ય વ્યાપાર દરેક આત્મ પ્રદેશમાં અસંખ્યાતો જાણવો.

આ રીતે સંક્ષેપમાં યોગનું વર્ણન કર્યું.

## યોગનું અલ્પબહુત્વ

| | | | |
|---|---|---|---|
| ૧ | સૂક્ષ્મ અપર્યા.એકે.નો | ઉત્પત્તિના પ્રથમ સમયનો જઘન્ય યોગ | સર્વથીઅલ્પ. |
| ૨ | બાદર અપર્યા.એકેનો | ઉત્પત્તિના પ્રથમ સમયનો જઘન્ય યોગ | અસંખ્યગુણો |
| ૩ | અપર્યા બેઈ. | ઉત્પત્તિના પ્રથમ સમયનો જઘન્ય યોગ | અસંખ્યગુણો |
| ૪ | અપર્યા તેઈ. | ઉત્પત્તિના પ્રથમ સમયનો જઘન્ય યોગ | અસંખ્યગુણો |
| ૫ | અપર્યા ચઉ. | ઉત્પત્તિના પ્રથમ સમયનો જઘન્ય યોગ | અસંખ્યગુણો |
| ૬ | અપર્યા અસંજ્ઞી પંચે | ઉત્પત્તિના પ્રથમ સમયનો જઘન્ય યોગ | અસંખ્યગુણો |

| | | | |
|---|---|---|---|
| ૭ | અપર્યા સંજ્ઞી પંચે. | ઉત્પત્તિના પ્રથમ સમયનો જઘન્ય યોગ | અસંખ્યગુણો |
| ૮ | અપર્યા સૂક્ષ્મ એકે. | અપર્યાપ્તાના ચરમ સમયે ઉત્કૃષ્ટ યોગ | અસંખ્યગુણો |
| ૯ | અપર્યા બાદર એકે. | અપર્યાપ્તાના ચરમ સમયે ઉત્કૃષ્ટ યોગ | અસંખ્યગુણો |
| ૧૦ | પર્યા. સૂક્ષ્મ એકે. | જઘન્ય યોગ | અસંખ્યગુણો |
| ૧૧ | પર્યા બાદર એકે. | જઘન્ય યોગ | અસંખ્યગુણો |
| ૧૨ | પર્યા સૂક્ષ્મ એકે. | ઉત્કૃષ્ટ યોગ | અસંખ્યગુણો |
| ૧૩ | પર્યા બાદર એકે. | ઉત્કૃષ્ટ યોગ | અસંખ્યગુણો |
| ૧૪ | અપર્યા બેઈ. | અપર્યાપ્તાવસ્થાના ચરમસમયનો ઉત્કૃષ્ટયોગ | અસંખ્યગુણો |
| ૧૫ | અપર્યા તેઈ. | અપર્યાપ્તાવસ્થાના ચરમસમયનો ઉત્કૃષ્ટયોગ | અસંખ્યગુણો |
| ૧૬ | અપર્યા ચઉ. | અપર્યાપ્તાવસ્થાના ચરમસમયનો ઉત્કૃષ્ટયોગ | અસંખ્યગુણો |
| ૧૭ | અપર્યા અસંજ્ઞી પંચે | અપર્યાપ્તાવસ્થાના ચરમસમયનો ઉત્કૃષ્ટયોગ | અસંખ્યગુણો |
| ૧૮ | અપર્યા સંજ્ઞી પંચે | અપર્યાપ્તાવસ્થાના ચરમસમયનો ઉત્કૃષ્ટયોગ | અસંખ્યગુણો |
| ૧૯ | પર્યા. બેઈ. | જઘન્યયોગ | અસંખ્યગુણો |
| ૨૦ | પર્યા તેઈ. | જઘન્યયોગ | અસંખ્યગુણો |
| ૨૧ | પર્યા. ચઉ. | જઘન્યયોગ | અસંખ્યગુણો |
| ૨૨ | પર્યા અસંજ્ઞી પંચે. | જઘન્યયોગ | અસંખ્યગુણો |
| ૨૩ | પર્યા સંજ્ઞી પંચે. | જઘન્યયોગ | અસંખ્યગુણો |
| ૨૪ | પર્યા બેઈન્દ્રિય | ઉત્કૃષ્ટયોગ | અસંખ્યગુણો |
| ૨૫ | પર્યા તેઈન્દ્રિય | ઉત્કૃષ્ટયોગ | અસંખ્યગુણો |
| ૨૬ | પર્યા ચઉરિન્દ્રિય | ઉત્કૃષ્ટયોગ | અસંખ્યગુણો |
| ૨૭ | પર્યા અસંજ્ઞી પંચે | ઉત્કૃષ્ટયોગ | અસંખ્યગુણો |
| ૨૮ | પર્યા સંજ્ઞીનો | ઉત્કૃષ્ટયોગ | અસંખ્યગુણો |
| ૨૯ | અનુત્તરવાસી દેવો | ઉત્કૃષ્ટયોગ | અસંખ્યગુણો |
| ૩૦ | ગ્રૈવેયકના દેવો | ઉત્કૃષ્ટયોગ | અસંખ્યગુણો |
| ૩૧ | પર્યા યુગલિક મનુ.તિર્યંચ | ઉત્કૃષ્ટયોગ | અસંખ્યગુણો |
| ૩૨ | આહારકશરીરી | ઉત્કૃષ્ટયોગ | અસંખ્યગુણો |

૩૩ શેષ દેવનારકી તિર્યંચ ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણો
મનુષ્યો (ચારેગતિના સંજ્ઞી)

આ ૨૮ થી ૩૩ સુધીના બોલ તે ૨૮ મા બોલના પેટા ભેદ રૂપ બોલ છે તેમ જણાય છે.

યોગની જેમ ચૌદે જીવભેદે **સ્થિતિસ્થાનકોનું અલ્પબહુત્વ** કહે છે.

સ્થિતિસ્થાનક : સમયે સમયે એકી સાથે બંધાતી સ્થિતિઓનો સમુહ તે સ્થિતિસ્થાનક કહેવાય છે. અને જઘન્યથી ઉત્કૃષ્ટ સુધી બંધાતી સ્થિતિના ભેદોને સ્થિતિસ્થાનકો કહેવાય છે.

(વિવક્ષિત સમયે બંધાતી સ્થિતિનું પ્રમાણ તે સ્થિતિસ્થાન, જઘન્ય સ્થિતિબંધથી માંડીને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધીના જેટલા સમય તેટલા સ્થિતિ સ્થાનો કહેવાય છે. એટલે કે કોઈ અંતર્મુહૂર્તની જઘન્ય સ્થિતિનો બંધ કરે તે ૧લું સ્થિતિસ્થાન, બીજો જીવ સમયાધિક જઘ. સ્થિતિબંધ કરે તે બીજું સ્થિતિ સ્થાન, એમ સમય સમયની વૃદ્ધિએ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધીના જેટલા ભેદ તે બધા સ્થિતિસ્થાનો કહેવાય છે.

અહિ અપર્યાપ્તા પછી પર્યાપ્તાના એકેક થકી સંખ્યાતગુણ સ્થિતિસ્થાનક છે.[૧] અને સર્વ એકે. ના (સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમના અસંખ્યતમા ભાગમાં જેટલા સમયો તેટલા સ્થિતિસ્થાનકો છે અને એક એકથી સંખ્યાતગુણા છે.) પરંતુ એકે. થી અપર્યાપ્તા બેઈન્દ્રિયના અસંખ્યાત ગુણા છે. કારણકે પર્યાપ્તા બાદર એકેન્દ્રિયના સ્થિતિસ્થાનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગના જેટલા સમયો તેટલા છે. અને અપર્યાપ્તા બેઈન્દ્રિયના સ્થિતિસ્થાનો પલ્યોપમના સંખ્યાતમા ભાગના જેટલા સમયો તેટલા છે. પલ્યો. ના અસં. ભાગ કરતાં પલ્યો. સંખ્યાતમો ભાગ અસંખ્ય ગણો મોટો હોય તેથી અપર્યાપ્તા બેઈન્દ્રિયના સ્થિતિસ્થાનો અસંખ્યાત ગુણા છે.)

---

૧. અપર્યાપ્તા કરતાં પર્યાપ્તાના સ્થિતિ સ્થાનકો સંખ્યાત ગુણા છે. તેનું કારણ અપર્યાપ્તાની સંક્લિષ્ટતા અને વિશુદ્ધિ પર્યાપ્તા કરતાં ઓછી હોય. એટલે અપર્યાપ્તાની સંક્લિષ્ટતા અને વિશુદ્ધિ વચ્ચે અંતર ઓછું અને પર્યાપ્તામાં અંતર વધારે માટે સ્થિતિસ્થાનોનું અંતર વધારે તેથી સંખ્યાતગુણ કહ્યાં છે.

તેના કરતા પર્યાપ્તા બેઈન્દ્રિય થી પર્યાપ્તા સંજ્ઞી સુધીનાં સંખ્યાતગુણ સમજવા.

## ૧૪ જીવસ્થાનને વિષે સ્થિતિસ્થાનનું અલ્પબહુત્વનું યંત્ર

| | | |
|---|---|---|
| અપર્યા.સૂક્ષ્મ એકે.ના સ્થિતિસ્થાનો | પલ્યોપમના અસંખ્યા. ભાગના સમયોજેટલા | સર્વથી થોડા |
| અપર્યા બાદર એકે.ના સ્થિતિસ્થાનો | પલ્યોપમના અસંખ્યા. ભાગના સમયોજેટલા | સંખ્યાતગુણા |
| પર્યા. સૂક્ષ્મ એકે.ના સ્થિતિસ્થાનો | પલ્યોપમના અસંખ્યા. ભાગના સમયોજેટલા | સંખ્યાતગુણા |
| પર્યા. બાદર એકે.ના સ્થિતિસ્થાનો | પલ્યોપમના અસંખ્યા. ભાગના સમયોજેટલા | સંખ્યાતગુણા |
| અપર્યા.બેઈન્દ્રિયના સ્થિતિસ્થાનો | પલ્યોપમના સંખ્યાતમાભાગના સમયોજેટલા[1] | અસંખ્યાતગુણા |
| પર્યા.બેઈન્દ્રિયના સ્થિતિસ્થાનો | પલ્યોપમના સંખ્યાતમાભાગના સમયોજેટલા | સંખ્યાતગુણા |
| અપર્યા.તેઈન્દ્રિયના સ્થિતિસ્થાનો | પલ્યોપમના સંખ્યાતમાભાગના સમયોજેટલા | સંખ્યાતગુણા |
| પર્યા.તેઈન્દ્રિયના સ્થિતિસ્થાનો | પલ્યોપમના સંખ્યાતમાભાગના.સમયોજેટલા | સંખ્યાતગુણા |
| અપર્યા.ચઉરિન્દ્રિયના સ્થિતિસ્થાનો | પલ્યોપમના સંખ્યાતમાભાગના સમયોજેટલા | સંખ્યાતગુણા |
| પર્યા.ચઉરિન્દ્રિયના સ્થિતિસ્થાનો | પલ્યોપમના સંખ્યાતમાભાગના સમયોજેટલા | સંખ્યાતગુણા |
| અપર્યા.અસંજ્ઞી પંચે.ના સ્થિતિસ્થાનો | પલ્યોપમના સંખ્યાતમાભાગના સમયોજેટલા | સંખ્યાતગુણા |
| પર્યા.અસંજ્ઞી પંચે.ના સ્થિતિસ્થાનો | પલ્યોપમના સંખ્યાતમાભાગના સમયોજેટલા | સંખ્યાતગુણા |
| અપર્યા.સંજ્ઞી પંચે.ના સ્થિતિસ્થાનો | પલ્યોપમના સંખ્યાતમાભાગના સમયોજેટલા | સંખ્યાતગુણા |
| પર્યા.સંજ્ઞી પંચે.ના સ્થિતિસ્થાનો | અંતર્મુહૂર્ત ન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમના ના સમય જેટલાં | સંખ્યાતગુણા |

જ્ઞાનાવરણીયની અપેક્ષાએ સ્થિતિસ્થાનો લખ્યાં છે.

જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય - અંતરાયની અપેક્ષાએ અંત. જઘન્યસ્થિતિ બંધ હોવાથી અંત. ન્યૂન ૩૦ કોડાકોડીના સમય જેટલાં - નામ - ગોત્રનાં આઠ મુહૂર્ત જઘ. સ્થિતિબંધ હોવાથી આઠમુહૂર્ત ન્યૂન ૨૦ કોડાકોડીના સમય જેટલાં, વેદનીયનાં ૧૨ મુહૂર્ત ન્યૂન ૩૦ કોડાકોડીના સમય જેટલાં અને આયુષ્યમાં અંતર્મુ ન્યુન ૩૩ સાગરોપમના સમય જેટલાં સંજ્ઞીના સ્થિતિ સ્થાનો જાણવાં -

૧ પલ્યો. ના અસં. ભાગ કરતાં પલ્યો. નો સંખ્યાતમો ભાગ અસંખ્યગણો મોટો હોય માટે તેના સમયો પણ અસંખ્ય ગુણ થાય માટે સ્થિતિસ્થાનો અસં. ગુણા.

દરેકમાં જઘન્ય સ્થિતિબંધ તે પ્રથમ સ્થિતિસ્થાન, ઉત્કૃષ્ટ સ્થિતિબંધ તે ચરમ સ્થિતિસ્થાન જાણવું.

## યોગવૃદ્ધિ અને કર્મમાં અધ્યવસાય સંખ્યા

**पइखणमसंखगुणविरिअ, अपजपइठिइम संखलोगसमा ।**

**अज्झवसाया अहिया सत्तसु आउसु असंखगुणा ॥५५॥**

पइखणं - પ્રત્યેક સમયે | अज्झवसाया - અધ્યવસાયો

असंखगुणविरिय - અસંખ્યાતગુણ વીર્યવાળા | अहिया - અધિક

**અર્થ :-** અપર્યાપ્તા જીવો પ્રત્યેક સમયે અસંખ્યાતગુણ વીર્યવાળા હોય અને પ્રત્યેક સ્થિતિબંધે અસંખ્યાતા લોકાકાશના આકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયો હોય છે. સાતકર્મને વિષે તે પ્રત્યેક સ્થિતિના અધ્યવસાયો વિશેષાધિક અને આયુષ્યકર્મને વિષે અસંખ્યાતગુણ હોય ાપપા

**વિવરણ :-** હવે યોગવૃદ્ધિનું સ્વરૂપ કહે છે. અપર્યાપ્તાને પ્રતિ સમયે અસંખ્યાતગણી યોગ વૃદ્ધિ હોય છે. ઉત્પત્તિના પહેલા સમય કરતા બીજા સમયે અસંખ્યાતગણી યોગવૃદ્ધિ હોય છે. તેના કરતા ત્રીજા સમયે અસંખ્યાતગણી વીર્યવૃદ્ધિ એ પ્રમાણે અપર્યાપ્તાના ચરમ સમય સુધી જાણવું. કારણકે અપર્યાપ્તા વસ્થામાં વીર્યાન્તરાયનો ક્ષયોપશમ અને યોગ વ્યાપાર વધતો રહે છે.

**"यदुक्तं - सव्वोवि अपज्जतो पइखणं असंखगुणाए जोगवड़्ढीए वड्ढईति"॥**

### સ્થિતિબંધના અધ્યવસાય :

એક એક સ્થિતિબંધના હેતુભૂત અસંખ્ય લોકાકાશના આકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયસ્થાનો હોય છે. એક સ્થિતિબંધ જુદા જુદા અસંખ્ય અધ્યવસાયોથી બંધાય છે. તેથી દરેક સ્થિતિસ્થાનના અસંખ્યાતા અધ્યવસાયસ્થાનો છે. જેમ જેમ સ્થિતિબંધ વધે તેમ તેમ તેના અધ્યવસાયસ્થાનોની સંખ્યા વિશેષાધિક હોય એટલે કે જઘન્ય સ્થિતિના કારણભૂત જુદા જુદા અસંખ્યાતા અધ્યવસાયો હોય,

ઉત્તરોત્તર સ્થિતિબંધ વધે તે તે સ્થિતિબંધમાં ત્રિકાળવર્તી અનેક જીવની અપેક્ષાએ અધ્યવસાયસ્થાનોની સંખ્યા ઉત્તરોત્તર યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી અધિક અધિક હોય છે. એટલે આયુષ્ય સિવાય સાત કર્મને વિષે વિશેષાધિક હોય છે. પરંતુ આયુષ્યકર્મને વિષે અસંખ્યાતગુણા હોય છે કારણકે આયુષ્યના સ્થિતિસ્થાનો થોડાં છે અને તેમાં તે અધ્યવસાયોનો સમાવેશ થાય છે માટે આયુષ્યની જઘન્યસ્થિતિનાં અસંખ્યાત લોકાકાશના પ્રદેશ જેટલા અધ્યવસાયસ્થાનો અને સમયાધિક બીજી સ્થિતિએ અસંખ્યગુણા એમ ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી અસંખ્ય ગુણા અધ્યવસાયસ્થાનો હોય છે.

સ્થિતિબંધના અધ્યવસાયો એટલે કર્મની સ્થિતિ બાંધવામાં કારણભૂત જે કષાયોના અંશ તે કષાયાંશનું નામ અધ્યવસાય છે.

સર્વસ્થિતિસ્થાનોના કુલ અધ્યવસાયસ્થાનો પણ અસંખ્યાતા છે. અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. પરંતુ એક એક સ્થિતિસ્થાનના અધ્યવસાયસ્થાનો કરતાં સર્વ સ્થિતિસ્થાનોનાં અસંખ્યગુણા છે. તેમ જાણવું.

## પ્રકૃતિઓનો અબંધકાળ

**तिरिनिरयतिजोआणं, नरभवजुअ सचउपल्लतेसट्ठं ।**

**थावरचउइगविगला, - यवेसु पणसीइसयमयरा ॥५६॥**

સચઉપલ્લ - ચાર પલ્યોપમસહિત    अयरा - સાગરોપમ

**અર્થ :-** તિર્યંચત્રિક, નરકત્રિક અને ઉદ્યોત નામકર્મ (એ સાત પ્રકૃતિ) નો મનુષ્યભવો સહિત ચાર પલ્યોપમ અધિક એકસો ત્રેસઠ સાગરોપમ ઉત્કૃષ્ટ અબંધકાળ જાણવો. સ્થાવર ચતુષ્ક, એકેન્દ્રિયજાતિ, વિકલેન્દ્રિય અને આતપ નામકર્મને વિષે મનુષ્યભવ યુક્ત ચાર પલ્યોપમ અધિક એકસો પંચાશી સાગરોપમ ઉત્કૃષ્ટ અબંધકાળ જાણવો. ॥૫૬॥

**વિવરણ :-** હવે ઉત્તર પ્રકૃતિને વિષે અબંધકાળ કહે છે. કોઈ એક પ્રકૃતિ સતત અમુકકાળ સુધી ન બંધાય તેને (તે કાળને) તે પ્રકૃતિનો અબંધકાળ કહીએ.

# પ્રકૃતિઓનો અબંધકાળ

**તિર્યંચત્રિક, નરકત્રિક** અને **ઉદ્યોત** એ સાત પ્રકૃતિનો ઉત્કૃષ્ટ અબંધકાળ પંચેન્દ્રિયને વિષે (પંચેન્દ્રિયપણામાં) છે તે કહે છે : કોઈ ત્રણ પલ્યોપમના આયુષ્યવાળો યુગલિક મનુષ્ય - તિર્યંચ પોતાના ભવમાં ભવ સ્વભાવે આ સાત પ્રકૃતિઓ ન બાંધે. નરક, તિર્યંચમાં ઉપજવાનું નથી માટે, યુગ. માં ભવના છેલ્લા અંતર્મુ. માં સમ્યક્ત્વ પામે ત્યાંથી બીજો ભવ ૧ પલ્યોપમના આયુષ્યવાળા સૌધર્મ દેવલોકમાં થાય. ત્યાં સમ્યક્ત્વ સહિત ગયેલ હોવાથી ગુણ સ્વભાવે આ સાત પ્રકૃતિ ન બાંધે. ત્યાંથી ત્રીજા ભવ મનુષ્યમાં સમ્યક્ત્વ સહિત આવે, ત્યાં ચારિત્ર લઈ ચોથે ભવે ૯ મા ગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમની સ્થિતિવાળો દેવ થાય. ત્યાં ભવસ્વભાવે સાત પ્રકૃતિ ન બાંધે પછી સમક્તિનો કાળ વધી જવાથી દેવમાં ગયા પછી અંતર્મુહૂર્ત પછી મિથ્યાત્વ પામે. અંતે. ક્ષાયો. સમ્યક્ત્વપામી મરીને પાંચમાં ભવે મનુષ્યમાં ઉત્પન્ન થઈ સર્વવિરતિ અથવા દેશવિરતિપણું પાળી વચમાં મનુષ્યના ભવ કરવા પૂર્વક ત્રણ વાર અચ્યુતમાં જાય. ૬૬ સાગરોપમ પૂરા[૧] કરીને મનુષ્યમાં આવે. અંતર્મુહૂર્ત મિશ્રપણું પામે પછી સમ્યક્ત્વ સહિત સર્વવિરતિ પામી બેવાર અનુત્તર વિમાને અથવા ત્રણવાર અચ્યુતે ૬૬ સાગરોપમ સમ્યક્ત્વકાળ ફરીથી પુરે ત્યાં ગુણ સ્વભાવે આ પ્રકૃતિ ન બાંધે. અહીં સમ્યક્ત્વમાંથી મિશ્રે જવાનું કર્મગ્રંથના મતે જાણવું. સિદ્ધાંતમાં સમ્યક્ત્વમાંથી મિશ્રે ન જવાય પરંતુ મિથ્યાત્વમાંથી જવાય એમ કહ્યું છે.[૨]

એ રીતે મનુષ્યના સાતભવ સહિત ચાર પલ્યોપમ અધિક (૩૧+૬૬+૬૬) ૧૬૩ સાગરોપમ સુધી આ ૭ પ્રકૃતિ ન બાંધે.

ચાર પલ્યોપમ સહિત ૧૬૩ સાગરોપમના અબંધકાળ પછી જો જીવ મોક્ષે ન જાય તો અવશ્ય મિથ્યાત્વપણું પામે અને ઉપરની સાત પ્રકૃતિનો બંધ શરૂ થઈ જાય.

---

૧. ક્ષાયોપશમ સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટથી નિરંતરકાળ ૬૬ સાગરોપમથી કંઈક અધિક છે.

૨. **मिच्छता संकंती, अविरुद्धा होइ सम्ममीसेसु ।**

**मीसाओ वा दोसु, सम्मा मिच्छं न उण मीसं ॥** (બૃહત ક.ભા.ગા.૧૧૪)

उक्तं – पलियाइं तिन्निभोगा – वणिंमि भवपच्चयं पलियमेगं।
सोहम्मे सम्मत्तेण, नरभवे सव्वविरईण ॥1॥
मिच्छी भवपच्चयओ, गेविज्जे सागराइँ इगतीसं ।
अंतमुहुत्तूणाइं सम्मत्तं तंमि लहिऊणं ॥2॥
विरयनरभवंतरिओ, अणुत्तरसुरो उ अयरछावट्ठी ।
मिस्सं मुहुत्तूमेगं, फासिय मणुओ पुणो विरओ ॥3॥
छावट्ठी अयराणं, अच्चुयए विरयनरभवंतरिओ ।
तिरिनरयतिगुज्जोयाण, एस कालो अबंधंमि ॥4॥

**સ્થાવર ચતુષ્ક, એકેંદ્રિયજાતિ, વિકલેંદ્રિયત્રિક** અને **આતપ** નામકર્મ એ નવપ્રકૃતિનો ઉત્કૃષ્ટ અબંધકાળ મનુષ્યના ભવો સહિત ૪ પલ્યોપમ સહિત એકસો પંચાશી સાગરોપમ હોય. તે આ પ્રમાણે, કોઈ એક જીવ છટ્ઠી તમઃપ્રભાએ ૨૨ સાગરોપમના આયુષ્યવાળો નારક હોય. છેલ્લા અંતર્મુ. માં ક્ષાયો. સમ્યકત્વપામી મનુષ્ય થઈ સમ્યક્ત્વસહિત ૪-પલ્યોપમના આયુષ્યવાળો સૌધર્મ દેવતા થાય. ત્યાંથી મનુષ્ય થઈ સંયમ પાળી નવમા ગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમની સ્થિતિવાળો દેવ થાય. ત્યાં જઈ અંતર્મુ. પછી મિથ્યાત્વ પામે અંતે સમ્યકત્વ પામી મરીને મનુષ્યભવમાં આવી દેશવિરતિ અથવા સર્વવિરતિ ગ્રહણ કરી મનુષ્યના ભવ કરવા પૂર્વક ત્રણવાર અચ્યુતે જઈ ૬૬ સાગરોપમનો કાળ પુરો કરી મનુષ્યમાં આવે અહીં ક્ષાયોપશમ સમ્યકત્વનો કાળ પૂર્ણ થવાથી અંતર્મુહૂર્ત માટે મિશ્રપણું પામે. અને અંતે સમ્યકત્વ પામી ફરી બીજીવાર બેવાર અનુત્તર વિમાને અથવા ત્રણવાર અચ્યુતે ૬૬ સાગરોપમનો સમ્યક્ત્વનો કાળ પૂર્ણ કરે.

આ રીતે (૨૨-૩૧-૬૬-૬૬) ૧૮૫ સાગરોપમ અને ૪ પલ્યોપમ અને વચ્ચેના મનુષ્યના ભવો સહિતના કાળમાં આ નવ પ્રકૃતિ બંધાય નહી. તેથી તેનો ભવપ્રત્યયે અને સમ્યકત્વ પ્રંત્યયે અબંધકાળ ૧૮૫ સાગરોપમ અને ૪ - પલ્યોપમ કહ્યો છે. સમ્યકત્વાદિ હોય ત્યાં ગુણથી ન બંધાય અને દેવ-નારકીના ભવમાં ભવસ્વભાવે ન બંધાય માટે આ અબંધકાળ સંભવે.

**यदुक्तं - छट्ठीए नेरइ ओ, भवपच्चयओ उ अयरबावीसं ।**

**देसविरओ य भविउं, पलियचउक्कं पढमकप्पे ॥1॥**

**पुव्वुत्ताकालजोगो, पंचासीयं सयं संचउपल्लं ।**

**आयवथावर चउविगल - तिय गएगिंदिअ अबंधो ॥2॥**

અંતે - એટલે છેલ્લા અંતર્મુહૂર્તમાં અને ત્યાં જઈ એટલે તે ભવ પામી અંતર્મુહૂર્ત પછી એમ બધે સમજવું.

**अपढमसंघयणागिइ - खगइ अणमिच्छदुहगथिणतिगं ।**

**निअनपुइत्थि दुतीसं, पणिंदिसु अबंधठिइ परमा ॥૫૭॥**

अबंधट्ठिइ - અબંધસ્થિતિ परमा - ઉત્કૃષ્ટ

**અર્થ** :- પહેલાને વર્જીને સંઘયણ, સંસ્થાન અને અશુભ વિહાયોગતિ, અનંતાનુબંધી કષાય, મિથ્યાત્વ મોહનીય; દુર્ભગત્રિક, થિણદ્ધિત્રિક, નીચગોત્ર, નપુંસકવેદ અને સ્ત્રીવેદ એ (૨૫-પ્રકૃત્તિ) ની અબંધસ્થિતિ નરભવ યુક્ત એકસો બત્રીશ સાગરોપમ જાણવી. એ ૪૧ પ્રકૃતિની ઉત્કૃષ્ટ અબંધસ્થિતિ પંચેન્દ્રિયને વિષે જાણવી ॥૫૭॥

**વિવરણ** :- પહેલું સંઘયણ વર્જી પાંચ સંઘયણ, પહેલું સંસ્થાનવર્જી પાંચ સંસ્થાન, અશુભ વિહાયોગતિ, અનંતાનુબંધિ ચાર કષાય, મિથ્યાત્વ મોહનીય, દુર્ભગ, દુસ્વર, અનાદેય, નિદ્રા-નિદ્રા, પ્રચલા-પ્રચલા, થિણદ્ધિ, નીચગોત્ર, નપુંસકવેદ અને સ્ત્રીવેદ એ ૨૫ પ્રકૃતિનો એકસો બત્રીશ સાગરોપમનો અબંધકાળ હોય તે આ પ્રમાણે : પ્રથમ મનુષ્યભવમાં સમ્યકત્વ પામે. સમ્યકત્વ સહિત દેશવિરતિ અથવા ચારિત્ર પાળી ત્રણ વાર મનુષ્યના ભવસહિત અચ્યુત દેવલોકના ભવ કરે. અહીં સમ્યકત્વ સહિત ગયેલ હોવાથી ગુણસ્વભાવે એ પચ્ચીશ પ્રકૃતિનો બંધ કરે નહિ અને ૬૬ સાગરોપમનો સમ્યકત્વકાળ પૂરી મનુષ્યભવમાં આવે. ક્ષાયોપશમ સમ્યકત્વ નો કાળ પૂર્ણ થવાથી અહીં અંતર્મુહૂર્ત મિશ્રપણું પામે અંતે સમ્યકત્વ પામી ચારિત્ર પાળી બે વાર અનુત્તરના એટલે કે વિજયાદિના અથવા

ત્રણવાર[1] અચ્યુતના ભવ કરી ૬૬ સાગરોપમ ક્ષાયોપશમ સમ્યકત્વનો કાળ પૂરે. એટલે ૧૩૨ સાગરોપમ લગે ગુણસ્વભાવે આ પચ્ચીશ પ્રકૃતિ ન બાંધે.

**यदुक्तं – पणवीसाए अबंधो, उक्कोसो होइ सम्ममीसजुए ।**

**बत्तीसं सयमयरा, दो विजए अच्चुए ति भवा ॥1॥**

પંચેન્દ્રિયને વિષે ૪૧ પ્રકૃતિની અબંધ સ્થિતિ - અબંધકાળ ઉત્કૃષ્ટ આટલો હોય તે ઉપરાંત કાળ રહે તો અવશ્ય તે પ્રકૃતિનો બંધ થાય અથવા અબંધક થઇ મોક્ષે જાય. આ અબંધકાળ પંચેન્દ્રિયની અપેક્ષાએ કહ્યો છે. એકેન્દ્રિયની અપેક્ષાએ નહી. કારણકે આ પ્રકૃતિઓમાં નરક દ્વિક વિગેરે કેટલીક પ્રકૃતિઓ એકે. આદિ બાંધે નહી. અનંતાનુંબંધી આદિ કેટલીક નિરંતર બંધાય અને સ્થાવર નામ આદિ કેટલીક અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પરાવર્તમાને બંધાય માટે આ અબંધકાળ પંચેન્દ્રિયપણાની અપેક્ષાએ કહ્યો છે.

## ગ્રંથકારે નહી કહેલ પ્રકૃતિઓનો અબંધકાળ.

હવે ૭૯ પ્રકૃતિનો અબંધકાળ અન્યગ્રંથોના આધારે કહેવાય છે. પ્રત્યાખ્યાની - ૪, અપ્રત્યાખ્યાની-૪, મનુષ્યત્રિક-૩, ઔદારિકદ્વિક-૨, અને વજ્ર ઋષભનારાચ સંઘયણ-૧, એ ચૌદ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ અબંધકાળ દેશોન પૂર્વક્રોડ વર્ષ છે. દેશોન પૂર્વકોડી લગે સંયમી આ ૧૪ પ્રકૃતિ ન બાંધે અને શેષ ૬૪ પ્રકૃતિઓ :- જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૬, વેદનીય-૨, ગોત્ર-૧, અંતરાય-૫. મોહનીયની ૧૧ : સંજ્વલન-૪, હાસ્યાદિ-૬, પુરુષવેદ નામની ૩૪ તે: પિંડની-૧૫, પ્રત્યેક-૬, ત્રસ-૧૦, સ્થાવર-૩ પ્રકૃતિનો અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ અબંધકાળ છે. અંતર્મુહૂર્તનો અબંધકાળ શ્રેણીની અપેક્ષાએ ઘટે.

આ પ્રકૃતિઓ શ્રેણીમાં ચડે ત્યારે બંધવિચ્છેદસ્થાન પછી ન બંધાય. અને ૧૧ મા ગુણસ્થાનેથી પડે અને બંધયોગ્ય સ્થાન પામે ત્યારે ફરી અંતર્મુહૂર્તમાં

૧. કેટલાક ગ્રંથોમાં પ્રથમ વિજયાદિના ભવ અને બીજીવાર વિજયાદિ અથવા અચ્યુતના ભવ એમ બતાવેલ છે. તેથી બીજીવાર વિજયાદિના બે ભવ કહીએ તો विजयादिषु द्विचरमाः વિજયાદિ દ્વિચરમ અવતારવાળા છે એવો નિયમ ન માને તેમના મતે જણાય છે.

બંધાય છે. માટે ઉત્કૃષ્ટથી અબંધકાળ અંતર્મુહૂર્ત કહેલ છે.

દેવાયુ:નો અબંધકાળ સાધિક ૩૩ સાગરોપમ છે.

### અબંધકાળ પૂરવાનાં સ્થાન અને સતત બંધકાળ

विजयाइसु गेविज्जे, तमाइ दहिसय दुतीस तेसट्ठं ।
पणसीइ सययबंधो, पल्लतिगं सुरविउव्विदुगे ॥58॥

तमाइ – તમ:પ્રભા નારકીમાં

सययबंधो – સતત નિરંતરબંધ

दहिसयदुतीस – એકસોબત્રીશ સાગરોપમ

पल्लतिगं – ત્રણ પલ્યોપમ

**અર્થ** :- વિજયાદિક ને વિષે, ગ્રૈવેયક અને વિજયાદિકને વિષે તેમજ તમ:પ્રભા, ગ્રૈવેયક અને વિજયાદિકને વિષે ગયેલ જીવની ઉત્કૃષ્ટ અબંધસ્થિતિ અનુક્રમે એકસોબત્રીસ, એકસો ત્રેસઠ, અને એકસો પંચાશી સાગરોપમ સહિત મનુષ્યના ભવો હોય. દેવદ્વિક, અને વૈક્રિયદ્વિકનો ત્રણ પલ્યોપમનો નિરંતર બંધ હોય ॥૫૮॥

**વિવરણ** :- ઉત્કૃષ્ટ અબંધકાળ ક્યાં પૂર્ણ થાય છે તે કહે છે :

વિજયાદિકે ૨ વાર અને અચ્યુતે ૩ વાર એમ ૧૩૨ સાગરોપમ. ગ્રૈવેયકે ૧ વાર, પછી વિજયાદિકે ૨ વાર અને અચ્યુતે ૩ વાર એમ ૧૬૩ સાગરોપમ થાય. તમ:પ્રભાએ ૧ વાર, નવમી ગ્રૈવેયકે ૧ વાર, પછી વિજયાદિકે ૨ વાર અને અચ્યુતે ૩ વાર એમ ૧૮૫ સાગરોપમ થાય. વચ્ચે વચ્ચે મનુષ્યના જેટલા ભવ થાય તેટલો કાળ અધિક જાણવો.

### નિરંતર બંધકાળ

અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિનો નિરંતર (સતત) બંધકાળ કહે છે. કોઈ એક પ્રકૃતિ અમુક કાળ સુધી સતત, બંધાય તેને (તેકાળને) **નિરંતર બંધ** કાળ કહેવાય.

દેવદ્વિક અને વૈક્રિયદ્વિક આ ચાર પ્રકૃતિ યુગલીયા અવશ્ય બાંધે માટે તેને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ સુધી બંધાય તેથી એ ચાર પ્રકૃતિઓનો નિરંતર બંધકાળ ત્રણ પલ્યોપમ થાય. દેવદ્વિક અને વૈક્રિયદ્વિક પરાવર્તમાન પ્રકૃતિ હોવાથી જઘન્ય ૧ સમય હોય છે. જઘન્ય સમય તે મિથ્યાત્વ ગુણ. માં એક સમય પછી અધ્યવસાય

અશુભ થાય તો અન્ય ગતિ બાંધે, તે અપેક્ષાએ ઘટે છે.

**समयादसंखकालं, तिरिदुगनीएसु आउ अंतमुहू ।**

**उरलि असंखपरट्टा, सायठिई पुव्वकोडूणा ॥59॥**

असंखपरट्टा - અસંખ્યાત પુદ્‌ગલપરાવર્ત

पुव्वकोडूणा - પૂર્વકોડી વર્ષથી કંઈક ન્યૂન,

सायठिई - શાતાવેદનીયનો સતત બંધકાળ

**અર્થ** :- તિર્યંચદ્વિક અને નીચગોત્રનો સમયથી માંડીને અસંખ્યાતકાળ પર્યંત નિરંતર બંધ હોય, આયુષ્યકર્મનો અંતર્મુહૂર્ત, ઔદારીકશરીરનો અસંખ્યાત પુદ્‌ગલ પરાવર્ત અને સાતાવેદનીયનો કંઈક ન્યૂન પૂર્વ ક્રોડ વર્ષ નિરંતર બંધ હોય ॥૫૯॥

**जलहिसयं पणसीअं, परघुस्सासे पणिंदि तसचउगे ।**

**बत्तीसं सुहविहगइ, पुमसुभगतिगुच्चचउरंसे ॥60॥**

जलहि - સાગરોપમ　　　　चउरंसे - સમચતુરસ્ર સંસ્થાનને વિષે

**અર્થ** :- પરાઘાત ઉચ્છ્‌વાસ નામકર્મ પંચેન્દ્રિય જાતિ તથા ત્રસ ચતુષ્કને વિષે એકસો પંચાશી સાગરોપમ નિરંતર બંધ હોય. શુભવિહાયોગતિ, પુરુષવેદ સૌભાગ્ય ત્રિક (સૌભાગ્ય, સુસ્વર, આદેય) ઉચ્ચગોત્ર, સમચતુરસ્ર, સંસ્થાનને વિષે એકસો બત્રીસ સાગરોપમ સતતબંધની સ્થિતિ હોય ॥૬૦॥

**વિવરણ** :- પરાઘાત, ઉચ્છ્‌વાસ, પંચેન્દ્રિયજાતિ, ત્રસચતુષ્ક એ સાત પ્રકૃતિ એકસો પંચાશી સાગરોપમ સુધી નિરંતર બાંધે, તમઃપ્રભામાં, નવગ્રૈવેયકમાં એકવાર તથા અચ્યુતે ત્રણ વાર અને વિજયાદિકે બે વાર જવા વડે વચ્ચે મનુષ્યના ભવો કરે ત્યારે ૧૮૫ સાગર થાય ત્યાં સુધી નિરંતર ૭ પ્રકૃતિ બાંધે. તે ઉપરાંત ન બાંધે. અહીં પરાઘાત અને ઉચ્છ્‌વાસ એ બે પ્રકૃતિઓ પર્યાપ્તયોગ્ય પ્રકૃતિઓ બંધાય તે વખતે જ અવશ્ય બંધાય છે. અને ૧૮૫ સાગરોપમ કાળ દરમ્યાન દેવ, સમ્યકત્વી મનુષ્ય અને નારક અવશ્ય પર્યાપ્ત યોગ્ય પ્રકૃતિ બાંધે તેથી એ સાત

# પ્રકૃતિઓનો નિરંતરબંધકાળ

પ્રકૃતિ એકસો પંચાશી સાગરોપમ લગે નિરંતર બંધાય.

તથા **શુભવિહાયોગતિ, પુરુષવેદ, સૌભાગ્ય, સુસ્વર-આદેય ઉચ્ચગોત્ર, સમચતુરસ્ર સંસ્થાન** એ સાત પ્રકૃતિ ૧૩૨ સાગરોપમ લગે નિરંતર બાંધે. ત્રણવાર અચ્યુતના, બે વાર વિજયાદિના અને વચ્ચે મનુષ્યના ભવો કરે ત્યારે ૧૩૨ સાગરોપમ થાય ત્યાં લગે નિરંતર ૭ પ્રકૃતિ બાંધે. તે ઉપરાંતકાળ ન બાંધે.

અબંધકાળમાં જણાવ્યા મુજબ - નિરંતર બંધકાળ ૧૮૫ સાગરોપમ અને ૧૩૨ સાગરોપમનો ક્રમ જાણવો. એટલે વિસ્તાર ત્યાંથી જાણવો.

**તિર્યંચદ્વિક અને નીચંગોત્રનો** નિરંતર બંધકાળ જઘન્યથી એક સમય સુધી અને ઉત્કૃષ્ટથી અસંખ્યકાળચક્ર કહ્યો છે તે આ પ્રમાણે : અગ્નિકાય અને વાયુકાય એ બે ભવસ્વભાવથી જ તિર્યંચગતિ પ્રાયોગ્ય જ બંધ કરે છે. અને તે બે એકેન્દ્રિયની કાયસ્થિતિ એટલે કે તેઉકાય અને વાઉકાયમાં વારંવાર ઉપજવાનો (સ્વકાય સ્થિતિનો) કાળ અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી જેટલો છે. એટલે કે અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી સુધી તેઉ-વાઉકાયપણું કાયમ રહે છે. નીચગોત્રનો બંધ તિર્યંચગતિના બંધ સાથે ધ્રુવ-અવશ્ય હોય તેથી નીચગોત્ર પણ સતત તેટલો કાળ બંધાય તેથી એ ૩ પ્રકૃતિનો સતત બંધકાળ અસંખ્યાતો કાળ કહ્યો. આ ત્રણે પ્રકૃતિ પરાવર્તમાન હોવાથી જઘન્યથી ૧ સમય પણ હોય. એક સમય પછી અશુભને બદલે શુભ પરિણામ આવે તો અન્યગતિ બાંધે તે અપેક્ષાએ જાણવો.

**ચાર આયુષ્યનો** બંધ જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી જ હોય માટે તેનો સતત (નિરંતર) બંધકાળ અંતર્મુહૂર્ત છે.

**ઔદારિક શરીર નામ.** સતત અસંખ્યાત પુદગલપરાવર્ત સુધી બંધાય તે કહે છે : અવ્યવહારરાશિમાંથી નીકળી વ્યવહાર રાશિને પ્રાપ્ત થયેલા ત્રસ જીવોને પુનઃ પુનઃ સૂક્ષ્મ. એકેન્દ્રિય[1] અને બાદર એકેન્દ્રિયમાં જઈ ઉત્પન્ન થાય છે.

---

૧. વ્યવહાર રાશિવાળા એકેન્દ્રિયની સ્વકાયસ્થિતિ અસંખ્ય પુદ્ગલ પરાવર્તન છે. અહીં અવ્યવહાર રાશિવાળાના બંધની વિવક્ષા કરી નથી. જો તે વિવક્ષા કરીએ તો નિત્યનિગોદવાળાની અપેક્ષાએ અનાદિઅનંત સતત બંધકાળ ઘટે.

એકેન્દ્રિયના ભવમાં જેટલો સમય રહે તેટલા સમય સુધી તિર્યંચ અને મનુષ્યગતિ પ્રાયોગ્ય બંધ કરે તેની સાથે ઔદારિક શરીરનામ કર્મ બંધાય. એકેન્દ્રિય વગેરે દેવગતિ પ્રાયોગ્ય બંધ ન કરે માટે સતત ઔદારિક શરીર જ બંધાય. આમ અસંખ્ય પુદ્‌ગલપરાવર્તન કાળ સુધી ઔદારિક શરીર નામ. એકેન્દ્રિય જીવ બાંધે. કારણકે એકેન્દ્રિયની સ્વકાયસ્થિતિ ઉત્કૃષ્ટથી તેટલી છે. તેથી ઉત્કૃષ્ટથી ઔદારિક શરીરનો સતત બંધકાળ અસંખ્યાત પુદ્‌ગલ પરાવર્તન થાય. અને જઘન્યથી એક સમય સુધીનો કહ્યો છે. તે અસંજ્ઞી તથા સંજ્ઞી પંચેન્દ્રિય જીવ ૧ સમય પછી પરિણામ બદલાય તો બીજા સમયથી વૈક્રિય શરીર નામકર્મનો બંધ કરે માટે જઘન્યથી એક સમય કહ્યો.

સાતાવેદનીયનો પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો મનુષ્ય આઠ વર્ષની વયે સર્વવિરતિ ગ્રહણ કરી નવમા વર્ષે કેવળજ્ઞાન પામી કેવળીપણે વિચરે ત્યારે તેને કેવળ શાતાવેદનીય કર્મનો જ બંધ સતત રહે બીજી કોઈ કર્મ પ્રકૃતિ તે વખતે બંધાય નહી તેથી શાતાવેદનીયનો સતત બંધ કેવલિપર્યાય આશ્રયી દેશોન (૯ વર્ષ ન્યૂન) પૂર્વક્રોડ વર્ષ જેટલો કહ્યો. શાતાવેદનીય પરાવર્તમાન હોવાથી પ્રમત્ત ગુણઠાણા સુધી ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી તેમજ જઘન્યથી ૧ સમય પણ બંધાય કારણકે એક સમય શાતાવેદનીયનો બંધ કરી પરિણામનો હ્રાસ થાય તો બીજા સમયે અસાતા બાંધે તે અપેક્ષાએ ઘટે.

જન્મ પછી આઠ વર્ષ પછી સંયમના અને દેશવિરતિના પરિણામ આવે અને કેવળજ્ઞાન જન્મ પછી નવ વર્ષ પછી વહેલામાં વહેલુ થાય એમ બન્નેમાં જાણવું.

**असुखगइ जाइ आगिइ, संघयणाहारनिरय जोअदुगं ।**
**थिरसुभजस थावरदस, नपुइत्थीदुजुअलमसायं ॥61॥**
**समयादंतमुहुत्तं, मणुदुगजिणवइर उरलुवंगेसु ।**
**तित्तीसयरा परमो, अंतमुहू लहूवि आउजिणे ॥62॥**

समयादंतमुहुत्तं - સમયથી માંડીને અંતર્મુહૂર્ત પર્યંત

परमो – ઉત્કૃષ્ટ સતતબંધ                    लहूवि - વળી જઘન્ય સતત બંધ

**અર્થ :-** અશુભવિહાયોગતિ, અશુભજાતિ, અશુભસંસ્થાન, અશુભ સંઘયણ, આહારકદ્વિક, નરકદ્વિક, ઉદ્યોતદ્વિક, સ્થિરનામ, શુભનામ, યશનામ, સ્થાવર દશક, નપુંસક વેદ, સ્ત્રીવેદ, બેયુગલ અને અસાતાવેદનીય ॥૬૧॥ એ ૪૧ પ્રકૃતિનો સમયથી માંડીને અંતર્મુહૂર્ત પર્યંત નિરંતર બંધ હોય. મનુષ્યદ્વિક, જિનનામ, વજ્રઋષભનારાચ સંઘયણ અને ઔદારિક અંગોપાંગ નામકર્મને વિષે તેત્રીશ સાગરોપમ ઉત્કૃષ્ટ સતત બંધ હોય તેમજ જઘન્ય નિરંતર બંધ ચાર આયુષ્ય અને જિનનામકર્મને વિષે અંતર્મુહૂર્ત હોય ॥૬૨॥

અશુભવિહાયોગતિ, અશુભજાતિ - એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય, પહેલું વર્જીને પાંચ સંસ્થાન પહેલું વર્જીને પાંચ સંઘયણ, આહારકદ્વિક, નરકદ્વિક, ઉદ્યોત, આતપ, સ્થિર, શુભ, યશનામકર્મ સ્થાવર દશક, નપુસંકવેદ, સ્ત્રીવેદ, હાસ્ય-રતિ, અરતિ-શોક, અશાતાવેદનીય એ ૪૧ પ્રકૃતિનો સમયથી માંડીને અંતર્મુહૂર્ત પર્યંત નિરંતર બંધ હોય, વળી આ અધ્રુવબંધી છે માટે અંતર્મુહૂર્ત પછી અવશ્ય વિરોધી બીજી પ્રકૃતિ બંધાય અથવા બીજી વિરોધી પ્રકૃતિ ન બંધાય તો બંધ વિરામ પામે વળી મિથ્યાત્વે ૧ - સમય બાંધે અને પરિણામ વિશુદ્ધ થાય ત્યારે શુભ પ્રકૃતિનો બંધ કરે ત્યારે જઘન્યથી ૧ સમય ઘટે.

મનુષ્યદ્વિક, જિનનામ,[1] વજ્ર ઋષભનારાચ સંઘયણ અને ઔદારિક અંગોપાંગ એ પાંચ પ્રકૃતિનો તેત્રીસ સાગરોપમ સુધી નિરંતર બંધ રહે, મનુષ્યના ભવમાં સંયમ પાળી અનુત્તર વિમાને જાય ત્યાં આટલો કાળ આ પાંચ પ્રકૃતિ નિરંતર બાંધે.

ચાર આયુષ્ય અને જિનનામ એ પાંચ પ્રકૃતિનો જઘન્યપણે અંતર્મુહૂર્ત બંધકાળ હોય. આયુષ્યનો બંધ અંતર્મુહૂર્ત રહે માટે અંતર્મુહૂર્તનો કાળ ઘટે પણ

---

૧. જિનનામ વિના ચાર પ્રકૃતિ મનુષ્યના ભવમાં આવે એટલે બંધ વિચ્છેદ થાય. પરંતુ જિનનામનો બંધ પૂર્વના અને પછીના મનુષ્ય ભવમાં હોય માટે સાધિક (કંઈક ન્યૂન પૂર્વક્રોડ સહિત) ૩૩ સાગરોપમ કાળ ઘટે.

એક સમય ન ઘટે અને પૂર્વે ત્રીજા ભવે જિનનામ બાંધતો થકો ઉપશમશ્રેણી ચઢે, ત્યાં જિનનામનો અબંધક થઈ પાછો પડે અને અંતર્મુહૂર્તમાં જિનનામ બાંધી વળી પાછો ઉપશમશ્રેણી ચઢી અબંધક થાય ત્યારે અંતર્મુહૂર્ત સુધી જ જિનનામનો બંધ પામે માટે એક સમય જઘન્યથી કાળ ઘટે નહી. આ પાંચ પ્રકૃતિ સિવાય સર્વ પ્રકૃતિ અધ્રુવબંધી હોવાથી જઘન્યથી ૧ સમય બંધાય.

૭૩ અધ્રુવબંધી પ્રકૃતિઓનો નિરંતર બંધ કહ્યો. બાકીની ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિનો નિરંતર બંધકાળ **અભવ્યને અનાદિ અનંત, ભવ્યને અનાદિસાંત અને પતિતને સાદિસાંત** એટલે કે જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્તમાન કાળ ક્હયો છે.

**અબંધકાળ**

(૭) તિર્યંગ-૩, નરક-૩ અને ઉદ્યોતનો - ૧૬૩ સાગરોપમ,૪ પલ્યો., ૭ પૂર્વક્રોડ વર્ષ

(૯) સ્થવરાદિ-૪, કુજાતિ-૪ અને આતપનો-૧૮૫ સાગરોપમ, ૪ પલ્યો. - ૮ પૂર્વક્રોડ વર્ષ

(૨૫) ૫-કુસંઘયણ, ૫-કુસંસ્થાન ૧-મિથ્યાત્વ, ૧-કુખગતિ, ૪-અનંતાનુ દૌર્ભાગ્યાદિ-૩ સ્ત્યાનર્દ્ધિ-૩, ૧ નીચગોત્ર ૧નપુઃવેદ, ૧ સ્ત્રીવેદ } ૧૩૨ સાગરોપમ સહિત ૬ પૂર્વક્રોડ વર્ષ

(૮) અપ્રત્યા-૪, પ્રત્યાખ્યાની ૪ - દેશોન પૂર્વક્રોડ વર્ષ

(૫) ૨ મનુષ્યદ્વિક, ૨-ઔદારિક દ્વિક, ૧લુ સંઘયણ - ૩ પલ્યોપમ

(૧) મનુષ્યાયુષ :- અંતઃ સહિત પૂર્વક્રોડ, ૬ માસ ન્યૂન ૩૩ સાગરોપમ

(૧) દેવાયુષ્ય - સાધિક ૩૩ સાગ.

શેષ ૬૪ પ્રકૃતિઓ : અંતર્મુહૂર્ત કાળ

**નિરંતરબંધ કાળ**

| | | |
|---|---|---|
| (૪) દેવ-૨, વૈક્રિય-૨ | - | ૩ પલ્યોપમ |
| (૩) તિર્યંચ-૨, નીચગોત્ર | - | અસંખ્યકાળચક્ર |

# પ્રકૃતિઓનો નિરંતરબંધકાળ

(૪) આયુષ્ય-૪ - અન્તર્મુહૂર્ત

(૧) ઔદા. શરીર - અસંખ્ય પુદ્ગલ પરાવર્ત

(૧) શાતાવેદનીય - દેશોન પૂર્વક્રોડવર્ષ

(૭) પરાઘાત, ઉચ્છ્વાસ, પંચે. ત્રસ-૪ નો : ૧૮૫ સાગરોપમ, ૪ પલ્યો., ૮ પૂર્વ.ક્રો.વ.

(૭) સુખગતિ, પુ. વેદ, સૌભાગ્યાદિ-૩, ઉચ્ચગો. સમય.-૧૩૨ સાગરોપમ - ૬ પૂર્વક્રોડ વર્ષ

(૪૧) કુખગતિ, કુજાતિ, કુસંઘયણ-૫, કુસંસ્થાન-૫, આહા.૨, નરક-૨, ઉદ્યોત, આતપ, સ્થિર, શુભ-યશ, સ્થાવરાદિ-૧૦, નપું-વેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિ-૪, અશાતાવેદનીય } જઘન્યથી ૧ સમય ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત

(૫) મનુષ્ય-૨ જિનનામ વજ્ર ઋષભ ઔદા ઉપાંગ - ૩૩ સાગરોપમ

(૪૭) ધ્રુવબંધી પ્રકૃતિઓ :- (૧) અભવ્યને - અનાદિ અનંત (૨) ભવ્યને - અનાદિ સાન્ત (૩) પતિતને - સાદિ સાન્ત જ. અંત. ઉ. દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત

## અનુભાગ બંધનું સ્વરૂપ

**तिव्वो असुहसुहाणं संकेसविसोहिओ विवज्जयओ ।**

**मंदरसो गिरिमहिरय, जलरेहासरिस कसाएहिं ॥63॥**

**चउठाणाई असुहो सुहन्नहा विग्धदेस आवरणा ।**

**पुमसंजलणिगदुतिचउ - ठाणरसा सेस दुगमाइ ॥64॥**

तिव्वो - तीव्રરસ कसाएहिं - કષાયો વડે

संकेसविसोहिओ - સંકલેશ અને વિશુદ્ધિ વડે चउठाणाई - ચતુઃ સ્થાનાદિ ચારઠાણિયો વગેરે मंदरसो - મંદરસ दुगमाइ - બેઠાણિયા વિગેરે રસ

गिरिमहिरयजलरेहा - પર્વત, પૃથ્વી, રેતી અને પાણીને વિષે રેખા

**અર્થ** :- અશુભ અને શુભ પ્રકૃતિનો તીવ્રરસ અનુક્રમે સંકલેશ અને વિશુદ્ધિ વડે બંધાય છે. મંદરસ વિપરીતપણાવડે બંધાય છે. પર્વત, પૃથ્વી, રેતી અને પાણીને વિષે કરેલ રેખા સમાન કષાયો વડે અશુભ પ્રકૃતિનો ચારઠાણીયો વગેરે રસ થાય અને શુભ પ્રકૃતિનો વિપરીતપણે ચતુઃસ્થાનાદિ રસ થાય, પાંચ અંતરાય, દેશ-આવરણ કરનારી સાત પ્રકૃતિ, પુરુષવેદ અને સંજ્વલન ૪ કષાયો (એ સત્તર પ્રકૃતિ) એક ઠાણિયા, બે ઠાણિયા, ત્રણ ઠાણિયા અને ચારઠાણિયા (રસવાળી) રસયુક્ત બંધાય છે. બાકીની પ્રકૃતિઓ બે ઠાણિયા વગેરે ત્રણ પ્રકારના રસ યુક્ત બંધાય છે ॥૬૪॥

**વિવરણ** :- હવે અનુભાગબંધનું સ્વરૂપ કહે છે. રાગાદિકને વશ થયેલો જીવ સિદ્ધને અનંતમે ભાગે અને અભવ્યથી અનંતગુણા પરમાણુવાળા કર્મ સ્કંધના દલિયા પ્રતિ સમયે ગ્રહણ કરે છે. તે પ્રત્યેક કર્મ દલિયાને વિષે પરમાણુ દીઠ કષાય સહિત લેશ્યાના પરિણામથી સર્વ જીવ કરતાં અનંતગણા રસના અવિભાગ પલિચ્છેદ ઉત્પન્ન થાય છે. આ વિભાગ પલિચ્છેદ જે કેવળીની બુદ્ધિએ છેદીએ તો પણ બે ભાગ ન થાય તેને અવિભાગ પલિચ્છેદ કહેવાય છે.

જીવે સમયે સમયે ગ્રહણ કરેલા કર્મસ્કંધોમાં જે રસ બંધાય છે. તેમાં વર્ગણા સ્પર્ધક અને રસસ્થાન બને છે તે આ પ્રમાણે :-

**વર્ગણા** : સમાન રસાંસવાળા કર્મ પરમાણુઓનો સમુદાય તેને વર્ગણા કહેવાય. એક સમયે ગ્રહણ કરેલા કર્મ પરમાણુઓમાં સર્વથી અલ્પ પરસ્પર સમાન અને સર્વજીવ કરતાં અનંતગુણ રસાંશવાળા કર્મપરમાણુઓનો સમુદાય તે પહેલા સ્પર્ધકની પહેલી જઘન્ય વર્ગણા. તેનાથી એક અધિક રસાંશવાળા પરમાણુઓનો સમુદાય તે બીજી વર્ગણા, તેનાથી એક અધિક રસાંશવાળા પરમાણુઓનો સમુદાય તે ત્રીજી વર્ગણા, આમ એકોત્તર રસવૃદ્ધિવાળી અભવ્યથી અનંતગુણ જેટલી વર્ગણાઓ બને છે. તેનો સમુદાય તેને **સ્પર્ધક** કહેવાય છે. હવે આગળ એક રસાંશ અધિક એવા કર્મપ્રદેશો વિવક્ષિત સમયે જીવ વડે ગ્રહણ કરાયેલા કોઈપણ કર્મસ્કંધમાં નથી તેમજ ૨ અધિક રસાંશ, ૩ અધિક રસાંશ

ઈત્યાદિ અધિકતા વાળા કર્મ પ્રદેશો હોતા નથી પરંતુ સર્વજીવ કરતાં અનંતગુણ અધિક રસાંશવાળા કર્મપ્રદેશો હોઈ શકે છે. આમ પહેલા સ્પર્ધકની છેલ્લી વર્ગણા કરતાં બીજા સ્પર્ધકની પહેલી વર્ગણામાં સર્વ જીવ કરતાં અનંતગુણ અધિક રસ હોય છે.

આ રીતે પરસ્પર સમાન અને સર્વ જીવ કરતાં અનંત ગુણ અધિક રસવાળા કર્મ પરમાણુઓનો સમુદાય તેને બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા[૧] કહેવાય એક અધિક રસાંસવાળા કર્મ પરમાણુઓનો સમુદાય તે બીજી વર્ગણા. આ રીતે એકોત્તેર વૃદ્ધિવાળી અભવ્યથી અનંતગુણ, સિદ્ધના અનંતમા ભાગ જેટલી વર્ગણાઓનો સમુદાય તેને બીજું સ્પર્ધક કહેવાય છે. આ પ્રમાણે એક સ્પર્ધક અને બીજા સ્પર્ધકની વચ્ચે સર્વ જીવ કરતાં અનંતગુણ જેટલુ અંતર હોય છે.

**રસસ્થાન :** એક સમયમાં ગ્રહણ કરેલા કર્મ પરમાણુઓના રસની અપેક્ષાએ બનેલા અભવ્યથી અનંતગુણ અથવા સર્વ સિદ્ધથી અનંતમા ભાગના સ્પર્ધકોનો સમુહ તેને **રસસ્થાન** કહેવાય છે.

જીવ સમયે સમયે એક એક રસસ્થાન બાંધે છે એટલે કે એક સમયે ગ્રહણ કરેલા કર્મ પરમાણુઓમાંથી એક એક રસસ્થાન બને છે. કષાય સહિત લેશ્યા તે રસબંધનું મુખ્ય કારણ છે.

**રસબંધ :** કષાય સહિત લેશ્યાના પરિણામ વડે એક એક પ્રકૃતિમાં સર્વ જીવ કરતાં અનંતગુણ રસ ઉત્પન્ન થાય તેને રસબંધ કહેવાય છે.

આવા રસસ્થાનો સર્વજીવની અપેક્ષાએ અસંખ્યાતા એટલે અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે.

જીવ કષાયના ઉદયવાળો હોય ત્યાં સુધી એટલે દશમા ગુણસ્થાનક સુધી સમયે સમયે એક એક રસસ્થાન બાંધે છે.

---

૧. દરેક સ્પર્ધકની નીચેની વર્ગણા કરતાં ઉપરની વર્ગણાઓમાં સમાન રસાંસવાળા પરમાણુઓ વિશેષહીન વિશેષહીન હોય છે. એટલે કે સર્વથી અલ્પરસવાળા કર્મ પરમાણુઓની પ્રથમ વર્ગણા કરતાં બીજી વર્ગણામાં પરમાણુઓ વિશેષ હીન હોય છે એમ ઉત્તરોત્તર સમજવું.

એક સમયે એક રસસ્થાન બંધાય છે.

જીવો અનંતા હોવા છતાં અસંખ્યાતા રસસ્થાનો છે. તેનું કારણ સ્થાવરજીવોમાં અનંતા અનંતા જીવો સમાન - સરખું રસસ્થાન બાંધતા હોય છે. અને ત્રસમાં પણ એક એક રસસ્થાન અસંખ્ય અસંખ્યજીવો બાંધતા હોય છે.

**निंबुच्छुरसो सहजो दुतिचउभागकढिइक्कभागंतो ।**

**इगठाणाई असुहो, असुहाण सुहो सुहाणं तु ॥65॥**

**શબ્દાર્થ**

निंबुच्छुरसो - લીંબડાનો રસ અને શેરડીનો રસ

इक्कभागंतो - એક ભાગ બાકી રહે તે

सहजो - સ્વાભાવિક રસ　　　असुहाण - અશુભ પ્રકૃતિનો

दुतिचउभागकढि - બે-ત્રણ ચાર ભાગે ઉકાળેલો

सुह - શુભ રસ　　　सुहाणं - શુભ પ્રકૃતિનો

**અર્થ** :- લીંબડા અને શેરડીનો સ્વાભાવિક રસ તથા બે-ત્રણ અને ચાર ભાગે ઉકાળેલો એક ભાગ રહે તે અશુભ પ્રકૃતિનો એક ઠાણિયો વગેરે અશુભ રસ અને શુભ પ્રકૃતિનો શુભ રસ જાણવો. ॥૬૫॥

**વિવરણ** :- અશુભ પ્રકૃતિઓનો રસ લીંમડા જેવો કડવો દુઃખ આપનાર અશુભ અને શુભપ્રકૃતિઓનો રસ શેરડીના રસની જેમ સુખ આપનાર શુભ કહેવાય છે.

હવે અશુભ પ્રકૃતિ અને શુભ પ્રકૃતિનો એક ઠાણિયાદિક રસ ઉપર દૃષ્ટાંત કહે છે. જેમ લિંમડાનો અશુભ અને શેરડીનો શુભ રસ તે સહજ હોય છે. તેને **એક ઠાણિયો** કહેવાય છે. તેના બે ભાગ કલ્પી એક ભાગ ઉકાળીને એક ભાગ બાકી રહે તેને **બે ઠાણિયો** રસ કહેવાય. ત્રણભાગ કલ્પી બે ભાગ ઉકાળી અને એક ભાગ બાકી રહે તે **ત્રણ ઠાણિયો** રસ કહેવાય અને ચાર ભાગ કલ્પી ત્રણ ભાગ ઉકાળી એક ભાગ બાકી રહે તે **ચાર ઠાણિયો** રસ કહેવાય. આ પ્રમાણે

# અનુભાગબંધનું સ્વરૂપ

એક ઠાણિયા વગેરે અશુભ પ્રકૃતિઓનો અશુભ રસ હોય છે અને શુભ પ્રકૃતિઓનો શુભ રસ હોય છે.

એક ઠાણિયા રસ કરતાં અનંતગુણ વીર્ય (પાવર) વાળો બે ઠાણિયો રસ હોય, બે ઠાણિયા કરતાં ત્રણ ઠાણિયો અને ત્રણ ઠાણિયા કરતાં ચાર ઠાણિયો રસ પણ અનંતગુણ વીર્ય (પાવર) વાળો જાણવો.

## ઘાતીપ્રકૃતિઓનો

પાપપ્રકૃતિનો ચાર ઠાણિયો રસ સર્વઘાતી હોય

પાપપ્રકૃતિનો ત્રણ ઠાણિયો રસ સર્વઘાતી હોય

પાપપ્રકૃતિનો બે ઠાણિયો ઉત્કૃષ્ટ રસ સર્વઘાતી હોય

પાપપ્રકૃતિનો બે ઠાણિયો મધ્યમ રસ સર્વઘાતી હોય

પાપપ્રકૃતિનો બે ઠાણિયો જઘન્યરસ દેશઘાતિ હોય

પાપપ્રકૃતિનો એક ઠાણિયો રસ દેશઘાતિ હોય.

કેવળજ્ઞાનાવરણ અને કેવળદર્શનાવરણ પાપ પ્રકૃતિ છે. તો પણ તેનો એક ઠાણિયો રસ ન હોય કારણકે સર્વઘાતી છે. તેનો જઘન્યથી બે ઠાણિયો રસ બંધાય.

અશુભ ૮૨ પ્રકૃતિનો તીવ્રરસ સંક્લિષ્ટતાથી બંધાય છે એટલે કે જેમ કષાય વધે તેમ રસ વધે અને કષાય ઘટે તેમ રસબંધ ઘટે છે. શુભ ૪૨ પ્રકૃતિનો તીવ્રરસ વિશુદ્ધિથી બંધાય છે એટલે કે જેમ કષાય વધે તેમ રસ ઘટે અને કષાય ઘટે તેમ રસબંધ વધે છે. અશુભ પ્રકૃતિનો મંદરસ વિશુદ્ધિથી અને શુભપ્રકૃતિનો મંદરસ સંક્લિષ્ટતાથી બંધાય છે.

## કયા કષાયથી કયો રસ બંધાય તે કહે છે.

અશુભપ્રકૃતિનો તીવ્રરસ પર્વતની રેખા સમાન અનંતાનુબંધીકષાયે કરી ચારઠાણીયો રસ બંધાય. પૃથ્વીની રેખા સમાન અપ્રત્યાખ્યાનીય કષાયે કરી ત્રણ ઠાણીયો રસ બંધાય રેતીની રેખા સમાન પ્રત્યાખ્યાનીય કષાયે કરી બે ઠાણીયો રસ બંધાય અને પાણીની રેખા સમાન સંજ્વલન કષાયે કરી સત્તર પ્રકૃતિનો એક

ઠાણીયો રસ બંધાય છે.

શુભપ્રકૃતિનો રસબંધ તેનાથી વિપરિત તે આ પ્રમાણે :- પાણીની રેખા અને રેતીની રેખા સમાન સંજ્વલન અને પ્રત્યાખ્યાનીય કષાયે કરી શુભ પ્રકૃતિનો ચાર ઠાણીયો રસ બંધાય. પૃથ્વીની રેખા સમાન અપ્રત્યાખ્યાનીય કષાયે કરી ત્રણ ઠાણીયો રસ બંધાય અને પર્વતની રેખા સમાન અનંતાનુબંધી કષાયે કરી બે ઠાણિયો રસ બંધાય, એક ઠાણિયો રસ શુભ પ્રકૃતિનો હોતો નથી. કારણકે તે સંક્લિષ્ટ પરિણામ વખતે ખાસ શુભ પ્રકૃતિઓ બંધાતી નથી. અને જે બંધાય છે તેનો તથાસ્વભાવે એક ઠાણીયો રસ બંધાતો નથી.

હવે કેટલી પ્રકૃતિનો કેટલો રસ બંધાય તે કહે છે .

પાંચ અંતરાય, દેશઘાતી આવરણ કરનારી સાત પ્રકૃતિ એટલે કેવળદ્વિક વર્જીને ચાર જ્ઞાનાવરણીય અને ત્રણ દર્શનાવરણીય. પુરુષવેદ અને સંજ્વલન ચાર કષાય આ સત્તર પ્રકૃત્તિનો એક ઠાણિયો, બે ઠાણિયો ત્રણ ઠાણિયો અને ચાર ઠાણિયો એમ ચારે પ્રકારના રસયુક્ત બંધાય છે.

આ સત્તર પ્રકૃતિનો એક ઠાણિયો રસ અનિવૃત્તિ બાદર ગુણઠાણાના સંખ્યાતા ભાગ ગયા પછી બંધાય છે. બાકીની ૧૦૩ પ્રકૃતિનો બે ઠાણિયો, ત્રણ ઠાણિયો અને ચાર ઠાણિયો રસ બંધાય, પણ એક ઠાણિયો રસ બંધાય નહિ. કારણકે અશુભ પ્રકૃતિનો એક ઠાણિયો રસ અનિવૃત્તિબાદર ગુણઠાણાના સંખ્યાતા ભાગ પછી જ હોય છે. માટે ત્યાં ન બંધાતી હોવાથી ૬૫ અશુભ પ્રકૃતિનો એક ઠાણિયો રસ ન બંધાય અને જે કેવળજ્ઞાનાવરણીય અને કેવલદર્શનાવરણીય એ બે અશુભ પ્રકૃતિ ત્યાં બંધાય છે પણ આ બે પ્રકૃતિ તો સર્વઘાતી છે. માટે તથાસ્વભાવે આ પ્રકૃતિઓનો એક ઠાણિયો રસ બંધાય નહિ. બે ઠાણિયો જ બંધાય અને શુભ પ્રકૃતિઓનો તો એક ઠાણિયો રસ હોય જ નહિ. કારણકે અતિવિશુદ્ધિએ વર્તતો હોય ત્યારે શુભ પ્રકૃતિનો ચાર ઠાણિયો રસબાંધે અને જો અતિ સંક્લિષ્ટ થાય તો શુભ પ્રકૃતિનો બંધ ન કરે તેથી તત્ પ્રાયોગ્ય સંક્લિષ્ટ થાય ત્યારે બે ઠાણિયો રસ બંધાય, શુભનો સ્વભાવ જ એવો છે તેથી એક ઠાણિયો રસ બંધાય નહિ.

# અનુભાગબંધનું સ્વરૂપ

ગા. ૬૩-૬૪માં જણાવ્યા મુજબ અનંતા. કષાય વડે પાપ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બંધ થાય તેમ કહેલ હોવા છતાં મિથ્યાત્વ ગુણ. માં વર્તતો જીવ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરતી વખતે કરણકાળ પૂર્વે અંતર્મુહૂર્ત માં પાપ પ્રકૃતિઓનો ચાર ઠાણીયા ને બદલે બે ઠાણીયો રસ બાંધે એમ કહેલ છે. તેથી ગા. ૬૩-૬૪ નો ભાવાર્થ પરાવર્તમાન પ્રકૃતિઓની અપેક્ષાએ જાણવો. વળી તીવ્ર અનં. કષાય વડે ચાર ઠાણીયો રસ બંધાય અને મધ્યમ કે મંદ હોય તો ત્રણ ઠાણીયો બે ઠાણીયો પણ બંધાય તેથી કયા કષાયથી કઈ કઈ પ્રકૃતિઓ નો કયો રસ બંધાય તે આ પ્રમાણે.

| કષાય | પાપપ્રકૃતિ | પુણ્યપ્રકૃતિ |
|---|---|---|
| તીવ્ર અનંતાનુબંધી વડે | ચાર ઠાણીયો | બે ઠાણીયો |
| મધ્યમ અનંતાનુબંધી " | ત્રણ ઠાણીયો | ત્રણ ઠાણીયો |
| મંદ અનંતાનુબંધી " | બે ઠાણીયો | ચાર ઠાણીયો |
| તીવ્ર અપ્રત્યા. " | ત્રણ ઠાણીયો | બે ઠાણીયો |
| મધ્યમ અપ્રત્યા. " | ત્રણ ઠાણીયો | ત્રણ ઠાણીયો |
| મંદ અપ્રત્યા. " | બે ઠાણીયો | ચાર ઠાણીયો |
| તીવ્ર પ્રત્યા. " | બે ઠાણીયો | ત્રણ ઠાણીયો |
| મધ્યમ પ્રત્યા. " | બે ઠાણીયો | ત્રણ ઠાણીયો |
| મંદ પ્રત્યા. " | બે ઠાણીયો | ચાર ઠાણીયો |
| તીવ્ર સંજ્વલન " | બે ઠાણીયો | ચાર ઠાણીયો |
| મધ્યમ સંજ્વલન " | બે ઠાણીયો | ચાર ઠાણીયો |
| મંદ સંજ્વલન | (સત્તર પ્રકૃતિઓનો) એક ઠાણીયો | ચાર ઠાણીયો |

કેવળજ્ઞાન. કેવ. દર્શ. નો બેઠાણીયો

### ગુણ. ને વિષે રસ બંધ

| ગુણસ્થાનક | પાપનો | પુણ્યનો |
|---|---|---|
| ૧-૨ ગુણ. | ૨-૩-૪ ઠાણીયો | ૨-૩-૪ ઠાણીયો |

| | | |
|---|---|---|
| ૩-૪ ગુણ. | ૨-૩ ઠાણીયો | ૨-૩-૪ ઠાણીયો |
| ૫ થી ૮ ગુણ. | ૨ ઠાણીયો | ૩-૪ ઠાણીયો |
| ૯ મા ગુણ. | ૨-૧ ઠાણીયો | ૪ ઠાણીયો |
| ૧૦ મા ગુણ. | ૨-૧ ઠાણીયો | ૪ ઠાણીયો |

## ઉત્કૃષ્ટ રસબંધના સ્વામી

**तिव्वमिगथावरायव, सुरमिच्छा विगल सुहुम निरयतिगं ।**

**तिरिमणुआउ तिरिनरा, तिरिदुग छेवट्ठ सुर निरया ॥66॥**

तिव्वं - ઉત્કૃષ્ટ અનુભાગ          सुरमिच्छा - મિથ્યાદષ્ટિ દેવતા

**અર્થ :-** એકેંદ્રિય જાતિ, સ્થાવરનામ અને આતપ નામકર્મનો ઉત્કૃષ્ટ રસબંધ. મિથ્યાદષ્ટિ દેવતા કરે. વિકલેંદ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક, નરકત્રિક, તિર્યંચાયુ અને મનુષ્યાયુ (એ અગ્યાર) નો ઉત્કૃષ્ટ રસબંધ મિથ્યાત્વી તિર્યંચ અને મનુષ્યો કરે, તિર્યંચદ્વિક અને છેવઠ્ઠા સંઘયણનો ઉત્કૃષ્ટ રસબંધ દેવતા અથવા નારકી કરે ॥૬૬॥

**વિવરણ :- એકેંદ્રિય જાતિ, સ્થાવરનામ** નો ઈશાન સુધીના મિથ્યાત્વી દેવતા તીવ્રરસ બાંધે છે. ઈશાનથી ઉપરના દેવો એકેન્દ્રિય, સ્થાવરનામ બાંધે નહિ. નારકી પણ એકેન્દ્રિય જાતિ બાંધે નહિ. એકેન્દ્રિય અને સ્થાવર એ અશુભ પ્રકૃતિ છે તેનો ઉત્કૃષ્ટ રસ સંક્લિષ્ટતાથી બંધાય છે. મનુષ્ય અને તિર્યંચ અતિ સંક્લિષ્ટ થાય તો નરકગતિ પ્રાયોગ્ય બંધ કરે અને થોડા સંક્લિષ્ટ હોય ત્યારે એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરે પરંતુ ઉત્કૃષ્ટ રસ ન બંધાય. માટે દેવતા જ્યારે અતિ સંક્લિષ્ટ થાય ત્યારે એકેન્દ્રિય અને સ્થાવરનો ઉત્કૃષ્ટ રસ બાંધે છે.

**આતપ નામ** કર્મએ શુભ પ્રકૃતિ છે. તેનો ઉત્કૃષ્ટ રસ વિશુદ્ધિથી બંધાય છે. એકેન્દ્રિયની સાથે આતપ નામ કર્મ બંધાય છે. તેથી નરક તો આ પ્રકૃતિ બાંધે નહિ. મનુષ્ય તિર્યંચ અને ઈશાન સુધીના દેવ આતપને બાંધવા તદ્યોગ્ય વિશુદ્ધ પરિણામ વાળો થાય ત્યારે આ પ્રકૃતિ ઉત્કૃષ્ટ રસથી બાંધે.

# અનુભાગબંધના સ્વામી

**વિકલેન્દ્રિયત્રિક સૂક્ષ્મત્રિક** અને **નરકઆયુષ્ય** આ સાત પ્રકૃતિ અશુભ છે તેથી ઉત્કૃષ્ટ રસ સંક્લિષ્ટતાથી બંધાય છે. દેવ અને નરક આ પ્રકૃતિ ભવપ્રત્યયે બાંધે જ નહિ. તેથી તેના બંધક મનુષ્ય અને તિર્યંચ છે. મનુષ્ય અને તિર્યંચ અતિ સંક્લિષ્ટ થાય તો નરકગતિ પ્રાયોગ્ય બંધ કરે તેથી તેને યોગ્ય સંક્લિષ્ટ પરિણામ વાળો થાય ત્યારે આ સાત પ્રકૃતિનો ઉત્કૃષ્ટ રસ બાંધે છે.

**નરકદ્વિક** એ અશુભ પ્રકૃતિ છે. તેથી તેનો ઉત્કૃષ્ટ રસ સંક્લિષ્ટતાથી બંધાય છે દેવ અને નારક આ પ્રકૃતિ ભવસ્વભાવે બાંધે જ નહિ. તેથી તેના બંધક મિથ્યાત્વી મનુષ્ય અને તિર્યંચ હોય. તેઓ અતિ સંક્લિષ્ટ થાય ત્યારે આ પ્રકૃતિ ઉત્કૃષ્ટ રસથી બાંધે છે.

**તિર્યંચાયુ** અને **મનુષ્યાયુ** એ શુભ પ્રકૃતિ છે. તેથી ઉત્કૃષ્ટરસ વિશુદ્ધિથી બંધાય, દેવો ૩ પલ્યોપમનું તિર્યંચ અને મનુષ્યનું ઉત્કૃષ્ટ રસવાળુ આયુષ્ય બાંધે નહિ તેથી તેના બંધના સ્વામી મનુષ્ય અને તિર્યંચ છે. વળી બહુ વિશુદ્ધિથી આયુષ્ય બંધાય નહી માટે તદ્યોગ્ય વિશુદ્ધ મિથ્યા. મનુષ્ય-તિર્યંચ તેના ઉત્કૃષ્ટ રસના બંધક છે.

**તિર્યંચદ્વિક** એ અશુભ પ્રકૃતિ છે તેથી ઉત્કૃષ્ટ રસ સંક્લિષ્ટતાથી બંધાય, મનુષ્ય અને તિર્યંચ અતિ સંક્લિષ્ટ થાય તો નરકદ્વિક બાંધે તેથી તેના બંધક અતિ સંક્લિષ્ટ સહસ્રાર સુધીના દેવો અને નારકો છે. સહસ્રાર થી ઉપરનાં દેવો મનુષ્ય ગતિ પ્રાયોગ્ય જ બંધ કરે છે. અને **છેવટ્ઠુ સંઘયણ** નો ઉત્કૃષ્ટરસ પણ સંક્લિષ્ટતાથી હોય છે. ઈશાન સુધીના દેવો અતિ સંક્લિષ્ટ થાય તો એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરે ત્યારે છેવટ્ઠું સંઘયણનો બંધ કરે નહિ માટે તેના બંધના સ્વામી અતિ સંક્લિષ્ટ સનત્થી સહસ્રારસુધીના દેવો અને નારકો છે.

**विउविसुराहारदुगं सुखगइवन्नचेउतेअ जिणसायं ।**
**समचउ परघा तसदस, पणिंदि सासुच्च खवगा उ ॥67॥**

खवगा उ - (સૂક્ષ્મસંપરાય અને અપૂર્વકરણ ગુણઠાણાવાળા)

**અર્થ :-** વૈક્રિયદ્વિક, સુરદ્વિક, આહારકદ્વિક, શુભ વિહાયોગતિ, વર્ણચતુષ્ક,

તૈજસ[1] ચતુષ્ક, જિનનામ, સાતા વેદનીય, સમચતુરસ્રસંસ્થાન, પરાઘાતનામ, ત્રસદશક, પંચેન્દ્રિયજાતિ, ઉચ્છ્વાસનામ અને ઉચ્ચગોત્ર એ બત્રીસ પ્રકૃતિ નો ઉત્કૃષ્ટ રસબંધ (સૂક્ષ્મસંપરાય અને અપૂર્વકરણ ગુણઠાણાવાળા) ક્ષપક કરે ॥૬૭॥

**વિવરણ :-** આ બત્રીસ પ્રકૃતિ શુભ છે. તેથી તેનો ઉત્કૃષ્ટરસ વિશુદ્ધિથી બંધાય આ બત્રીસ પ્રકૃતિમાંથી યશનામ ઉચ્ચગોત્ર અને શાતાવેદનીય સિવાયની ૨૯ પ્રકૃતિના અતિ વિશુદ્ધ ક્ષપક અપૂર્વકરણ સ્વબંધ વિચ્છેદ સમયે ઉત્કૃષ્ટ રસ બાંધે કારણકે શુભપ્રકૃતિ હોવાથી વિશુદ્ધ પરિણામવાળા જીવ જાણવા. આઠમા ગુણઠાણે ક્ષપક અને ઉપશામક એમ બન્ને પ્રકારના જીવો હોય છે. તેમાં ઉપશામક કરતાં ક્ષપકને વિશુદ્ધિ વધારે હોય છે. અપૂર્વકરણમાં પણ પ્રતિસમયે અનંતગુણી વિશુદ્ધિ હોય તેથી પોતાના બંધના વિચ્છેદ સમયે સૌથી વધારે વિશુદ્ધિ હોય છે એટલે કે આ ૨૯ પ્રકૃતિનો ઉત્કૃષ્ટરસ આઠમાના છઠ્ઠા ભાગે હોય છે. શેષ ૩ ઉચ્ચગોત્ર, યશ અને શાતાવેદનીયનો ઉત્કૃષ્ટ રસ સૂક્ષ્મસંપરાયના ચરમ સમયે ક્ષપકને હોય છે.

**तमतमगा उज्जोअं सम्मसुरा मणुअउरलदुगवइरं ।**

**अपमत्तो अमराउं, चउगइ मिच्छा उ सेसाणं ॥68॥**

तमतमगा - તમસ્તમઃ પ્રભાનરકના જીવો.

सम्मसुरा - સમ્યગ્દૃષ્ટિ દેવ　　　　अमराउं - દેવાયુઃને

**અર્થ :-** તમસ્તમઃ પ્રભા નરકનાજીવો ઉદ્યોત નામકર્મને ઉત્કૃષ્ટ રસ બાંધે, સમ્યગ્દૃષ્ટિ દેવ મનુષ્યદ્વિક ઔદારિકદ્વિક અને વજ્રઋષભનારાચ સંઘયણને ઉત્કૃષ્ટ રસેબાંધે અપ્રમત્ત યતિ દેવાયુઃને અને ઉત્કૃષ્ટ કષાયવાળા મિથ્યાદૃષ્ટિ જીવો બાકીની (૬૮ પ્રકૃતિ) નો ઉત્કૃષ્ટ રસબંધ કરે.

**વિવરણ :- ઉદ્યોતનામ** કર્મ એ શુભ પ્રકૃતિ છે તેથી તેનો ઉત્કૃષ્ટ રસ વિશુદ્ધિથી બંધાય. તિર્યંચગતિની સાથે જ ઉદ્યોતનામ બંધાય છે. સાતમી નારકનો નરક સમ્યક્ત્વની સન્મુખ થયેલો હોય એટલે કે મિથ્યાત્વના ચરમ સમયે વર્તતો

(૧) તેજસ ચતુષ્ક : તેજસ, કાર્મણ, અગુરુલઘુ, નિર્માણ

હોય ત્યારે તેની વિશુદ્ધિ વધારે હોવાથી ઉદ્યોતનો ઉત્કૃષ્ટ રસ બાંધે છે. વળી સાતમી નારક જ્યાં સુધી સમ્યક્ત્વ ન પામે ત્યાં સુધી તિર્યંચદ્વિક જ બાંધે માટે.

**મનુષ્યદ્વિક, ઔદારિક દ્વિક** અને **વજ્રઋષભનારાચ** સંઘયણ પણ પુણ્ય પ્રકૃતિ છે તેથી ઉત્કૃષ્ટ રસ વિશુદ્ધિથી બંધાય. તેથી પાંચે પ્રકૃતિનો ઉત્કૃષ્ટ રસ સમ્યગ્દૃષ્ટિ દેવ બાંધે છે. નારકીને તેવા પ્રકારની વિશુદ્ધિ હોતી નથી તેથી ઉત્કૃષ્ટ રસ બાંધે નહિ અને મનુષ્ય તિર્યંચ અતિ વિશુદ્ધ થાય તો દેવગતિ પ્રાયોગ્ય બંધ કરે, માટે તેના બંધક સમ્યગ્દૃષ્ટિ દેવ જ્યારે જિનેશ્વર ભગવાનના જન્મકલ્યાણ, નંદીશ્વરદ્વીપમાં ભક્તિ વિગેરેમાં વર્તતા હોય ત્યારે અતિ વિશુદ્ધ પરિણામ આવી શકે તે વખતે આ પાંચ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ રસ બાંધે.

અપ્રમત્ત ગુણ. સુધી **દેવાયુષ્ય** બંધાય છે. તેમાં અપ્રમત્તે બધા કરતાં વધારે વિશુદ્ધિ છે. તેમજ દેવનું આયુષ્ય શુભ પ્રકૃતિ છે માટે તેને યોગ્ય વિશુદ્ધ પરિણામ વાળો અપ્રમતયતિ ઉત્કૃષ્ટ રસ બાંધે. આ પ્રમાણે ૪૨ પુણ્ય પ્રકૃતિ અને ૧૪ પાપ પ્રકૃતિના ઉત્કૃષ્ટ રસબંધના સ્વામી કહ્યા બાકીની ૬૮ પ્રકૃતિના ચારેગતિના મિથ્યાદૃષ્ટિ સંજ્ઞી પર્યાપ્તા છે.

આ ૬૮ પ્રકૃતિમાંથી હાસ્ય, રતિ, પુરુષવેદ સ્રીવેદ મધ્યમ સંસ્થાન ચાર અને મધ્યમ સંઘપણ ચાર એ ૧૨ પ્રકૃતિ સિવાયની પાંચ જ્ઞાનાવરણ, ૯ દર્શનાવરણ, અશાતાવેદનીય, મોહનીયની ૨૪, હુંડક સંસ્થાન, અશુભવર્ણાદિ ૪, અશુભવિહાયોગતિ, ઉપઘાત, અસ્થિરષટ્ક નીચગોત્ર અને પાંચ અંતરાય એ ૫૬ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ અતિ સંક્લિષ્ટ પરિણામવાળા મિથ્યાદૃષ્ટિ ચારે ગતિના સંજ્ઞી પર્યાપ્તા બાંધે છે.

અને ઉપર બતાવેલ બાકીની ૧૨ પ્રકૃતિઓ તેને યોગ્ય સંક્લિષ્ટ પરિણામવાળો હોય ત્યારે ઉત્કૃષ્ટ રસ બાંધે છે. દા.ત. નપુંસકવેદના તીવ્રરસમાં તીવ્ર સંકલેશ પરિણામ જોઈએ અને તેના કરતા સ્ત્રીવેદમાં ઉત્કૃષ્ટ રસબંધમાં તેનાથી ઓછો સંકલેશ પરિણામ હોય. જેમ પરિણામ વધારે સંક્લિષ્ટ તેમ વધારે અશુભ તે પ્રકૃતિ બંધાય માટે તદ્યોગ્ય સંક્લિષ્ટ ૧૨ પ્રકૃતિમાં જાણવું.

## ઉત્કૃષ્ટ રસબંધના સ્વામી

**એકેન્દ્રિય, સ્થાવર** - અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યા. ઈશાન સુધીના દેવ

**આતપ** - તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યા. ઈશાન સુધીના દેવ અને મનુ. તિર્યંચ

**વિકલેન્દ્રિયત્રિક - સૂક્ષ્મત્રિક - નરકાયુષ** - તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યા. સંજ્ઞી પંચે. મનુષ્ય, તિર્યંચ.

**નરકદ્વિક** - અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યા. સંજ્ઞી પંચે. મનુષ્ય તિર્યંચ

**તિર્યંચાયુ , મનુષ્યાયુ** - તત્ પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યા. સંજ્ઞી પંચે. મનુષ્ય તિર્યંચ

**તિર્યંચદ્વિક** - અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ સહસ્રાર સુધીના દેવ નારક

**છેવટ્ઠુ સંઘયણ** - અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ સનતથી સહસ્રાર સુધીના દેવ અને નારક

**વૈક્રિયદ્વિક આદિ ૨૯**[૧] - અતિ વિશુદ્ધ ક્ષપક અપૂર્વકરણ સ્વબંધ વિચ્છેદ સમયવર્તી

**યશનામ, શાતાવેદ, ઉચ્ચગોત્ર** - અતિ વિશુદ્ધ ક્ષપક સૂક્ષ્મસંપરાય ચરમ સમયવર્તી

**ઉદ્યોત** - અતિ વિશુદ્ધ સમ્યકત્વાભિમુખ મિથ્યાત્વના ચરમ સમયવર્તી તમસ્તમઃ પ્રભાં નરકવાળા.

**મનુષ્યદ્વિક વિગેરે પાંચ**[૨] - અતિ વિશુદ્ધ સમ્યગ્દષ્ટિ દેવ

**દેવાયુ** - તત્ પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામી અપ્રમત યતિ

---

(૧) વૈક્રિયદ્વિક, સુરદ્વિક, આહારકદ્વિક, શુભવિહાયોગતિ, વર્ણચતુષ્ક, તેજસચતુષ્ક, (તૈજસ,કાર્મણ, અગુરુલઘુ, નિર્માણ) જિનનામ સમચતુરસ્રસંસ્થાન, પરાઘાત, ત્રસનવક, પંચેન્દ્રિયજાતિ અને શ્વોસાશ્વાસ આ ઓગણીસ પ્રકૃતિઓ વૈક્રિયાદિ ૨૯ જાણવી.

(૨) મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક, વ્રજઋષભનારાચ સંઘયણ આ પાંચ પ્રકૃતિઓ છે.

**પુરુષવેદ વિ.૧૨**[1] - તત્ પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિ પર્યા. સંજ્ઞી ચારેગતિના જીવ.

**જ્ઞાનાવરણી**[2] **વિ. ૫૬** - અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિ પર્યા. સંજ્ઞી ચારેગતિના જીવ.

**જઘન્ય રસબંધના સ્વામી**

**थीणतिगं अणमिच्छं मंदरसं संजमुम्मुहो मिच्छो ।**

**बिअ तिअकसाय अविरय, देस पमत्तो अरइसोए ॥69॥**

संजमुम्मुहो - સમ્યકત્વ સહિત ચારિત્રને પ્રાપ્ત કરતો

**અર્થ** :- થિણદ્ધિત્રિક, અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વ મોહનીયને સમ્યકત્વ સહિત ચારિત્ર પ્રાપ્ત કરતો મિથ્યાદૃષ્ટિ જઘન્ય રસે બાંધે. સર્વવિરતિ ચારિત્રની સન્મુખ થયેલો અવિરત સમ્યગ્દૃષ્ટિ બીજા કષાયને અને સર્વવિરતિ ચારિત્રની સન્મુખવર્તતો દેશવિરતિ ત્રીજા કષાયને જઘન્ય રસે બાંધે પ્રમત્તયતિ અરતિ, શોક મોહનીયને જઘન્ય રસે બાંધે ॥૬૯॥

**વિવરણ** :- હવે જઘન્ય રસબંધના સ્વામી કહે છે. શુભ પ્રકૃતિનો જઘન્ય રસ સંક્લિષ્ટતાથી બંધાય અને અશુભ પ્રકૃતિનો જઘન્ય રસ વિશુદ્ધિથી બંધાય છે.

**થિણદ્ધિત્રિક, અનંતાનુબંધિ** કષાય અને **મિથ્યાત્વ** એ પાપ પ્રકૃતિ છે તેથી તેનો જઘન્ય રસ વિશુદ્ધિથી બંધાય. મિથ્યાદૃષ્ટિ મનુષ્ય સમ્યકત્વ સહિત સંયમની સન્મુખ થયેલો હોય મિથ્યાત્વના ચરમ સમયે વર્તતો હોય ત્યારે આ પ્રકૃતિઓના

---

(૧) પુરુષવેદ, સ્ત્રીવેદ, હાસ્ય, રતિ, મધ્યમ સંસ્થાન, ચાર મધ્યમ સંઘયણ, ચાર આ બાર પ્રકૃતિઓ છે.

(૨) જ્ઞાના.૫, દર્શ. ૯ મોહ. ૨૨, અશાતાવેદનીય, નીચગોત્ર, છેલ્લુ સંસ્થાન, અશુભવર્ણાદિ-૪, અશુભવિહાયોગતિ, ઉપઘાત અસ્થિરષટક, અંતરાય-૫ આ છપ્પન પ્રકૃતિઓ છે.

બંધકમાં સૌથી વધારે વિશુદ્ધ પરિણામવાળો હોવાથી તે વખતે આ આઠ પ્રકૃતિનો જઘન્ય રસ બાંધે.

**અપ્રત્યાખ્યાનીય** કષાય, **પ્રત્યાખ્યાનીય** કષાય પાપ પ્રકૃતિ છે તેથી જઘન્ય રસ વિશુદ્ધિથી બંધાય માટે અવિરત સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય સર્વવિરતિની સન્મુખ થયેલો હોય એટલે પોતાના ગુણઠાણાના ચરમ સમયે વર્તતો હોય ત્યારે અપ્રત્યાખ્યાનીય કષાયનો જઘન્ય રસ બાંધે અને દેશવિરતિ મનુષ્યો સંયમાભિમુખ એટલે સર્વવિરતિની સન્મુખ થયેલો દેશવિરતિ ગુણઠાણાના ચરમ સમયે વર્તતો હોય ત્યારે પ્રત્યાખ્યાની કષાયનો જઘન્ય રસ બાંધે.

**અરતિ શોક** પાપ પ્રકૃતિ છે તેથી વિશુદ્ધિથી જઘન્ય રસ બંધાય. આ પ્રકૃતિ ૬ ગુણસ્થાનક સુધી બંધાય છે. તેથી અતિ વિશુદ્ધ પરિણામ અપ્રમતની સન્મુખ થયેલા પ્રમત યતિને હોય માટે અરતિ શોક નો જઘન્યરસ પ્રમતયતિને હોય છે. એટલે તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પ્રમત્તયતિ જાણવા. પ્રમત્ત અતિ વિશુદ્ધ હોય તો હાસ્ય - રતિ બાંધે, માટે તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પ્રમત્તયતિ જાણવા.

अपमाइ हारगदुगं दुनिद्दअसुवन्नहासरइकुच्छा ।
भयमुवघायमपुव्वो, अनिअट्टी पुरिससंजलणे ॥70॥

**અર્થ** :- અપ્રમત્તયતિ આહારકદ્વિકને મંદ રસે બાંધે, બે નિદ્રા અપ્રશસ્ત વર્ણચતુષ્ક, હાસ્યરતિ, જુગુપ્સા, ભય અને ઉપઘાત નામકર્મ (એ ૧૧ પ્રકૃતિ) ને અપૂર્વકરણ ગુણઠાણાવાળો ક્ષપક જઘન્ય રસે બાંધે અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકવર્તી ક્ષપક પુરુષવેદ અને સંજ્વલન કષાયોને જઘન્ય રસે બાંધે. ॥૭૦॥

**વિવરણ** :- આહારકદ્વિક એ શુભ પ્રકૃતિ છે તેનો જઘન્ય રસ સંક્લિષ્ટતાથી બંધાય છે. આહારકદ્વિકનો બંધ સાતમે અને આઠમે ગુણઠાણે હોય છે. તેથી અપૂ. કરતાં સાતમે ગુણઠાણે સંક્લિષ્ટ પરિણામ વધારે હોય. માટે તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પ્રમતની સન્મુખ થયેલો અપ્રમતયતિ આહારકદ્વિકનો જઘન્યરસ બાંધે છે.

**નિદ્રાદ્વિક** એ પાપ પ્રકૃતિ છે તેથી તેનો જઘન્ય રસ વિશુદ્ધિથી બંધાય.

નિદ્રાદ્વિકનો બંધ ૧ થી ૮માના ૧ લા ભાગ સુધી હોય છે. ૮ મા ગુણઠાણે સૌથી વધારે વિશુદ્ધિ હોય. ઉપશામક કરતા ક્ષપકને વિશુદ્ધિ વધારે હોય તેથી અતિ વિશુદ્ધ ક્ષપક અપૂર્વકરણ નિદ્રાદ્વિકના બંધ વિચ્છેદ સમયે જઘન્ય રસ બાંધે.

**અશુભવર્ણાદિ ૪** અને **ઉપઘાત** એ પાપ પ્રકૃતિ છે તેથી તેનો જઘન્યરસ વિશુદ્ધિથી બંધાય છે. આ પાંચ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વથી અપૂર્વકરણના ૬ઠ્ઠા ભાગ સુધી હોય છે તેથી અપૂર્વકરણ ગુણઠાણે સૌથી વધારે વિશુદ્ધક્ષપક હોય છે. ત્યારે આ પાંચ પ્રકૃતિનો જઘન્યરસ ક્ષપક અપૂર્વકરણ બંધવિચ્છેદ સમયે કરે છે.

**હાસ્ય રતિ ભય જુગુપ્સા** એ પાપ પ્રકૃતિ છે તેનો જઘન્ય રસ વિશુદ્ધિથી બંધાય આ ચાર પ્રકૃતિ મિથ્યાત્વથી અપૂર્વકરણના ચરમ સમય સુધી બંધાય છે તેથી અપૂર્વકરણ ગુણઠાણાના ચરમ સમયે વર્તતા ક્ષપક આ ચાર પ્રકૃતિનો જઘન્ય રસ બાંધે છે.

**સંજ્વલન ચાર કષાય** અને **પુરુષવેદ** એ પાંચ પાપ પ્રકૃતિ છે તેથી જઘન્ય રસ વિશુદ્ધિથી બંધાય, ક્ષપક અનિવૃત્તિકરણ ગુણ. ના ૧લા ભાગના ચરમ સમયે પુરુષવેદનો જઘન્યરસ, બીજા ભાગના ચરમ સમયે સંજ્વલન ક્રોધનો, ત્રીજા ભાગના ચરમ સમયે સંજ્વલન માનનો, ચોથાભાગના ચરમ સમયે સંજ્વલન માયાનો અને અનિવૃત્તિકરણ ગુણ.ના ચરમ સમયે સંજ્વલન લોભનો જઘન્ય રસ બંધ થાય છે.

**विग्धावरणे सुहुमो मणुतिरिआ सुहुम विगलतिगआउं ।**

**वेउव्विछक्कममरा निरया उज्जोअउरल दुगं ॥71॥**

निरया - નારકી　　　　अमरा - દેવ

**અર્થ :-** પાંચ અંતરાય અને નવ (જ્ઞાન-દર્શનના) આવરણનો સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનવાળો જઘન્ય રસ બાંધે, મનુષ્ય તિર્યંચો, સૂક્ષ્મત્રિક, વિકલત્રિક ચાર આયુષ્ય અને વૈક્રિયષટ્ક એ (૧૬ પ્રકૃતિ) નો જઘન્યરસ બાંધે દેવતા તથા નારકી ઉદ્યોતનામ અને ઔદારિકદ્વિકનો જઘન્ય રસે બાંધે. ॥૭૧॥

**વિવરણ :- પાંચ અંતરાય** અને **નવ આવરણ** એ ચૌદ પ્રકૃતિ પાપ પ્રકૃતિ છે તેથી જઘન્યરસ વિશુદ્ધિથી બંધાય છે. સૂક્ષ્મ સંપરાય ગુણઠાણાના ચરમ સમયે ક્ષપકને સૌથી વધારે વિશુદ્ધિ હોય છે ત્યારે આ ચૌદ પ્રકૃતિનો જઘન્ય રસ બંધ થાય.

**વિકલેન્દ્રિયત્રિક સૂક્ષ્મત્રિક** અને **નરક આયુ.** આ સાત પ્રકૃતિ અશુભ છે તેથી જઘન્યરસ વિશુદ્ધિથી બંધાય. દેવ અને નારક આ સાત પ્રકૃતિ ભવસ્વભાવથી બાંધતા નથી તેથી તેના બંધક મનુષ્ય અને તિર્યંચ છે. મનુષ્ય તિર્યંચ તેને યોગ્ય વિશુદ્ધ પરિણામવાળો થાય ત્યારે આ સાત પ્રકૃતિનો જઘન્ય રસ બાંધે છે. વધારે વિશુદ્ધિ હોય તો આ પાપ પ્રકૃતિ હોવાથી બંધ હોય નહી..

**મનુષ્યાયુ તિર્યંચાયુ** અને **દેવાયુ** એ શુભ પ્રકૃતિ છે તેથી જઘન્ય રસ સંક્લિષ્ટતાથી બંધાય છે. દેવાયુનો બંધ દેવતા તેમજ નારકી ભવસ્વભાવે જ બાંધે નહી અને મનુષ્યાયુઃ તેમજ તિર્યંચાયુઃનો જઘન્ય સ્થિતિએ જઘન્ય રસ બંધાય દેવ અને નારક ક્ષુલ્લકભવની જઘન્ય સ્થિતિવાળા મનુષ્ય તેમજ તિર્યંચમાં ઉત્પન્ન થતા નથી. તેથી જઘન્ય સ્થિતિ અને જ. રસ ન બાંધે. માટે આ ત્રણ પ્રકૃતિના બંધક તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ મનુષ્ય અને તિર્યંચ છે.

**દેવદ્વિક** એ શુભ પ્રકૃતિ છે માટે જઘન્ય રસ સંક્લિષ્ટતા થી બંધાય અને **નરકદ્વિક** અશુભ પ્રકૃતિ છે તેથી જઘન્ય રસ વિશુદ્ધિથી બંધાય છે. **વૈક્રિયદ્વિક** શુભ પ્રકૃતિ છે તેથી જઘન્ય રસ સંક્લિષ્ટતાથી બંધાય.

દેવ અને નારકી આ છ પ્રકૃતિ ભવસ્વભાવથી બાંધે નહી અને મનુષ્ય તિર્યંચ અતિ સંક્લિષ્ટ થાય ત્યારે વૈક્રિયદ્વિકનો જઘન્ય રસ બાંધે દેવદ્વિક નો જઘન્ય રસ તેને યોગ્ય સંક્લિષ્ટ પરિણામવાળો થાય ત્યારે બાંધે. નરકદ્વિકનો જઘન્ય રસ તેને યોગ્ય વિશુદ્ધ પરિણામવાળો થાય ત્યારે બાંધે.

**ઔદારિકદ્વિક** અને **ઉદ્યોત** નામ એ શુભ પ્રકૃતિ છે તેથી જઘન્ય રસ સંક્લિષ્ટતાથી બંધાય છે. મનુષ્ય અને તિર્યંચ અતિ સંક્લિષ્ટ થાય તો નરક યોગ્ય પ્રકૃતિ બાંધે તેથી તેના બંધના સ્વામી દેવ અને નારક જાણવા. દેવમાં પણ

ઔદારિક આંગોપાંગ નામકર્મના સનતથી સહસ્રાર સુધીના દેવો અતિ સંક્લિષ્ટ પરિણામવાળા થાય ત્યારે જઘન્ય રસ બાંધે. કારણ ઈશાન સુધીના દેવો અતિ સંક્લિષ્ટ હોય ત્યારે એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરે ત્યારે આંગોપાંગ બંધાય નહી તેથી બીજી બે પ્રકૃતિને સામાન્ય દેવો અને નારક જઘન્ય રસે બાંધે એ વિશેષ જાણવું. (જુઓ શતક કર્મગ્રંથ ટીકા ગાથા. ૭૧)

**तिरिदुगनिअं तमतमा जिणमविरयनिरय विणिगथावरयं ।**

**आसुहमायवसम्मो व सायथिरसुभजसा सिअरा ॥७२॥**

निरयविण - નારકી વિના બાકીના ત્રણ ગતિવાળા જીવો.

आसुहुम - સૌધર્મ અને ઈશાન દેવલોક સુધીના દેવતાઓ

सम्मोव - સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિ   सिअरा - તેની પ્રતિપક્ષી સહિત

**અર્થ :-** તિર્યંચદ્વિક અને નીચગોત્રનો તમસ્તમપ્રભા નારકીના જીવો જઘન્ય રસ બાંધે. અવિરત સમ્યગદષ્ટિ મનુષ્ય જિનનામને જઘન્ય રસે બાંધે. નારકી વિના બાકીના ત્રણ ગતિવાળા જીવો એકેન્દ્રિય જાતિ અને સ્થાવર નામકર્મને જઘન્ય રસે બાંધે. સૌધર્મ અને ઈશાન દેવલોક સુધીના દેવતાઓ આતપ નામકર્મને જઘન્ય રસે બાંધે, સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિ સાતા વેદનીય, સ્થિરનામ, શુભનામ, અને યશનામ અને તેની પ્રતિપક્ષી સહિત (આઠ પ્રકૃતિને) જઘન્ય રસે બાંધે ॥૭૨॥

**વિવરણ :- તિર્યંચદ્વિક** અને **નીચગોત્ર** એ અશુભ પ્રકૃતિ છે તેથી જઘન્ય રસ વિશુદ્ધિથી બંધાય. સાતમી નારકનો નારક સમ્યકત્વાભિમુખ થયેલો હોય અને મિથ્યાત્વના ચરમ સમયે વર્તતો હોય ત્યારે આ ત્રણ પ્રકૃતિનો જઘન્ય રસ બાંધે.[૧]

**જિનનામ** એ શુભ પ્રકૃતિ છે તેથી જઘન્ય રસ સંક્લિષ્ટતાથી બંધાય. પહેલા જીવે નરકનું આયુષ્ય બાંધ્યું હોય અને પછી ક્ષાયોપશમ સમક્તિ પામે. ક્ષાયોપશમ

૧. સાતમી નારકી સમ્યકત્વ ન પામે ત્યાં સુધી તિર્યંચ દ્વિક નીચગોત્ર જ બાંધે.

સમક્તિની વિશુદ્ધિથી જિનનામકર્મ બાંધે. ક્ષાયોપશમ સમક્તિ લઈને નરકમાં જવાય નહિ તેથી નરકમાં જતી વખતે મિથ્યાત્વપણું પામે ત્યારે નરક મિથ્યાત્વની સન્મુખ થયેલો અવિરત સમ્યગદષ્ટિ મનુષ્ય જિનનામનો જઘન્ય રસ બાંધે.

**એકેન્દ્રિય** અને **સ્થાવર** નામ એ અશુભ પ્રકૃતિ છે તેથી જઘન્ય રસ વિશુદ્ધિથી બંધાય. નારકના જીવો આ પ્રકૃતિ ભવસ્વભાવે બાંધે નહિ. તેથી મનુષ્ય તિર્યંચ અને દેવો પરાવર્તમાન મધ્યમ પરિણામવાળા થાય ત્યારે આ બે પ્રકૃતિનો જઘન્ય રસ બાંધે. વિશુદ્ધિમાં ત્રસનામ અને પંચેન્દ્રિયાદિજાતિ બાંધે.

**આતપ** એ શુભ પ્રકૃતિ છે તેથી તેનો જઘન્ય રસ સંક્લિષ્ટતાથી બંધાય. નારક તો આ પ્રકૃતિનો બંધ કરે નહિ. મનુષ્ય અને તિર્યંચ સંક્લિષ્ટ થાય તો નરકગતિ પ્રાયોગ્ય બંધ કરે. તેથી તેનો બંધ ઈશાન સુધીના દેવો કરે છે. ઈશાનથી ઉપરના દેવો એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરે નહિ અને એકેન્દ્રિયની સાથે આતપ બંધાય. તેથી અતિ સંક્લિષ્ટ પરિણામ વાળા દેવ થાય ત્યારે જઘન્ય રસ બાંધે.

સમ્યક્ત્વી સમ્યકત્વથી પડતો **સાતા** વેદનીય, **શુભ, યશ** અને **સ્થિરનો** જઘન્ય રસ બાંધે અને સમ્યકત્વ પામતો મિથ્યાદષ્ટિ **અશાતા અસ્થિર અશુભ** અને **અપયશ** નો જઘન્ય રસ બાંધે. એટલે કે પરાવર્તમાન પ્રકૃતિ હોવાથી પરાવર્તમાન મધ્યમ પરિણામી મિથ્યાદષ્ટિ કે સમ્યગ્દષ્ટિ ચારે ગતિના પર્યા. સંજ્ઞી જીવો આ આઠ પ્રકૃતિનો જઘન્ય રસ બાંધે. ચારે ગતિના જીવો અતિ વિશુદ્ધ પરિણામવાળા થાય તો સાતા વેદનીયાદિનો જઘન્યથી વધારે રસ બાંધે ત્યારે અસાતાદિ બંધાય નહિ અને સાતા વેદનીયનો જઘન્ય રસ બંધાય નહિ. તેમજ અતિ સંક્લિષ્ટ પરિણામવાળો થાય ત્યારે અસાતા વેદનીય બાંધે પણ સાતા વેદનીય નં બાંધે માટે મધ્યમ પરિણામવાળો આ આઠ પ્રકૃતિનો જઘન્ય રસ બાંધે.

તેમાં પણ સાતા - અસાતાને અંતઃકોડાકોડીથી પંદર કોડાકોડી સ્થિતિ બંધ કરતા મિથ્યાદષ્ટિ અને પ્રમત્ત ગુણ. સુધીના સમ્યગ્દ્રષ્ટિ જીવો અંતર્મુહૂર્ત - અંતર્મુહૂર્ત પરાવર્તમાને બન્ને પ્રકૃતિ બાંધતા જીવો જઘન્ય રસબંધના સ્વામી જાણવા.

# અનુભાગબંધના સ્વામી

સ્થિર-અસ્થિર, શુભ-અશુભ-યશ-અપયશના અંતઃ કોડાકોડીથી ૧૦ કોડાકોડી સુધીનો બંધ કરતા મિથ્યાદષ્ટિ અને પ્રમત્તસુધીના સમ્યગ્દષ્ટિ પરાવર્તમાને બંધ કરતા જીવો જઘન્ય રસ બંધના સ્વામી જાણવા.

પ્રમત્તથી આગળ એકલી શુભ જ બંધાય અને વધારે રસ બંધ થાય.

૧૦ કોડાકોડી અને ૧૫ કોડાકોડીથી અધિક બંધ થાય ત્યારે એકલી પાપ પ્રકૃતિ બંધાય અને પાપ પ્રકૃતિઓનો વધારે રસબંધ થાય. તેથી પરાવર્તમાન બંધ હોય ત્યારે જંઘન્ય રસ બંધ થાય.

**तसवन्न तेअचउमणु खगइ दुग पणिंदि सास परघुच्चं ।**

**संघयणागिइ नपुत्थी, सुभगिअरति मिच्छ चउ गइआ ॥73॥**

**અર્થ** :- ત્રસ ચતુષ્ક, વર્ણ ચતુષ્ક તૈજસ ચતુષ્ક, મનુષ્યદ્વિક ખગતિદ્વિક, પંચેન્દ્રિયજાતિ, ઉચ્છ્વાસનામ, પરાઘાતનામ, ઉચ્ચગોત્ર, છ સંઘયણ છ સંસ્થાન, નપુંસકવેદ, સ્ત્રીવેદ, સુભગત્રિક દુર્ભગત્રિક એ (૪૦ પ્રકૃતિ) ને ચારે ગતિવાળા મિથ્યાદષ્ટિ જીવો જઘન્ય રસે બાંધે. ॥૭૩॥

**વિવરણ** :- ત્રસ ચતુષ્ક એટલે ત્રસ, બાદર, પર્યાપ્તા, પ્રત્યેક, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, નિર્માણ, મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વિ, શુભવિહાયોગતિ, અશુભવિહાયોગતિ પંચેન્દ્રિયજાતિ ઉચ્છ્વાસ, પરાઘાત ઉચ્ચગોત્ર છ સંઘયણ, છ સંસ્થાન નપુસંકવેદ સ્ત્રીવેદ, સૌભાગ્ય, આદેય યશ, દૌર્ભાગ્ય, અનાદેય અપયશ એ ૪૦ પ્રકૃતિ છે. તેમાં પંચેન્દ્રિયજાતિ, ત્રસચતુષ્ક, વર્ણચતુષ્ક પરાઘાત ઉચ્છ્વાસ તેજસ ચતુષ્ક એ ૧૫ પ્રકૃતિનો જઘન્ય રસ અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ ચારે ગતિના પર્યાપ્તા સંજ્ઞી બાંધે છે. આ ૧૫ પ્રકૃતિ શુભ છે તેથી તેનો જઘન્ય રસ સંક્લિષ્ટતાથી બંધાય. મનુષ્ય અને તિર્યંચ અતિ સંક્લિષ્ટ થાય ત્યારે નરકગતિ પ્રાયોગ્ય બંધ કરે છે અને નરકગતિની સાથે આ ૧૫ પ્રકૃતિનો બંધ અવશ્ય થાય છે. દેવ તથા નારક અતિ સંક્લિષ્ટ થાય ત્યારે પંચે. તિર્યંચ પ્રાયોગ્ય બંધ કરે છે અને તિર્યંચગતિની સાથે પણ આ ૧૫ પ્રકૃતિનો બંધ થાય છે.

બાકીની ૨૫ પ્રકૃતિઓ પરાવર્તમાન મધ્યમ પરિણામથી બંધાય છે. એટલે શાતા - અશાતા વેદનીયની જેમ શુભની સાથે અશુભ નો બંધ પરાવર્તમાને થાય ત્યાંસુધીના સ્થિતિબંધવાળા મિથ્યાદષ્ટિ અને પરાવર્તમાન બંધ કરનારા સમ્યગ્દષ્ટિ જીવો બન્ને શુભ અશુભ ૨૫ પ્રકૃતિના જઘન્ય રસબંધના સ્વામી છે.

**જઘન્ય રસબંધના સ્વામી**

| | |
|---|---|
| થિણદ્ધિત્રિક<br>અનંતા.૪ મિથ્યાત્વ | અતિવિશુદ્ધ સમ્યકત્વ તથા સંયમાભિમુખ મિથ્યાત્વના છેલ્લા સમયે વર્તતો મિથ્યાદષ્ટિ મનુષ્ય |
| અપ્રત્યાખ્યાની-૪ - | અતિવિશુદ્ધ સંયમાભિમુખ અવિરત સમ્યગ્દષ્ટિ મનુષ્યો |
| પ્રત્યાખ્યાનીય-૪ - | અતિવિશુદ્ધ સંયમાભિમુખ દેશવિરતિ મનુષ્યો |
| અરતિશોક - | તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામી પ્રમતયતિ |
| આહારકદ્વિક - | તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી પ્રમતાભિમુખ અપ્રમત યતિ |
| નિદ્રાદ્રિક - | અતિવિશુદ્ધ ક્ષપક અપૂર્વકરણ સ્વબંધ વિચ્છેદ સમયવર્તી |
| અશુભવર્ણાદિ-૪ -<br>ઉપઘાત | અતિવિશુદ્ધ ક્ષપક અપૂર્વકરણ સ્વબંધ વિચ્છેદ સમયવર્તી |
| હાસ્ય,રતિ,ભય,જુગુપ્સા- | અતિવિશુદ્ધ ક્ષપક અપૂર્વકરણ ચરમ સમયવર્તી |
| પુરુષવેદ, સંજ્વલન-૪- | અતિવિશુદ્ધ ક્ષપક અનિવૃત્તિકરણ સ્વબંધવિચ્છેદ સમયવર્તી |
| આવરણ-૯ અંત.૫ - | અતિવિશુદ્ધ ક્ષપક સૂક્ષ્મસંપરાય ચરમ સમયવર્તી |
| વિકલેન્દ્રિયત્રિક -<br>સૂક્ષ્મત્રિક નરકાયુ. | તત્ પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યા. સંજ્ઞી મનુ. તિર્યં. |
| મનુષ્યાયુ. તિર્યંચાયુ<br>દેવાયુ. | તત્ પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યા. સંજ્ઞી. મનુ. તિર્યંચ. |
| દેવદ્વિક - | તત્ પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદષ્ટિ પર્યા. સંજ્ઞી મનુ. તિર્યં. |

# અનુભાગબંધના સ્વામી

| | |
|---|---|
| નરકદ્વિક - | તત્ પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામી મિથ્યાદૃષ્ટિ પર્યા. સંજ્ઞી. મનુ. તિર્યં. |
| વૈક્રિયદ્વિક - | અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિ પર્યા. સંજ્ઞી. મનુ. તિર્યં. |
| ઔદારિકદ્વિક ઉદ્યોત - | અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિ પર્યા. દેવ, નારક. |
| તિર્યંચદ્વિક,નીચગોત્ર - | અતિવિશુદ્ધ પરિણામી સમ્યકત્વાભિમુખ મિથ્યાત્વના ચરમ સમયે વર્તતા સાતમી નારકના જીવ. |
| જિનનામ - | તત્ પ્રાયોગ્ય સંક્લિષ્ટ પરિણામી નરક મિથ્યાત્વાભિમુખ અવિરત સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય. |
| એકેન્દ્રિય સ્થાવર - | તત્ પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામી મિથ્યાદૃષ્ટિ ઈશાન સુધીના દેવ, મનુ. તિર્યંચ. |
| આતપ - | અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિ ઈશાન સુધીના દેવ |
| શાતા અશાતા[1] (વિ.૮) | પરાવર્તમાન મધ્યમ પરિણામી મિથ્યાદૃષ્ટિ કે સમ્યગ્દૃષ્ટિ પર્યા. સંજ્ઞી ચારેગતિના જીવ. |
| પંચે. જાતિ વિ.[2] ૧૫ | અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિ પર્યા. સંજ્ઞી ચારેગતિના જીવ. |
| શેષ[3]-૨૫ | પરાવર્તમાન મધ્યમ પરિણામી મિથ્યાદૃષ્ટિ પર્યા. સંજ્ઞી ચારેગતિના જીવ. |

(૧) શાતા અશાતા, યશ, અપયશ, શુભ, અશુભ, સ્થિર અસ્થિર

(૨) પંચેન્દ્રિય જાતિ, તેજસ, કાર્મણ, અગુરુલઘુ, નિર્માણ, વર્ણચતુષ્ક, ઉચ્છ્વાસ પરાઘાત, ત્રસચતુષ્ક

(૩) છ સંઘયણ, છ સંસ્થાન, મનુષ્યદ્વિક, ખગતિદ્વિક, ઉચ્ચગોત્ર, સૌભાગ્યત્રિક, દૌભાગ્યત્રિક, નપુસંક વેદ, સ્ત્રીવેદ.

## રસબંધના ભાંગા

**चउ तेअवन्न वेअणिअ नामणुक्कोस सेसधुवबंधी ।**

**धाईणं अजहन्नो, गोए दुविहो इमो चउहा ॥74॥**

अणुक्कोस – અનુત્કૃષ્ટ રસબંધ          अजहन्नो – અજઘન્ય રસબંધ

**અર્થ :-** તૈજસ ચતુષ્ક શુભવર્ણ ચતુષ્ક, વેદનીય કર્મ, અને નામકર્મનો અનુત્કૃષ્ટ રસબંધ તથા બાકીની (૪૩) ધ્રુવબંધી પ્રકૃતિ અને (૪) ઘાતીમૂળ પ્રકૃતિનો અજઘન્ય રસબંધ, અને ગોત્રકર્મના (અનુત્કૃષ્ટ તથા અજઘન્ય) બંને રસબંધ એ ચાર પ્રકારે છે. ।।૭૮।।

**વિવરણ :-** હવે મુળ તથા ઉત્તર પ્રકૃતિને વિષે રસબંધના ભાંગા કહે છે. તેમાં તૈજસ ચતુષ્ક એટલે તૈજસ, કાર્મણ, અગુરુલઘુ અને નિર્માણ તથા શુભ વર્ણચતુષ્ક એ આઠ પ્રકૃતિનો અનુત્કૃષ્ટ રસબંધ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે આ આઠ પ્રકૃતિ શુભ છે તેથી તેનો ઉત્કૃષ્ટ રસ બંધ વિશુદ્ધિથી બંધાય ઉપશામક કરતા ક્ષપકને વિશુદ્ધિ વધારે હોય છે. ઉપશમશ્રેણીવાળો જીવ અપૂર્વકરણના છઠ્ઠા ભાગ સુધી અનુત્કૃષ્ટ રસ બંધ કરે છે. ઉત્કૃષ્ટ બંધ તો ક્ષપક જ કરે. અપૂર્વકરણના સાતમાભાગે આ આઠ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થઈ જાય તેથી ઉપશમ શ્રેણીવાળાને અનુત્કૃષ્ટ રસબંધ અધ્રુવ થાય. આ ઉપશમશ્રેણીવાળો ૧૧ મા ગુણઠાણેથી પડી ફરી પાછો અપૂર્વગુણઠાણે આવે ત્યારે અથવા મરીને ચોથે ગુણઠાણે જાય ત્યારે અનુત્કૃષ્ટ રસ બંધ શરૂ કરશે તેથી અનુત્કૃષ્ટની સાદિ. અનાદિકાળથી મિથ્યાત્વે રહેલા છે અને ઉપશાંતપણું પામ્યા નથી તેને અનુત્કૃષ્ટ અનાદિ. અભવ્ય ક્યારેય ઉપરના ગુણઠાણા પામવાનો નથી તેથી અનુત્કૃષ્ટ ધ્રુવ અને ભવ્યજીવ ફરી ઉપરના ગુણઠાણા પામી ક્ષપકશ્રેણી ચઢે ત્યારે અથવા ઉપશમશ્રેણીમાં ૮ મે ગુણઠાણે અબંધપણું પામે ત્યારે અનુત્કૃષ્ટ અધ્રુવ આ પ્રમાણે અનુત્કૃષ્ટના ચાર' ભાંગા છે. અને બાકીના બંધ બે પ્રકારે એટલે (૧) ઉત્કૃષ્ટ (૨) જઘન્ય અને (૩) અજઘન્ય બંધ સાદિ અને અધ્રુવ એમ બે જ પ્રકારે છે તે આ પ્રમાણે..

# અનુભાગબંધના ભાંગા

આ આઠ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ રસબંધ ક્ષપકને અપૂર્વકરણ ગુણઠાણાના ૬ઠ્ઠા ભાગના ચરમ સમયે હોય છે. જ્યારે ઉત્કૃષ્ટ બંધ કરે ત્યારે ઉત્કૃષ્ટની સાદિ અને બીજા સમયે બંધ વિચ્છેદ થાય ત્યારે ઉત્કૃષ્ટ અધ્રુવ આ આઠ પ્રકૃતિનો જઘન્ય રસ સંક્લિષ્ટતાથી બંધાય, સંજ્ઞી પંચેન્દ્રિય અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાત્વી થાય ત્યારે આ આઠ પ્રકૃતિનો જઘન્ય રસ બાંધે છે જ્યારે જઘન્ય રસ બાંધે ત્યારે જઘન્યની સાદિ, સંક્લિષ્ટ પરિણામ એક અથવા ૨ સમય રહે. પછી કંઈક ઓછો સંક્લિષ્ટ પરિણામ આવે ત્યારે અજઘન્ય રસ બાંધે ત્યારે અજઘન્યની સાદિ અને જઘન્ય અધ્રુવ વળી કાલાંતરે સંજ્ઞી સંક્લિષ્ટ પરિણામી થાય ત્યારે અજઘન્ય અધ્રુવ અને જઘન્યની સાદિ, આ રીતે બન્ને બંધ સંસારમાં વારાફરતી થાય માટે બંન્ને બંધ સાદિ અને અધ્રુવ બે પ્રકારે છે.

નામ અને વેદનીયકર્મનો ઉત્કૃષ્ટ બંધ બે પ્રકારે છે તે આ પ્રમાણે : શાતા વેદનીય અને યશનામ કર્મને આશ્રયીને ક્ષપક જ ૧૦માના ચરમ સમયે ઉત્કૃષ્ટ બંધ કરે. આ બે પ્રકૃતિ શુભ હોવાથી ઉત્કૃષ્ટ રસ વિશુદ્ધિથી બંધાય. ક્ષપકને વિશુદ્ધિ વધારે હોવાથી જ્યારે ઉત્કૃષ્ટ રસબંધ કરે ત્યારે ઉત્કૃષ્ટની સાદિ બીજા સમયે ૧૨મા ગુણઠાણે કષાય ન હોવાથી રસબંધ થાય નહિ તેથી ઉત્કૃષ્ટ અધ્રુવ.

અનુત્કૃષ્ટ રસ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે. ઉપશમશ્રેણીમાં ૧૧મે ગુણઠાણે રસબંધ થાય નહિ ત્યાંથી પડી ૧૦ મે આવે અથવા મૃત્યુપામી ચોથે ગુણઠાણે જાય ત્યારે અનુત્કૃષ્ટની સાદિ, અનાદિકાળથી મિથ્યાત્વે રહેલાને અનુત્કૃષ્ટની અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યજીવ ક્ષપકશ્રેણીમાં ૧૨ મે ગુણસ્થાને અથવા ઉપશમશ્રેણીમાં ૧૧ મે ગુણઠાણે રસ ન બાંધે ત્યારે અનુત્કૃષ્ટ અધ્રુવ.

જઘન્ય અને અજઘન્ય બંધ સાદિ અને અધ્રુવ એમ બે જ પ્રકારે છે. પરાવર્તમાન, મધ્યમ પરિણામી, મિથ્યાદષ્ટિને જઘન્ય રસબંધ હોય. જ્યારે જઘન્ય રસ બાંધે ત્યારે જઘન્યની સાદિ, પરાવર્તમાન પરિણામમાંથી વિશુદ્ધ અથવા સંક્લિષ્ટ પરિણામ આવે ત્યારે અજઘન્યની સાદિ અને જઘન્ય અધ્રુવ. કાલાંતરે ફરી પરાવર્તમાન મધ્યમ પરિણામ આવે ત્યારે મિથ્યાત્વ ગુણઠાણે અજઘન્ય

અધ્રુવ અને જઘન્યની સાદિ. આ રીતે બન્ને બંધ સંસારમાં વારાફરતી થાય માટે બન્ને બંધ સાદિ અને અધ્રુવ બે પ્રકારે છે. પરાવર્તમાન મધ્યમ પરિણામવાળા સમ્યકત્વી કે મિથ્યાંત્વી જઘન્ય રસ બાંધે, કારણકે(અતિ વિશુદ્ધ પરિણામવાળા શુભ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ રસબાંધે અને અતિ સંક્લિષ્ટ પરિણામવાળા અશુભ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ રસ બાંધે.) પરાવર્તમાન પરિણામે બન્નેનો જઘન્ય રસ બંધાય.

તૈજસ ચતુષ્ક વર્જીને શેષ ધ્રુવબંધી ૪૩ અશુભ પ્રકૃતિનો અજઘન્ય રસબંધ ચાર પ્રકારે છે તે આ પ્રમાણે જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪ અને અંતરાય-૫ એ ૧૪ પ્રકૃતિ પાપપ્રકૃતિ છે. તેથી જંઘન્ય રસ વિશુદ્ધિથી બંધાય. ક્ષપક સૂક્ષ્મ સંપરાયના ચરમસમયે આ ૧૪ પ્રકૃતિનો જઘન્ય રસ બાંધે અને ઉપશમશ્રેણીવાળો અજઘન્ય રસ બંધ કરે. ઉપશાંતમોહ ગુણઠાણે સર્વથા અબંધ થાય ત્યારે અજઘન્ય અધ્રુવ, ત્યાંથી પડી ૧૦ મે ગુણઠાણે આવે અથવા ભવક્ષયે ચોથે ગુણઠાણે આવે ત્યારે અજઘન્યની સાદિ. અનાદિકાળથી મિથ્યાત્વે રહેલાને અજઘન્ય અનાદિ અભવ્યને ધ્રુવ અને ભવ્ય જ્યારે જઘન્ય બંધ કરે અથવા ૧૧મા ગુણઠાણે અબંધ થાય ત્યારે અજઘન્ય અધ્રુવ.

સંજ્વલન ચાર કષાય એ પાપ પ્રકૃતિ છે તેથી જઘન્ય રસ ક્ષપકને અનિવૃત્તિ બાદરે પોતપોતાના બંધવિચ્છેદ સમયે હોય. અને ઉપશમશ્રેણીએ અજઘન્ય રસબંધ હોય, ઉપશાંત મોહે સર્વથા બંધ વિચ્છેદ થઈને પડી અનિવૃત્તિ ગુણઠાણે આવે અને અજઘન્ય રસ બાંધે ત્યારે અજઘન્યની સાદિ, અનાદિકાળથી મિથ્યાત્વે રહેલાને અજઘન્ય અનાદિ. અભવ્યને ધ્રુવ અને ભવ્ય જઘન્યરસ બંધ કરે અથવા બંધ વિચ્છેદ થાય ત્યારે અજઘન્ય અધ્રુવ.

નિદ્રાદ્વિક, અપ્રશસ્ત વર્ણચતુષ્ક, ભય, જુગુપ્સા અને ઉપઘાત એ નવ ધ્રુવબંધી પ્રકૃતિનો જઘન્ય રસ અપૂર્વગુણઠાણાવાળો ક્ષપક પોતાના બંધ વિચ્છેદ સમયે બાંધે અન્ય અજઘન્ય રસ બાંધે. ઉપશમશ્રેણીએ બંધવિચ્છેદ થઈ પડીને અપૂર્વગુણઠાણે બંધ સ્થાને આવે ત્યારે અજઘન્યની સાદિ, અનાદિકાળથી મિથ્યાત્વે રહેલાને અજઘન્ય અનાદિ અભવ્યને ધ્રુવ અને ભવ્ય જઘન્યરસ બાંધે ત્યારે

અથવા અબંધપણુ પામે ત્યારે અજઘન્ય અધ્રુવ.

પ્રત્યાખ્યાની ૪ કષાયનો સંયમની સન્મુખ થયેલો દેશવિરતિ અતિવિશુદ્ધ પરિણામી પોતાના ગુણઠાણાના અંત સમયે વર્તતો જઘન્ય રસ બાંધે. બીજા જીવો અજઘન્ય રસ બાંધે. તેઓ સંયમાદિક પામી અબંધક થઈને પડતા પાંચમે ગુણઠાણે અજઘન્ય રસ બાંધે ત્યારે અજઘન્યની સાદિ, અનાદિકાળથી મિથ્યાત્વે રહેલાને અજઘન્ય અનાદિ. અભવ્યને ધ્રુવ. ભવ્ય જ્યારે જઘન્યરસ બાંધે અથવા અબંધપણુ પામે ત્યારે અજઘન્ય અધ્રુવ.

અપ્રત્યાખ્યાની ચાર કષાયનો સર્વવિરતીની સન્મુખ થયેલો અવિરતિ સમ્યગ્દષ્ટિ મનુષ્ય અતિ વિશુદ્ધ પરિણામી પોતાના ગુણઠાણાના અંત સમયે વર્તતો જઘન્ય રસ બાંધે, બીજા તેના બંધક જીવો અજઘન્ય રસ બાંધે. તેઓ દેશવિરતિ આદિ પામી અબંધક થઈને પડી ચોથે ગુણઠાણે આવે ત્યારે અજઘન્ય રસ બાંધે તે વખતે અજઘન્યની સાદિ. અનાદિકાળથી મિથ્યાત્વે રહેલાને અજઘન્ય અનાદિ, અભવ્યને ધ્રુવ. ભવ્યને જઘન્ય રસ બાંધે અથવા અબંધ થાય ત્યારે અધ્રુવ.

અનંતાનુબંધી ૪ કષાય, થિણદ્ધિત્રિક, અને મિથ્યાત્વ એ આઠ પ્રકૃતિનો જઘન્યરસ મિથ્યાત્વી સમ્યક્ત્વ સંયમાભિમુખ થયેલો મિથ્યાત્વના ચરમ સમયે વર્તતો મનુષ્ય બાંધે. અન્ય અજઘન્ય રસ બાંધે સમ્યક્ત્વ પ્રાપ્ત થયે તેનો અબંધક થઈ પડતો મિથ્યાત્વ ગુણઠાણે આવે અને આ આઠ પ્રકૃતિબાંધે ત્યારે અજઘન્યની સાદિ. અનાદિકાળથી મિથ્યાત્વે રહેલાને અજઘન્ય અનાદિ. અભવ્યને ધ્રુવ. અને ભવ્ય જઘન્ય રસ બાંધે અથવા અબંધપણુ પામે ત્યારે અધ્રુવ. આ પ્રમાણે ૪૩ પ્રકૃતિનો અજઘન્યબંધ ચાર પ્રકારે છે.

શેષ જઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ બંધ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે તે આ પ્રમાણે : આ સર્વ પ્રકૃતિના જઘન્ય રસબંધના સ્થાન કહ્યા ત્યાં જ્યારે જઘન્ય રસ બાંધે ત્યારે જઘન્યની સાદિ બીજા સમયે અબંધ થવાથી જઘન્ય અધ્રુવ.

આ ૪૩ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ રસબંધ મિથ્યાત્વી અતિ સંક્લિષ્ટ પરિણામી સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા ચારે ગતિના જીવો કરે માટે જ્યારે ઉત્કૃષ્ટ રસબાંધે ત્યારે ઉત્કૃષ્ટની સાદિ. ઉત્કૃષ્ટ રસ ૧ અથવા ૨ સમય બંધાય તેથી ઉત્કૃષ્ટ પરિણામથી પતિત થાય. ત્યારે ઉત્કૃષ્ટ અધ્રુવ અને અનુત્કૃષ્ટની સાદિ. વળી કાલાંતરે અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિ સંજ્ઞી થાય ત્યારે અનુત્કૃષ્ટ અધ્રુવ અને ઉત્કૃષ્ટની સાદિ.

આ રીતે બન્ને બંધ (ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ) સંસારમાં ૧ લા ગુણઠાણે વારાફરતી પ્રાપ્ત થતા હોવાથી બંન્ને બંધ સાદિ અને અધ્રુવ છે.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચારઘાતી કર્મોનો જઘન્ય રસ બે પ્રકારે અને અજઘન્ય રસબંધ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે : ક્ષપકને દશમા ગુણઠાણાના ચરમસમયે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો જઘન્યરસબંધ હોય અને અનિવૃત્તિના ચરમ સમયે મોહનીયકર્મનો જઘન્ય રસબંધ હોય ત્યારે જઘન્યની સાદિ. બીજા સમયે બંધવિચ્છેદ થવાથી જઘન્ય અધ્રુવ.

ઉપશમશ્રેણીમાં બંધવિચ્છેદસ્થાન પામે એટલે ત્રણકર્મનો ૧૧મે ગુણઠાણે અને મોહનીયનો ૧૦મે ગુણઠાણે અબંધ થાય ત્યારે અજઘન્ય અધ્રુવ. ઉપશમશ્રેણીમાંથી પડી ૧૦મે ગુણઠાણે આવે ત્યારે ત્રણઘાતી કર્મોનો અને ૯ મે ગુણઠાણે આવે ત્યારે મોહનીય કર્મનો બંધ કરે ત્યારે અજઘન્યની સાદિ. અનાદિકાળથી મિથ્યાત્વે રહેલાને અજઘન્ય અનાદિ. અભવ્યને ધ્રુવ અને ભવ્ય ક્ષપકશ્રેણીમાં જઘન્ય બંધ સ્થાન પામે અથવા ઉપશમશ્રેણિમાં અબંધપણુ પામે ત્યારે અજઘન્ય અધ્રુવ.

આ પાપ પ્રકૃતિઓ હોવાથી ઉત્કૃષ્ટરસ અતિસંક્લિષ્ટ પરિણામથી બંધાય. અતિસંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા ઉત્કૃષ્ટ રસ બાંધે ત્યારે ઉત્કૃષ્ટની સાદિ. અતિ સંક્લિષ્ટ પરિણામ ૨ સમયથી વધારે હોય નહિ. તેથી ઉત્કૃષ્ટ પરિણામથી પતિત થાય ત્યારે ઉત્કૃષ્ટ અધ્રુવ અને અનુત્કૃષ્ટની

સાદિ વળી કાલાંતરે (એટલે જઘન્યથી અંતર્મુહૂર્તમાં અને ઉત્કૃષ્ટથી અસંખ્યકાળે) અતિ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાદૃષ્ટિ સંજ્ઞી થાય ત્યારે અનુત્કૃષ્ટ અધ્રુવ અને ઉત્કૃષ્ટની સાદિ. આમ બન્ને બંધ (ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ) સંસારમાં ૧ લા ગુણસ્થાનકે વારાફરતી પ્રાપ્ત થાય છે. માટે બન્ને બંધ સાદિ અને અધ્રુવ છે.

આ ભાંગા સાંવ્યવહારિક રાશિવાળા જીવની અપેક્ષાએ કહ્યા છે. અસાંવ્યવહારિક નિત્યનિગોદની વિવક્ષાએ ભાંગા કહેવામાં આવતા નથી. નહી તો અનુત્કૃષ્ટ રસબંધ અનાદિ અનંત પણ ઘટે.

ગોત્રકર્મના અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચાર પ્રકારે અને જઘન્ય અને ઉત્કૃષ્ટ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે તે આ પ્રમાણે : સાતમી નારકીનો જીવ સમ્યકત્વની સન્મુખ થયેલો મિથ્યાત્વના ચરમ સમયે વર્તતો વિશુદ્ધિ વધારે હોવાથી નીચગોત્રની અપેક્ષાએ ગોત્રકર્મનો જઘન્ય રસબંધ કરે ત્યારે જઘન્યની સાદિ. સમ્યકત્વ પામે ત્યારે ગોત્રકર્મનો જઘન્ય અધ્રુવ, કારણકે સમ્યકત્વ પામે ત્યારે ઉચ્ચગોત્રનો અજઘન્ય રસ બંધ થાય પણ જઘન્ય રસ ન બંધાય માટે જઘન્ય અધ્રુવ અને અજઘન્યની સાદિ. અનાદિકાળથી મિથ્યાત્વે રહેલાને અજઘન્ય અનાદિ. અભવ્યને ધ્રુવ. ભવ્ય જ્યારે નીચગોત્રનો જઘન્ય રસ બંધ કરે ત્યારે અથવા ૧૧મા ગુણઠાણે અબંધસ્થાન પામે ત્યારે અજઘન્ય અધ્રુવ.

ક્ષપકને સૂક્ષ્મસંપરાયના ચરમ સમયે ઉચ્ચગોત્રની અપેક્ષાએ ગોત્રકર્મનો ઉત્કૃષ્ટરસબંધ થાય ત્યારે ઉત્કૃષ્ટની સાદિ, બીજા સમયે બંધ વિચ્છેદ થવાથી ઉત્કૃષ્ટ અધ્રુવ. ઉપશમશ્રેણીમાં અબંધ થઈ ત્યાંથી પડી ૧૦ મે ગુણઠાણે અથવા ભવક્ષયે ચોથે ગુણઠાણે આવે ત્યારે અનુત્કૃષ્ટની સાદિ, અનાદિકાળથી મિથ્યાત્વે રહેલાને અનુત્કૃષ્ટ અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્ય જ્યારે બંધ વિચ્છેદ સ્થાન પામે અથવા ઉત્કૃષ્ટ બંધ કરે ત્યારે અનુત્કૃષ્ટ અધ્રુવ. આ પ્રમાણે ગોત્રકર્મના જઘન્યાદિના સર્વ ભાંગા થયા.

આયુષ્યકર્મ અને શેષ અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિનો જઘન્ય, અજઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એ ચારે પ્રકારનો રસબંધ સાદિ અને અધ્રુવ જ છે કારણકે

આયુષ્યનો બંધ ક્વચિત હોય છે તેથી આયુષ્યનો ઉત્કૃષ્ટ બંધ કરતો હોય ત્યારે ઉત્કૃષ્ટની સાદિ, એક કે બે સમય પછી અનુત્કૃષ્ટ બંધ કરે ત્યારે ઉત્કૃષ્ટ અધ્રુવ અને અનુત્કૃષ્ટની સાદિ. કોઈ જીવ જઘન્ય બંધ કરે ત્યારે જઘન્યની સાદિ, પછી અજઘન્યબંધ કરે ત્યારે અજઘન્યની સાદિ અને જઘન્ય અધ્રુવ. આ પ્રકૃતિઓ અધ્રુવબંધી હોવાથી બન્ને બંધ સાદિ અને અધ્રુવ.

શેષ ૭૩ પ્રકૃતિ અધ્રુવબંધી હોવાથી ચારે બંધ ક્વચિત બંધાય તેથી જઘન્યાદિ ચારે બંધમાંથી જે બંધ જ્યારે કરે ત્યારે તે સાદિ અને અધ્રુવએ બે જ ભાંગા સંભવે.

હવે ભાંગાની સંખ્યા આ પ્રમાણે : ૭ મૂળ પ્રકૃતિના (ચારઘાતી કર્મના જઘન્યના-૨, અજઘન્યના-૪, ઉત્કૃષ્ટના-૨ અને અનુત્કૃષ્ટના-૨. તેમજ નામ અને વેદનીય કર્મના જઘન્યના-૨, અજઘન્યના-૨, ઉત્કૃષ્ટના-૨, અનુત્કૃષ્ટના-૪) એકેકના ૧૦-૧૦ ભાંગા થાય તેથી ૬૦ ભાંગા થાય.

ગોત્રકર્મના જઘન્ય-૨, અજઘન્યના-૪, ઉત્કૃષ્ટના-૨, અનુત્કૃષ્ટના-૪ એમ ૧૨ ભાંગા, આયુષ્યકર્મના જઘન્યના-૨, અજઘન્યના-૨, ઉત્કૃષ્ટ-૨, અનુત્કૃષ્ટ-૨ એમ ૮ ભાંગા આ રીતે મૂળ પ્રકૃતિના ૮૦ ભાંગા થાય.

ઉત્તર પ્રકૃતિઓમાં ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિના એકેકના ૧૦ તેથી ૪૭૦ ભાંગા અને શેષ અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિના એકેકના ૮ તેથી ૫૮૪ ભાંગા થાય. કુલ ઉત્તર પ્રકૃતિના ૧૦૫૪ ભાંગા થાય. મૂળકર્મ અને ઉત્તર પ્રકૃતિના એ બંન્ને મળીને ૧૧૩૪ ભાંગા થાય છે. શુભવર્ણચતુષ્કને અલગ ગણીએ તો ૪૦ ભાંગા વધે તેથી ૧૧૭૪ ભાંગા થાય.

## વર્ગણાનું સ્વરૂપ

**सेसंमिदुहा इगदुगणुगाई जा अभवणंतगुणिआणू ।**
**खंधा उरलोचिअवग्गणा उ तह अगहणंतरिया ॥75॥**
**एमेव विउव्वाहार - तेअभासाणुपाण मण कम्मे ।**

# વર્ગણાનું વર્ણન

**सुहुमा कमावगाहो, ऊणूणंगुल असंखंसो ॥76॥**

**इक्किक्कहिआ सिद्धा - णंतंसा अंतरेसु अग्गहणा ।**

**सव्वत्थ जहन्नुचिआ, निअणंतं साहिआ जिट्ठा ॥77॥**

अगहणंतरिया - અગ્રહણયોગ્ય વર્ગણાના આંતરાવાળી

(ગ્રહણ યોગ્ય વર્ગણા છે)

ऊणूण - ઓછી ઓછી          अंतरेसु - અંતરાલે, મધ્યે

**અર્થ :-** બાકીની પ્રકૃતિના અને બાકીના ત્રણ પ્રકારના રસબંધોને વિષે બે પ્રકારે (સાદિ અને અધ્રુવ) બંધ હોય છે. એકાણુક, દ્વયણુકથી માંડીને યાવત્ અભવ્યથી અનંતગુણા પરમાણુવાળા સ્કંધોની ઔદારિકને ગ્રહણયોગ્ય વર્ગણા થાય છે. તેમજ એકેક પરમાણુની વૃદ્ધિએ ગ્રહણયોગ્ય વર્ગણાના અંતરે અગ્રહણયોગ્ય વર્ગણા હોય છે. ||૭૫|| એ પ્રમાણે વૈક્રિય આહારક તૈજસ, ભાષા, શ્વાસોશ્વાસ, મન અને કાર્મણ વર્ગણા હોય છે. એ ઔદારિકાદિ વર્ગણાઓ અનુક્રમે સૂક્ષ્મ-સૂક્ષ્મ જાણવી અને તેની અવગાહના ઓછી ઓછી અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય છે. વળી એકેક પરમાણુવડે અધિક, સિદ્ધોના અનંતમે ભાગે ઔદારિકાદિ વર્ગણાના મધ્યે અગ્રહણયોગ્ય વર્ગણા હોય સર્વે વર્ગણાને વિષે જઘન્ય ગ્રહણ યોગ્ય વર્ગણાથી પોતાના અનંતમે ભાગે અધિક ગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા હોય છે. ||૭૬,૭૭||

## પ્રદેશબંધનું વર્ણન

હવે પ્રદેશબંધ કહે છે. ત્યાં સૌ પ્રથમ ઔદારિકાદિ આઠ વર્ગણા કહે છે. એકલો સ્વતંત્ર પરમાણુ તે પરમાણુ વર્ગણા. આવી પરમાણુવર્ગણા લોકને વિષે બધી જગ્યાએ રહેલી છે. અનંતી છે. ચૌદરાજલોકમાં એવી એકપણ જગ્યા નથી જ્યાં એક પરમાણુ વર્ગણા ન હોય. બે પરમાણુની બનેલી દ્વયણુક પણ ચૌદરાજ લોકમાં સર્વ જગ્યાએ રહેલા છે. અનંતી છે તે સર્વ દ્વયણુક વર્ગણા. એમ ત્રયણુકની સર્વ વર્ગણા. આ પ્રમાણે એકેક પરમાણુની વૃદ્ધિએ સંખ્યાત પ્રદેશના અનંત સ્કંધો

તે સજાતીય સંખ્યાતી વર્ગણા, અસંખ્યાત પ્રદેશના સ્કંધરૂપ અસંખ્યા પ્રકારની વર્ગણા અને અનંત પ્રદેશી સ્કંધરૂપ અનંત વર્ગણા અને અનંતાનંત પ્રદેશ સ્કંધરૂપ અનંતાનંત વર્ગણા હોય છે. આમ સજાતીય પુદગલોનો સમુહ તેને વર્ગણા કહેવાય છે. વર્ગણા જઘન્યથી એક આકાશ પ્રદેશમાં રહી શકે છે. દ્વિપ્રદેશી સ્કંધની જઘન્ય અવગાહના ૧ આકાશપ્રદેશ છે. અને ઉત્કૃષ્ટ અવગાહના ૨ આકાશ પ્રદેશ છે. એમ સંખ્યાત પ્રદેશવાળી વર્ગણા જઘન્યથી એક પ્રદેશમાં અને ઉત્કૃષ્ટ થી પોતાની સંખ્યા જેટલા સંખ્યાત પ્રદેશાવગાહી હોય. અસંખ્ય અને અનંત પ્રદેશવાળી વર્ગણા જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી અસંખ્ય પ્રદેશમાં અવગાહીને હોય.

પ્રશ્ન : એક પરમાણુ અને વર્ગણા શબ્દ કેમ બને ?

ઉત્તર : જગતમાં જેટલા એક-એક પરમાણુ હોય તેનો સમુહ તેનુ નામ પરમાણુ વર્ગણા કહેવાય છે. પરંતુ પરમાણુ વર્ગણાની અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. તેથી અવગાહનામાં દોષ આવે કારણકે આ પરમાણુ આખા જગતમાં વ્યાપી છે. જેથી દોષ આવે છે. તેથી બીજી રીતે વ્યાખ્યા આ પ્રમાણે.

(૨) પરમાણુમાં પણ વર્ણ ગંધ રસ અને સ્પર્શના ગુણનો સમુહ હોય એ અપેક્ષાએ પરમાણુને પણ વર્ગણા કહેવાય.

(૩) આ પરમાણુમાં ભવિષ્યમાં અનેક વર્ગણાપણું ઉત્પન્ન થવાનુ હોવાથી પણ વર્ગણા કહેવાય છે.

અનંત પ્રદેશની બનેલી વર્ગણાની જઘન્ય અવગાહના એક પ્રદેશ અને ઉત્કૃષ્ટથી અસંખ્ય પ્રદેશાવગાહી છે. લોકના પ્રદેશોજ અસંખ્યાતા છે માટે તત્વાર્થમાં કહ્યું છે કે एक प्रदेशादिषु भाज्यः पुद्गलानाम् ।

આ સર્વ વર્ગણાઓ સ્થુલ છે માટે જીવને અગ્રહણ યોગ્ય હોય છે. ૧ પરમાણુથી માંડીને અભવ્યથી અનંતગુણ ન થાય ત્યાં સુધી પરમાણુના બનેલા સ્કંધ તે ઔદારિક અગ્રહણ યોગ્ય વર્ગણા કહેવાય છે. પરમાણુથી માંડીને દરેક

જાતના સ્કંધો ચૌદે રાજલોકમાં બધી જગ્યાએ રહેલા છે. દરેક અનંતા છે.

અભવ્યથી અનંતગુણા અથવા સિદ્ધના અનંતમા ભાગના પરમાણુની બનેલી વર્ગણા તે ઔદારિકને ગ્રહણયોગ્ય જઘન્ય વર્ગણા બને છે. આવી વર્ગણા પણ ચૌદે રાજલોકમાં બધી જગ્યાએ રહેલી છે. ઉદાર સ્થુલ એટલે પરમાણુ થોડા અને જગ્યા વધારે રોકે માટે સ્થુલ. જેમ પરમાણુ વધે તેમ જગ્યા ઓછી રોકે. માટે વૈક્રિય વિગેરે વર્ગણાઓ ઉત્તરોત્તર સૂક્ષ્મ છે. અને ઔદારિક વર્ગણા બધાથી સ્થુલ ઉદાર છે. માટે ઉદારવર્ગણા વડે બનેલ શરીર તે ઔદારિક શરીર કહેવાય. ઉદાર સ્થુલ પુદ્‌ગલોનો સમુહ તે ઔદારિક શરીર યોગ્ય વર્ગણા. આવા સમાન સજાતીય પરમાણુનો સમુહ તે ઔદારિકની જઘન્ય વર્ગણા કહેવાય છે. તે પછી એક એક પરમાણુની વૃદ્ધિએ યાવત્ પોતાની જઘન્ય વર્ગણાનો અનંતમો ભાગ થાય ત્યાં સુધી ની ઔદારિક ગ્રહણ યોગ્ય વર્ગણાઓ થાય છે. છેલ્લી સર્વથી અધિક પરમાણુની વર્ગણાને ઔ. ઉત્કૃષ્ટ વર્ગણા.

અસત્ કલ્પનાએ ૧ પરમાણુથી ૧ લાખ પરમાણુ ઔદારિકને અગ્રહણ યોગ્ય વર્ગણા હોય અને ૧૦૦૦૦૧ થી ૧૦૧૦૦૦ ઔદારિક ગ્રહણયોગ્ય વર્ગણા બને છે. એટલે કે પોતાની ગ્રહણયોગ્ય પ્રથમવર્ગણાનો અનંતમો ભાગ વધે ત્યારે ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાઓ થાય છે.

ઔદારિકને ગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણામાં ૧ અધિક પરમાણુ વધે ત્યારે વૈક્રિયને અગ્રહણ યોગ્ય જઘન્યવર્ગણા બને છે. અહિ વૈક્રિયને અગ્રહણ એટલે ઔદારિકને પણ અગ્રહણ જ છે. કેમકે ઔદારિકને જોઈએ તેના કરતા વધારે પરમાણુ છે. અને વૈક્રિયને જોઈએ તેના કરતા ઓછા પરમાણુની બનેલી છે. માટે બન્ને રીતે વર્ગણાઓ અગ્રહણ થાય છે. પરંતુ પરમાણુ આદિ શરૂઆતની ઔદારિકને અગ્રહણ કહી તેથી હવે વૈક્રિયને અગ્રહણ એવું નામ આપ્યું. વૈક્રિયને અગ્રહણ યોગ્ય જઘન્ય વર્ગણામાં એક અધિક પરમાણુ યાવત્ અભવ્યથી અનંતગુણ ન થાય ત્યાં સુધી બધી વૈક્રિયને અગ્રહણ યોગ્ય વર્ગણા હોય છે. એટલે કે અભવ્ય થી અનંતગુણા પરમાણુ અધિકવાળી ઉત્કૃષ્ટ વૈક્રિય અગ્રહણ વર્ગણા થાય.

વૈક્રિયને અગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણામાં ૧ અધિક પરમાણુની બનેલી વર્ગણાને વૈક્રિયને ગ્રહણયોગ્ય જઘન્ય વર્ગણા બને છે. વળી એક અધિક પરમાણુની બનેલી વર્ગણા તે વૈક્રિયને ગ્રહણયોગ્ય બીજી વર્ગણા, આ પ્રમાણે એક એક અધિક પરમાણુની વૃદ્ધિએ કરતા યાવત પોતાની જઘન્ય વર્ગણાનો અનંતમો ભાગ વધે ત્યાં સુધી વૈક્રિયને ગ્રહણ યોગ્ય વર્ગણા બને છે. તેમાં છેલ્લી વર્ગણા તે ઉત્કૃષ્ટ વૈક્રિય ગ્રહણ યોગ્ય વર્ગણા જાણવી.

વૈક્રિયને ગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણામાં ૧ અધિક પરમાણુની બનેલી વર્ગણા તે આહારકને અગ્રહણયોગ્ય વર્ગણા બને. આહારક અગ્રહણ યોગ્ય જઘન્ય વર્ગણામાં એક એક અધિક પરમાણુ યાવત અભવ્યથી અનંતગુણ ન થાય ત્યાં સુધીની બધી આહારકને અગ્રહણયોગ્ય વર્ગણા બને. આહારક અગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણામાં એક અધિક પરમાણુની બનેલી વર્ગણા તે આહારકને ગ્રહણ યોગ્ય જઘન્ય વર્ગણા બને છે. આહારકને ગ્રહણયોગ્ય જઘન્યવર્ગણામાં એક અધિક વૃદ્ધિએ કરતાં યાવત્ પોતાની જઘન્ય વર્ગણાનો અનંતમો ભાગ વધે ત્યાં સુધી આહારકને ગ્રહણયોગ્ય વર્ગણાઓ બને છે.

આ પ્રમાણે તૈજસ અગ્રહણ, તૈજસ ગ્રહણ, ભાષા અગ્રહણ, ભાષાગ્રહણ, શ્વાસોશ્વાસ અગ્રહણ, શ્વાસોશ્વાસ ગ્રહણ, મનો અગ્રહણ વર્ગણા, મનો ગ્રહણ વર્ગણા અને છેલ્લે કાર્મણ અગ્રહણ અને કાર્મણ ગ્રહણ યોગ્ય વર્ગણા બને છે.

એટલે કે મનોવર્ગણાને ગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક એક અધિક એમ યાવત અભવ્યથી અનંતગુણ ન થાય ત્યાં સુધી કાર્મણ અગ્રહણયોગ્ય વર્ગણા બને છે. કાર્મણ અગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણામાં એક અધિક પરમાણુની બનેલી વર્ગણા તે કાર્મણ ગ્રહણયોગ્ય જઘન્ય વર્ગણા બને છે.

આઠ વખત અભવ્યથી અનંતગુણ પરમાણુની બનેલી વર્ગણા હોવા છતાં સામાન્યથી અભવ્યથી અનંતગુણ પરમાણુની બનેલી એમ કહેવાય, કારણકે અનંતાના અનંતા ભેદ હોય માટે, આ રીતે અભવ્યથી અનંતગુણા પરમાણુની બનેલી તેને કાર્મણ વર્ગણા કહેવાય. આવી અનંતી કાર્મણ વર્ગણાને જીવ સમયે

સમયે ગ્રહણ કરે છે, કાર્મણ વર્ગણાનું સ્વરૂપ સમજાવવા માટે ઔદારિકાદિ વર્ગણાનું સ્વરૂપ સમજાવ્યું છે. જેમ યોગ વધે તેમ કાર્મણ વર્ગણા વધારે પરમાણુવાળી અને વધારે કાર્મણ વર્ગણાને ગ્રહણ કરે. અને જેમ યોગ ઘટે તેમ ઓછા પ્રદેશવાળી થોડી કાર્મણવર્ગણાને ગ્રહણ કરે.

આ બધી વર્ગણામાં જે અગ્રહણ યોગ્ય છે તે જેટલી જોઈએ તેના કરતા ઓછા પરમાણુની બનેલી વર્ગણા હોવાથી અગ્રહણ યોગ્ય વર્ગણા કહેવાય છે.

અહીં કાર્મણ વર્ગણા સુધીનું વર્ણન કર્યું છે. પરંતુ જગત માં તેનાથી પણ વધારે પરમાણુની બનેલી વર્ગણાઓ છે એટલે કે પંચસંગ્રહ - કર્મપ્રકૃતિ આદિ ગ્રંથને વિષે તો તે ઉપર પણ ધ્રુવાચિત્તાદિ કુલ ૨૬ વર્ગણા કહી છે. પણ તેનું અહીં પ્રયોજન નથી માટે તેનું વર્ણન કર્યું નથી.

આ વર્ગણાઓ અનુક્રમે એકેક થકી સૂક્ષ્મ છે. એટલે કે ઔદારિક કરતા વૈક્રિયગ્રહણ યોગ્ય વર્ગણા સૂક્ષ્મ. એમ છેલ્લે કાર્મણ વર્ગણા સર્વથી સૂક્ષ્મ છે. અને આઠમાંની એક એક વર્ગણાની અવગાહના - ક્ષેત્રવ્યાપ્તિ અંગુલનો અસંખ્યાતમો ભાગ છે અને એક એકથી ઉણી એટલે ન્યુન ન્યુન અવગાહના વાળી છે. ઓછા પરમાણુવાળીની સ્થુલરચના હોય છે. અને જેમ જેમ પરમાણુ વધે તેમ તેમ ઘનરચના બને છે. કોઈપણ એક વર્ગણા અંગુલનો અસંખ્યાતમો ભાગ રોકે છે. ઓછા પરમાણુવાળી વર્ગણા મોટા અંગુલનો અસંખ્યાતમો ભાગની અવગાહના વાળી અને જેમ વધારે પરમાણુવાળી વર્ગણા તેમ ન્યુન ન્યુન અંગુલના અસં. ભાગની અવગાહના વાળી છે. તેમ જાણવું.

પુદ્‌ગલનો સ્વભાવ પૂરણ ગલન છે. તેથી અગ્રહણ યોગ્ય વર્ગણા કાયમ અગ્રહણ રહેતી નથી ગ્રહણ યોગ્ય પણ બને છે. કેટલાય પરમાણુ છુટા પડે છે અને પ્રતિક્ષણે નવા પરમાણુ જોડાય છે. તેથી સદા અગ્રહણ અથવા ગ્રહણ યોગ્ય વર્ગણા તે રૂપે રહેતી નથી. વર્ગણાનું સ્વરૂપ બદલાય પણ છે. અને કેટલોક સમય તે રૂપે રહે પણ છે. પરંતુ હંમેશ માટે તે રૂપે રહે તેવું નહી.

ઔદારિક આદિ અગ્રહણ વર્ગણાઓ અભવ્યથી અનંતગુણવૃદ્ધિ થાય ત્યાં સુધી જાણવી.

અને ઔદારિક આદિ ગ્રહણ યોગ્ય વર્ગણાઓ ઉત્તરોત્તર દરેક વર્ગણાની પ્રથમ જઘન્ય વર્ગણામાં જેટલા પરમાણુઓ હોય તેનો અનંતમો ભાગ વધે ત્યાં સુધી ગ્રહણ યોગ્ય જાણવી.

દરેક વર્ગણા તે સ્વરૂપે જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી પલ્યો. નો અસંખ્યાતમો ભાગ કાળ રહે. જીવ સમાસ ગા. ૨૪૨માં અસંખ્ય ઉત્સ. અવસર્પિણીકાળ કહ્યો છે. તત્વ કેવલી ગમ્ય, સતત વર્ગણા તે સ્વરૂપે રહે પરંતુ પુરણ - ગલન થાય. પરંતુ સંખ્યાની હાની-વૃદ્ધિ ન થાય. એટલે જેટલા પરમાણુનુ ગલન થાય તેટલા પરમાણુ તે સમયે નવાનુ પુરણ થાય. સંખ્યાનું સ્વરૂપ ન બદલાય એમ જાણવું.

**अंतिम चउफासदुगंध, पंचवन्नरसकम्मखंधदलं ।**

**सव्वजिअणंत गुणरस, अणुजुत्तमणंतय पएसं ॥78॥**

**एगपएसोगाढं, निअसव्वपएसओ गहेइ जिओ ।**

**थोवो आउ तदंसो, नामे गोए समो अहिओ ॥79॥**

अंतिम चउफास - છેલ્લા સ્પર્શવાળી

एगपएसोगाढं - એક પ્રદેશને વિષે અવગાહી રહેલ

कम्मखंधदलं - કર્મસ્કંધ દ્રવ્યને  गहेइ - ગ્રહણ કરે

अणुजुत्तं - અણુઓવડે યુક્ત तदंसो - તે (અનંતસ્કંધમય કર્મદ્રવ્ય) નો અંશ

**અર્થ :-** છેલ્લા ચાર સ્પર્શ, બે ગંધ, પાંચ વર્ણ અને પાંચ રસવાળા, સર્વ જીવો કરતા અનંતગુણ રસવાળા અણુઓ વડે યુક્ત, અનંતપ્રદેશોવાળા, એક પ્રદેશ (સમાન-ક્ષેત્ર) ને વિષે. અવગાહી રહેલ એવા કર્મ સ્કંધને પોતાના સર્વ

પ્રદેશો વડે જીવ ગ્રહણ કરે છે. તે (ગ્રહણ કરેલા અનંત સ્કંધમય કર્મદ્રવ્ય) નો સર્વથી થોડો ભાગ આયુષ્ય કર્મ રૂપે પરિણમે છે. નામકર્મ અને ગોત્રકર્મને વિષે સરખો અને આયુષ્ય કરતાં અધિકભાગ પરિણમે છે. ।।૭૮-૭૯।।

## કાર્મણ વર્ગણાનું વર્ણન

**વિવરણ :-** હવે કેવા કર્મદલિકોને જીવ ગ્રહણ કરે તે કહે છે : એક પરમાણુમાં ૧ ગંધ, ૧ રસ, ૧ વર્ણ, અને શીત-ઉષ્ણ, અથવા સ્નિગ્ધ-રૂક્ષમાંથી બે સ્પર્શ હોય છે. બે પરમાણુસંઘમાં ઉત્કૃષ્ટથી ૨ વર્ણ, ગંધ, રસ-બે અથવા જઘન્યથી એક અને સ્પર્શ-૪ (શીત-ઉષ્ણ સ્નિગ્ધરૂક્ષ) ત્રણ પરમાણુમાં ઉત્કૃષ્ટથી વર્ણ-૩, ગંધ-૨, રસ-૩ અને સ્પર્શ-૪ એ પ્રમાણે ઈંદ્રિય ગ્રાહ્ય ન બને એવા સૂક્ષ્મસ્કંધોમાં દરેકમાં વર્ણ-૫, ગંધ-૨, રસ-૫ અને સ્પર્શ-૪ હોય છે. જ્યારે બાદર પરિણામી સ્કંધોમાં દરેકમાં વર્ણ-૫, ગંધ-૨, રસ-૫ અને સ્પર્શ-૮ હોય છે. એટલે કે મૃદુ-કર્કશ, ગુરુ-લઘુ, એ ચાર સ્પર્શ પણ બાદર સ્કંધોમાં હોય પરંતુ સૂક્ષ્મસ્કંધોમાં ન હોય.

ઔદારિક, વૈક્રિય અને આહારક આ ત્રણ વર્ગણા બાદર પરિણામી છે તેથી તેમાં ૮ સ્પર્શ હોય, બાકીની તૈજસ, ભાષા, શ્વાસોશ્વાસ, મન અને કાર્મણ આ પાંચ વર્ગણા સૂક્ષ્મ પરિણામી છે. એટલે કાર્મણ વર્ગણા પણ સૂક્ષ્મ પરિણામી છે તેથી તેમાં વર્ણ-૫, ગંધ-૨, રસ-૫ અને સ્પર્શ-૪ હોય છે.

જીવ કેવી કાર્મણવર્ગણા ગ્રહણ કરે તે કહે છે : પાંચ વર્ણ વાળી બે ગંધ પાંચ રસવાળી અને ચાર સ્પર્શવાળી, સર્વ જીવ કરતાં અનંતગુણરસવાળી એટલે કે એકેક પરમાણુમાં સર્વ જીવ કરતા[1] અનંતગુણ રસના અવિભાગ પલિચ્છેદ વાળા એવા પરમાણુથી યુક્ત અભવ્યથી અનંતગુણ પરમાણુથી યુક્ત એક પ્રદેશમાં

૧. સર્વજીવથી અનંતગુણ સ્નેહવાળી એટલે સ્નિગ્ધતા ગુણવાળી એમ સમજવું. પરંતુ વિપાક રૂપ રસ ન હોય, તે વિપાકરસ તો આત્માની સાથે લાગે ત્યારે ઉત્પન્ન થાય છે.

અવગાહીને રહેલી એટલે[1] કે જે આકાશ પ્રદેશમાં જીવ અવગાહીને રહેલો છે તે પ્રદેશમાં જ અવગાહીને રહેલી પરંતુ અનંતર પરંપર પ્રદેશમાં નહિ. આવા કર્મસ્કંધના દલિકોને (કાર્મણવર્ગણાને) જીવ પોતાના સર્વ આત્મપ્રદેશથી ગ્રહણ કરે છે. એટલે કે પોતાના ક્ષેત્રમાં અવગાહીને રહેલા કર્મદલિકોને સર્વ આત્મ પ્રદેશો વડે ગ્રહણ કરે એટલે સર્વઆત્મપ્રદેશ અનંતર પરંપરાએ તે કર્મદલિકોને ગ્રહણ કરવા માટે પ્રવર્તે. જેમકે કોઈક વસ્તુ લેવા માટે આંગળી પ્રવર્તે ત્યારે કરતલ, મણિબંધ, ભુજા, ખભો એ સર્વ પ્રદેશો અનંતર પરંપરાએ બળ કરે કારણકે સર્વ જીવ પ્રદેશોનો સાંકળના આંકડાની જેમ પરસ્પર સંબંધ છે તેથી સર્વ આત્મપ્રદેશ વડે ગ્રહણ કરે છે તેમ જાણવું.

### "કર્મ પ્રદેશની વહેંચણ"

હવે એક સમયે એક જ અધ્યવસાયે ગ્રહણ કરેલા જે કર્મ પુદ્‌ગલો છે તેનો આઠે કર્મને કેટલો ભાગ આવે તે કહે છે. જો આઠે કર્મ બંધાતા હોય ત્યારે કર્મદળિયાના આઠ ભાગ પડે. આયુષ્યવિના સાત કર્મ બંધાતા હોય ત્યારે સાત ભાગ પડે. મોહનીયનો બંધવિચ્છેદ થવાથી ૧૦ મે ગુણઠાણે છ કર્મ બંધાય ત્યારે છ ભાગ થાય. અને ૧૧-૧૨-૧૩ ગુણઠાણે વેદનીય એક કર્મ બંધાય ત્યારે બધો ભાગ તેને આવે. અષ્ટવિધ બંધકમાં આયુષ્યકર્મને સૌથી થોડો ભાગ આવે છે. કારણકે જેની સ્થિતિ ઓછી તેનો ભાગ થોડો અને જેની સ્થિતિ વધારે તેનો ભાગ મોટો હોય છે. અન્યકર્મની અપેક્ષાએ આયુષ્યકર્મની સ્થિતિ થોડી છે તેથી સર્વથી અલ્પભાગ આયુષ્યકર્મને હોય છે. તેના કરતાં નામ અને ગોત્રકર્મને વિષે ભાગ વિશેષ અધિક હોય છે. કારણકે તેની સ્થિતિ અધિક છે. પરંતુ બંન્નેને પરસ્પર સરખો ભાગ હોય છે.

---

૧. એક પ્રદેશનો અર્થ આત્મા જે પ્રદેશોમાં રહેલો હોય તેજ પ્રદેશોમાં રહેલી એટલે બન્નેની અવગાહના એક હોવી જોઈએ તેવી વર્ગણાને ગ્રહણ કરે છે

# કર્મપ્રદેશની વહેંચણી

પ્રશ્ન :- આયુષ્યકર્મની સ્થિતિ ૩૩ સાગરોપમની છે અને નામગોત્રની સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમની છે એટલે સ્થિતિની અપેક્ષાએ આયુષ્ય કરતા સંખ્યાતગુણ વધારે સ્થિતિ છે તો દલિયા પણ સંખ્યાંતગુણા હોવા જોઈએ. વિશેષાધિક કેમ કહ્યા ?

જવાબ :- આયુષ્યમાં સ્થિતિ થોડી હોવા છતાં ઉત્તરોત્તર સ્થિતિસ્થાનમાં દલિયા અસંખ્યગુણાકારે હોય છે. એટલે નાની સ્થિતિ હોવા છતાં દળિયાનું પ્રમાણ એટલું બધું ઉત્તરોત્તર અધિક થાય છે કે નામ-ગોત્ર કર્મમાં દળિયા અસંખ્યગુણા કે સંખ્યાતગુણા થતા નથી. કારણકે નામ અને ગોત્રકર્મમાં ઉત્તરોત્તર સ્થિતિસ્થાનમાં દલિયાની રચના વિશેષાધિક થાય છે. એટલે કે પહેલા સ્થિતિસ્થાન કરતા બીજા સ્થિતિસ્થાનમાં વિશેષાધિક, આ રીતે નામ અને ગોત્રમાં વિશેષાધિક દળિયાથી રચના હોવાથી અને આયુષ્યમાં અસંખ્યગુણાની રચના હોવાથી આયુષ્ય કરતાં નામ અને ગોત્રના દળિયા વિશેષાધિક જ થાય.

**विग्धावरणे मोहे, सव्वोवरि वेअणिइ जेणप्पे ।**

**तस्स फुडत्तं न हवइ, ठिईविसेसेण सेसाणं ॥૮૦॥**

सव्वोवरि - સર્વથી વધારે | अप्पे - થોડા દલિક છતે

फुडत्तं - સ્પષ્ટ રીતે અનુભવ | न हवइ - ન હોય - ન થાય

ठिईविसेसेण - સ્થિતિ વિશેષે કરીને

**અર્થ** :- (નામ-ગોત્રથી) અંતરાય, જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મને વિષે અધિક અને માંહોમાહે સરખો તેથી મોહનીય કર્મને વિષે અધિક અને વેદનીય કર્મને વિષે સર્વથી અધિક ભાગ પરિણમે. જે કારણ માટે વેદનીયમાં થોડા દલિક હોતે છતે તે (વેદનીય) નો સ્પષ્ટ રીતે અનુભવ ન થાય માટે અને બાકીના કર્મોનો સ્થિતિની વિશેષતા પ્રમાણે હીનાધિક ભાગ હોય ॥૮૦॥

**વિવરણ** :- નામ અને ગોત્ર કર્મ કરતાં અંતરાય, જ્ઞાનાવરણીય અને

દર્શનાવરણીય કર્મનો ભાગ વિશેષાધિક છે. કારણકે સ્થિતિ અધિક છે. પણ ત્રણેકર્મનો પરસ્પર સરખો હોય છે. તેના કરતાં મોહનીયની સ્થિતિ વધારે હોવાથી વિશેષાધિક છે. અને સર્વથી વધારે વેદનીય કર્મનો ભાગ હોય છે કારણકે વેદનીય કર્મની સ્થિતિ ઓછી હોવા છતાં ઓછો ભાગ આવે તો સુખદુ:ખાદિકનો સ્પષ્ટ અનુભવ થતો નથી માટે વેદનીય કર્મને સ્વભાવથી ઘણા પુદ્ગલો મળે ત્યારે પોતાના કાર્યમાં સમર્થ થાય છે.[૧] માટે સર્વથી વધારે ભાગ હોય, બાકીના સાત કર્મમાં સ્થિતિને અનુસારે હીનાધિક ભાગ જાણવો એટલે કે જે કર્મની સ્થિતિ મોટી તેને મોટો ભાગ અને જે કર્મની સ્થિતિ નાની તેને ઓછો ભાગ આવે.

પ્રશ્ન :- જ્ઞાનાવરણીય કરતા મોહનીયનો સંખ્યાતગુણ ભાગ થાય છતાં વિશેષાધિક કેમ ?

જવાબ :- દર્શનમોહનીયની જ ૭૦ કોડાકોડીની સ્થિતિ છે અને ચારિત્ર મોહનીયની તો ૪૦ કોડાકોડી સ્થિતિ છે તેથી ચારિત્ર મોહનીયની અપેક્ષાએ વિશેષાધિક કહ્યું છે. આ પણ યુક્તિથી જ ઘટાડયું છે તત્વતો કેવલી જાણે. પરમાર્થથી તો શ્રી જિનવચનને પ્રમાણ કરવું. તેમજ એક સમયે એક અધ્યવસાયે ગ્રહણ કરેલા પુદ્ગલ આઠે કર્મરૂપે પરિણમે, કારણકે અહિં જીવની અચિંત્ય શક્તિ છે. અને પુદ્ગલનો પરિણામ વિચિત્ર છે. માટે આશ્ચર્ય નથી.

## ઉત્તર પ્રકૃતિના કર્મદલિકના ભાગ

**निअ जाइलद्धदलिया - णंतंसो होइ सव्वधाईणं ।**
**बन्झंतीण विभज्जइ, सेसं सेसाण पइसमयं ॥81॥**

---

૧. જેમ ચાર પ્રકારના આહારમાં અશન પાન અને ખાદિમના પુદ્ગલો ઘણા હોય તો જ પોતાના (તૃપ્તિ લક્ષણ) કાર્યને કરી શકે છે. અને સ્વાદિમના પુદ્ગલો થોડા છતા સ્વકાર્યને કરી શકે છે તેમ અહીં અશનાદિ તુલ્ય વેદનીય અને સ્વાદિમ તુલ્ય બાકીના સાત કર્મ જાણવા.

વળી જેમ વિષ અલ્પ હોય તો પણ મારણાદિ કાર્ય કરી શકે અને માટીના ઢેફા ઘણા હોય ત્યારે મારણાદિ કાર્ય થાય તેમ અહીં પણ ઘટાડવું (પંચસંગ્રહ સ્વોપજ્ઞ ટીકા)

# કર્મપ્રદેશની વહેંચણી

अणंतंसो - અનંતમો ભાગ　　　　बज्झंतीण - બંધાતી

सेसं - બાકી રહેલા પ્રદેશાગ્ર　　　　विभज्जइ - વહેંચાય છે.

**અર્થઃ-** પોતાની મૂળ પ્રકૃતિરૂપ જાતિ વડે પ્રાપ્ત કરેલ દલિકનો અનંતમો ભાગ સર્વઘાતી પ્રકૃતિને ભાગે આવે અને બાકી રહેલા પ્રદેશાગ્ર બાકીની બંધાતી પ્રકૃતિઓને સમયે સમયે વહેંચાય છે. ॥૮૧॥.

**વિવરણ :-** હવે ઉત્તર પ્રકૃતિના ભાગ કહે છે. પોતાની મૂળ પ્રકૃતિરૂપ જાતિ વડે જે પ્રાપ્ત થયેલા દલિકો છે તેનો અનંતમો ભાગ પોતાની સર્વઘાતિ રસયુક્તવાળી સર્વઘાતી પ્રકૃતિને ભાગે આવે છે. કારણકે સર્વઘાતી પ્રકૃતિના તીવ્રરસવાળા દળિયા હોય તો જ ફળ આપી શકે, તીવ્રરસવાળા દળિયા સર્વથી ઓછા હોય. તેથી પોતાના ભાગમાં આવેલા દળિયાનો અનંતમો ભાગ સર્વઘાતીને આપે છે. અને બાકી રહેલા દલિયાને દેશઘાતિ પ્રકૃતિને યોગ્ય ભાગે આપે છે. દા.ત. જ્ઞાનાવરણીયનો અનંતમોભાગ કેવલજ્ઞાનાવરણીયને, દર્શનાવરણીયનો અનંતમોભાગ પાંચનિદ્રા અને કેવલદર્શનાવ. ને, મોહનીયનો અનંતમોભાગ મિથ્યાત્વ અને બાર કષાયને ભાગે આવે છે. બાકી રહેલ દલિયા તે સમયે બંધાતી દેશઘાતિ પ્રકૃતિઓને તે જ સમયે વહેંચી આપે છે. સમયે સમયે બંધાય અને સમયે સમયે દલિકોના ભાગ વહેંચાય છે. તેમજ જે જે પ્રકૃતિનો જે જે ગુણઠાણે બંધ વિચ્છેદ થાય ત્યારે તેના ભાગનું દળિયું તેની સજાતીય બંધાતી પ્રકૃતિને ભાગે આવે. અને જ્યારે તેની સર્વ સજાતીય પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય ત્યારે તેના ભાગનું દળિયું. તેની મૂલ કર્મપ્રકૃતિમાંની વિજાતીય પ્રકૃતિને ભાગે આવે અને સર્વ ઉત્તર પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય ત્યારે મૂળ પ્રકૃતિનો પણ બંધ વિચ્છેદ થાય તેથી તેનુ દળિયું શેષ બંધાતી મૂળ પ્રકૃતિઓ રૂપે વહેંચાય. આ પ્રમાણે સૂક્ષ્મ સંપરાય સુધી જાણવું. ઉપશાંત મોહાદિકે તો સર્વ દળિયું સાતાવેદનીયપણે જ પરિણામ પામે.

જ્યારે યોગ વ્યાપાર ઉત્કૃષ્ટ હોય અને કર્મ વર્ગણા સર્વથી વધારે ગ્રહણ થાય ત્યારે ઉત્કૃષ્ટપદે ગ્રંથકારે સર્વ ઉત્તર પ્રકૃતિને વિષે કર્મસ્કંધના દલિકનું અલ્પબહુત્વ કહેલ છે તે આ પ્રમાણે (જુઓ સ્વોપજ્ઞ ટીકા)

# ઉત્તર પ્રકૃતિમાં ઉત્કૃષ્ટ પદને વિષે

## કર્મ દલિક ભાગનું અલ્પબહુત્વ

**જ્ઞાનાવરણીયને વિષે**

૧. કેવલજ્ઞાનાવરણીયનો સર્વથી થોડો
૨. તેના કરતાં મનઃપર્યવજ્ઞાના. નો અનંતગુણો
૩. " " અવધિજ્ઞાના. નો વિશેષાધિક
૪. " " શ્રુતજ્ઞાના. નો વિશેષાધિક
૫. " " મતિજ્ઞાના. નો વિશેષાધિક

**દર્શનાવરણીયને વિષે**

૧. પ્રચલા નો સર્વથી થોડો
૨. તેના કરતા નિદ્રાનો વિશેષાધિક
૩. " " પ્રચલા પ્રચલાનો વિશેષાધિક
૪. " " નિદ્રાનિદ્રાનો વિશેષાધિક
૫. " " થિણદ્ધિનો વિશેષાધિક
૬. " " કેવલદર્શનાવરણીયનો વિશેષાધિક
૭. " " અવધિ દર્શનાવરણીયનો અનંતગુણ
૮. " " અચક્ષુ દર્શનાવરણીયનો વિશેષાધિક
૯. " " ચક્ષુ દર્શનાવરણીયનો વિશેષાધિક

**વેદનીય કર્મને વિષે**

૧. અસાતા વેદનીયનો ભાગ સર્વ થી થોડો
૨. તેના કરતાં સાતા વેદનીયનો વિશેષાધિક

**મોહનીય કર્મને વિષે**

૧. અપ્રત્યાખ્યાનીય માનનો સર્વથી થોડો
૨. તેના કરતા અપ્રત્યાખ્યાનીય ક્રોધનો વિશે.
૩. " " " " માયાનો " "
૪. " " " " લોભનો " "
૫. " " પ્રત્યાખ્યાનીય માનનો " "
૬. " " " " ક્રોધનો " "
૭. " " " " માયાનો " "
૮. " " " " લોભનો " "
૯. " " અનંતાનુબંધી માનનો વિશેષાધિક
૧૦. " " " " ક્રોધનો " "
૧૧. " " " " માયાનો " "
૧૨. " " " " લોભનો " "
૧૩. " " મિથ્યાત્વનો વિશેષાધિક
૧૪. તેના કરતા જુગુપ્સાનો અનંતગુણ
૧૫. તેના કરતા ભયનો વિશેષાધિક
૧૬-૧૭. તેના કરતા હાસ્ય-શોકનો વિશેષાધિક (પરસ્પર સમાન)
૧૮-૧૯ તેના કરતા રતિ અરતિનો વિશેષાધિક (પરસ્પર સમાન)
૨૦-૨૧ તેના કરતા સ્ત્રી અને નપુંસકવેદનો વિશે
૨૨. તેના કરતા સંજ્વલન ક્રોધનો વિશેષા.
૨૩. તેના કરતા સંજ્વલન માનનો વિશેષા.
૨૪. તેના કરતા પુરુષવેદનો વિશેષાધિક
૨૫. તેના કરતા સંજ્વલન માયાનો વિશે.
૨૬. તેના કરતા સંજ્વલન લોભ અસં. ગુણ.

**આયુષ્ય કર્મને વિષે**

ચારે આયુષ્યમાં પરસ્પર સમાન

# કર્મદલિકનું અલ્પબહુત્વ

**નામ કર્મને વિષે ગતિને વિષે**

૧-૨ દેવ-નરક ગતિનો સર્વથી થોડો
(પરસ્પર સમાન)

૩. તેના કરતાં મનુષ્યગતિનો વિશેષાધિક

૪. તેના કરતાં તિર્યંચ ગતિનો વિશેષાધિક

**જાતિને વિષે**

૧થી૪ બેઈન્દ્રિયાદિ જાતિ ચતુષ્કનો થોડો
પરસ્પર સમાન

૫. તેથી એકેન્દ્રિય જાતિનો વિશેષાધિક

**શરીરને વિષે**

૧. આહારક શરીરનો સર્વથી થોડો

૨. તેના કરતા વૈક્રિય શરીરનો વિશેષાધિક

૩. તેના કરતા ઔદારિક શરીરનો વિશેષાધિક

૪. તેના કરતા તૈજસ શરીરનો વિશેષાધિક

૫. તેના કરતા કાર્મણ શરીરનો વિશેષાધિક

૫. શરીરની જેમ સંઘાતનનો જાણવો.

**ઉપાંગને વિષે**

૧. આહારક આંગોપાંગનો સર્વથી થોડો

૨. તેન કરતા વૈક્રિય આંગોપાંગનો વિશેષા.

૩. તેના કરતા ઔદારિક આંગોપાંગનો "

**બંધનને વિષે**

૧. આહારક આહારક બંધનનો થોડો

૨. તેના કરતાં " તેજસ " વિશેષાધિક

૩. તેના કરતાં આહારક કાર્મણ " "

૪. તેના કરતા આહારક તેજસ કાર્મણ "

૫. તેના કરતા વૈક્રિય વૈક્રિય "

૬. તેના કરતા વૈક્રિય તૈજસ " "

૭. તેના કરતા વૈક્રિય કાર્મણ " "

૮. તેના કરતા વૈક્રિય તૈજસ કાર્મણ " "

૯. તેના કરતા ઔદારિક ઔદારિક " "

૧૦. તેના કરતા ઔદારિક તૈજસ " "

૧૧. તેના કરતાં ઔદારિક કાર્મણ " "

૧૨. તેના કરતાં ઔદારિક તૈજસ કાર્મણ "

૧૩. તેના કરતા તૈજસ તૈજસ બંધનનો વિશે.

૧૪. તેના કરતા તૈજસ કાર્મણ " "

૧૫. તેના કરતા કાર્મણ કાર્મણ " "

**સંસ્થાનને વિષે**

૪. મધ્યમ ચાર સંસ્થાનનો સર્વથી થોડો

૫. તેના કરતાં સમચતુરસ્ર સંસ્થાનનો વિશે.

૬. તેના કરતાં હુંડક સંસ્થાનનો વિશેષાધિક

**સંઘયણને વિષે**

૫. પહેલા પાંચ સંઘયણનો સર્વથી થોડો
(પરસ્પર સમાન)

૬. તેના કરતાં સેવાર્ત સંઘયણનો વિશેષાધિક

**વર્ણને વિષે**

૧. કૃષ્ણવર્ણનો સર્વથી થોડો

૨. તેના કરતાં નીલવર્ણનો વિશેષાધિક

૩. તેના કરતાં રક્ત વર્ણનો વિશેષાધિક

૪. તેના કરતાં પીત વર્ણનો વિશેષાધિક

૫. તેના કરતાં શ્વેત વર્ણનો " "

### ગંધને વિષે
૧. સુરભિ ગંધનો સર્વથી થોડો
૨. તેના કરતાં દુરભિગંધનો વિશેષાધિક

### રસને વિષે
૧. નિક્ત રસનો સર્વથી થોડો
૨. તેના કરતાં કટુ રસનો વિશેષાધિક
૩. તેના કરતાં કષાય રસનો વિશેષાધિક
૪. તેના કરતાં આમ્લ રસનો વિશેષાધિક
૫. તેના કરતાં મધુર રસનો વિશેષાધિક

### સ્પર્શને વિષે
૧-૨. કર્કશ - ગુરુ સ્પર્શનો સર્વથી થોડો
૩-૪. તેના કરતાં મૃદુ-લઘુ સ્પર્શનો વિશેષાધિક
૫-૬. તેના કરતાં રૂક્ષ-શીત સ્પર્શનો વિશેષાધિક
૭-૮. તેના કરતાં સ્નિગ્ધ-ઉષ્ણ સ્પર્શનો વિશેષા.
(પરસ્પર સમાન)

### આનુપૂર્વિને વિષે
૧. દેવ નરકાનુપૂર્વિ નો સર્વથી થોડો
૩. તેના કરતાં મનુષ્યાનુપૂર્વિનો વિશેષાધિક
૪. તેના કરતાં તિર્યંચાનુપુર્વિનો વિશેષાધિક

### વિહાયોગતિને વિષે
૧. શુભ વિહાયોગતિનો સર્વથી થોડો
૨. તેના કરતાં અશુભ વિહાયે. વિશેષાધિક

### ત્રસ દશક અને સ્થાવર દશકમાં
૧. ત્રસ નામકર્મનો સર્વથી થોડો
૨. તેના કરતાં સ્થાવર નામનો વિશેષાધિક
૧. બાદર નામનો ભાગ થોડો
૨. સૂક્ષ્મનો ભાગ વિશેષાધિક શુભનો થોડો
અશુભનો વિશેષાધિક

આ પ્રમાણે પર્યાપ્ત આદિમાં પણ બેબે કર્મ
આતપ અને ઉદ્યોતનો પરસ્પર સમાન
નિર્માણ - ઉચ્છ્વાસ, પરાઘાત, ઉપઘાત
અગુરુલઘુ, જિનનામ નું અલ્પબહુત્વનથી
સજાતીય અને પ્રતિપક્ષ પ્રકૃતિની અપેક્ષાના
અભાવથી.

### ગોત્રકર્મને વિષે
નીચગોત્રનો ભાગ સર્વથી થોડો
તેના કરતાં ઉચ્ચગોત્રનો વિશેષાધિક

### અંતરાય કર્મને વિષે
દાનાંતરાયનો ભાગ સર્વથી થોડો
તેના કરતા લાભાંતરાયનો વિશેષાધિક
તેના કરતા ભોગાંતરાયનો વિશેષાધિક
તેના કરતાં ઉપભોગાંતરાયનો વિશેષાધિક
તેના કરતાં વીર્યાન્તરાયનો વિશેષાધિક

# કર્મદલિકનું અલ્પબહુત્વ

## જ્યારે યોગ વ્યાપાર સર્વથી અલ્પ હોય ત્યારે કર્મપ્રદેશ સર્વથી અલ્પ ગ્રહણ થાય ત્યારે

## જઘન્યપદને વિષે કર્મદલિક ભાગનું અલ્પબહુત્વ

**જ્ઞાનાવરણીયને વિષે**

૧. કેવલજ્ઞાનાવરણીયનો ભાગ સર્વથી થોડો
૨. તેના કરતા મનઃપર્યવ જ્ઞાના. અનંતગુણો
૩. તેના કરતા અવધિજ્ઞાનાવરણીયનો વિશે.
૪. તેના કરતા શ્રુતજ્ઞાનાવરણીયનો વિશે.
૫. તેના કરતાં મતિજ્ઞાનાવરણીયનો વિશે.

**દર્શનાવરણીયને વિષે**

૧. નિદ્રાનો ભાગ સર્વથી થોડો
૨. તેના કરતા પ્રચલાનો વિશેષાધિક
૩. તેના કરતા નિદ્રાનિદ્રાનો વિશેષાધિક
૪. તેના કરતા પ્રચલા પ્રચલાનો વિશે.
૫. તેના કરતા થિણદ્ધિનો વિશેષાધિક
૬. તેના કરતા કેવલદર્શનાવરણીયનો વિશે.
૭. તેના કરતા અવધિદર્શનાવરણીય અનંત.
૮. તેના કરતા અચક્ષુ દર્શનાવરણીય વિશે.
૯. તેના કરતા ચક્ષુ દર્શનાવરણીય વિશે.

**વેદનીયને વિષે**

૧. અસાતા વેદનીયનો ભાગ સર્વથી થોડો
૨. તેના કરતા શાતાવેદનીયનો વિશેષાધિક

**મોહનીયને વિષે**

૧. અપ્રત્યાખ્યાનીય માનનો સર્વથી થોડો
૨. તેના કરતા અપ્રત્યાખ્યાનીય ક્રોધનો વિશે.
૩. તેના કરતાં અપ્રત્યાખ્યાનીય માયાનો વિશે.
૪. તેના કરતાં અપ્રત્યાખ્યાનીય લોભનો વિશે.
૫. તેના કરતાં પ્રત્યાખ્યાનીય માનનો વિશે.
૬. તેના કરતાં પ્રત્યાખ્યાનીય ક્રોધનો વિશે.
૭. તેના કરતાં પ્રત્યાખ્યાનીય માયાનો વિશે.
૮. તેના કરતાં પ્રત્યાખ્યાનીય લોભનો વિશે.
૯. તેના કરતાં અનંતાનુબંધી માનનો વિશે.
૧૦. તેના કરતાં અનંતાનુબંધી ક્રોધનો વિશે.
૧૧. તેના કરતા અનંતાનુબંધી માયાનો વિશે.
૧૨. તેના કરતાં અનંતાનુબંધી લોભનો વિશે.
૧૩. તેના કરતાં મિથ્યાત્વનો વિશેષાધિક
૧૪. તેના કરતાં જુગુપ્સાનો ભાગ અનંતગુણો
૧૫. તેના કરતાં ભયનો ભાગ વિશેષાધિક
૧૭. તેના કરતાં હાસ્ય-શોકનો ભાગ વિશે. પરસ્પર સમાન
૧૯. તેના કરતાં રતિ અરતિનો ભાગ વિશે. પરસ્પર સમાન
૨૨. ત્રણ વેદનો ભાગ વિશે.
૨૬. તેના કરતાં સંજ્વલન માન ક્રોધાદિ ચારનો વિશેષાધિક

**આયુષ્ય કર્મને વિષે**

૧-૨ તિર્યંચ અને મનુષ્યના આયુષ્યનો થોડો
૩-૪ તેના કરતાં દેવ-નારકના આયુષ્યનો અસં.

**નામકર્મને વિષે - ગતિને વિષે**

૧. તિર્યંચગતિ નો સર્વથી થોડો

૨. તેના કરતાં મનુષ્યગતિનો વિશેષાધિક

૩. તેના કરતાં દેવગતિનો અસંખ્યગુણ

૪. તેના કરતાં નરકગતિનો અસંખ્યગુણ

**જાતિને વિષે**

૧થી૪. બેઈન્દ્રિયાદિ જાતિ ચતુષ્કનો થોડો

૫. તેના કરતાં એકેન્દ્રિયનો વિશેષાધિક

**શરીરને વિષે**

૧. ઔદારિક શરીરનો સર્વથી થોડો

૨. તેના કરતાં તૈજસ શરીરનો વિશેષાધિક

૩. તેના કરતાં કાર્મણ શરીરનો વિશેષાધિક

૪. તેના કરતાં વૈક્રિય શરીરનો અસંખ્યગુણ

૫. તેના કરતાં આહારક શરીરનો અસંખ્યગુણ

આ પ્રમાણે પાંચ સંઘાતનને વિષે કહેવું.

**અંગોપાંગને વિષે**

૧. ઔદારિક અંગોપાંગનો સર્વથી થોડો

૨. તેના કરતાં વૈક્રિય અંગોપાંગનો અસંખ્ય.

૩. તેના કરતાં આહારક અંગોપાંગનો અસં.

**આનુપૂર્વિને વિષે**

૨. નરક-દેવાનુપૂર્વિનો સર્વથી થોડો

૩. તેના કરતા મનુષ્યાનુપૂર્વિનો વિશેષાધિક

૪. તેના કરતા તિર્યંચાનુપૂર્વિનો વિશેષાધિક

**ત્રસ વિશકને વિષે**

૧. ત્રસ નામનો સર્વથી થોડો

૨. તેના કરતાં સ્થાવર નામનો વિશેષાધિક

એ પ્રમાણે બાદર-સૂક્ષ્મનો, પર્યાપ્ત, અપર્યાપ્તનો, પ્રત્યેક - સાધારણનો કહેવો અને શેષ નામકર્મની પ્રકૃતિઓનું જઘન્યપણાનું અલ્પબહુત્વ નથી.

**ગોત્રકર્મને વિષે**

૧. નીચગોત્રનો ભાગ સર્વથી થોડો

૨. તેના કરતા ઉચ્ચગોત્રનો વિશેષાધિક

**અંતરાય કર્મને વિષે**

૧. દાનાંતરાયનો સર્વથી થોડો

૨. તેના કરતાં લાંભાતરાયનો વિશેષાધિક

૩. તેના કરતાં ભોગાંતરાયનો વિશેષાધિક

૪. તેના કરતાં ઉપભોગાંતરાયનો વિશેષાધિક

૫. તેના કરતાં વીર્યાંતરાયનો વિશેષાધિક

આ પ્રમાણે ઉત્કૃષ્ટ અને જઘન્ય પદનું ઉત્તર પ્રકૃતિને વિષે આ કર્મદલિક ભાગનું અલ્પબહુત્વનું યંત્ર કર્મપ્રકૃતિ ગ્રંથના અનુસારે જાણવું.

# ૨૬ વર્ગણા સ્વરૂપે પુદ્ગલ

**અહીં કાર્મણ વર્ગણાને જીવ કર્મરૂપે ગ્રહણ કરે છે. તેમાં તે કાર્મણવર્ગણા ૧૬મી વર્ગણા છે તેથી ૨૬ વર્ગણાનું સંક્ષિપ્ત વર્ણન આ પ્રમાણે...**

૧. ઔદારિક અગ્રહણ વર્ગણા
૨. ઔદારિક ગ્રહણ ''
૩. વૈક્રિય અગ્રહણ વર્ગણા
૪. વૈક્રિય ગ્રહણ ''
૫. આહારક અગ્રહણ વર્ગણા
૬. આહારક ગ્રહણ ''
૭. તૈજસ અગ્રહણ વર્ગણા
૮. તૈજસ ગ્રહણ ''
૯. ભાષા અગ્રહણ વર્ગણા
૧૦. ભાષા ગ્રહણ ''
૧૧. શ્વાસોશ્વાસ અગ્રહણ વર્ગણા
૧૨. શ્વાસોશ્વાસ ગ્રહણ ''
૧૩. મન અગ્રહણ વર્ગણા
૧૪. મન ગ્રહણ વર્ગણા
૧૫. કાર્મણ અગ્રહણ વર્ગણા
૧૬. કાર્મણ ગ્રહણ ''
૧૭. ધ્રુવાચિત્ત વર્ગણા
૧૮. અધ્રુવાચિત્ત ''
૧૯. પ્રથમ ધ્રુવશૂન્ય ''
૨૦. પ્રત્યેક શરીરી ''
૨૧. દ્વિતીય ધ્રુવશૂન્ય ''
૨૨. બાદર નિગોદ ''
૨૩. તૃતીય ધ્રુવશૂન્ય ''
૨૪. સૂક્ષ્મ નિગોદ ''
૨૫. ચતુર્થ ધ્રુવશૂન્ય ''
૨૬. અચિત્ત મહાસ્કંધ ''

આ ૨૬ વર્ગણામાંની ચાર પ્રકારની શૂન્ય વર્ગણાઓ જગતમાં હોય નહી. છતાં ઉપરની વર્ગણાનું સ્વરૂપ સમજાવવા માટે વર્ણન કર્યું છે.

અધ્રુવાચિત્ત વર્ગણાની સંખ્યા ઓછી વધારે થાય છે. તેની સંખ્યા નિયત નથી.

દરેક વર્ગણાનો તે વર્ગણા રૂપે રહેવાનો કાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી પલ્યો. નો અસંખ્યાતમો ભાગ કાળ છે.

જીવસમાસમાં ઉત્કૃષ્ટથી અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી કહ્યો છે.

એટલે વર્ગણાના પરમાણુની સંખ્યા જે હોય તેટલી તેટલો ટાઈમ રહે. પુરણ ગલન થાય. સંખ્યાનું નિયતપણું તેટલો ટાઈમ રહે.

આઠ અગ્રહણ વર્ગણા તે ઔદારિકાદિને માટે જ અગ્રહણ છે તેવું નથી. સર્વ માટે અગ્રહણ છે. પરંતુ સમજવા માટે ઔદારિકઆદિ વિશેષણ મુક્યું છે.

અચિત્તમહાસ્કંધ વર્ગણા કેવલી સમુદ્ઘાતની જેમ ચાર સમયમાં ચૌદરાજ લોકવ્યાપી થઈ ફરી ચાર સમયમાં અંગુલના અસં. મા ભાગ જેટલી થઈ જાય છે. તેને અજીવ સમુદ્ઘાત કહેવામાં આવ્યો છે.

અહીં ૧૬મી કાર્મણ વર્ગણાને જીવ કર્મરૂપે ગ્રહણ કરી ઉપર પ્રમાણે વહેંચણી કરે છે.

## એક સમયમાં ગ્રહણ કરેલા કર્મપ્રદેશના ઉત્તરપ્રકૃતિઓમાં અલ્પબહુત્વના કેટલાક હેતુઓ.

**જ્ઞાનાવરણીય કર્મ :** વિવક્ષિત સમયે ગ્રહણ કરેલા કર્મ પરમાણુમાં જે ભાગ જ્ઞાનાવરણીયને આવે તેનો અનંતમોભાગ સર્વઘાતી પ્રકૃતિને ભાગે આવે છે કારણકે તીવ્રરસવાળા દલિકો સર્વથી થોડા હોય છે. અને બાકી રહેલા દળિયા દેશઘાતીને આપે છે. તેમાં પણ મંદરસવાળા દળિયા વધારે હોય અને તીવ્રરસવાળા દળિયા ઓછા હોય તેથી મનઃ પર્યવજ્ઞાનાવરણીયને ભાગે દલિકો થોડા આવે અને મતિજ્ઞાનાવરણીયને ભાગે સર્વથી વધારે દલિકો આવે છે.

**દર્શનાવરણીય કર્મ :-** જે પ્રદેશો મળ્યા હોય તેના અનંતમાભાગને સર્વઘાતી ને ૬ વિભાગમાં વહેંચે અને બાકી રહેલા પ્રદેશો ચક્ષુદર્શ. અચક્ષુદર્શ. અને અવધિદર્શ. એ ૩ દેશઘાતિ પ્રકૃતિને ભાગે આવે. સર્વઘાતી. પ્રકૃતિના ૬ ભાગ પહેલા અને બીજા ગુણઠાણે હોય. ત્રીજા ગુણઠાણાથી આઠમાના પહેલા ભાગ સુધી ત્રણ ભાગ હોય અને ૮ માના બીજા ભાગથી ૧૦ મા ગુણઠાણે કેવલદર્શનાવરણીયનો એક ભાગ હોય છે. દેશઘાતી પ્રકૃતિના ત્રણ ભાગ ૧ થી ૧૦ ગુણઠાણા સુધી હોય છે. અહીં હેતુ - કારણ જ્ઞાનાવરણીયની જેમ છે.

**વેદનીયકર્મ :-** ભાગમાં આવેલા સર્વ પ્રદેશો તે સમયે બંધાતી સાતા અથવા અસાતા રૂપ એક પ્રકૃતિપણે જ પરિણમે છે. અસાતા બંધાય ત્યારે સાત કે આઠ ભાગ પડે. સાતા ૧૧ થી ૧૩ એકલીજ બંધાય માટે ભાગ વધારે.

એ પ્રમાણે ગોત્રકર્મ અને આયુષ્યકર્મના પ્રદેશો પણ પોતપોતાની એકેક ઉત્તર પ્રકૃતિ રૂપે પરિણમે છે. ગોત્રકર્મમાં નીચગોત્રનો ભાગ સર્વથી થોડો હોય છે અને ઉચ્ચગોત્રનો વધારે. કારણકે ૧ લે ગુણઠાણે નીચગોત્ર બંધાય ત્યારે ૭ કર્મના ભાગ પડે અને ૧૦ મે ગુણઠાણે ગોત્રમાં ઉચ્ચગોત્ર બંધાય ત્યારે ૬ કર્મના ભાગ પડે. તેથી નીચગોત્ર કરતાં ઉચ્ચગોત્રના ભાગમાં દલિકો વધારે આવે છે.

કોઈપણ આયુષ્યના બંધ વખતે યોગ વ્યાપાર સમાન પણે ઉત્કૃષ્ટ હોય છે અને આયુષ્ય બંધાય ત્યારે મૂળ આઠ ભાગ જ પડે માટે પરસ્પર સમાન હોય છે.

# કર્મ પ્રદેશની વહેંચણીના હેતુઓ

**મોહનીય કર્મ :-** ભાગમાં આવેલા પ્રદેશના અનંતમાભાગના બે સરખા ભાગ પડે છે. (૧) દર્શનમોહનીય (૨) ચારિત્રમોહનીય તેમાં દર્શનમોહનીયના ભાગે આવેલું દળિયું મિથ્યાત્વના ભાગે આવે છે. કારણકે સર્વઘાતિ પ્રકૃતિ દર્શન મોહનીયની એક જ મિથ્યાત્વ છે તેથી અને ચારિત્રમોહનીયને ભાગે આવેલા દળિયાના ૧૨ ભાગ પડે છે. તે બાર ભાગે પરિણમે છે. તેમાં પહેલા બે ગુણઠાણે ૧૨ ભાગ પડે. ત્રીજા ચોથા ગુણઠાણે ૮ ભાગ પડે અને પાંચમે ગુણઠાણે ૪ ભાગ પડે છે. બાકી રહેલ દેશઘાતિ પ્રદેશોના બે વિભાગ થાય છે. તેમાંનો એક ભાગ સંજ્વલન ૪ કષાયરૂપે પરિણમે છે. અને બીજો ભાગ ૯ નોકષાયમાંના તે સમયે સમકાળે બંધાતા પાંચ નોકષાયને મળે છે. કારણકે નવ નોકષાય સમકાળે બંધાતા નથી. માટે નવ નોકષાયના ૧ થી ૮ ગુણઠાણા સુધી પાંચ ભાગ પડે છે. ૯ મે ગુણ. પુરુષવેદનો એક જ ભાગ પડે છે. ચારિત્ર મોહનીયમાં સર્વઘાતીમાં ૧૨ ભાગ પડે અને દર્શનમોહનીયમાં એક જ ભાગ થાય માટે વિશેષાધિક છે.[૧]

**નામકર્મ :-** ભાગમાં પ્રાપ્ત થયેલા કર્મપ્રદેશોના તે સમયે બધ્યમાન જઘન્યથી ૨૩ ઉત્કૃષ્ટથી ૩૧ ગતિ-જાતિ-શરીર-ઉપાંગ-બંધન-સંઘાતન-સંહનન-સંસ્થાન-આનુપૂર્વિ-વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-અગુરૂલઘુ-પરાઘાત-ઉપઘાત-શ્વાસોશ્વાસ-નિર્માણ-જિનનામ-આતપ અથવા ઉદ્યોત - વિહાયોગતિ- ત્રસાદિ-૧૦ અથવા સ્થાવરાદિ-૧૦ એ ૩૧ વિભાગમાં વહેંચાય છે. તેમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શને જેટલા જેટલા પ્રદેશો મળ્યાં હોય તે પ્રદેશો તેના પ્રતિભેદ ૫-૨-૫-૮ રૂપે પરિણમે. સંઘાતન તથા શરીરને મળેલા પ્રદેશો તે ૩ અથવા ૪ વિભાગે પરિણમે, કારણકે એક સમયમાં ઔદારિક - તૈજસ - કાર્મણ અથવા વૈક્રિય - તૈજસ - કાર્મણ એ ત્રણ તેમજ વૈક્રિય - આહારક - તૈજસ - કાર્મણ એ ૪ શરીર અને સંઘાતન બંધાય છે. બંધન કર્મને પ્રામ થયેલા પ્રદેશો (૩ અથવા ૪ શરીરને અનુસારે) ૭ અથવા ૧૧ વિભાગ રૂપે પરિણામે છે. તે આ પ્રમાણે (૧) ઔદા.-ઔદા., (૨) ઔદા.-તૈજસ, (૩) ઔદા-કાર્મણ, (૪) ઔદા. તૈજસ કાર્મણ., (૫) તૈજસ - તૈજસ,

૧. કેટલીક પ્રકૃતિના ભાગની વહેંચણીમાં યુક્તિ સમજાતી નથી તેથી તત્વ કેવલી ગમ્ય.

(૬) તૈ. કાર્મ., (૭) કાર્મણ કાર્મણ એ ૭ રૂપે કે ઔદા. ના બંધનની જગ્યાએ વૈક્રિયના અથવા વૈક્રિય અને આહારક બે સમકાળે બંધાય ત્યારે ઔદારિક ચતુષ્કની જેમ વૈક્રિય ચતુષ્ક આહારક ચતુષ્ક અને તૈજસત્રિક એ ૧૧ બંધન રૂપે પરિણમે.[1]

ગતિ-જાતિ ઈત્યાદિ શેષ વિભાગે પરિણમેલા કર્મ પ્રદેશો એકેક પ્રકૃતિ રૂપે પરિણમે છે કારણકે એક સમયમાં ગતિ આદિકના ૨-૩ ઈત્યાદિ પ્રતિભેદ બંધાતા નથી.

નામકર્મમાં ગતિમાં દેવ-નરકગતિનો ભાગ થોડો છે કારણકે દેવપ્રાયોગ્ય કે નરક પ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિ બંધાતી હોય ત્યારે દેવગતિ અથવા નરકગતિ બંધાય છે. તેથી ૨૮ ભાગ પડે અને મનુષ્યગતિના બંધ વખતે ૨૫ ભાગ પડે તેથી (દેવનારક) તેના કરતાં મનુષ્યગતિના ભાગમાં દળિયું વધારે હોય તેના કરતા તિર્યંચગતિ બંધાય ત્યાં ૨૩ ભાગ પડે તેથી મનુષ્યગતિ કરતાં તિર્યંચગતિના ભાગે દળિયા વધારે હોય.

જાતિમાં :- એકેન્દ્રિયજાતિ બંધાય ત્યારે ૨૩ ભાગ પડે અને બેઈન્દ્રિયાદિ જાતિ બંધાય ત્યારે ૨૫ ભાગ પડે તેથી બેઈન્દ્રિય આદિજાતિના ભાગે દલિકો ઓછા મળે અને એકેન્દ્રિયજાતિના ભાગે દલિકો વધારે મળે.

શરીર :- ઔદારિક શરીર બંધાય ત્યારે ૨૩ અથવા ૨૫ ભાગ પડે વૈક્રિયશરીર બંધાય ત્યારે ૨૮ ભાગ પડે અને આહારકશરીર બંધાય ત્યારે ૩૦ અથવા ૩૧ ભાગ પડે તેથી આહારકના ભાગે દલિકો ઓછા આવે તેના કરતા વૈક્રિયનાભાગે દલિકો વિશેષાધિક તેના કરતાં ઔદારિકના ભાગે વધારે દલિકો હોય છે.

સંઘયણ :- છેવઠ્ઠુ સંઘયણ બંધાય ત્યારે ૨૫ ભાગ પડે અને પાંચ સંઘયણ બંધાય ત્યારે ૨૯-૩૦ ભાગ પડે તેથી પાંચ સંઘયણના ભાગે દલિકો ઓછા તેના

૧. જો કે બંધન સંઘાતનને બંધમાં ગણેલ નથી. શરીર નામકર્મમાં અંતર્ગત કરેલ છે તો પણ દલિકની વહેંચણીમાં શરીરની સંખ્યા જેટલી બંધાતી હોય તે પ્રમાણે બંધન - સંઘાતનમાં ભાગ થાય.

કરતાં છેવઠ્ઠું સંઘયણના ભાગે દલિકો વધારે હોય છે.

સંસ્થાન :- મધ્યમ ૪ સંસ્થાન બંધાય ત્યારે ૨૯ અથવા ૩૦ ભાગ પડે. સમચતુરસ્ર સંસ્થાન બંધાય ત્યારે ૨૮ ભાગ પડે અને હુંડક સંસ્થાન બંધાય ત્યારે ૨૫ ભાગ પડે તેથી જેમ ભાગ વધારે તેમ દલિકો ઓછા અને ભાગ ઓછો પડે તેના ભાગમાં દલિકો વધારે હોય છે.

વર્ણ અને રસમાં :- શ્વેતવર્ણ તેમજ પીતવર્ણ અને મધુરરસ - આમ્લરસ શુભ હોવાથી પુણ્ય બંધ વખતે ૨૮,૨૯,૩૦ ભાગ પડે, શુભના દલિયા વધારે અને બાકીના વર્ણમાં તેમજ રસમાં ૨૩-૨૫ કે ૨૬ ભાગ પડે. ત્યારે અશુભને ભાગ વધારે તેમ દલિક ઓછા મળવાની જગ્યાએ વધારે છે. અને ભાગ ઓછા તેમ દલિક વધારે મળવાની જગ્યાએ ઓછા બતાવ્યા છે તેમાં દલિલ બેસતી નથી. જોકે વર્ણાદિમાં દરેક બંધ વખતે બધા અવાન્તર ભાગ પડે છે. તો પણ તથા સ્વભાવે પ્રાયઃ અશુભને થોડો ભાગ અને શુભને વધારે ભાગ આવે છે.

ગંધમાં - સુરભિગંધના બંધમાં ૨૮ ભાગ પડે અને દુરભિગંધના બંધમાં ૨૩-૨૫-કે ૨૬ ભાગ પડે તેથી સુરભિગંધના થોડા અને દુરભિગંધના વિશેષાધિક.

અહીં ૨૩-૨૫-૨૬ ના બંધ વખતે દુરભિગંધ ને ઘણો ભાગ મળે છે તેથી દુરભિગંધનો વિશેષાધિક છે.

સ્પર્શમાં પણ મૃદુ - ઉષ્ણ - લઘુ - સ્નિગ્ધના બંધ સમયે ૨૮ ભાગ પડે અને કર્કશ - શીત - ગુરૂ - રૂક્ષમાં ૨૩-૨૫-૨૬ ભાગ પડે છતાં મૃદુ વિગેરે ભાગ વધારે અને કર્કશ વિગેરેને ભાગ ઓછો છે. તથા સ્વભાવે છતાં આ વિષયમાં તત્વ કેવલિ ગમ્ય.

વિહાયોગતિ :- અશુભ વિહાયોગતિના બંધ વખતે ૨૮ ભાગ પડે તેથી દલિકો વધારે અને શુભ વિહાયોગતિના બંધ સમયે ૨૯ વિ. ભાગ પડે તેથી દલિકો ઓછા.

ત્રસાદિ :- ત્રસ નામકર્મના બંધ વખતે ૨૫-૨૮-૨૯-૩૦ ભાગ પડે તેથી દલિકો ઓછા અને સ્થાવરના બંધ વખતે ૨૩ ભાગ પડે તેથી દલિકો વધારે આ

પ્રમાણે બાદર-સૂક્ષ્મ વિગેરેમાં પણ જાણવું. આતપ અને ઉદ્યોતને પરસ્પર સમાન દલિકો છે કારણક બન્ને [illegible]ના બંધમાં છે.

આ અલ્પબહુત્વમાં કેટલાક જગ્યાએ યુક્તિ લાગતી નથી તેથી તેમાં તથા સ્વભાવે જાણવું, અથવા તત્વં કેવલિગમ્યમ્.

## ગુણશ્રેણિનું વર્ણન.

**सम्मदर सव्वविरई, अणविसंजोअदंसखवगे अ ।**
**मोहसमसंतखवगे, खीणसजोगीअर गुणसेढी ॥82॥**

संत - ઉપશાંતમોહ ગુણઠાણાવાળા સંબંધી

अणविसंजोअ - અનંતાનુબંધિની વિસંયોજના     खवगे - ક્ષપકસંબંધી

**અર્થ :-** સમ્યકત્વ, દેશવિરતિ તથા સર્વવિરતિને વિષે, અનંતાનુબંધિની વિસંયોજનાને વિષે, દર્શન મોહનીયના ક્ષપક સંબંધી, ચારિત્ર મોહનીયના ઉપશમને વિષે, ઉપશાંત મોહ ગુણસ્થાનવાળા સંબંધી, ક્ષપકને વિષે, ક્ષીણમોહી અને સયોગી તથા અયોગીકેવળીની એમ અગ્યાર ગુણશ્રેણિ[1] હોય છે. ॥૮૨॥

**વિવરણ :-** પ્રદેશબંધના ચાલુવિષયમાં કયા કર્મના કેટલા પ્રદેશો હોય તે સંબંધ પૂર્વગાથામાં કહીને તે કર્મના પ્રાપ્ત થયેલા પ્રદેશોની નિર્જરા - ક્ષય કયા કયા ગુણમાં - ગુણસ્થાનક્માં હોય તે જણાવે છે. તેમજ જીવને સમ્યક્ત્વાદિ વિશિષ્ટ આત્મગુણો પ્રાપ્ત કરવાના હોય અને તેવા ગુણોની પ્રાપ્તિ કરી શીઘ્ર કર્મક્ષય કરવો હોય તો કયા ગુણમાં કર્મની વધારે નિર્જરા થાય તે જણાવે છે.

સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણોની પ્રાપ્તિ માટે તેમજ પ્રાપ્ત થયા બાદ અધ્યવસાયની વધતી વિશુદ્ધિ વડે ક્રમશઃ આગળ આગળના ગુણોની શીઘ્ર પ્રાપ્તિ માટે અસંખ્યકાળથી એકઠા કરેલા અને નવા એકઠા થતા - બંધાતા કર્મ પ્રદેશોનો જલ્દીથી ક્ષય આ ગુણશ્રેણિની પદ્ધતિથી થાય છે.

---

૧. આ ગુણશ્રેણિમાં ઉપરની સ્થિતિમાંથી દલિયા નીચે ઉતારતો જાય. અંતર્મુહૂર્તના કાળમાં ગોઠવતો જાય અને રસોદય કે પ્રદેશોદયથી ભોગવી નાશ કરતો જાય છે.

# ગુણશ્રેણિનું વર્ણન

આ ગુણશ્રેણિ કયા કયા ગુણોની પ્રાપ્તિ વખતે થાય છે. તે કહેવાય છે.

ગુણશ્રેણિ એટલે અંતર્મુહૂર્તની ઉપરથી સ્થિતિમાંથી દલિયા નીચે ઉતારી ઉદયવતી હોય તો ઉદય સમયથી અને અનુદયવતી હોય તો ઉદયાવલિકાની બહારથી અંતર્મુહૂર્ત સુધી અસંખ્ય ગુણાકારે ગોઠવવા. ઉપરની સ્થિતિમાંથી પ્રતિ સમયે અંતર્મુહૂર્ત સુધી અસંખ્ય ગુણાકારે દલિયા ઉતારે છે. અને અંતર્મુહૂર્તમાં અસંખ્ય ગુણાકારે ગોઠવે છે.

(૧) સમ્યક્ત્વ ગુણશ્રેણિ :- સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પહેલાજે યથાપ્રવૃત્તાદિ - ૩ કરણ થાય છે. તેમાં બીજા અપૂર્વકરણના પ્રથમ સમયથી, આયુષ્ય સિવાયના ૭ કર્મોની (તેમાં સમ્યક્ત્વ પ્રતિઘાતક મિથ્યાત્વની પણ) ગુણશ્રેણિ થાય છે. અને તે સમ્યક્ત્વપામ્યા પહેલાં તેમજ સમ્યક્ત્વ પામ્યા પછી પણ અંતર્મુહૂર્ત સુધી થાય છે.

ગુણશ્રેણિનું અંતર્મુહૂર્ત અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણકાળ કરતાં કંઈક વધારે મોટું હોય છે. અને ગુણશ્રેણિ પણ બન્ને કરણના કાળ પછી પણ અંતર્મુહૂર્ત સુધી કરે છે.

નીચેની સ્થિતિમાં રચાયેલા દલિયા અંતર્મુહૂર્તમાં ભોગવાઈ જાય છે તેથી તે નિર્જરા કહેવાય છે.

(૨) દેશવિરતિ ગુણશ્રેણિ :- દેશવિરતિ સન્મુખ થયેલો અવિરત સમ્યગ્દષ્ટિજીવ. પોતાના ચોથા ગુણઠાણામાં દેશવિરતિ પ્રાપ્તિ માટે યથાપ્રવૃત અને અપૂર્વકરણ એમ બે કરણ કરે છે. ત્યારે આ ગુણશ્રેણિ ન હોય પરંતુ અપૂર્વકરણને અંતે દેશવિરતિ પ્રાપ્ત કરે ત્યારે પ્રથમ સમયથી અંતર્મુહૂર્ત સુધી આ ગુણશ્રેણિ પ્રવર્તે છે. કારણકે અંતર્મુહૂર્ત સુધી વૃદ્ધિ પામતા અધ્યવસાયવાળો હોય છે.

(૩) સર્વવિરતિ ગુણશ્રેણિ :- સર્વવિરતિની સન્મુખ થયેલો દેશવિરતિ જીવ પોતાના દેશવિરતિ ગુણઠાણે સર્વવિરતિની પ્રાપ્તિ માટે યથાપ્રવૃત અને અપૂર્વકરણ કરે છે. ત્યાં અપૂર્વકરણમાં આ ગુણશ્રેણિ થાય નહી પરંતુ સર્વવિરતિ પામ્યા

પછી થાય.

આ ગુણશ્રેણિનું વર્ણન દેશવિરતિની ગુણશ્રેણિ જેવુ જાણવું.

અનાદિ મિથ્યાત્વીજીવ ઉપશમ સમયક્ત્વ પ્રાપ્ત કરતી વખતે સાથે દેશવિરતિ કે સર્વવિરતિ પ્રાપ્ત કરે તો તેની ગુણશ્રેણિ પણ સાથે થાય છે. એટલે સમ્યક્ત્વની + દેશવિરતિની અથવા સર્વવિરતિ સહિતની ત્રણ ગુણશ્રેણિ સાથે પ્રવર્તે છે.

(૪) અનંતાનુબંધિની વિસંયોજના વખતની ગુણશ્રેણિ :- ઉપશમશ્રેણિ અથવા ક્ષપકશ્રેણી સન્મુખ થયેલો અથવા વિશુદ્ધ પરિણામી જીવ ૪-૫-૬-૭ ગુણઠાણામાંના કોઈપણ ગુણસ્થાનકે અનંતાનુબંધિની વિસંયોજના - ક્ષય કરવા તત્પર થયેલો હોય તે વખતે ત્રણ કરણ કરતો બીજા અપૂર્વકરણના પ્રથમ સમયથી ૭ કર્મોની અને અનંતાનુબંધીની વિશેષ ગુણશ્રેણિ કરે છે. અને ત્રીજું અનિવૃત્તિકરણ સમાપ્ત થતાં સુધી ૭ કર્મની અને અનંતાનુબંધીની દ્વિચરમ સ્થિતિખંડ સર્વથા ક્ષય થાય છે. ત્યાં સુધી પ્રવર્તે છે. અહીં અનંતાનુબંધી કષાયની વિશેષ ગુણશ્રેણિ કરે છે. કારણકે તેનો અહીં ક્ષય કરવાનો છે.

આ ગુણશ્રેણિ ચારેગતિમાં થાય છે. આ ગુણશ્રેણિની સાથે કોઈક સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય દેશવિરતિ અને સર્વવિરતિની ગુણશ્રેણિ પણ કરે છે. તિર્યંચ સમ્યગદષ્ટિ દેશવિરતિની ગુણશ્રેણિ કરે છે. અનં. ની વિસંયોજના કર્યા પછી અંત. સુધી સાતકર્મની ગુણશ્રેણિ હોય પરંતુ અનં. ની ગુણશ્રેણિ ન હોય.

(૫) દર્શનત્રિકની ક્ષપણા વખતની ગુણશ્રેણિ :- ૪ થી ૭ ગુણઠાણામાંના કોઈપણ ગુણઠાણે દર્શનત્રિકનો ક્ષય કરવા માટે યથાપ્રવૃત્તાદિ - ૩ કરણો પ્રવર્તે છે. તે વખતે બીજા અપૂર્વકરણના પ્રથમ સમયથી ૭ કર્મોની ગુણશ્રેણી પ્રારંભાય છે. અને ત્રીજા અનિવૃત્તિકરણના પર્યન્ત ભાગે સમાપ્ત થાય છે. તેમજ મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, અને સમ્યકત્વમોહનીયની વિશેષ ગુણશ્રેણિ કરે છે. અને તે મિથ્યા. તથા મિશ્રની દ્વિચરમ સ્થિતિખંડ ઉકેરે - નાશ કરે ત્યાં સુધી સમ્ય.

૧. જોકે સમ્યકત્વ પામતી વખતે મિથ્યાત્વની પ્રથમ સ્થિતિ બે આવલિકા બાકી હોય ત્યારે મિથ્યાત્વની ગુણશ્રેણિ વિરામ પામે છે. (જુઓ કર્મપ્રકૃતિ ઉપ. ગા. ૨૧)

ની દ્વિચરમ અંત. સુધી પ્રવર્તે છે. આ ગુણશ્રેણિ અને અહીંથી આગળની ગુણશ્રેણી મનુષ્ય જ કરે છે. મિથ્યા-મિશ્રના ચરમસ્થિતિખંડના દલિયા પર પ્રકૃતિમાં જ નાંખે છે. અને સમ્યક્ત્વ મોહનીયનો છેલ્લો અંતર્મુહૂર્ત ખંડ ભોગવી નાશ કરે છે. માટે ઉપર બતાવ્યા મુજબ ગુણશ્રેણિ પ્રવર્તે છે.

(૬) ચારિત્ર મોહનીયની ઉપશમાવતી વખતની ગુણશ્રેણિ :- ચારિત્ર મોહનીય કર્મનો સર્વોપશમ કરવા માટે યથાપ્રવૃત્તાદિ ૩ કરણમાં અપૂર્વકરણ રૂપ આઠમા ગુણઠાણાના પ્રથમ સમયથી ૭ કર્મોની તથા મોહનીયની વિશેષ ગુણશ્રેણી પ્રારંભાય છે. ત્યાં મોહનીય કર્મની ઉત્તર પ્રકૃતિઓની ગુણશ્રેણીઓ તો ૯ મા ગુણઠાણે ભિન્ન ભિન્ન કાળે બંધ પડે છે. અને જ્ઞાનાવરણીયાદિ ૬ કર્મની અને સં. લોભની ઉપશામક સંબંધી ગુણશ્રેણિઓ ૧૦ મા ગુણસ્થાનના પર્યંત સમય સુધી પ્રવર્તે છે. (અહીં ૧૦માં ગુણઠાણા સુધી પ્રવર્તે છે. તેનો અર્થ ગુણશ્રેણી અટકી જાય છે. એમ નહિ. પરંતુ ગુણશ્રેણિ બદલાય છે. એટલે કે મોહોપશામક ગુણશ્રેણીના બદલે ઉપશાંત મોહ ગુણ. વાળી વિશેષ ગુણશ્રેણી થાય છે.) ઉપરના ગુણસ્થાનકોમાં વિશેષ વિશુદ્ધિ હોવાથી વધારે નિર્જરાવાળી ગુણશ્રેણિ થાય છે.

(૭) ઉપશાંતમોહની ગુણશ્રેણિ :- આ ગુણશ્રેણિ આયુઃ અને મોહનીય વિના જ્ઞાનાવરણાદિ - ૬ કર્મોની હોય છે. અને તે ઉપશાંત મોહના પ્રથમ સમયથી અંત. સુધી પ્રવર્તે છે. અંત. માં પણ વચ્ચે આયુષ્યનો ક્ષય થવાના કારણથી જોએ ગુણસ્થાનક ચાલ્યું જાય તો ગુણશ્રેણિ સર્વથા બંધ પડે છે.

આ ગુણશ્રેણિ ગુણપ્રાપ્ત થયા પછીની છે. જઘન્યથી એક સમય સુધી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી પ્રવર્તે છે.

(૮) ચારિત્ર મોહનીય ખપાવવા વખતની ગુણશ્રેણિ :- ક્ષપકશ્રેણિમાં આઠમા ગુણઠાણાના પ્રથમ સમયથી ચારિત્ર મોહનીયને ખપાવવા માટે ૭ કર્મોની આ ગુણશ્રેણિ પ્રારંભાય છે અને છ કર્મની અપેક્ષાએ ૧૦ મા ગુણઠાણાના પર્યન્ત સમય સુધી હોય છે. પરંતુ મોહનીયકર્મની સંજ્વલનલોભ વિના ઉત્તર પ્રકૃતિઓની ગુણશ્રેણીઓ ભિન્ન ભિન્નકાળે ૯ મા ગુણઠાણે બંધ પડે છે. અને સંજ્વલન લોભની

ગુણશ્રેણિ ૧૦ મા ગુણઠાણાનો એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે વિરામ પામે છે. અને શેષ ૬ કર્મમાં પણ જે ૧૬ પ્રકૃતિઓ નવમા ગુણ. માં દ્વિચરમ સ્થિતિખંડનો ક્ષય થાય ત્યારે ગુણશ્રેણિઓ વિરામ પામે છે.[1]

(૯) ક્ષીણમોહની ગુણશ્રેણિ :- બારમા ગુણ. માં આ ગુણશ્રેણિ જ્ઞાનાવરણીયાદિ ૬ કર્મોની છે. તે ક્ષીણમોહના પ્રથમ સમયથી પ્રારંભાય છે અને ક્ષીણમોહના પર્યન્ત સમય સુધી નામ ગોત્ર - વેદનીય એ ત્રણ કર્મની ગુણશ્રેણિ પ્રવર્તે છે. તથા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ૩ કર્મની ગુણશ્રેણિ ક્ષીણમોહ ગુણસ્થાનના સંખ્યાતાભાગ સુધી હોય છે અને ૧ સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે વિરામ પામે છે.

(૧૦) સયોગી ગુણશ્રેણિ :- સયોગી કેવલિ ભગવંતને આયોજિકાકરણના પૂર્વ સમય સુધી નામ-ગોત્ર અને વેદનીય એ ત્રણ કર્મની સ્થિતિઘાત સાથે ગુણશ્રેણિઓ પણ પ્રવર્તે છે. આ ગુણશ્રેણી ઘણા કાળ સુધી પ્રવર્તે છે.

(૧૧) અયોગી ગુણશ્રેણિ :- અયોગી ભગવંતને પ્રદેશનિર્જરારૂપ ગુણશ્રેણી છે. અર્થાત્ સયોગી ગુણસ્થાનકમાં આયોજિકાકરણથી આયુષ્ય સિવાયની સત્તામાં રહેલી ઉદયવતી પ્રકૃતિઓને સર્વ અપવર્તનાકરણવડે અપવર્તાવી અયોગી ગુણસ્થાનકના કાળ પ્રમાણે અને અનુદયવતી પ્રકૃતિઓને એક સમય ન્યુન અસંખ્યગુણાકારે દલિયાને ગોઠવે છે. ગોઠવેલા દલિયાને અયોગી ગુણ. માં પ્રથમ સમયે અલ્પ પ્રદેશ નિર્જરા, બીજા સમયે અસંખ્યગુણ પ્રદેશ નિર્જરા, ત્રીજા સમયે તેથી પણ અસંખ્યગુણ પ્રદેશ નિર્જરા આ પ્રમાણે સયોગી ગુણ. માં રચેલ દલિક પ્રક્ષેપને કેવળ ઉદય દ્વારા પ્રદેશ નિર્જરારૂપ ગુણશ્રેણી જાણવી. કારણકે યોગ રહિત આ અયોગી ભગવંતને સ્થિતિઘાતાદિ પદાર્થો પ્રવર્તતા નથી.

દરેક ગુણશ્રેણિમાં અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એમ બન્ને કાળ કરતાં

૧. નામકર્મની નરકદ્વિક, તિર્યંચદ્વિક, સ્થાવરદ્વિક, આતપ-ઉદ્યોત, એકે. વિગેરે ચાર જાતિ સાધારણનામ, થિણદ્ધિત્રિક, આ સોળ પ્રકૃતિની નવમે ઉદ્વલના કરે ત્યારે દ્વિચરમ સ્થિતિખંડ સુધી નવમે ગુણસ્થાને પ્રવર્તે છે.

મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ ગુણશ્રેણી કરે છે.

આ પ્રમાણે ૧૧ ગુણશ્રેણીઓ કહી. આ ગુણશ્રેણીઓમાં પ્રથમની ગુણશ્રેણી જેવડા અંતર્મુહૂર્તમાં કરે તેના કરતાં પછી-પછીની ગુણશ્રેણી સંખ્યાત ગુણહીન અંતર્મુહૂર્તવાળી કરે છે. અને પ્રદેશાગ્ર અસંખ્યાતગુણ હોય છે. એટલે પ્રથમની ગુણશ્રેણી કરતાં પછી-પછીની ગુણશ્રેણી અસંખ્યગુણ અધિક દલિકવાળી હોય છે. અને કાળની અપેક્ષાએ હીન હીન અંતર્મુહૂર્તવાળી હોય છે.

**गुणसेढी दलरयणा-णुसमयमुदयादसंखगुणणाए ।**

**एयगुणा पुण कमसो, असंखगुण निज्जरा जीवा ॥83॥**

दलरयणा - પ્રદેશની રચના अणुसमयं - પ્રત્યેક સમયે

उदयाद् - ઉદયક્ષણ થકી एयगुणा - એ પૂર્વોક્ત ગુણવાળા

**અર્થ :-** ઉપરની સ્થિતિથકી ઉતારેલ પ્રદેશાગ્રની પ્રત્યેક સમયે ઉદયક્ષણ કરતા અસંખ્ય ગુણનાએ રચના તે ગુણશ્રેણિ જાણવી. વળી એ પૂર્વોક્ત ગુણવાળા જીવો અનુક્રમે અસંખ્યાતગુણ નિર્જરાવાળા હોય છે.

**વિવરણ :-** અહિ ગુણશ્રેણિનું સ્વરૂપ કહે છે. ગુણ એટલે પ્રતિસમય અસંખ્ય ગુણ અસંખ્ય ગુણ કર્મપ્રદેશોને ઉપાડવાની પ્રતિસમય અસંખ્યગુણ સ્થાપવાની, અને પ્રતિસમય અસંખ્યગુણ ઉદયમા આવેલાને નિર્જરવાની શ્રેણિ એટલે પદ્ધતિ તેને ગુણશ્રેણિ કહેવાય છે. અથવા ઉપરની સ્થિતિમાંથી કર્મદલિક નીચે ઉતારી નહિ ખંડન કરાતી અંત. ની સ્થિતિમાં પ્રતિસમયે અસંખ્યગુણાકારે દલિકોને ગોઠવવા તે ગુણશ્રેણિ. પહેલા સમયે થોડા દલિકો ગોઠવે બીજા સમયે અસંખ્યાતગુણ, ત્રીજા સમયે અસંખ્યાતગુણ એમ સમયે સમયે અસંખ્યાતગુણ દલિકોને ગોઠવે. આ પ્રમાણે સર્વ ગુણશ્રેણિમાં જાણવું. અનુદયવતી પ્રકૃતિઓમાં ઉદયાવલિકા બહાર ગુણશ્રેણી થાય છે.

વળી આ ગુણશ્રેણિવાળો જીવ અનુક્રમે અસંખ્યાતગુણ નિર્જરાવાળો હોય છે. તે આ પ્રમાણે સમ્યક્ત્વ વખતની ગુણશ્રેણી મંદવિશુદ્ધિવાળી હોવાથી મોટા

અંતર્મુહૂર્ત ની અલ્પપ્રદેશની ગુણશ્રેણિ રચે, ત્યારપછી દેશવિરતિના લાભ વખતની ગુણશ્રેણિ સંખ્યાતગુણહીન અંતર્મુહૂર્તની અને અસંખ્યાતગુણ પ્રદેશવૃદ્ધિની ગુણશ્રેણિ રચે. આ પ્રમાણે સર્વ ગુણશ્રેણિને વિષે અનુક્રમે અંતર્મુહૂર્તનું સંખ્યાતગુણ હીનપણું અને પ્રદેશનું અસંખ્યબહુપણુ એકેકીથી જાણવું. તેથી સમ્યક્ત્વગુણવાળા જીવને થોડી નિર્જરા હોય તેના કરતા દેશવિરતિ જીવ અસંખ્યાતગુણી નિર્જરા કરે અને તે કરતા સર્વવિરતિ જીવ અસંખ્યાતગુણિ કર્મ પુદ્ગલની નિર્જરા કરે આ પ્રમાણે સમ્યક્ત્વાદિક ગુણશ્રેણિએ વર્તતા જીવ યથોત્તર અસંખ્યાતગુણી નિર્જરાવંત હોય છે.

## ગુણશ્રેણી વિષે કંઈક

૧. સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણપ્રાપ્તિ વખતે અને પામ્યા પછી પણ ગુણશ્રેણી થાય છે.

૨. અપૂર્વકરણના પ્રથમ સમયથી ગુણશ્રેણી કરે છે.

૩. અંતર્મુહૂર્તની ઉપરની સત્તામાં રહેલી સ્થિતિમાંથી દલિયા નીચે ઉતારી અંતર્મુહૂર્તના કાળમાં અસંખ્યગુણાકારે ગોઠવે છે.

૪. ઉદયવતી હોય તો ઉદય સમયથી અનુદયવતી હોય તો ઉદયાવલિકાની બહારથી દલિયા ગોઠવે છે.

૫. અંતર્મુહૂર્તના કાળમાં અસંખ્યગુણાકારે દલિયા ગોઠવે છે એટલે પ્રથમ સમયે થોડુ બીજા સમયે અસંખ્યગુણ, ત્રીજા સમયે અસંખ્યગુણ એમ અંતર્મુહૂર્ત સુધી ગોઠવે છે.

૬. અંતર્મુહૂર્ત સુધી ઉપરની સ્થિતિમાંથી અસંખ્યગુણ દલિક ઉતારે છે.

૭. સમ્યક્ત્વ પામતી વખતે ગુણશ્રેણિનું શિર અવસ્થિત હોય છે. એટલે પ્રથમ સમયે જ્યાં સુધી રચના કરી ત્યાં સુધી જ બીજા સમયેપણ ગોઠવે એટલે પ્રથમાદિ સમયો ભોગવાયે છતે શેષ સમયોમાં જ દલિયા ગોઠવાય છે. ગુણશ્રેણિનું શિર આગળ વધતું નથી.

૮. દેશવિરતિ અને સર્વવિરતિની ગુણશ્રેણિનું અંતર્મુહૂર્ત આગળ આગળ વધે છે. તેનું શિર સ્થિર નથી. અંતર્મુહૂર્તનું આયામ એક સરખું હોય છે.

૯. ગુણશ્રેણિનું અંતર્મુહૂર્ત અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના કાળ કર થોડુ વધારે મોટુ છે.

૧૦. પ્રથમની ત્રણ ગુણશ્રેણિ (મિથ્યાત્વે કરે તો) ગુણ પામતા પૂર્વે અને ગુણ પામ્યા પછી પણ થાય છે.

૧૧. અનંતાનુબંધીની વિસંયોજના આદિની ગુણશ્રેણિ તે તે કર્મના ઉપશમ કે ક્ષય ન કરે ત્યાં સુધી જ હોય છે. તે વખતે બીજા (સત્તામાં રહેલાં) કર્મની ગુણશ્રેણિ ગુણ પામ્યા પછી પણ અંતર્મુહૂર્ત સુધી હોય છે. જેમકે અનંતાનુબંધીની વિસંયોજનાની ગુણશ્રેણિ અનંતાનુબંધીની વિસંયોજના કરનારને અનંતાનુબંધીની ગુણશ્રેણિ દ્વિચરમ સ્થિતિખંડ ખંડે ત્યાં સુધી જ થાય છે. અને બાકીની મોહનીયની પ્રકૃતિઓની અને બીજા કર્મોની ગુણશ્રેણિ અનં. ની વિસંયોજના કર્યા પછી પણ અંતર્મુહૂર્ત સુધી હોય છે.

૧૨. અનંતાનુબંધિ આદિના ક્ષયની ગુણશ્રેણિ દ્વિચરમ સ્થિતિખંડ સુધી જ થાય છે. કારણકે ચરમ સ્થિતિખંડના દલિક પોતાની નીચેની સ્થિતિમાં નાખતો નથી પર પ્રકૃતિમાં નાંખે છે. માટે ત્યારે ગુણશ્રેણિ ન થાય.

૧૩. ક્ષપકને સંજવલન લોભની, ક્ષીણમોહને જ્ઞાનાવરણીયાદિ ત્રણ કર્મની ગુણશ્રેણિ પોતાના ગુણસ્થા.નો એક સંખ્યાતમોભાગ બાકી રહે ત્યાં સુધી જ હોય છે.

૧૪. અયોગીની ગુણશ્રેણિ તે ત્યાં રચતો નથી. પરંતુ રચેલી ગુણશ્રેણિના દલિયાને ભોગવીને નાશ કરવા રૂપ ગુણશ્રેણિ કરે છે. એટલે કે સયોગી ગુણ. માં આયોજિકાકરણથી અયોગીના કાળ કરતાં વધારે અંતર્મુહૂર્ત પ્રમાણ કર્મ સ્થિતિને અપવર્તાવીને અયોગી ગુણ. ના કાળ જેટલા અંતર્મુહૂર્તમાં અસંખ્યગુણાકારે ગોઠવે અને તે અયોગી ગુણ. માં ભોગવીને નિર્જરા કરે તે અયોગીની ગુણશ્રેણિ કહેવાય.

૧૫. દરેક ગુણશ્રેણિમાં ઉપરની સ્થિતિના દલિયાને નીચેના અંતર્મુહૂર્તમાં ગોઠવેલ છે. તે અંતર્મુહૂર્તમાં ભોગવીને નાશ કરે છે. માટે તે નિર્જરા કહેવાય છે.

૧૬. ઉત્તરોત્તર ગુણપ્રાપ્તિમાં વિશુદ્ધિ વધારે હોવાથી અસંખ્યગુણ દલિયા ઉતારે છે. ઉત્તરોત્તર નાના નાના અંતર્મુહૂર્તમાં ગોઠવે છે. અને રસોદય અને પ્રદેશોદયથી ભોગવીને નાશ કરે છે. માટે અસંખ્ય - અસંખ્યગુણ નિર્જરા થાય છે.

## ગુણસ્થાનકનુ પ્રાપ્તિઅંતર

**पलिआसंखंसमुहू, सासणइअरगुण अंतरं हस्सं ।**
**गुरु मिच्छ बे छसट्ठी, इअर गुणे पुग्गलद्धंतो ॥84॥**

पलिआसंखंस - પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ હસ્સં - જઘન્ય

पुग्गलद्धंते - કંઈક ન્યુન અર્ધ પુદ્ગલ પ્રાવર્તકાળ

बे छसट्ठी - બે વખત છાસઠ સાગરોપમ

**અર્થ :-** સાસ્વાદન અને બાકીના ગુણસ્થાનોનું જઘન્ય પ્રાપ્તિ અંતર અનુક્રમે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને અંતર્મુહૂર્ત હોય છે. ઉત્કૃષ્ટ અંતર મિથ્યાત્વનું બે વખત છાસઠ સાગરોપમ. અને શેષ ગુણસ્થાનોને વિષે કંઈક ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત હોય છે. ॥૮૪॥

**વિવરણ :-** એક જીવ જે ગુણસ્થાનક એકવાર પ્રાપ્ત થયા પછી ચાલ્યુ જાય. ત્યારબાદ તેજ ગુણસ્થાનક પુનઃ કેટલા કાળે પામે ? તે બે વાર પ્રાપ્તિની વચ્ચેનો જે વિરહકાળ તે ગુણસ્થાનકનું આંતરું એટલે કે અન્તરાલકાલ કહેવાય છે. કયા ગુણસ્થાનનો કેટલો અન્તરાલકાલ છે તે કહેવાય છે.

**સાસ્વાદન ગુણસ્થાનકનું જઘન્ય પ્રાપ્તિ અંતર :-** પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. તે આ પ્રમાણે. અનાદિ મિથ્યાત્વી એવો જીવ અથવા સમ્યક્ત્વ અને મિશ્રપુંજ ઉવેલ્યે જે ૨૬ ની સત્તાવાળો મિથ્યાત્વી અંતરકરણાદિ વડે ઔપશમિક સમ્યકત્વ પામે ત્યાંથી અનંતાનુબંધીનો ઉદય થવાથી પડીને સાસ્વાદનપણુ પામીને

મિથ્યાત્વે ગયો ત્યાંથી ફરી સાસ્વાદનપણુ પામવુ હોય તો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ જાય પછી જ પામી શકે તેથી પહેલા પામી શકે નહિ. કારણકે સાસ્વાદન થકી મિથ્યાત્વે ગયેલાને પહેલા સમયથી સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની સત્તા અવશ્ય હોય. આ બન્નેની સત્તા હોય ત્યારે મિથ્યાત્વથી ઔપશમિક સમ્યકત્વ પમાય નહિ. ઔપશમિક સમ્યકત્વ વિના સાસ્વાદનપણુ આવે નહિ. તેથી મિથ્યાત્વ ગુણઠાણે સમક્તિ મોહનીય અને મિશ્ર મોહનીયની સત્તાની ઉદ્‌વલના કરે ઉદ્‌વલના એટલે સત્તામાંથી નાશ. ઉદ્‌વલના કરતા પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ થાય. આ બન્નેની સત્તાની ઉદ્‌વલના થયા પછી બીજીવાર ઔપશમિક સમ્યક્ત્વ પામીને સાસ્વાદને આવે. તેથી સાસ્વાદનનુ જઘન્યથી પ્રાપ્તિ અંતર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. નવા ઉપશમ સમ્યકત્વમાંથી અથવા શ્રેણીનું ઉપશમ સમક્તિમાંથી સાસ્વાદન પામ્યા પછી ફરી શ્રેણિનું ઉપશમ સમક્તિ પામે તેને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ ગયો હોય તો જ સાસ્વાદનપણું પામે.

નવા ઉપશમ સમક્તિમાંથી સાસ્વાદનપણુ પામી મિથ્યાત્વે ગયો ત્યાં ક્ષાયોપશમ સમક્તિ પામી ચોથે ગુણઠાણે જાય. અને શ્રેણિનું ઉપશમ સમક્તિ પામી ઉપશમ શ્રેણી ચઢે.[1] ત્યાંથી પડતો પડતો સાસ્વાદનને આવે.

જો પલ્યોપમનો અસંખ્યાતમા ભાગ કરતા ઓછો કાળ ગયો હોય તો નવા ઉપશમ સમક્તિમાંથી સાસ્વાદન પામ્યા પછી શ્રેણીના ઉપશમ સમક્તિમાંથી સાસ્વાદને તથાસ્વભાવે આવે નહિ. પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો કાળ ગયો હોય તો સાસ્વાદનપણુ આવે છે.

બાકીના ગુણસ્થાનકોનું જઘન્ય પ્રાપ્તિ અંતર અંતર્મુહૂર્ત છે. તે આ પ્રમાણે મિથ્યાત્વ ગુણસ્થાને ૨૬ની સત્તાવાળો જીવ ઉપશમસમક્તિ પામી ૨૮ની સત્તા

---

[1] જો કે ઉપશમશ્રેણી પ્રાપ્ત કરી પડી સાસ્વાદનપણુ પામી અંત. માં ફરી ઉપશમશ્રેણી ચડી પડી સાસ્વાદનપણુ પામે તો જઘન્ય અંતર અંતર્મુહૂર્ત સંભવે. પરંતુ મનુષ્યભવમાં જ અને ક્વચિત્ પ્રાપ્ત કરતા હોવાથી વિવક્ષા કરી નથી. (જુઓ શતક કર્મગ્રંથ ગા. ૮૪ની ટીકા) જીવ સમાસ ગા. ૨૫૮)

લઈ અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વે આવી શકે છે. અથવા મિથ્યાત્વ ગુણઠાણે ૨૮ની સત્તાવાળો ક્ષાયોપશમ સમક્તિ પામી અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વે આવી શકે અથવા મિથ્યાત્વ ગુણઠાણે ૨૮ કે ૨૭ ની સત્તાવાળો મિશ્રગુણઠાણે જઈ અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વે આવી શકે છે. આ પ્રમાણે અનેક રીતે અંત. માં ફરી મિથ્યાત્વે આવે.

ઉપશમ શ્રેણિએ ચઢીને ત્યાંથી પડતો સર્વ ગુણઠાણાને ફરસતો અતંર્મુહૂર્તમાં મિથ્યાત્વે આવે તથા અંતર્મુહૂર્તમાં ફરી શ્રેણીમાંડીને પાછો ચઢતો સાસ્વાદન વર્જીને શેષ સર્વ ગુણઠાણાને સ્પર્શે છે. માટે ૧ લા અને ૪ થી ૧૧નું જઘ. અંતર અતંર્મુહૂર્ત છે. મિશ્ર ગુણઠાણુ ઉપશમમાંથી પડીને આવ્યા પછી મિથ્યાત્વે આવી અંત. માં ચઢતાને આવે અથવા ક્ષાયો. સમ્યક્ત્વ થી પડતા મિશ્રપણુ આવે ત્યારે જઘન્યથી અતંર્મુહૂર્ત નું અંતર ઘટે છે.

ઉપરના ૧૨-૧૩-૧૪ એ ત્રણ ગુણઠાણાથી જીવ પડવાનો નથી તેથી એકવાર પામ્યા પછી ફરી તે ગુણઠાણુ પમાતુ નથી તેથી તેનુ પ્રાપ્તિ અંતર નથી.

હવે ઉત્કૃષ્ટ અંતર કહે છે. મિથ્યાત્વ ગુણઠાણાનું ઉત્કૃષ્ટ અંતર બે છાસઠ સાગરોપમ છે તે આ પ્રમાણે.. કોઈ જીવ મિથ્યાત્વ ગુણઠાણામાંથી ક્ષાયોપશમ સમક્તિ પામી ૨૨ સાગરોપમ ના આયુષ્યવાળા અચ્યુત દેવલોકમાં જાય ત્યાંથી મનુષ્યપણુપામી દેશવિરતિ અથવા સર્વવિરતિ પાળી અચ્યુત દેવલોકમાં ત્યાંથી ફરી મનુષ્યપણુ પામી દેશવિરતિ અથવા સર્વવિરતિ પાળી અચ્યુત દેવલોકમાં જાય ત્યાંથી મનુષ્યપણામાં આવે. અહિ ક્ષાયોપશમ સમક્તિનો કાળપૂર્ણ (સાધિક ૬૬ સાગરોપમ) થવાથી અંતર્મુહૂર્ત મિશ્રપણુ પામે પછી ક્ષાયોપશમ સમક્તિ પામી ફરી અચ્યુતના ૩ ભવકરે અથવા વિજયાદિના ૨ ભવ કરે. પાછો મનુષ્યપણુ પામે અહિંથી જીવ મોક્ષે ન જાય તો અવશ્ય મિથ્યાત્વપણુ પામે. તેથી મિથ્યાત્વનું ઉત્કૃષ્ટ અંતર **સાધિક ૧૩૨ સાગરોપમ**નું થાય.

બાકીના ૧૦ ગુણસ્થાનનું ઉત્કૃષ્ટ પ્રાપ્તિ અંતર કંઈક ન્યુન અર્ધ પુદ્દગલ પરાવર્તકાળ છે. તે આ પ્રમાણે સાસ્વાદન આદિથી ઉપશાંતમોહ ગુણઠાણાવાળા જીવ ત્યાંથી પડી મિથ્યાત્વે આવે તો વધુમાં વધુ દેશોનઅર્ધ પુદ્દગલ પરાવર્તકાળ સુધી સંસારમાં

(મિથ્યાત્વે) રહે પછી ઉપરના ગુણઠાણા સ્પર્શીને અવશ્ય મોક્ષે જાય જ. માટે દેશોન અર્ધ પુદ્ગલ પરા. કાળ ઉત્કૃષ્ટથી ઘટે.

## ગુણસ્થાનકનું પ્રાપ્તિ અંતર

| ગુણસ્થાનક | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧. મિથ્યાત્વ ગુણ. | અંતર્મુહૂર્ત | સાધિક ૧૩૨ સાગરોપમ |
| ૨. સાસ્વાદન ગુણ. | પલ્યો. નો અસં. ભાગ. | દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત |
| ૩. મિશ્રથી ઉપશાન્તમોહ | અંતર્મુહૂર્ત | દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત |
| ૪. ક્ષીણમોહ ગુણ. થી અયોગી | ફરી પ્રાપ્ત ન થાય માટે | અંતર નથી. |

## પલ્યોપમનું સ્વરૂપ

**उद्धार अद्ध खित्तं, पलिअतिहा समयवाससय समए ।**

**केसवहारो दीवो, दहिआउ तसाई परिमाणं ॥85॥**

खित्तं पलिअ - ક્ષેત્ર પલ્યોપમ    केसवहारो - વાલાગ્રનુ ઉદ્ધારણ કરીએ

वाससय - સો વર્ષ    परिमाणं - ગણતરી

**અર્થ :-** ઉદ્ધાર, અદ્ધા અને ક્ષેત્ર એ ત્રણ પ્રકારે પલ્યોપમ જાણવો તેમાં (અનુક્રમે) સમયે, સો વર્ષે અને સમયે વાલાગ્રનુ ઉદ્ધારણ કરીએ, તે વડે (અનુક્રમે) દ્વીપ સમુદ્ર, આયુષ્ય અને ત્રસાદિ જીવોની ગણતરી થાય છે. ॥૮૫॥

**વિવરણ :-** હવે પલ્યોપમનું સ્વરૂપ કહે છે :- પલ્ય. એટલે પ્યાલો. પ્યાલાની ઉપમાથી મપાતો કાળ તે પલ્યોપમ. તે પલ્યોપમ ત્રણ પ્રકારે છે. (૧) ઉદ્ધાર, (૨) અદ્ધા (૩) ક્ષેત્ર. આ ત્રણ પલ્યોપમના બાદર અને સૂક્ષ્મ એમ બે ભેદ છે.

**(૧) બાદર ઉદ્ધાર પલ્યોપમ :-** અનંત સૂક્ષ્મ પરમાણુનો એક બાદર પરમાણુ થાય છે. આઠ બાદર પરમાણુનો એક ત્રણરેણુ થાય. આઠ ત્રણરેણુનો એક રથરેણુ. આઠ રથરેણુનો ૧ વાલાગ્ર. આઠવાલાગ્રે એક લીખ. આઠ લીખે એક જુ. આઠ જુ એ એક યવ, આઠ યવે એક ઉત્સેધ અંગુલ. ૨૪ ઉત્સેધ અંગુલનો ૧ હાથ, ૪ હાથનો એક ધનુષ. ૨૦૦૦ ધનુષનો એક ગાઉ અને ૪ ગાઉનો એક

યોજન થાય. આવા ઉત્સેધ અંગુલના માપથી ૧ યોજનનો લાંબો પહોળો અને ઉંડો ગોળ આકારવાળો પ્યાલો કલ્પવો. તે પ્યાલામાં દેવકુરુ - ઉત્તરકુરૂ ના યુગલિકના જનમ્યા પછી મુંડન કર્યા પછી ૭ દિવસમાં ઉગેલા બાળકના (અંગુલ પ્રમાણ) ૧ વાળના ૭ વાર આઠ કકડા કરવા.[1] અને એ કકડાને પ્યાલામાં એવા ઠાંસી ઠાંસીને ભરવા કે ચક્રવર્તીની સેના તેની ઉપરથી ચાલી જાય તો પણ દબાય નહિ. અગ્નિ તેને અંદર પ્રવેશી બાળી શકે નહિ. પાણી અંદર જઈ તેને ભીંજવી શકે નહિ. વાયુ તેને ઉડાડી શકે નહિ. તેવા ગાઢ રીતે ભરવા તેમાં સંખ્યાત[2] વાલાગ્ર સમાય છે. તે દરેક વાલાગ્રને સમયે સમયે બહાર કાઢતા જેટલા (સંખ્યાતા) સમય લાગે તેટલા (સંખ્યાતા) સમયને **બાદર ઉદ્ધાર પલ્યોપમ** કહેવાય. તેવા દશ કોડાકોડી પલ્યોપમનો **બાદર ઉદ્ધાર સાગરોપમ થાય** છે. આ બાદર ઉદ્ધાર પલ્યોપમ કે સાગરોપમનો ઉપયોગ કંઈ જ નથી પરંતુ સૂક્ષ્મને સમજવા માટે આનુ વર્ણન કર્યું છે.

(૨) **સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ** :- બાદર ઉદ્ધાર પલ્યોપમના પ્યાલામાં રહેલા એક એક વાલાગ્રના અસંખ્ય કકડા કરી ફરી પૂર્વની જેમ સંપૂર્ણપણે ભરવો. આ પ્યાલામાં પ્રત્યેક વાલાગ્રની અવગાહના સૂક્ષ્મનિગોદના ૧ શરીરથી અસંખ્યગુણ છે. અથવા તે વાલાગ્ર લગભગ પર્યાપ્ત બાદર પૃથ્વીકાયજીવના શરીર જેટલો મોટો અથવા તેવડો સૂક્ષ્મ છે. આવા ભરેલા પ્યાલામાંથી પ્રતિ સમયે એક એક વાલાગ્ર કાઢતા સંપૂર્ણ ખાલી કરતા જે સંખ્યાતાક્રોડ વર્ષ જેટલો કાળ થાય તેને સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ કહેવાય છે. આવા ૧૦ ક્રોડાક્રોડ પલ્યોપમે એક સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ થાય છે. આવા અઢી સાગરોપમ (૨૫ ક્રોડાક્રોડ પલ્યોપમ) ના જેટલા સમયો તેટલા જંબુદ્વીપ આદિથી સ્વયંભૂરમણ સુધી અસંખ્યાત દ્વીપ સમુદ્રો આ તિર્ચ્છાલોકમાં છે. તેથી સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ અને સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ

---

૧. ૭ વાર આઠ કકડા કરતા એક અંગુલવાલના ૨૦૯૭૧૫૨ ખંડ થાય છે.

૨. સંપૂર્ણ પ્યાલામાં ૩૩ ક્રોડ, ૭ લાખ, ૬૨ બજાર, ૧૦૪ કોડાકોડ કોડા કોડી, ૨૪ લાખ ૬૫ હજાર, ૬૨૫ કોડાકોડી કોડી. ૪૨ લાખ ૧૯ હજાર ૯૬૦ કોડાકોડી ૯૭ લાખ, ૫૩ હજાર ૬૦૦ ક્રોડ એટલા સંખ્યાતા હોય

વડે પૃથ્વી ઉપરના દ્વીપ - સમુદ્રો મપાય છે.

(૩) **બાદર અદ્ધા પલ્યોપમ** :- પૂર્વોક્ત રીતથી ભરેલા (બાદર ઉદ્ધાર પલ્યોપમ) પ્યાલાના વાલાગ્રને દર સો વર્ષે એક એક વાલાગ્ર કાઢતાં જ્યારે પ્યાલો સંપૂર્ણ ખાલી થાય ત્યારે બાદર અદ્ધા પલ્યોપમ છે. તે સંખ્યાતા કોડાકોડી વર્ષ પ્રમાણ થાય છે. એવા ૧૦ ક્રોડાક્રોડી પલ્યોપમે ૧ બાદર અદ્ધા સાગરોપમ થાય છે. આ બાદર અદ્ધાનું વર્ણન સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમને સમજવા માટે છે.

(૪) **સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ** :- સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમમાં કહ્યા પ્રમાણે ભરેલા વાલાગ્રમાંથી દર સો સો વર્ષે એક વાલાગ્ર કાઢતા જે અસંખ્યક્રોડ વર્ષ થાય તે સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ, તેવા ૧૦ ક્રોડાક્રોડ પલ્યોપમે એક સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ થાય છે. આ પલ્યોપમ - સાગરોપમથી જીવોનું આયુષ્ય, કાયસ્થિતિ, કર્મસ્થિતિ, અવસર્પિણી, ઉત્સર્પિણી, પુદ્‌ગલપરાવર્ત, પુદ્‌ગલસ્થિતિ વિગેરે સર્વ મપાય છે.

(૫) **બાદર ક્ષેત્ર પલ્યોપમ** :- ઉત્સેધ અંગુલથી ૧ યોજન પ્રમાણ કૂવામાં ૭ દિવસના જન્મેલા બાળકના વાળના અસંખ્ય કકડા કરી ઠાંસી ઠાંસીને ભરવા એ ભરેલા કૂવામાં વાલાગ્રને સ્પર્શેલા આકાશ પ્રદેશને સમયે સમયે અપહરણ કરતા જેટલો કાળ થાય તેનું નામ બાદર ક્ષેત્ર પલ્યોપમ.

આ પલ્યોપમમાં વાલાગ્રને સ્પર્શેલા આકાશ પ્રદેશનું અપહરણ કરવાનું છે અને તેના માપથી આ પલ્યોપમ બને છે.

(૬) **સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ** :- એક યોજન પ્રમાણ વાલાગ્રથી ભરેલા કૂવાના સ્પૃષ્ટ અને અસ્પૃષ્ટ (એટલે સમગ્રકુવાના) બન્ને આકાશ પ્રદેશને સમયે સમયે અપહરણ કરતા જેટલો કાળ થાય તેને સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ કહેવાય છે. એક સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમમાં અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ થાય છે. આવા ૧૦ ક્રોડાક્રોડ પલ્યોપમે એક સૂક્ષ્મ ક્ષેત્ર સાગરોપમ થાય છે. આ પલ્યોપમવડે ત્રસાદિ જીવોની સંખ્યા બતાવવામાં આવી છે. આ પલ્યોપમમાં આકાશ પ્રદેશોનું જ અપહરણ કરવાનું હોવા છતાં સ્પૃષ્ટ અને અસ્પૃષ્ટ આકાશ પ્રદેશોનું વર્ણન કર્યું છે. તેમાં કેટલાક દ્રવ્યોને સ્પૃષ્ટ આકાશ પ્રદેશોની ઉપમાથી અને કેટલાક

દ્રવ્યોને અસ્પૃષ્ટ આકાશ પ્રદેશોથી માપવાનું જણાવેલ હોવાથી સ્પૃષ્ટ - અસ્પૃષ્ટ આકાશ પ્રદેશનું વર્ણન કર્યું છે.

સાસ્વાદન, મિશ્ર, અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ ગુણઠાણાવાળા જીવોની સંખ્યા ઉત્કૃષ્ટથી સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમના અસંખ્યતમા ભાગ જેટલી એટલે અસંખ્યાતી કહી છે તે આ સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમથી સંખ્યા બતાવી છે. દૃષ્ટિવાદ સૂત્રમાં દ્રવ્યોની સંખ્યા સમજાવવામાં કેટલાકને સ્પૃષ્ટ આકાશ પ્રદેશો વડે અને કેટલાક ને અસ્પૃષ્ટ આકાશ પ્રદેશો વડે ઉપમાથી માપ (પ્રમાણ) જણાવેલ છે.

**एएण खित्तसागरउवमाणेणं हविज्ज नायव्वं**

**पुढविदगअगणिमारुयहरिय तसाणं परिमाणं** (જીવ ગા. ૧૩૩)

પ્રશ્ન :- સમગ્ર વાલાગ્રને અંતરે અસ્પૃષ્ટ આકાશપ્રદેશ કેવી રીતે હોય ?

ઉત્તર :- એક સૂક્ષ્મ વાલાગ્રથી બીજા વાલાગ્રને સૂક્ષ્મ આંતરૂ હોય છે. તેમજ વાલાગ્ર પોતે પણ સચ્છિદ્ર[1] હોવાથી અસ્પૃષ્ટ આકાશ પ્રદેશો ઘણા સંભવે છે. જેમ કોઠારમાં કોળા ભરેલા હોય, તે કોળાના આંતરે નાના બીજોરાદિના ઘણા ફળ રહે. તે ફળને આંતરે વાલ-આદિના ઘણા દાણા રહે. તે વાલને અંતરે સરસવના ઘણા દાણા રહે એ દૃષ્ટાંતથી વાલાગ્રને આંતરે અસ્પૃષ્ટ આકાશ પ્રદેશ અસંખ્યાતા હોય છે. એટલે કે વાલાગ્ર કરતાં આકાશ પ્રદેશ અતિસૂક્ષ્મ હોવાથી અસ્પૃષ્ટ આકાશ પ્રદેશો ઘણા હોય છે.

---

૧. વાલાગ્રો ઔદારિક વર્ગણાના છે. અને ઔદારિક વર્ગણાના એ સ્કંધો સ્થુલ હોવાથી સર્વથા નિબિડ ન હોય જેથી દરેક વાલાગ્ર અનેક છિદ્રવાળો છે. તે છિદ્રોમાં રહેલા આકાશ પ્રદેશો પણ અસ્પૃષ્ટ આકાશ પ્રદેશ ગણાય. કોઈપણ ઔદારિકાદિ શરીર સ્કંધના અવયવો સર્વથા નિચ્છિદ્ર ન હોય એ કારણથી સ્પૃષ્ટ આકાશ પ્રદેશોથી અસ્પૃષ્ટ આકાશ પ્રદેશ.અસંખ્યગુણા હોય છે. વળી પરસ્પર વાલાગ્રોની વચ્ચે પણ અસ્પૃષ્ટ આકાશ પ્રદેશ અસંખ્યગુણા હોય છે. જેમ કોળાથી ભરેલ કોઠીમાં - ચણા રેતી વિગેરે રહી શકે છે. તેમ વાલાગ્રોની વચ્ચે પણ આકાશપ્રદેશ સૂક્ષ્મ હોવાથી હોય છે.

## પુદ્ગલ પરાવર્ત્તનું સ્વરૂપ

**दव्वे खित्ते काले भावे चउह दुह बायरो सुहुमो ।**

**होइ अणंतुस्सप्पिणि - परिमाणो पुग्गलपरट्टो ॥86॥**

**અર્થ :-** દ્રવ્યવિષયક, ક્ષેત્ર વિષયક, કાળ વિષયક, અને ભાવ વિષયક એમ ચાર પ્રકારે પુદ્ગલ પરાવર્ત છે. તેના બાદર અને સૂક્ષ્મ એ બે - બે ભેદ હોય છે. તે દરેક અનંત ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ હોય છે ॥૮૬॥

## દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત્તનું સ્વરૂપ

**उरलाइ सत्तगेणं, एगजिओ, मुअई फुसिअ सव्वअणू ।**

**जत्तिअकालि स थूलो, दव्वे सुहुमो सगन्नयरा ॥87॥**

मुअई - છોડી દે　　　　थूलो - સ્થૂલ - બાદર

फुसिअ - સ્પર્શ કરીને - પરિણમાવીને सगन्नयरा - સાતમાંહેથી એક વર્ગણા વડે.

**અર્થ :-** જેટલા કાળે ચૌદ રાજલોકમાં રહેલા સર્વ પરમાણુઓ ઔદારિકાદિ સાત વર્ગણારૂપે એક જીવ સ્પર્શી - પરિણમાવીને છોડી દે (ત્યાગ કરે) તે (તેટલા કાળે) બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત થાય. અને સાત માંહેથી કોઈપણ એકપણે સર્વ પરમાણુઓ સ્પર્શી પરિણમાવીને ત્યાગ કરે તેટલા કાળે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત થાય. ॥૮૭॥.

**વિવરણ :-** पुद्गलानां परावर्तः यस्मिन् स. इति પુદ્ગલ પરાવર્તઃ જેટલા કાળે પુદ્ગલ એટલે ચૌદ રાજલોકમાં રહેલા સમસ્ત પુદ્ગલોને પરાવર્ત એટલે શરીરાદિ પણે ગ્રહણ કરીને એક જીવ છોડે તેટલા કાળનું નામ પુદ્ગલપરાવર્ત છે. તે મુખ્ય ચાર પ્રકારે છે. તે દરેકના સૂક્ષ્મ અને બાદર એમ બે ભેદ છે. તેમાં પ્રથમ બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્તનું વર્ણન કરે છે.

**(૧) બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત :-** સંસાર અટવીમાં ભમતો એક જીવ અનેક ભવ ગ્રહણ કરવા વડે ચૌદ રાજલોકમાં રહેલા સર્વ પુદ્ગલ પરમાણુઓને આહારક

વિના ઔદારિક શરીરાદિ સાત રૂપે સ્પર્શી પરિણમાવી મુક્તા જેટલો કાળ થાય તે બાદર દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્ત જાણવો. એટલે જગતના સર્વ પુદ્‌ગલને એક સમયે જે ઔદારિક - તૈજસ - કાર્મણ - શ્વાસોશ્વાસ - ભાષા આદિ રૂપે ગ્રહણ કરે તેની સ્પર્શના થઈ ગણાય. એમ બીજા આદિ સમયે જે જે ઔદારિક - અથવા વૈક્રિય - તૈજસ - કાર્મણ - શ્વાસોશ્વાસ - ભાષા આદિ રૂપે જે ગ્રહણ કરે તેની સ્પર્શના ગણાય. એમ જગતમાં રહેલી બધી જ વર્ગણાઓના પુદ્‌ગલોને કોઈને કોઈ રૂપે ગ્રહણ કરાવી જોઈએ. એક પણ પરમાણુ બાકી રહેવો ન જોઈએ. તેમાં જેટલો કાળ થાય તે બાદર **દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્ત** કહેવાય. કેટલાક પુદ્‌ગલો અનેકવાર વચમાં ગ્રહણ કરાય. તો તેની સ્પર્શના ગણવી નહી. કાળ ગણાતો જાય. એટલે કાળ વધતો જાય.

**૨. સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્ત :-** જગતના તમામ પુદ્‌ગલોને એકજીવ ઔદારિક આદિ સાતમાંથી કોઈપણ એક રૂપે ગ્રહણ કરીને મુક્તા જેટલો કાળ થાય તે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્ત કહેવાય છે.

બાદર દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તમાં સર્વ પુદ્‌ગલોને કોઈપણ રૂપે ગ્રહણ કરવા પૂર્વક ગણત્રીમાં લેવાતા હતા. પરંતુ સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્ત્તમાં સાત વર્ગણામાંની કોઈપણ એક વર્ગણાપણે ગ્રહણ કરીને મૂકે તે ગણત્રીમાં લેવાય. વચ્ચે વચ્ચેના કાળમાં અનેકવાર તે સિવાયની ભિન્ન વર્ગણાપણે પૂર્વગ્રહણ કરેલા પુદ્‌ગલો ગ્રહણ થાય તો પણ તે ગણત્રીમાં ન લેવાય. એ ત્રણે જગતના તમામ પુદ્‌ગલોને જેટલા કાળે ઔદારિકાદિ એક રૂપે પરિણમાવી મૂકે તેટલા કાળને સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્ત કહેવાય છે.

અહિં આહારક પુદ્‌ગલ પરાવર્ત નહિ ગણવાનું કારણ આહારક શરીર સમસ્ત ભવચક્રમાં ૧ જીવને ઉત્કૃ. ૪ વખત પ્રાપ્ત થાય છે. તેથી આહારક વર્ગણારૂપે સર્વ પુદ્‌ગલો ગ્રહણ થઈ શકતા નથી. એક સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તમાં અનંતા બાદર દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્ત્ત વહી જાય. દ્રવ્યથી સૂક્ષ્મ પુદ્‌ગલ પરાવર્ત્ત ૭ ભેદે હોય છે. (૧) ઔદારિક (૨) વૈક્રિય (૩) તૈજસ (૪) કાર્મણ (૫) મન (૬)

ભાષા અને (૭) ઉચ્છ્વાસ એ સાતનુ અલ્પબહુત્વ આ પ્રમાણે છે.[1]

કાર્મણ શરીર પુદ્ગલ પરાવર્ત્તનો નિવર્ત્તનકાળ સર્વથી થોડો હોય છે. કારણકે ચારેગ[illegible]માં રહેલા જીવો કાર્મણ વર્ગણાના પુદ્ગલો સમયે સમયે ગ્રહણ કરે છે. અને વિગ્રહગતિમાં પણ કાર્મણ શરીર હોય કાર્મણ પુદ્ગલો ગ્રહણ થાય છે તેથી તે જલ્દીથી પૂર્ણ થઈ જાય તેથી તેનો નિવર્તનકાળ સર્વથી થોડો છે. તેના કરતા તૈજસ શરીર પુદ્ગલ પરાવર્તનો નિવર્તનકાળ અનંતગુણો તેના કરતા ઔદારિકનો અનંતગુણો, કારણકે દેવ - નારકી સિવાયના ભવોમાં ઔદારિક વર્ગણા વારંવાર ગ્રહણ થાય. તેના કરતા શ્વાસોશ્વાસનો અનંતગુણો. તેના કરતા મનનો અનંતગુણો તેના કરતા ભાષાનો અનંતગુણો. તેના કરતા વૈક્રિય પુદ્ગલ પરાવર્ત્તનો નિવર્તનકાળ અનંતગુણો. આ પ્રમાણે નિવર્તનકાળનું અલ્પબહુત્વ જાણવું.

ક્યાં પુદ્ગલ પરાવર્ત્ત ઘણાં થયાં અને ક્યાં ઓછાં થયાં તેનું અલ્પબહુત્વ આ પ્રમાણે.

વૈક્રિય પુદ્ગલ પરાવર્ત્ત જીવે અનંતાકર્યા પણ તે બીજા સર્વ પુદ્ગલ પરાવર્ત્ત થકી થોડા કર્યા છે. તે થકી ભાષા પુદ્ગલપરાવર્ત્ત અનંતગુણા કર્યા એ પ્રમાણે મન. શ્વાસોશ્વાસ ઔદારિક, તૈજસ, અને કાર્મણ પુદ્ગલ પરાવર્ત્ત ઉત્તરોત્તર એકેક થકી અનંતગુણા કર્યા છે. સર્વ પુદ્ગલ પરાવર્તનુ માન અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ જાણવું.

---

૧. કેટલાક આચાર્ય દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત્તનું સ્વરૂપ આ પ્રમાણે વર્ણવે છે. જ્યારે એક જીવ અનેક ભવમાં ગ્રહણ કરવા વડે ઔદારિક, વૈક્રિય તૈજસ અને કાર્મણ એ ચાર શરીર પણે યથાયોગ્ય સકલ લોકવર્તી સર્વ પુદ્ગલોને પરિણમાવીને મુકે છે. ત્યારે **બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત્ત** થાય છે. વળી જ્યારે ઔદારિકાદિ ચાર માંહેથી કોઈપણ એક શરીર વડે સર્વ પુદ્ગલોને પરિણમાવીને મુકે છે. ત્યારે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત્ત થાય આમાં વચ્ચે વચ્ચે બાકીના શરીર રૂપે પરિણમાવેલા પુદ્ગલોની ગણતરી કરવાની નથી કાળ ગણાય આ પ્રમાણે સ્વોપજ્ઞટીકામાં કહ્યું છે. इति स्वोपज्ञटीकायाम् ।

ભાષા કરતા મનના પુદ્‌ગલ પરાવર્ત્ત અનંતગુણા છે. કારણકે મનના વિચારોને કોઈ રોકી શકે નહિ. ભાષાના પુદ્‌ગલોને રોકી શકાય તેથી અનંતગુણા છે. તૈજસ કરતા કાર્મણના અનંતગુણા છે. કારણકે ત[illegible]ત શરીર [illegible]ાવે ત્યારે જે તૈજસ વર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ કરાય તેના કરતાં કાર્મણ શરીર યોગ્ય પુદ્‌ગલો અનંતગુણા ગ્રહણ કરાય છે. તેથી તે પુદ્‌ગલ પરાવર્ત્ત જલ્દી બને છે. એટલે અનંતગુણા વધારે કર્યાં. છે.

## ક્ષેત્રાદિ પુદ્‌ગલપરાવર્ત્તનું સ્વરૂપ

**लोगपएसो - सप्पिणि, समया अणुभाग बंधठाणा य ।**

**जहतह कममरणेणं, पुट्ठा खित्ताइ थुलिअरा ॥८८॥**

लोगपएस - લોકક્ષેત્રના પ્રદેશો मरणेणं - મરણવડે खिताई - ક્ષેત્રાદિ

उसप्पिणिसमया - ઉત્સર્પિણીના સમયોને पुट्ठा - સ્પર્શ કરે.

जहतह - જેમતેમ - આડાઅવળા थुलिअरा - બાદર અને સૂક્ષ્મ પુદ્‌ગલપરા.

**અર્થ :-** લોકક્ષેત્રના પ્રદેશો, ઉત્સર્પિણી અવસર્પિણીના સમયો, અને રસબંધના સ્થાનો. જેમ તેમ (ક્રમવગર) અને અનુક્રમે મરણવડે સ્પર્શ કરાય ત્યારે ક્ષેત્રાદિ બાદર અને સૂક્ષ્મ પુદ્‌ગલ પરાવર્ત્ત અનુક્રમે થાય છે.

**૩ બાદર ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત્ત :-** ચૌદ રાજલોકમા રહેલા સર્વ આકાશ પ્રદેશને એક જીવ ક્રમે કે ઉત્ક્રમે મરણ વડે સ્પર્શ કરે તેમાં જેટલો કાળ થાય તેને બાદર ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત્ત કહેવાય છે.

ક્ષેત્ર એટલે લોકાકાશ. તેના પ્રદેશો પંક્તિબદ્ધ અને અસંખ્યાત છે. તે સર્વ પંક્તિબદ્ધ અસંખ્ય આકાશ પ્રદેશોમાં એક જીવ જુદા જુદા સમયે મરણ પામે. એ પ્રમાણે મરણવડે એક જીવ લોકાકાશના સર્વ પ્રદેશોને ક્રમે કે ક્રમવિના (એટલે કે ગમે તે સ્થાને મરણ પામી) મરણ વડે સ્પર્શ કરતા જેટલો કાળ થાય તેને **બાદર ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત્ત** કહેવાય. જીવની અવગાહના જઘન્યથી પણ અસંખ્ય

આકાશ પ્રદેશની હોવાથી દરેક મરણ વખતે અસંખ્ય આકાશ પ્રદેશ સ્પર્શે છે તો પણ એક મરણ વખતે તેમાંના કોઈપણ એક આકાશ પ્રદેશની સ્પર્શના ગણવી.[1] પરંતુ મરણ સમયે અવગાહેલા સર્વ આકાશ પ્રદેશોની નહિ. અને પૂર્વે જે આકાશ પ્રદેશે મર્યો હોય તે આકાશ પ્રદેશે ફરી મરે તો તે ગણવામાં આવે નહિ. એ પ્રમાણે સર્વ આકાશ પ્રદેશને મરણ વડે ક્રમે કે ઉત્ક્રમે સ્પર્શ કરે ત્યારે બાદર ક્ષેત્ર પુદ્‌ગલપરાવર્ત્ત થાય છે.

**૪. સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત્ત :-** ચૌદ રાજલોકમાં રહેલા સર્વ આકાશ પ્રદેશને એક જીવ અનુક્રમે મરણવડે સ્પર્શ કરે તેમા જેટલો કાળ થાય તે સૂક્ષ્મક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત્ત કહેવાય છે.

મેરૂપર્વતના મધ્યે ૮ રૂચક પ્રદેશ છે તેમાંથી પ્રથમના એક પ્રદેશે પ્રથમ મરણ પામે ત્યાર પછી વળી કાલાંતરે તે પ્રદેશની પાસેના બીજા પ્રદેશે મરે તે ગણત્રીમાં લેવા વચ્ચેના કાળમાં અન્ય આકાશ પ્રદેશોમાં મરે તે ગણત્રીમાં લેવા નહિ, વળી કાલાંતરે તેની નજીકના ત્રીજા પ્રદેશે મરે તે જ ગણત્રીમાં લેવા. એમ અંતરકાળમાં અનેક મરણો બીજા સ્થાને થયા હોય તો પણ તેમાનો એક પણ આકાશ પ્રદેશ ગણત્રીમા લેવાય નહિ. એ પ્રમાણે આકાશ પ્રદેશોની પંક્તિને અનુસારે અનુક્રમે મરણવડે એક જીવ લોકાકાશના સર્વ પ્રદેશોને સ્પર્શ કરતાં જેટલો કાળ થાય તેને સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત્ત કહેવાય છે.

સમક્તિ પામ્યા પછી જીવ સંસારમાં અર્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત સુધી ઉત્કૃષ્ટથી રહે તે આ સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત્ત જાણવું.

આ પુદ્‌ગલ પરાવર્તથી સમ્યક્ત્વ પામ્યા પછી ઉત્કૃષ્ટથી સંસારમાં જીવ કેટલો સમય રહે તે જણાવેલ છે.

---

૧. જો કે આ હકીકત પંચસંગ્રહના અભિપ્રાય પ્રમાણે છે પાંચમા કર્મગ્રંથની વૃત્તિમાં તો જેટલા આકાશ પ્રદેશમાં મરણ થાય તેટલા સર્વ આકાશ પ્રદેશ સ્પર્શનામાં લેવાનું કહ્યું છે. એ અભિપ્રાયથી કાળ ઓછો થાય છે. અને પંચસંગ્રહના અભિપ્રાય પ્રમાણે કાળ ઘણો થાય છે.

**૫. બાદર કાળ પુદ્‌ગલ પરાવર્ત્ત :-** એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણી ના જેટલા - બધા સમયોને એક જીવ ક્રમે કે ઉત્ક્રમે મરણ વડે સ્પર્શ કરે તેમાં જેટલો કાળ થાય તે બાદર કાળ પુદ્‌ગલ પરાવર્ત્ત.

ઉત્સર્પિણી અને અવસર્પિણી એ બન્ને મળીને વીશ કોડાકોડ સાગરોપમે એક કાળચક્ર થાય છે. તેમાં ઉત્સર્પિણીના પહેલા સમયમાં જીવ મરણ પામ્યો પુનઃ બીજીવાર અસત્‌કલ્પનાએ ૧૦૦૦માં સમયે મરણ પામ્યો ત્રીજી વાર ૨૦૦૧ માં સમયે મરણ પામ્યો. એ પ્રમાણે ક્રમે કે ઉત્ક્રમે ઉત્સર્પિણી અવસર્પિણીના સર્વ સમયોને મરણ વડે સ્પર્શ કરે. પરંતુ જે સમયે પૂર્વે મરણ પામ્યો હોય તેજ નંબરના સમયે ફરી મરણ પામે તે ગણત્રીમાં લેવા નહિ. અનેરા સમયે મરણ પામે તે જ ગણત્રીમાં લેવા. તેને બાદર કાળ પુદ્‌ગલ પરાવર્ત્ત કહેવાય, એ રીતે એક ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયોની સંખ્યા જેટલા સર્વ સમયોને ક્રમે કે ઉત્ક્રમે મરણ વડે સ્પર્શ કરતાં જેટલો કાળ થાય તે જાણવો.

**૬. સૂક્ષ્મકાળ પુદ્‌ગલ પરાવર્ત્ત :-** એક ઉત્સર્પિણી અવસર્પિણી ના બધા સમયોને એક જીવ અનુક્રમે મરણ વડે સ્પર્શ કરે તેમાં જેટલો કાળ થાય તે સૂક્ષ્મ કાળ પુદ્‌ગલ પરાવર્ત્ત કહેવાય.

કોઈ એક જીવ ઉત્સર્પિણીના અને અવસર્પિણીના કાળચક્રના જે પ્રથમ સમયે મરણ પામ્યો તે સમય ગણત્રીમાં લેવો ત્યારબાદ અનેક મરણો જુદાજુદા સમયોમાં થાય તે ગણવા નહિ. પરંતુ તેવા અનેક મરણોબાદ તે જીવ ઉત્સર્પિણીના તે પ્રથમ સમયની ગણત્રીમાં લીધેલા સમયની સાથેના એટલે ઉત્સર્પિણીના બીજા (બાજુના) સમયમાં મરણ પામે તો તે સમય ગણત્રીમાં લેવો એ પ્રમાણે અનુક્રમપૂર્વક મરણવડે ઉત્સર્પિણી અને અવસર્પિણીના સર્વ સમયોને જીવ સ્પર્શ કરતા જેટલો કાળ થાય તેટલાકાળને **સૂક્ષ્મકાળ પુદ્‌ગલ પરાવર્ત્ત** કહેવાય. અહીં એક મરણ પછી બીજુ મરણ બીજીવારની ઉત્સર્પિણી આવે અને જો બીજા સમયે આયુષ્ય પૂર્ણ થાય તો ગણત્રી થાય. આમ બીજીવારમાં કોઈવાર સંખ્યાતી - કોઈવાર અસંખ્યાતી અને કોઈવાર અનંતી ઉત્સ. અવ. એ અનુક્રમે મરણ પામે.

તેથી આ કાળચક્રમાં અનંતાનંત ઉત્સર્પિણી અવસર્પિણી થાય.

**૭. બાદર ભાવ પુદ્ગલ પરાવર્ત્ત :-** અસંખ્યાતા રસબંધના અધ્યવસાયોને એક જીવ ક્રમે કે ઉત્ક્રમે મરણવડે સ્પર્શ કરે એમાં જેટલો કાળ થાય તેને બાદરભાવ પુદ્ગલ પરાવર્ત્ત કહેવાય. અથવા જગતમાં રહેલા સર્વ પુદ્ગલોને ૨૨ ગુણરૂપે પરિણમાવી ગ્રહણ કરીને મૂકે તેને બાદર ભાવ પુદ્ગલ પરાવર્ત્ત કહેવાય.

ભાવ એટલે જીવના રસબંધ યોગ્ય અધ્યવસાય. તે અસંખ્યાતા છે. એ અધ્યવસાયોની અસંખ્યાતી સંખ્યા સમજાવવા આ પ્રમાણે અલ્પબહુત્વ છે. :- એક સમયમાં ઉત્પન્ન થયેલા સૂક્ષ્મ તેઉકાયજીવ અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. તે થકી સર્વ તેઉકાયજીવ અસંખ્યાતગુણા છે. તે થકી તે તેઉકાય જીવની કાયસ્થિતિ અસંખ્યાતગુણી છે તે થકી સંયમના સ્થાનક અસંખ્યાતગુણા છે. તે થકી રસબંધના અધ્યવસાય સ્થાનક તીવ્ર મંદાદિ ભેદે અસંખ્યાતગુણા છે. એટલે અસંખ્યાતા લોકાકાશના પ્રદેશ જેટલા છે. તે રસબંધના સર્વ સ્થાનકે મરતો જીવ ક્યારેક મંદ અધ્યવસાયે મરે કોઈવારે તીવ્ર અને કોઈવારે અતિ તીવ્રમાં મરે. એમ સર્વ અધ્યવસાયો ને એક જીવ મરણ વડે સ્પર્શે તેમાં જેટલો કાળ થાય તેને બાદર ભાવ પુદ્ગલ પરાવર્ત્ત કહેવાય છે.

અથવા પ્રકારાંતરે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, અગુરુલઘુ, અને ગુરુલઘુ એ બાવીશ ભેદે કરીને લોકના સર્વ પરમાણુઓ ફરસીને મુકે તેને બાદર ભાવપુદ્ગલ પરાવર્ત્ત કહેવાય છે.

**૮. સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્ત્ત :-** અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ રસબંધના અધ્યવસાયોને એક જીવ મરણ વડે અનુક્રમે સ્પર્શ કરે તેમાં જેટલો કાળ થાય તેને અથવા જગતના સર્વ પુદ્ગલોને બાવીશમાંથી કોઈપણ એક રૂપે ગ્રહણ કરી મૂકતા જેટલો કાળ થાય તેને સૂક્ષ્મભાવ પુદ્ગલ પરાવર્ત્ત કહેવાય છે.

જીવને ૧ સમયમાં એક પરિણામ એ અધ્યવસાય. ત્રિકાળવર્તી અનંતા (સર્વ) જીવોના જુદા જુદા અસંખ્યાતા થાય છે. એટલે કે અસંખ્યાતા ચૌદ રાજલોક

જેટલા થાય છે. ક્રમશઃ ગોઠવીએ એટલે જઘન્ય અધ્યવસાયથી માંડીને અનુક્રમે ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાન સુધીના ભેદ તે અસંખ્યાતા છે. એ અસંખ્યાતા લોકાકાશ પ્રમાણ અધ્યવસાયોમાં જે સર્વ જઘન્ય કષાયાંશવાળો અધ્યવસાય તે પહેલુ અધ્યવસાયનુ પ્રથમ મરણ. પછી કાલાંતરે તેથી ચઢતે બીજે અધ્યવસાયસ્થાનકે વર્તતો મરે તે ગણત્રીમાં લેવું. વચ્ચેના અસંખ્યાતા ક્રમોત્ક્રમ અધ્યવસાયે મરે તે ગણત્રીમાં લેવા નહિ. વળી કાલાંતરે તેથી ચઢતે ત્રીજે અધ્યવસાય સ્થાનકે મરે તે ગણત્રીમાં લેવા એ પ્રમાણે અનુક્રમે રસબંધના અધ્યવસાય સ્થાનકે મરતો સર્વ સ્થાનક સ્પર્શે ત્યારે સૂક્ષ્મભાવ પુદ્ગલ પરાવર્ત્ત થાય છે. અથવા પ્રકાંતરે ૧૪ રાજલોકમાં રહેલા સર્વ પુદ્ગલોના ૨૨ ગુણમાંથી કોઈપણ એક રૂપે સર્વ પુદ્ગલોને પરિણમાવી ગ્રહણ કરીને મૂકે તે સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્ત કહેવાય છે.

એટલે કે જગતના સર્વ પુદ્ગલને કોઈપણ એક વર્ણાદિ રૂપે પરિણામ પામેલને ગ્રહણ કરીને મૂકતાં જેટલો કાળ થાય તે સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્ત જાણવો.

## ઉત્કૃષ્ટ - જઘન્ય પ્રદેશબંધના સ્વામી

**अप्पयर पयडिबंधी, उक्कडजोगी अ सन्नि पज्जत्तो ।**

**कुणए पएसुक्कोसं, जहन्नयं तस्स वच्चासे ॥८९॥**

अप्पयरपयडिबंधी - અલ્પતર પ્રકૃતિનો બંધક

वच्चासे - વિપરીત પણે   पऐसुक्कोसं - ઉત્કૃષ્ટ પ્રદેશબંધ कुणइ - કરે છે.

**અર્થ :-** અલ્પતર પ્રકૃતિનો બંધક, સર્વોત્કૃષ્ટ યોગવાળો અને સંજ્ઞી પર્યાપ્તો ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે અને તેથી વિપરીતપણે જઘન્ય પ્રદેશબંધ કરે ॥૮૯॥

**વિવરણ :-** હવે ઉત્કૃષ્ટ પ્રદેશ બંધક અને જઘન્ય પ્રદેશ બંધક કેવા હોય તેનું સ્વરૂપ કહે છે. જે મૂળ પ્રકૃતિ અને ઉત્તર પ્રકૃતિ થોડી બાંધે તે ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે કારણકે થોડી પ્રકૃતિઓ બંધાય ત્યારે નહિ બંધાતી પ્રકૃતિઓનો ભાગ બંધાતી

પ્રકૃતિઓને પ્રાપ્ત થાય. એટલે કર્મ દલિકોના ભાગ થોડા થાય તેથી દરેક બંધાતી પ્રકૃતિને પ્રદેશ ઘણા આવે. માટે अप्पयरपयडिबंधी એ વિશેષણ મુક્યું.

તથા જેમ યોગ વધારે તેમ કર્મના દળિયા (જથ્થો) વધારે ગ્રહણ થાય માટે उक्कडजोगी વિશેષણ છે. તથા અસંજ્ઞી અને અપર્યાપ્તા જીવ કરતાં સંજ્ઞી અને પર્યાપ્તાનો યોગ વધારે હોય. અને ઉત્કૃષ્ટ પ્રદેશબંધમાં અધિક યોગનું જ પ્રયોજન છે માટે सन्निपज्जतो એ વિશેષણ મૂકયું છે. અહીં પર્યાપ્તો એટલે લબ્ધિપર્યાપ્ત એવો કરણ પર્યાપ્ત થયેલો જીવ જાણવો કારણકે કરણ અપર્યાપ્તા કરતા કરણ પર્યાપ્તાનો યોગ અધિક હોય છે. તેથી ઉત્કૃષ્ટ પ્રદેશનો બંધ અલ્પ પ્રકૃતિ બાંધનારો, ઉત્કૃષ્ટ યોગવાળો સંજ્ઞી પર્યાપ્તો કરે એ વિશેષણ યથાર્થ છે.

તથા જઘન્ય પ્રદેશનો બંધ તેનાથી વિપરીત એટલે ઘણી પ્રકૃતિનો બંધક, અલ્પ યોગવાળો, અસંજ્ઞી અપર્યાપ્ત જીવ એટલે સૂક્ષ્મ એકે. અપ. ઉત્પત્તિના પ્રથમ સમયે કરે. તે વખતે યોગ સર્વથી અલ્પ હોય માટે.

## ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી

**मिच्छअजयचउआउ बिति गुणविणु मोहि सत्त मिच्छाई ।**

**छण्हं सतरस सुहुमो, अजया देसा बिति कसाए ॥90॥**

अजयचउ - અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ ચાર ગુણઠાણાવાળા

छण्हं - છ મૂળ પ્રકૃતિનો

**અર્થ :-** મિથ્યાદૃષ્ટિ અને અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ ચાર ગુણઠાણાવાળા આયુષ્યકર્મનો, બીજા ત્રીજા ગુણઠાણાવિના મિથ્યાત્વાદિ સાત ગુણઠાણાવાળા મોહનીય કર્મનો, સૂક્ષ્મસંપરાયવાળો છ મૂળ પ્રકૃતિ અને સત્તર ઉત્તર પ્રકૃતિનો, અવિરતિ બીજા કષાયોનો અને દેશવિરતિ ત્રીજા કષાયનો ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે.

**વિવરણ :-** હવે મૂળકર્મ, પ્રકૃતિ આઠ અને ઉત્તરપ્રકૃતિ ૧૨૦ ના ઉત્કૃષ્ટ પ્રદેશ

બંધના સ્વામી કહે છે એટલે કે કઈ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કોણ કરે તે કહે છે.

આ ગાથામાં કહેલા ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામીઓમાં સાસ્વાદન અને મિશ્રગુણસ્થાન સિવાયના ગુણઠાણાવાળા જીવો જાણવા, કારણકે સાસ્વાદન અને મિશ્રગુણઠાણે ઉત્કૃષ્ટ યોગનો અભાવ છે. તેથી આ બે ગુણઠાણાવાળા કોઈપણ પ્રકૃતિના ઉત્કૃષ્ટ પ્રદેશબંધક ન હોય.

હવે આયુષ્ય વિગેરેના ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામીનું કિંચિંત્ સ્વરૂપ આ પ્રમાણે છે.

**આયુષ્ય :-** આયુષ્યનો બંધ ૭ માં ગુણઠાણા સુધી છે. પરંતુ સાસ્વાદન અને મિશ્ર ગુણઠાણવાળા જીવો ઉત્કૃષ્ટયોગના અભાવથી ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ ન કરે તેથી બાકીના મિથ્યાત્વ અને અવિરત સમ્યગ્દષ્ટિ આદિ ચાર ગુણઠાણવાળા ઉત્કૃષ્ટ યોગી, સંજ્ઞી પર્યાપ્તા જીવો યથાસંભવ આયુષ્યનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે.

**મોહનીય :-** મોહનીયનો બંધ ૯ મા ગુણઠાણા સુધી છે તેથી ૨-૩ ગુણઠાણા વિના બાકીના મિથ્યાત્વાદિ સાત ગુણઠાણાવાળા ઉત્કૃષ્ટયોગી જીવો મોહનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે. અહીં આયુષ્ય ન બંધાય તે વખતે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ જાણવો, કારણકે આયુષ્યના ભાગમાં જતાં કર્મપ્રદેશોનો કંઈક ભાગ મોહનીયને અધિક પ્રાપ્ત થાય છે.

**૬ મૂળપ્રકૃતિ અને ૧૭ ઉત્તર પ્રકૃતિ :-** આયુષ્ય અને મોહનીય વિના શેષ ૬ મૂળ પ્રકૃતિ અને સૂક્ષ્મ સંપરાય ગુણઠાણે બંધાતી જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૪ અંતરાય ૫, સાતાવેદનીય, યશનામ અને ઉચ્ચગોત્ર એ ૧૭ પ્રકૃતિનો બંધ ૧૦ મા ગુણઠાણા સુધી છે. પરંતુ ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૧૦મા ગુણઠાણે જ હોય છે. કારણકે સાતમા ગુણઠાણાના અંતે આયુષ્યનો અને નવમા ગુણઠાણાના અંતે મોહનીયનો અબંધ થવાથી આયુષ્ય અને મોહનીયના પ્રદેશભાગ આ ૬ મૂળપ્રકૃતિ અને ૧૭ ઉત્તર પ્રકૃતિને પ્રાપ્ત થાય છે. વળી યશનામને તો નામકર્મની શેષ સર્વ પ્રકૃતિનો અબંધ થવાથી શેષ સર્વ પ્રકૃતિઓનો ભાગ પ્રાપ્ત થાય છે. અને ૪

દર્શનાવરણને પાંચનિદ્રાનો અબંધ હોવાથી તેનો પણ ભાગ મળે છે. એમ યશનામ અને ચાર દર્શનાવરણને મૂળકર્મ અને પોતાની ઉત્તર પ્રકૃતિઓના ભાગના બે રીતે લાભ (ભાગ વધારે) થાય છે. જો કે સાતાવેદનીયમો ૧૧ થી ૧૩ ગુણ. માં હોય. પરંતુ તે બંધની વિવક્ષા કરી નથી.

**૪ અપ્રત્યાખ્યાની કષાય :-** સપ્તવિધ બંધક, ઉત્કૃષ્ટ યોગી, અવિરત સમ્યગ્દૃષ્ટિ ચારે ગતિના જીવો આ ચાર અપ્રત્યાખ્યાની કષાયનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે. કારણકે ચોથા ગુણઠાણે આ ચાર પ્રકૃતિઓને મિથ્યાત્વનો તેમજ અનંતાનુબંધીનો બંધ વિચ્છેદ થવાથી તેઓનો ભાગ મળે છે. ત્યાર પછી પાંચમા ગુણઠાણે અપ્રત્યાખ્યાની કષાયનો જ અબંધ થાય છે. તેથી ચોથા ગુણસ્થાનકે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે.

૪. પ્રત્યાખ્યાની કષાય :- સપ્તવિધ બંધક, ઉત્કૃષ્ટયોગી, દેશવિરતિ મનુષ્ય અને તિર્યંચો આ ચાર પ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે. કારણકે મિથ્યાત્વ, અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાની એ ૯ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થવાથી તેનો ભાગ પ્રત્યાખ્યાની કષાયોને પણ દેશવિરતિ ગુણઠાણે જ પ્રાપ્ત થાય છે.. ત્યાર પછી પ્રત્યાખ્યાની કષાયનો જ અબંધ થાય છે. તેથી દેશવિરતિ ગુણસ્થાનકે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે.

**पणअनिअट्टी सुखगइ, नरा उ सुर सुभगति ग विउव्विदुगं ।**

**समचउरंसमसायं, वइरं मिच्छो व सम्मो वा ॥91॥**

પણ - પુરુષવેદ અને સંજ્વલન કષાય એ પાંચ असायं - અસાતાવેદનીય

**અર્થ :-** અનિવૃત્તિબાદર ગુણઠાણાવાળો (પુરુષવેદ અને સંજ્વલન કષાય) પાંચનો અને મિથ્યાત્વી અથવા સમ્યગ્દષ્ટિ શુભવિહાયોગતિ, મનુષ્યાયુ:, સુરત્રિક, સુભગત્રિક, વૈક્રિયદ્વિક, સમચતુરસ્રસંસ્થાન, અસાતાવેદનીય અને વજ્રઋષભ નારાચ સંઘયણ (એ ૧૩ પ્રકૃતિ) નો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે. ॥૯૧॥

**વિવરણ** :- કેટલીક ઉત્તરપ્રકૃતિઓના પ્રદેશબંધના સ્વામી આ પ્રમાણે :- **પુરુષવેદ, સંજ્વલન કષાય** :- આ પાંચ પ્રકૃતિઓમાં હાસ્ય, રતિ, ભય, જુગુપ્સાનો ૮માંના અંતે બંધ વિચ્છેદ થવાથી તે ચારનો પણ અધિકભાગ ૯ માના ૧ લા ભાગે પુરુષવેદને મળે, પુનઃ ૯ માના બીજા ભાગે પુરુષવેદનો બંધ વિચ્છેદ થાય ત્યારે સંજ્વલન ક્રોધને, ૯માના ત્રીજા ભાગે સં. ક્રોધનો બંધવિચ્છેદ થવાથી તેનો ભાગ સં. માનને તથા ૯ માના ચોથાભાગે માનનો બંધ વિચ્છેદ થવાથી તેનો અધિકભાગ સંજ્વલન માયાને અને માયાનો બંધ વિચ્છેદ થવાથી તેનો અધિકભાગ ૯માના પાંચમા ભાગે સંજ્વલન લોભને પ્રાપ્ત થાય છે. તેથી પાંચ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૯મા ગુણસ્થાનમાં ઉત્કૃષ્ટ યોગવાળા અલ્પ અલ્પતર પ્રકૃતિબંધ સમયે હોય છે. પોતાના બંધ વિચ્છેદવાળા ભાગે ઉત્કૃષ્ટ યોગ આવે તો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થાય.

**સુરદ્વિક, શુભવિહાયોગતિ, વૈક્રિયદ્વિક, સમચતુરસ્રસંસ્થાન અને સૌભાગ્યત્રિક**:- નામકર્મની ૯ પ્રકૃતિઓ સપ્તવિધ બંધક, ઉત્કૃષ્ટયોગી, મિથ્યાદષ્ટિ કે સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય તિર્યંચો દેવગતિ પ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિ બાંધતા હોય ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે. એટલે મનુષ્ય તિર્યંચોને હોય છે.

**મનુષ્યાયુષ્ય** :- અષ્ટવિધબંધક, ઉત્કૃષ્ટયોગી, મિથ્યાદષ્ટિ ચારેગતિના જીવો અને સમ્યગ્દષ્ટિ દેવ નારક ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે.

**દેવાયુઃ** :- અષ્ટવિધ બંધક, ઉત્કૃષ્ટ યોગી, પ. સંજ્ઞી મિથ્યાદ્રષ્ટિ અથવા સમ્યગદષ્ટિ મનુષ્ય તિર્યંચ ઉત્કૃષ્ટ પ્રદેશ બાંધે.

**અસાતાવેદનીય** :- સપ્તવિધ બંધક, ઉત્કૃષ્ટયોગી, સંજ્ઞી પર્યાપ્તા, ચારેગતિના જીવો બીજા ત્રીજા વિના ૧ થી ૬ ગુણઠાણવાળા ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે.

**વજ્રઋષભનારાચ સંઘયણ** :- સપ્તવિધબંધક, ઉત્કૃષ્ટ યોગી, સંજ્ઞી પર્યાપ્તા, મનુષ્યગતિ તિર્યંચગતિ પ્રાયોગ્ય ૨૯ ઉત્તર પ્રકૃતિ બંધક, મિથ્યાદષ્ટિ ચારેગતિના જીવો અને મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધક સમ્યગ્દષ્ટિ દેવ નારક. ઉત્કૃષ્ટ પ્રદેશ

બંધ કરે. (નામકર્મની ૩૦ ઉત્તર પ્રકૃતિ બંધકને પણ આ પ્રકૃતિ બંધાય પરંતુ ભાગ ઘણા થવાથી ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ન હોય)

**निद्दापयलादुजुअल, भयकुच्छातित्थ सम्मगो सुजई ।**
**आहारदुगं सेसा, उक्कोस पएगसगा मिच्छो ॥92॥**

सुजई - અપ્રમત્તયતિ અને અપૂર્વકરણ ગુણઠાણાવાળા

અર્થ :- નિદ્રા, પ્રચલા, બે યુગલ, ભય, જુગુપ્સા અને તીર્થંકર નામને, સુયતિ, (અપ્રમત્ત અને અપૂર્વકરણ ગુણઠાણાવાળા) આહારકદ્વિકને અને મિથ્યાદષ્ટિ બાકીની (૬૬) પ્રકૃતિઓને ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે ॥૯૨॥

વિવરણ :- બાકી રહેલ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી બતાવે છે.

**નિદ્રા પ્રચલા :-** ૪ થી ૮મા ગુણઠાણાના પ્રથમ ભાગ સુધીના ઉત્કૃષ્ટયોગી, સપ્તવિધબંધક ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે. અહીં આયુષ્યનો ભાગ તેને અધિક મળે તેમજ મિશ્ર અને સાસ્વાદને ઉત્કૃષ્ટ યોગ નથી. અને મિથ્યાત્વ ગુણઠાણે થિણદ્ધિત્રિક બંધાય તેથી ૧ લે ગુણઠાણે ભાગ વધારે પડે માટે ૪ થી ૮ માના ૧ લા ભાગ સુધી ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થાય.

**હાસ્યાદિ (૪) :-** ૬ થી ૮ ગુણઠાણવાળા સપ્તવિધ બંધક, ઉત્કૃષ્ટ યોગી, સમ્યગ્દષ્ટિજીવો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે. કારણકે આ ચાર પ્રકૃતિને ૧ થી ૫ ગુણઠાણા સુધી પ્રત્યાખ્યાની આદિ સર્વઘાતી પ્રકૃતિ બંધાય છે. ૬ઠ્ઠા ગુણઠાણાથી સર્વઘાતી પ્રકૃતિ બંધાય નહિ. માટે તેનો ભાગ પણ દેશઘાતી પ્રકૃતિને ભાગે આવે, તેથી ૬ થી ૮ ગુણઠાણામાં ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ થાય.

**અરતિ શોક :-** ઉત્કૃષ્ટયોગી સપ્તવિધબંધક, પ્રમત્તયતિ ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે, કારણકે એકથી પાંચ ગુણઠાણા સુધી સર્વઘાતી પ્રકૃતિ બંધાય અને ૬ઠ્ઠા ગુણઠાણે સર્વઘાતી પ્રકૃતિ બંધાય નહિ તેથી તેનો ભાગ અરતિ શોકને પણ મળે માટે...

**તીર્થંકરનામકર્મ :-** સપ્તવિધ બંધક, ઉત્કૃષ્ટ યોગી, ૪ થી ૮મા ગુણસ્થાનકના

દ્દાભાગ સુધીના નામકર્મની જિનનામ સહિત દેવગતિ પ્રાયોગ્ય ૨૯ ઉત્તર પ્રકૃતિ બાંધતા ઉત્કૃષ્ટ યોગવાળા મનુષ્ય ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે.

**આહારકદ્વિક :-** ઉત્કૃષ્ટયોગી, સપ્તવિધબંધક દેવગતિ પ્રાયોગ્ય ૩૦ના બંધક ૭મા તથા ૮માના દ્દાભાગ સુધીના ગુણઠાણવાળા અપ્રમત્ત મુનિ ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે.

આ ૫૪ પ્રકૃતિઓ સિવાયની શેષ ૬૬ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશના બંધક મિથ્યાદૃષ્ટિ જીવો છે. એમ સામાન્યથી કહ્યું તો પણ તેમાં વિશેષતા છે તે કહે છે. નામકર્મની ૫૩ પ્રકૃતિમાં ઉત્કૃષ્ટયોગી, સપ્તવિધબંધક, એ બે વિશેષણ સહિત પોતાની (નામકર્મની) અલ્પપ્રકૃતિના બંધક હોય તેને ઉત્કૃષ્ટ પ્રદેશબંધ હોય છે તે આ પ્રમાણે :-

**તિર્યંચદ્વિકાદિ[1]** ૨૫ના અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ ના બંધક મનુષ્ય અને તિર્યંચ છે. પરંતુ દેવો કે નારકો નથી. કારણકે નારક તો એકેન્દ્રિય. પ્રાયોગ્ય બંધ કરતા નથી. અને દેવ અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરે નહિ માટે.

**પર્યાપ્ત પરાઘાત, ઉચ્છ્વાસ, સ્થિર, શુભ** આ પાંચ પ્રકૃતિમાં પર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ના બંધક મનુષ્ય તિર્યંચ અને દેવ છે. નારકી ૨૫નું બંધસ્થાનક ન બાંધે માટે નારકનું વર્જન કર્યું છે.

**મનુષ્યદ્વિક, વિકલેન્દ્રિયત્રિક, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક અંગોપાંગ, છેવટ્ઠું સંઘયણ, અને ત્રસ-૯** પ્રકૃતિના મનુષ્ય અને તિર્યંચ, નામકર્મની મનુષ્ય કે તિર્યંચ પ્રાયોગ્ય ૨૫નો બંધ કરે ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ હોય છે. દેવ કે નારક આ નવ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ન કરે કારણકે આ ૨૫નુ બંધસ્થાનક અપર્યાપ્તા મનુષ્ય કે તિર્યંચ પ્રાયોગ્ય છે. દેવો નારકો અપર્યાપ્તા મનુષ્ય કે તિર્યંચ પ્રાયોગ્ય બંધ કરે નહિ તેથી મનુષ્ય તિર્યંચ કહ્યા છે.

---

૧. ૨૫ પ્રકૃતિના નામ આગળ સ્વામી લખેલ છે તેમાં લખ્યા છે (પે. ૧૮૭)

# ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામીના હેતુઓ

**આતપ અને ઉદ્યોત :-** ઉત્કૃષ્ટ પ્રદેશબંધ એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬નો બંધ કરનાર મનુષ્ય તિર્યંચ અને દેવ હોય છે.

**નરકદ્વિક, અશુભ વિહાયોગતિ, દુઃસ્વર** એ ચાર પ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ મનુષ્ય અને તિર્યંચ, નરકગતિ, પ્રાયોગ્ય ૨૮નો બંધ કરે ત્યારે હોય છે.

**મધ્યમના ચાર સંઘયણ અને સંસ્થાન :-** મનુષ્ય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯નો બંધ કરનાર ચારે ગતિના પર્યાપ્તા. સંજ્ઞી.

**થિણદ્ધિત્રિક, અનંતાનુબંધીકષાય, મિથ્યાત્વ, સ્રીવેદ, નપુંસકવેદ, નીચગોત્ર** એ ૧૧ પ્રકૃતિ - ૧લા ૨જા ગુણઠાણે બંધાય છે. બીજા ગુણઠાણે બંધ હોવા છતા તથા સ્વભાવે ઉત્કૃષ્ટ યોગ આવે નહિ તેથી મિથ્યાદષ્ટિ ચારે ગતિના પર્યા. સંજ્ઞી ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે.

**તિર્યંચાયુ :-** ૧ લા અને ૨જા એમ બે ગુણઠાણા સુધી બંધાય છે. પરંતુ બીજા ગુણઠાણે ઉત્કૃષ્ટયોગ ન હોવાથી મિથ્યાદષ્ટિ ચારેગતિના જીવો, અષ્ટવિધબંધક ઉત્કૃષ્ટ પ્રદેશ બાંધે.

**નરકાયુ :-** ઉત્કૃષ્ટ પ્રદેશબંધ મિથ્યાદષ્ટિ મનુષ્ય-તિર્યંચ કરે છે. આ પ્રમાણે ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી કહ્યા.

## જઘન્ય પ્રદેશબંધના સ્વામી

**सुमुणीदुन्नि असन्नि, निरयतिग सुरा उ सुरविउव्विदुगं ।**

**सम्मो जिणं जहन्नं, सुहुमनिगोआइखणि सेसा ॥93॥**

सुमुणी - સારામુનિ - અપ્રમત્તમુનિ आइखणि - ઉત્પત્તિના પહેલા સમયે

**અર્થ :** અપ્રમત્તયતિ આહારક દ્વિકને, અસંજ્ઞી પર્યાપ્તા નરકત્રિક તથા દેવાયુને સમ્યગ્દષ્ટિ દેવદ્વિક, વૈક્રિયદ્વિક તથા જિનનામકર્મને તથા અપર્યાપ્તા સૂક્ષ્મનિગોદ જીવ ઉત્પત્તિના પહેલા સમયે બાકીની (૧૦૯) પ્રકૃતિને જઘન્ય પ્રદેશે બાંધે છે.

॥૯૩॥

**વિવરણ :-** હવે ઉત્તરપ્રકૃતિના જઘન્ય પ્રદેશબંધના સ્વામી કહે છે : જઘન્ય યોગી હોય, ઘણી પ્રકૃતિનો બંધક હોય, સૂક્ષ્મ એકેન્દ્રિય, અપર્યાપ્ત, ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતો હોય ત્યારે ઘણી પ્રકૃતિનો જઘન્ય પ્રદેશબંધ ઘટે. પરંતુ કેટલીક પ્રકૃતિઓમાં વિશેષતા છે તે આ પ્રમાણે :-

આહારકદ્વિકનો જઘન્ય પ્રદેશબંધ પર્યાપ્તાવસ્થાનો જઘન્યયોગ ૧ થી ૪ સમય સુધી હોય છે અને અપર્યાપ્ત અવસ્થાનો જઘન્યયોગ એક સમય જ હોય. બીજા સમયે અસંખ્યગુણ થાય. જઘન્યયોગમાં વર્તતો અષ્ટવિધબંધક દેવગતિ પ્રાયોગ્ય નામની ૩૧ પ્રકૃતિ બાંધતો અપ્રમત્તયતિ કરે છે, કારણકે આહારકદ્વિકનો બંધ ૭ મા તથા ૮મા ગુણઠાણે છે. ૭ મા ગુણઠાણે આયુષ્ય બંધાય તેથી આયુષ્યનો ભાગ વધારે પડે. તેથી ભાગમાં દળિયા ઓછા આવે. દેવગતિ પ્રાયોગ્ય ૩૦ના બંધમાં પણ આહારક દ્વિક બંધાય પણ ૩૧ ના બંધમાં ભાગ વધારે પડે તેથી દળિયા ઓછા આવે જેમ દળિયા ઓછા તેમ જઘન્ય પ્રદેશબંધ કરે માટે ૩૧ નો બંધ કહ્યો.

**નરકત્રિક અને દેવાયુષ :-** આ ચાર પ્રકૃતિ અસંજ્ઞી અને સંજ્ઞી બંને બાંધે પરંતુ સંજ્ઞી કરતા અસંજ્ઞીને યોગ અલ્પ હોય. અપર્યાપ્ત અવસ્થામાં દેવાયુષ અને નરકગતિ પ્રાયોગ્ય બંધ થાય નહિ તેથી અસંજ્ઞી પર્યાપ્ત તિર્યંચ આ ચાર પ્રકૃતિ બાંધે. અસંજ્ઞી મનુષ્ય પર્યાપ્ત હોતા નથી. તેઓ અપર્યાપ્ત જ હોય છે. તેથી અષ્ટવિધ બંધક જઘન્યયોગમાં વર્તતા અસંજ્ઞી પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિય જઘન્ય પ્રદેશ બંધ કરે.

**દેવદ્વિક, વૈક્રિયદ્વિક :-** આ ચાર પ્રકૃતિ અસંજ્ઞી અને સંજ્ઞી બંને બાંધે પરંતુ પર્યાપ્ત અસંજ્ઞી કરતા અપર્યાપ્ત સંજ્ઞીને યોગ ઓછો હોય છે માટે અપર્યાપ્ત સમ્યગ્દષ્ટિ મનુષ્ય ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતા અને દેવગતિ પ્રાયોગ્ય ૨૯નો બંધ કરે ત્યારે જઘન્ય પ્રદેશ બંધ હોય. દેવગતિ પ્રાયોગ્ય ૨૯નો બંધ જિનનામ

સહિત છે. તેથી તિર્યંચોને દેવ પ્રા. ૨૯નો બંધ ન હોવાથી આ પ્રકૃતિનો જઘન્ય પ્રદેશ બંધ ન હોય તેમજ દેવગતિ પ્રાયોગ્ય ૩૦-૩૧ના બંધમાં આહારકદ્વિક સહિત છે. અને અપર્યા. માં આહારકદ્વિકનો બંધ ન હોય.

**જિનનામ :-** જઘન્યયોગવાળા અનુત્તરવાસી દેવ ઉત્પત્તિના પ્રથમ સમયે મનુષ્ય પ્રાયોગ્ય ૩૦નો બંધ કરે ત્યારે જઘન્ય પ્રદેશબંધ હોય છે. અનુત્તરને સમ્યક્ત્વ ? હોય. અને બીજા દેવોથી અને નારક કરતાં યોગ અલ્પ હોય માટે.

**મનુષ્યાયુઃ અને તિર્યંચાયુ :-** જઘન્ય પ્રદેશબંધ જઘન્યયોગવાળા અષ્ટવિધ બંધક સૂક્ષ્મ નિગોદ લબ્ધિ અપર્યાપ્તા એકેન્દ્રિય પોતાના આયુષ્યના ત્રીજાભાગના પ્રથમ સમયે વર્તતા હોય ત્યારે કરે.

**શેષ ૧૦૭ પ્રકૃતિના** જઘન્ય પ્રદેશબંધના સ્વામી સૂક્ષ્મનિગોદ લબ્ધિ અપર્યાપ્તા ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતા હોય ત્યારે હોય છે. આ ૧૦૭માંથી જ્ઞા.૫, દર્શ.૯, વેદ.૨, મોહ.૨૬, ગો.૨, અંત.૫, આ ૪૯ પ્રકૃતિમાં બીજા કોઈ વિશેષણ નથી પરંતુ જઘન્ય યોગવાળા જાણવા. તેમજ નામકર્મની ૫૮ પ્રકૃતિ છે તેમાં વધારે પ્રકૃતિ બંધાતી હોય ત્યારે હોય એટલે કે તિર્યંચદ્વિક, વિકલેન્દ્રિયત્રિક, પંચે. જાતિ, ઔદા. દ્વિક, તૈજસ, કાર્મણ શરીર, છ સંઘયણ, છ સંસ્થાન, વર્ણાદિ-૪, વિહાયોગતિદ્વિક, પરાઘાત, ઉપઘાત, શ્વાસોશ્વાસ, નિર્માણ, અગુરુલઘુ, ઉદ્યોત, ત્રસ-૧૦, અસ્થિર ષટ્ક, એમ કુલ **૫૦ નો જઘન્ય પ્રદેશબંધ** જઘન્યયોગી સૂક્ષ્મનિગોદ લબ્ધિ અપર્યા. ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતા તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ના બંધકને હોય છે. આ પ્રકૃતિઓ ૨૯ના બંધમાં પણ બંધાય છે. પરંતુ ૩૦ ના બંધમાં ભાગ વધારે પડે તેથી તેના ભાગે દળિયું ઓછું આવે તો જઘન્ય પ્રદેશ બંધ ઘટે. માટે તિર્યં. પ્રાયો. ૨૯ના બદલે તિર્યં. પ્રા. ૩૦ ના બંધક જાણવા.

**મનુષ્યદ્વિક :-** જઘન્યયોગી લબ્ધિ અપ. સૂક્ષ્મનિગોદ ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતા મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધક જઘન્ય પ્રદેશ બંધના સ્વામી, અહીં મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ના બંધસ્થાનમાં મનુ.દ્વિક બંધાય છે. પરંતુ ૩૦નો બંધ જિનનામકર્મ

સહિત છે. સૂક્ષ્મનિગોદ જિનનામનો બંધ કરે નહિ માટે ૨૯નું બંધસ્થાનક કહ્યું.

**એકેન્દ્રિયજાતિ, સ્થાવર, આતપ** :- જઘન્ય પ્રદેશબંધના સ્વામી લબ્ધિઅપર્યાપ્તા. સૂક્ષ્મનિગોદ ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતા એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬નું બંધસ્થાનક બાંધે ત્યારે હોય છે.

**સૂક્ષ્મ** અને **સાધારણ** નામકર્મમાં એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ના બંધક અને **અપર્યાપ્ત** નામકર્મમાં વિકલેન્દ્રિય, તિર્યંચ પ્રાયોગ્ય કે મનુષ્ય પ્રાયોગ્ય ૨૫ના બંધક, સૂક્ષ્મ નિગોદ લબ્ધિ અપર્યાપ્તા ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતા હોય ત્યારે જઘન્ય પ્રદેશ બંધ કરે.

આ પ્રમાણે જઘન્ય - ઉત્કૃષ્ટ પ્રદેશબંધના કારણો કહ્યાં.

## ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી

**ઉત્તર ૧૭ પ્રકૃતિ તથા મૂળકર્મ** જ્ઞાના. દર્શ. અંત. નામ, ગોત્ર, વેદનીય, :- ઉત્કૃષ્ટ યોગી, સૂક્ષ્મ સંપરાય, ગુણઠાણાવાળા

**મોહનીયકર્મ** :- ઉત્કૃષ્ટયોગી સપ્તવિધબંધક, પર્યાપ્તા સંજ્ઞી બીજા ત્રીજાવિના ૧ થી ૯ ગુણસ્થાનકવાળા

**આયુષ્યકર્મ** :- ઉત્કૃષ્ટયોગી અષ્ટવિધબંધક પર્યાપ્તા સંજ્ઞી બીજા ત્રીજા વિના ૧ થી ૭ ગુણસ્થાનકવાળા

**અપ્રત્યાખ્યાન કષાય** :- ઉત્કૃષ્ટયોગી સપ્તવિધબંધક પર્યાપ્તા સંજ્ઞી અવિરત સમ્યગ્દષ્ટિ ચારેગતિના જીવો.

**પ્રત્યાખ્યાન કષાય** :- ઉત્કૃષ્ટયોગી સપ્તવિધબંધક પર્યાપ્તા સંજ્ઞી દેશવિરતિ મનુષ્ય તિર્યંચ.

**પુરુષવેદ** :- ઉત્કૃષ્ટયોગી સપ્તવિધ બંધક પર્યાપ્તા સંજ્ઞી ૯માના પહેલા ભાગે વર્તતા.

# ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી

**સંજ્વલન ક્રોધ :-** ઉત્કૃષ્ટયોગી સપ્તવિધબંધક પર્યાપ્તા સંજ્ઞી ૯માના ૨જા ભાગે વર્તતા.

**સંજ્વલન માન :** ઉત્કૃષ્ટયોગી સપ્તવિધ બંધક પર્યાપ્તા સંજ્ઞી ૯માના ૩જા ભાગે વર્તતા.

**સંજ્વલનમાયા :** ઉત્કૃષ્ટ યોગી સપ્તવિધ બંધક પર્યાપ્તા સંજ્ઞી ૯માના ૪ થા ભાગે વર્તતા.

**સંજ્વલન લોભ :** ઉત્કૃષ્ટયોગી સપ્તવિધ બંધક પર્યાપ્તા સંજ્ઞી ૯માના ૫મા ભાગે વર્તતા.

**દેવદ્વિક, વૈક્રિયદ્વિક, શુભવિહાયોગતિ, સમચતુરસ્રસંસ્થાન, સૌભાગ્યત્રિક:-** ઉત્કૃષ્ટયોગી સપ્તવિધ બંધક પર્યાપ્તા સંજ્ઞી મિથ્યાદષ્ટિ કે સમ્યગ્દષ્ટિ મનુષ્ય,તિર્યંચ

**વજ્રઋષભનારાચસંઘયણ :-** ઉત્કૃષ્ટયોગી સપ્તવિધ બંધક પર્યા. સંજ્ઞી સમ્યગ્દષ્ટિ દેવનારક અને મિથ્યાદષ્ટિ ચારેગતિના પર્યાપ્તા સંજ્ઞી જીવો મનુષ્ય-તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ના બંધક.

**દેવાયુષ :** ઉત્કૃષ્ટયોગી અષ્ટવિધબંધક મિથ્યાદષ્ટિ કે **સમ્યગ્દષ્ટિ** પર્યાપ્તા સંજ્ઞી મનુષ્ય તિર્યંચ.

**મનુષ્યાયુષ :** ઉત્કૃષ્ટયોગી અષ્ટવિધબંધક સમ્યગ્દષ્ટિ દેવનારક, મિથ્યાદષ્ટિ ચારેગતિના પર્યાપ્તા સંજ્ઞી જીવો

**અશાતાવેદનીય :** ઉત્કૃષ્ટયોગી સપ્તવિધબંધ પર્યાપ્તા સંજ્ઞી મિથ્યાદષ્ટિ અથવા સમ્યગ્દષ્ટિ ચારેગતિના ૨-૩ વિના ૭ ગુણ. વાળા

**નિદ્રા પ્રચલા :** ઉત્કૃષ્ટયોગી સપ્તવિધબંધક પર્યાપ્તા સંજ્ઞી સમ્યગ્દષ્ટિ ૪ થી ૮ના પહેલા ભાગ સુધીના ગુણઠાણાવાળા.

**અરતિ-શોક :** ઉત્કૃષ્ટયોગી, સપ્તવિધબંધક, પર્યાપ્તા સંજ્ઞી સમ્યગ્દષ્ટિ ૬ઠ્ઠા

ગુણઠાણાવાળા.

**ભય-જુગુપ્સા-હાસ્ય-રતિ** : ઉત્કૃષ્ટયોગી સપ્તવિધ બંધક, પર્યા. સંજ્ઞી સમ્યગ્દષ્ટિ ૬ થી ૮ ગુણઠાણાવાળા.

**તીર્થંકર નામ** : ઉત્કૃષ્ટયોગી સપ્તવિધબંધક પર્યાપ્તા સંજ્ઞી દેવગતિ પ્રાયોગ્ય ૨૯ના બંધક સમ્યગ્દષ્ટિ મનુષ્ય ૪ થી ૮ ગુણઠાણાવાળા.

**આહારકદ્વિક** : ઉત્કૃષ્ટયોગી સપ્તવિધબંધક પર્યાપ્તા સંજ્ઞી દેવગતિ પ્રાયોગ્ય ૩૦ના બંધક ૭ મા થી ૮ ગુણવાળા

તિર્યંચદ્વિક, એકેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર, તૈજસ, કાર્મણ, હુંડક, વર્ણાદિ-૪, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, બાદર, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યા, સાધારણ, અસ્થિર, અશુભ, દૌર્ભાગ્ય, અનાદેય, અપયશ, પ્રત્યેક, ૨૫ :- ઉત્કૃષ્ટયોગી સપ્તવિધબંધક, પર્યાપ્તા સંજ્ઞી મિથ્યાદષ્ટિ મનુષ્ય તિર્યંચ. એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ના બંધક.

**પરાઘાત, ઉચ્છ્‌વાસ, સ્થિર, શુભ, પર્યાપ્તનામ** : ઉત્કૃષ્ટયોગી સપ્તવિધબંધક પર્યા. સંજ્ઞી મિથ્યાદષ્ટિ મનુષ્યતિર્યંચ અને દેવ. એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ના બંધક.

**વિકલેન્દ્રિયત્રિક, પંચે. જાતિ, ઔદારિક આંગોપાંગ, છેવટ્ઠું સંઘયણ, ત્રસનામ, મનુષ્યદ્વિક** :- ઉત્કૃષ્ટયોગી સપ્તવિધ બંધક પર્યાપ્તા સંજ્ઞી મિથ્યાદષ્ટિ મનુષ્ય અને તિર્યંચ તિ. મ. પ્રા. ૨૫ના બંધક.

**આતપ, ઉદ્યોત** :- ઉત્કૃષ્ટયોગી સપ્તવિધ બંધક પર્યા. સંજ્ઞી મનુષ્ય તિર્યંચ અને દેવ, એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬ના બંધક

**નરકદ્વિક, દુઃસ્વર, અશુભવિહાયોગતિ** : ઉત્કૃષ્ટયોગી, સપ્તવિધ બંધક, પર્યા. સંજ્ઞી મનુ. તિર્યંચ, નરકપ્રાયોગ્ય ૨૮ના બંધક

**૪ સંઘયણ ૪ સંસ્થાન** : તિર્યંચ અને મનુ. પ્રાયોગ્ય ૨૯ના બંધક, ઉત્કૃષ્ટ યોગી, સપ્તવિધબંધક, પર્યા સંજ્ઞી મિથ્યાદષ્ટિ ચારેગતિના જીવો.

**થિણદ્ધિત્રિક, મિથ્યાત્વ, નીચગોત્ર, અનંતાનુબંધી, સ્ત્રીવેદ, નપુ. વેદ** - ઉત્કૃષ્ટ યોગી સપ્તવિધ બંધક પર્યાપ્ત સંજ્ઞી મિથ્યાદષ્ટિ ચારેગતિના જીવ.

**તિર્યંચાયુ :** ઉત્કૃષ્ટયોગી અષ્ટવિધબંધક,પર્યા. સંજ્ઞી મિથ્યાદષ્ટિ ચારેગતિના જીવો.

**નરકાયુ :** ઉત્કૃષ્ટયોગી અષ્ટવિધબંધક, પર્યા. સંજ્ઞી મિથ્યાદષ્ટિ મનુષ્ય તિર્યંચ.

## જઘન્ય પ્રદેશબંધના સ્વામી

**આહારકદ્વિક :-** જઘન્યયોગી અષ્ટવિધબંધક, અપ્રમત્તયતિ, દેવગતિ પ્રાયોગ્ય ૩૧ના બંધક.

**જિનનામ :-** જઘન્યયોગી સમ્યગ્દષ્ટિ દેવનારક, ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતા મનુષ્યગતિ પ્રાયોગ્ય ૩૦ના બંધક

**દેવદ્વિક, વૈક્રિયદ્વિક :-** જઘન્યયોગી અપર્યાપ્તા સમ્યગ્દષ્ટિ મનુષ્ય, ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતા, દેવગતિ પ્રાયોગ્ય ૨૯ના બંધક.

**નરકત્રિક, દેવાયુ :-** જઘન્યયોગી અસંજ્ઞી પર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિય.

**મનુષ્યાયુ, તિર્યંચાયુ :-** જઘન્યયોગી લબ્ધિ અપર્યાપ્તા સૂક્ષ્મનિગોદ એકેન્દ્રિય અષ્ટવિધ બંધક, પોતાના આયુષ્યના ત્રીજાભાગના પ્રથમ સમયે વર્તતા.

**જ્ઞાના.૫, અંત.૫, વેદ.૨, દર્શ.૯, મોહ.૨૬, ગોત્ર. ૨ :-** જઘન્ય યોગી લબ્ધિ અપર્યાપ્તા સૂક્ષ્મનિગોદ ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતા.

તિર્યંચદ્વિક, વિકલેન્દ્રિયત્રિક, પંચે. જાતિ, ઔદા.દ્વિક, તૈજસ, કાર્મણ, છસંઘયણ, છસંસ્થાન, વર્ણાદિ-૪, વિહાયોગતિદ્વિક, પરાઘાત ઉપઘાત, શ્વાસોશ્વાસ નિર્માણ, અગુરુલઘુ, ઉદ્યોત, ત્રસદશક, અસ્થિર ષટ્ક, **(કુલ-૫૦)** :- જઘન્યયોગી, સપ્તવિધબંધક, લબ્ધિ અપર્યાપ્તા, સૂક્ષ્મનિગોદ ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતા તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ના બંધક

**એકેન્દ્રિય, આતપ, સ્થાવર :-** જઘન્યયોગી, સપ્તવિધબંધક, લબ્ધિઅપર્યાપ્તા. સૂક્ષ્મ નિગોદ, ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતા. એકે. પ્રાયોગ્ય ૨૬ના બંધક

**સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત :** જઘન્યયોગી, સપ્તવિધબંધક, તિર્યંચ પ્રાયોગ્ય ૨૫ના બંધક.

**મનુષ્યદ્વિક :-** જઘન્યયોગી, સપ્તવિધબંધક, લબ્ધિ અપર્યાપ્તા, સૂક્ષ્મ નિગોદ, ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતા, મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધક.

## પ્રદેશ બંધના ભાંગા

**दंसणछगभयकुच्छा, बितितुरिअ कसायविग्धनाणाणं ।**

**मूल छगेऽणुक्कोसो चउह दुहा सेसि सव्वत्थ ॥94॥**

मूलछगे - મોહનીય અને આયુષ્ય વિના મૂળ ૭ પ્રકૃતિને વિષે

**અર્થ :-** દર્શનષટ્ક, ભય, જુગુપ્સા બીજા ત્રીજા ચોથા કષાયો, પાંચ અંતરાય અને પાંચ જ્ઞાનાવરણના તથા મોહનીય અને આયુષ્ય વર્જીને ૭ મૂળ પ્રકૃતિના અનુત્કૃષ્ટ પ્રદેશબંધ ચાર પ્રકારે (સાદિ અનાદિ વગેરે) જાણવો બાકીના ત્રણ પ્રકારના પ્રદેશબંધને વિષે અને બાકી રહેલ પ્રકૃતિના સર્વ પ્રકારના પ્રદેશબંધને વિષે સર્વત્ર બે પ્રકારે (સાદિ, અધ્રુવ) બંધ હોય છે.

**વિવરણ :-** હવે પ્રદેશબંધને વિષે ભાંગા કહે છે.

| | ઉત્કૃષ્ટ | અનુત્કૃષ્ટ | જઘન્ય | અજઘન્ય |
|---|---|---|---|---|
| ૭ મૂળકર્મને વિષે | ૨ | ૪ | ૨ | ૨ |
| આયુષ્ય અને મોહ. ને વિષે | ૨ | ૨ | ૨ | ૨ |
| જ્ઞાના. આદિ ૩૦ ઉત્તર પ્રકૃતિ | ૨ | ૪ | ૨ | ૨ |
| શેષ ૯૦ ઉત્તર પ્રકૃતિ | ૨ | ૨ | ૨ | ૨ |

# પ્રદેશબંધના ભાંગા

પ્રથમ ૭ મૂળ (કર્મ) પ્રકૃતિના ભાંગા સમજાવે છે.

સર્વથી વધારે કર્મસ્કંધોને ગ્રહણ કરવા તે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ. તેનાથી કંઈક ન્યુન ન્યુન સંખ્યાએ યાવત્ સર્વથી અલ્પ કર્મસ્કંધો ગ્રહણ કરવા તે સર્વે અનુત્કૃષ્ટ પ્રદેશબંધ. આ બે પ્રકારમાં પ્રદેશબંધના સર્વ ભેદોનો સમાવેશ થઈ જાય છે. તથા સર્વથી ઓછા કર્મસ્કંધોને ગ્રહણ કરવા તે જઘન્ય પ્રદેશબંધ, તેનાથી કંઈક અધિક અધિક સંખ્યાએ યાવત્ સર્વથી અધિક કર્મસ્કંધોને ગ્રહણ કરવા તે અજઘન્ય પ્રદેશબંધ, આ બે પ્રકારમાં પણ પ્રદેશબંધના સર્વ ભેદોનો સમાવેશ થાય છે. આ પ્રમાણે બે-બે પ્રકારની રીતે પ્રદેશબંધ ૪ પ્રકારનો છે. અને તે દરેક પ્રકાર પુનઃ કાળની અપેક્ષાએ સાદિ ઈત્યાદિ યથાસંભવ બે - ત્રણ અથવા ચાર ભેદવાળો હોય છે.

યોગ વધારે તેમ પ્રદેશબંધ વધારે, એટલે ઉત્કૃષ્ટ યોગ હોય ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થાય. જેમ જેમ યોગ ઘટે તેમ પ્રદેશો ઓછા બંધાય. માટે ઉત્કૃષ્ટ યોગથી યોગ ઓછો હોય તો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ થાય. સર્વથી અલ્પ યોગ હોય ત્યારે જઘન્ય પ્રદેશબંધ અને યોગ વધે તેમ પ્રદેશબંધ વધે તે સર્વ અજઘન્ય કહેવાય.

૬ મૂળ કર્મમાં ઉત્કૃષ્ટ પ્રદેશબંધના બે ભાંગા. સાદિ અને અધ્રુવ તે આ પ્રમાણે

૬ મૂળકર્મનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૧૦મા ગુણઠાણે હોય છે. જ્યારે જીવ ૧૦મા ગુણઠાણે ઉત્કૃષ્ટ યોગવાળો થાય ત્યારે ઉત્કૃષ્ટની સાદિ. ઉત્કૃષ્ટયોગ ૧ અથવા ૨ સમય રહે. પછી અવશ્ય અનુત્કૃષ્ટ બંધ થાય તેની ઉત્કૃષ્ટ અધ્રુવ. અથવા ૧૧ મા ગુણઠાણે અબંધ થાય ત્યારે પણ ઉત્કૃષ્ટ અધ્રુવ થાય છે.

**અનુત્કૃષ્ટનાં ચાર ભાંગા :-** સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ. ૧૦મે ગુણઠાણે ઉત્કૃષ્ટ યોગમાંથી પતિત થઈ અનુત્કૃષ્ટ બંધ કરે ત્યારે અથવા ૧૧મા ગુણઠાણે અબંધ થઈ ૧૦મે ગુણઠાણે આવે અને જો અનુત્કૃષ્ટ બંધ કરે ત્યારે અનુત્કૃષ્ટની સાદિ. અનાદિ કાળથી મિથ્યાત્વ. આદિ નવ ગુણઠાણે અનુત્કૃષ્ટ બંધ કરતો

૧૦મે ગુણઠાણે જાય ઉત્કૃષ્ટ યોગવાળો થાય ઉત્કૃષ્ટ બંધ કરે ત્યારે અથવા ક્ષપકશ્રેણીમાં ૧૨મા ગુણઠાણે જાય ત્યારે અથવા ઉપશમશ્રેણીમાં ૧૧મે ગુણઠાણે અબંધ થાય ત્યારે અનુત્કૃષ્ટ અધ્રુવ, અનાદિકાળથી મિથ્યાત્વે રહેલાને અનુત્કૃષ્ટ અનાદિ. અભવ્યને અનુત્કૃષ્ટ ધ્રુવ.

જઘન્ય અને અજઘન્યના બે ભાંગા :- સાદિ અને અધ્રુવ.

સૂક્ષ્મનિગોદ લબ્ધિ અપર્યાપ્તા જઘન્ય યોગવાળાને પ્રથમ સમયે જઘન્ય પ્રદેશ બંધ કરે ત્યારે જઘન્યની સાદિ. બીજા સમયે યોગવૃદ્ધિ અસંખ્યગુણી થતી હોવાથી. સૂક્ષ્મનિગોદ લબ્ધિ અપર્યાપ્તને જઘન્ય અધ્રુવ અને અજઘન્યની સાદિ.

કાલાંતરે (જઘન્યથી ૨૫૬ આવલિકા - અંતર્મુહૂર્તમાં અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતી ઉત્સર્પિણીમાં) ફરી જ. યોગી સૂક્ષ્મનિગોદ લબ્ધિઅપર્યાપ્તાપણુ પામે ત્યારે પ્રથમ સમયે અજઘન્ય અધ્રુવ અને જઘન્યની સાદિ.

આ રીતે જઘન્ય અને અજઘન્ય એમ બન્ને બંધ સંસારમાં વારાફરતી પ્રાપ્ત થાય છે. માટે બન્ને બંધ સાદિ અને અધ્રુવ હોય છે.

આયુષ્યકર્મના ચારે બંધ સાદિ અને અધ્રુવ હોય છે તે આ પ્રમાણે :

પર્યાપ્તા સંજ્ઞી મનુષ્ય કે તિર્યંચ ચારેગતિનું આયુષ્ય બાંધે છે.

ઉત્કૃષ્ટ અનુત્કૃષ્ટના ભાંગા : ઉત્કૃષ્ટ યોગ વ્યાપારમાં વર્તતો સંજ્ઞી પંચેન્દ્રિય જ્યારે આયુષ્યનો બંધ કરે ત્યારે ઉત્કૃષ્ટની સાદિ. ઉત્કૃષ્ટ યોગ વ્યાપાર ૧ થી ૨ સમયથી વધારે રહે નહિ, તેથી ઉત્કૃષ્ટ યોગ વ્યાપારથી પતિત થાય ત્યારે અનુત્કૃષ્ટ બંધ કરે એટલે ઉત્કૃષ્ટ અધ્રુવ અને અનુત્કૃષ્ટની સાદિ. આયુષ્યનો બંધ અંતર્મુહૂર્ત સુધી હોય છે. પછી બંધવિચ્છેદ થવાથી અનુત્કૃષ્ટ અધ્રુવ. અથવા આયુષ્યબાંધતા જો ઉત્કૃષ્ટયોગ વ્યાપાર ન આવે તો પણ અનુત્કૃષ્ટની સાદિ અને અંતર્મુહૂર્ત પછી આયુષ્યનો બંધ વિચ્છેદ થવાથી અનુત્કૃષ્ટ અધ્રુવ.

અથવા આયુષ્ય બાંધતા જો ઉત્કૃષ્ટયોગવાળો ન હોય અને અનુત્કૃષ્ટ બંધ કરે

ત્યારે અનુત્કૃષ્ટની સાદિ. આયુષ્યબાંધતાં જ્યારે ઉત્કૃષ્ટ યોગવાળો થાય ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે તેથી ઉત્કૃષ્ટની સાદિ અને અનુત્કૃષ્ટ અધ્રુવ. આમ આયુષ્યનો બંધ ક્વચિત્ છે માટે સાદિ અને અધ્રુવ એ બે ભાંગા જુદી જુદી રીતે ઘટે.

જઘન્ય - અજઘન્યના ભાંગા : લબ્ધિ અપર્યાપ્તા. સૂક્ષ્મનિગોદ જઘન્ય યોગવાળો પોતાના આયુષ્યના બે ભાગ ગયા પછી ત્રીજાભાગના પ્રથમ સમયે આયુષ્ય બાંધવાની શરૂઆત કરે. ત્યારે જઘન્યની સાદિ. બીજા સમયે યોગ વ્યાપાર અસંખ્યગુણો વધવાથી અજઘન્ય પ્રદેશબંધ કરે તેથી જઘન્ય અધ્રુવ અને અજઘન્યની સાદિ. અંતર્મુહૂર્ત પછી આયુષ્યનો બંધ પૂર્ણ થવાથી અજઘન્ય અધ્રુવ અથવા જઘન્ય કરતાં વધારે (મધ્યમ) યોગવાળો હોય અને આયુષ્ય બાંધે ત્યારે અજઘન્યની સાદિ અથવા ત્રીજા ભાગની શરૂઆતમાં નહિ પરંતુ થોડીવાર પછી આયુષ્ય બાંધવાની શરૂઆત કરે તો પણ અજઘન્યની સાદિ અથવા સૂક્ષ્મનિગોદ સિવાયના જીવો જ્યારે આયુષ્યબાંધે ત્યારે અજઘન્યની સાદિ. આયુષ્ય બંધ પૂર્ણ થવાથી અજઘન્ય અધ્રુવ.

મોહનીયકર્મના ચારે બંધ સાદિ અને અધ્રુવ છે તે આ પ્રમાણે :-

ઉત્કૃષ્ટ - અનુત્કૃષ્ટ બંધ : બીજા-ત્રીજા ગુણ. વિના ૧ થી ૯ ગુણસ્થાનક સુધી મોહનીયનો ઉત્કૃષ્ટ બંધ હોય. તેથી ૧ લે અને ૪ થી ૯ ગુણઠાણે ઉત્કૃષ્ટ યોગવાળો સપ્તવિધબંધક પર્યાપ્તા સંજ્ઞી ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે ત્યારે ઉત્કૃષ્ટની સાદિ, ઉત્કૃષ્ટયોગ ૧-૨ સમયથી વધારે રહે નહિ તેથી ઉત્કૃષ્ટયોગથી પતિત થાય અથવા ૧૦મા ગુણઠાણે અબંધક થઈને કાળક્ષયે ૯ મે ગુણઠાણે આવે અથવા ભવક્ષયે ચોથે ગુણઠાણે જાય અને ફરી બંધ શરૂ કરે ત્યારે અનુત્કૃષ્ટની સાદિ અને ઉત્કૃષ્ટ અધ્રુવ.

વળી કાલાંતરે પર્યાપ્તો સંજ્ઞી ફરી ઉત્કૃષ્ટ યોગવાળો થાય અને ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે ત્યારે અથવા અબંધસ્થાન પામે ત્યારે અનુત્કૃષ્ટ અધ્રુવ. આમ બંન્ને બંધ સંસારમાં વારાફરતી અનેકવાર પ્રાપ્ત થતા હોવાથી બંન્ને બંધ સાદિ અને અધ્રુવ

હોય છે.

જઘન્ય અજઘન્યના ભાંગા :- સુક્ષ્મનિગોદ લબ્ધિ અપર્યાપ્તા ઉત્પત્તિના પ્રથમ સમયે જઘન્ય પ્રદેશ બંધ કરે. ત્યારેં જઘન્યની સાદિ બીજા સમયે યોગ વ્યાપાર, અસંખ્યગુણ વધવાથી અજઘન્ય બંધ કરે તેથી જઘન્ય અધ્રુવ અને અજઘન્યની સાદિ. વલી કાલાંતરે સૂક્ષ્મનિગોદ લબ્ધિ અપર્યાપ્તા જઘન્ય યોગવાળો થાય ત્યારે અજઘન્ય અધ્રુવ અને જઘન્યની સાદિ, આમ બંન્ને બંધ સંસારમાં વારાફરતી અનેકવાર પ્રાપ્ત થાય છે તેથી બંને બંધ સાદિ અને અધ્રુવ હોય છે.

જ્ઞાનાવરણી આદિ ૩૦ પ્રકૃતિના ભાંગા

જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અંતરાય ૫ નો ઉત્કૃષ્ટયોગે ૧૦ મે ગુણઠાણે

નિદ્રા અને પ્રચલા નો ઉત્કૃષ્ટયોગ ૪ થી ૮ ગુણઠાણે

અપ્રત્યાખ્યાનીય કષાયનો ઉત્કૃષ્ટયોગ ૪ થે ગુણઠાણે

પ્રત્યાખ્યાનીય કષાયનો ઉત્કૃષ્ટયોગ ૫ મે ગુણઠાણે

સંજ્વલન કષાયનો ઉત્કૃષ્ટયોગ ૯ મે ગુણઠાણે

ભય જુગુપ્સાનો ઉત્કૃષ્ટયોગ ૬ થી ૮ ગુણઠાણે

ઉપર મુજબ પોત - પોતાના સ્થાને ઉત્કૃષ્ટ યોગવાળો સપ્તવિધ બંધક હોય ત્યારે ઉત્કૃષ્ટની સાદિ અને ઉત્કૃષ્ટ યોગ ન હોય ત્યારે અધ્રુવ. અનુત્કૃષ્ટના ચાર ભાંગા મૂળકર્મની જેમ. જઘન્ય અજઘન્યના સાદિ અને અધ્રુવ એમ બે ભાંગા તે આ પ્રમાણે

આ ૩૦ પ્રકૃતિમાં સંજ્ઞી પર્યાપ્તો પોત પોતાના ગુણઠાણે ઉત્કૃષ્ટ યોગવાળો સપ્તવિધ બંધક થાય અને ઉત્કૃષ્ઠ પ્રદેશબંધ કરે ત્યારે ઉત્કૃષ્ટની સાદિ ઉત્કૃષ્ટ યોગ ૧ અથવા ૨ સમય રહે. પછી ઉત્કૃષ્ટ યોગથી પતિત થાય તેથી ઉત્કૃષ્ટ અધ્રુવ અને અનુત્કૃષ્ટની સાદિ. આ ત્રીસ પ્રકૃતિ ધ્રુવબંધી છે. તેથી બંધ અવશ્ય રહેવાનો,

પોતાના અબંધકના ગુણઠાણે બંધ વિચ્છેદ સ્થાન પામે ત્યારે અનુત્કૃષ્ટ અધ્રુવ, બંધવિચ્છેદસ્થાનમાંથી પડી નીચેના ગુણઠાણે આવે અથવા બંધના ગુણઠાણે મધ્યમ યોગવાળો થાય ત્યારે પણ અનુત્કૃષ્ટની સાદિ થાય છે. જે જીવ અનાદિ કાળથી મિથ્યાત્વે રહેલો છે તેને અનુત્કૃષ્ટ અનાદિ, અભવ્યને ધ્રુવ.

આ ત્રીશ પ્રકૃતિઓનો સૂક્ષ્મનિગોદ લબ્ધિ અપર્યાપ્તા ઉત્પત્તિના પ્રથમ સમયે જઘન્ય યોગવાળો હોય ત્યારે જઘન્ય પ્રદેશબંધ કરે તે વખતે જઘન્યની સાદિ, બીજા સમયે યોગ અસંખ્ય ગુણ વૃદ્ધિ પામવાથી જઘન્ય અધ્રુવ અને અજઘન્યની સાદિ.

વળી કાલાંતરે ફરી સૂક્ષ્મનિગોદ લબ્ધિ અપર્યાપ્તા ઉત્પત્તિના પ્રથમ સમયે જઘન્ય યોગવાળો થાય અને જઘન્ય પ્રદેશ બંધ કરે ત્યારે અજઘન્ય અધ્રુવ અને જઘન્યની સાદિ. આ રીતે જઘન્ય અને અજઘન્ય બંધ સંસારમાં વારાફરતી અનેકવાર પ્રાપ્ત થતા હોવાથી બંને બંધ સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે.

**શેષ ૯૦ પ્રકૃતિના ચારે બંધ સાદિ અને અધ્રુવ છે.**

આ ૯૦ પ્રકૃતિમાંથી ધ્રુવબંધી બાકીની ૧૭ પ્રકૃતિના[1] ઉત્કૃષ્ટ પ્રદેશબંધ મિથ્યાત્વ ગુણઠાણે સપ્તવિધ બંધક સંજ્ઞી ઉત્કૃષ્ટ યોગવાળો થાય ત્યારે થાય છે. ત્યારે ઉત્કૃષ્ટની સાદિ, ઉત્કૃષ્ટયોગ ૧ અથવા ૨ સમય રહે પછી ઉત્કૃષ્ટયોગથી પતિત થવાથી ઉત્કૃષ્ટ અધ્રુવ અને અનુત્કૃષ્ટની સાદિ.

વળી કાલાંતરે ઉત્કૃષ્ટયોગવાળો મિથ્યાત્વી પ. સંજ્ઞી હોય ત્યારે અનુત્કૃષ્ટ અધ્રુવ અને ઉત્કૃષ્ટની સાદિ આમ આ બંન્ને બંધ સંસારમાં વારાફરતી અનેકવાર આવે તેથી બંને બંધ સાદિ અને અધ્રુવ છે.

સૂક્ષ્મનિગોદ લબ્ધિ અપર્યાપ્તા ઉત્પત્તિના પ્રથમ સમયે જઘન્ય યોગવાળો જઘન્યપ્રદેશબંધ કરે ત્યારે જઘન્યની સાદિ, ૧ સમય પછી યોગવૃદ્ધિ અસંખ્યગુણી થવાથી જઘન્ય અધ્રુવ અને અજઘન્યની સાદિ, વલી કાલાંતરે સૂક્ષ્મનિગોદ જ.

---

૧ થિણદ્ધિત્રિક, મિથ્યાત્વ, અનંતાનુબંધિ કષાય, વર્ણચતુષ્ક, તેજસ, કાર્મણ, ઉપઘાત, નિર્માણ અને અગુરુલઘુ કુલ શેષ ૧૭ ધ્રુવબંધી અહીં જાણવી.

યોગવાળાપણું પામે ત્યારે અજઘન્ય અધ્રુવ અને જઘન્યની સાદિ આમ બન્ને બંધ સંસારમાં વારાફરતી પ્રાપ્ત થતા હોવાથી બંન્ને બંધ સાદિ, અને અધ્રુવ છે.

શેષ અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિનો બંધ ક્વચિત્ થતો હોવાથી ચારે બંધ ભાંગા સાદિ અને અધ્રુવ છે.

હવે એ ભાંગાની કુલ સંખ્યા કહે છે.

છ મૂળ પ્રકૃતિના એકેકના ૧૦ એટલે ૬ X ૧૦ = ૬૦

૨ મૂળ પ્રકૃતિના એકેકના ૮ એટલે ૨ X ૮ = ૧૬

૩૦ ઉત્તર પ્રકૃતિના એકેકના ૧૦ એટલે ૩૦ X ૧૦ = ૩૦૦

બાકીની ૯૦ ઉત્તર પ્રકૃતિના એકેકના ૮ એટલે ૯૦ X ૮ = ૭૨૦

મૂળપ્રકૃતિના ભાંગા ૭૬ થાય છે અને ઉત્તર પ્રકૃતિના કુલ ભાંગા ૧૦૨૦ થાય છે બંને ભાંગા સહિત કરતા કુલ ભાંગા ૭૬ + ૧૦૨૦ = ૧૦૯૬ થાય છે.

## યોગસ્થાનાદિ સાત બોલનું અલ્પબહુત્વ

**सेढिअसंखिज्जंसे जोगट्ठाणाणि पयडिठिइभेआ ।**

**ठिइबंधज्झवसाया - णुभागठाणा असंखगुणा ॥95॥**

**तत्तो कम्मपएसा अणंतगुणिआ तओ रसच्छेआ ।**

**जोगा पयडिपएसं ठिइअणुभागं कसायाओ ॥96॥**

सेढिअसंखिज्जंसे - શ્રેણીના અસંખ્યાતમા ભાગે

અર્થ :- શ્રેણીના અસંખ્યાતમા ભાગ જેટલાં યોગસ્થાનો છે. તેથી પ્રકૃતિ ભેદો, સ્થિતિભેદો, સ્થિતિબંધના અધ્યવસાય સ્થાનો અને રસબંધના અધ્યવસાય સ્થાનો અનુક્રમે અસંખ્યાતગુણા છે. ॥૯૫॥ તે કરતાં કર્મના સ્કંધો અનંતગુણા અને તે

કરતાં રસના અવિભાગ પલિચ્છેદો અનંતગુણા છે. યોગથકી પ્રકૃતિ બંધ અને પ્રદેશબંધ થાય. તથા કષાય વડે સ્થિતિબંધ અને રસબંધ થાય ॥૯૬॥

**વિવરણ :-** હવે યોગસ્થાન વિગેરે સાતનું અલ્પબહુત્વ કહે છે. ૯૪મી ગાથામાં પ્રદેશબંધનું સ્વરૂપ સમાપ્ત થયું અને તે સાથે કર્મના ચારે પ્રકારના બંધનું સ્વરૂપ પણ સમાપ્ત થયું. હવે એ ચાર પ્રકારના કર્મબંધમાં યોગ એ મુખ્ય કારણ છે કારણકે પ્રકૃતિબંધ તથા પ્રદેશબંધ યોગનું કાર્ય છે. તથા સ્થિતિબંધમાં સ્થિતિબંધ હેતુભૂત કાષાયિક અધ્યવસાયો કારણ છે. અને અંતર્મુહૂર્તાદિ સ્થિતિભેદો તેનુ (સ્થિતિબંધાધ્યવસાયોનું) કાર્ય છે. તથા અનુભાગ બંધમાં અનુભાગ બંધાધ્યાવસાયો કારણ છે. અને અનુભાગ બંધના ભેદ - રસબંધ સ્થાનો (અસંખ્ય લોકપ્રમાણ) તેનુ કાર્ય છે. એ પ્રમાણે ચાર પ્રકારના કર્મબંધના ભેદ તથા તેના ૩ કારણ યોગસ્થાનાદિ એ ૭ પદાર્થોનું અલ્પબહુત્વ કહેવાય છે.

**યોગ :-** મન વચન કાયા વડે આત્મપ્રદેશમાં પ્રવર્ત્તતો વીર્ય વ્યાપાર, યોગ વ્યાપાર એટલે આત્મ પ્રદેશોમાં પરિસ્પંદન, હલન ચલન, દરેક આત્માના આત્મ પ્રદેશો અસંખ્યાતા હોય. સૂક્ષ્મનિગોદ અપર્યાપ્તા જીવ આદિના પણ દરેક પ્રદેશમાં અસંખ્યાતુ વીર્ય હોય. અસંખ્યાત લોકાકાશ જેટલો વીર્ય વ્યાપાર હોય છતાં બધા આત્મપ્રદેશોમાં સમાન ન હોય. કારણકે જ્યાં કાર્યનું નિકટપણું હોય ત્યાં વધારે વીર્ય વ્યાપાર હોય અને જયાં કાર્યનું દુરપણું હોય ત્યાં ઓછો વ્યાપાર હોય. એટલે કે બધાજ આત્મ પ્રદેશોમાં પરિસ્પંદન સમાન ન હોય. કેટલાકમાં સમાન અને કેટલાકમાં વિષમ વ્યાપાર હોય માટે વર્ગણાદિ થાય છે.

**વર્ગણા :-** સર્વથી અલ્પ પરસ્પર સમાન અસંખ્યાતી શ્રેણિઓના આકાશ પ્રદેશ જેટલા વીર્ય વ્યાપાર વાળા આત્મપ્રદેશોનો સમુહ તે પહેલી જઘન્ય વર્ગણા પહેલી વર્ગણાવાળા આત્મપ્રદેશમાં અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ જેટલો વીર્યવ્યાપાર હોય છે.. પરંતુ સર્વથી અલ્પ હોય છે. જેમ વીર્ય વ્યાપાર વધે તેમ પરસ્પર સમાન વીર્ય વ્યાપારવાળા આત્મપ્રદેશો ઓછા ઓછા હોય.

**બીજી વર્ગણા :-** જ. વર્ગણા કરતાં એક અધિક વીર્ય વ્યાપારવાળા પરસ્પર સમાન વ્યાપારવાળા પ્રથમ વર્ગણા કરતા કંઈક ન્યુન એવા અસંખ્યાતા આત્મપ્રદેશોનો સમુહ તે બીજી વર્ગણા, આ રીતે એકોત્તર વૃદ્ધિવાળી અસંખ્યાતી વર્ગણાઓ થાય એટલે કે ૭ રાજ લાંબી શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલી વર્ગણાઓ એકોત્તર વૃદ્ધિવાળી થાય.

**સ્પર્ધક :-** આ રીતે એકોત્તર વૃદ્ધિવાળી શ્રેણીના અસંખ્યાતમા ભાગ જેટલી વર્ગણાઓનો સમુહ તે સ્પર્ધક કહેવાય છે.

હવે પહેલા સ્પર્ધકની છેલ્લી વર્ગણા કરતાં એક અધિક વીર્ય વ્યાપારવાળા આત્મપ્રદેશો પ્રાપ્ત થતા નથી બે, ત્રણ, નહિ પરંતુ અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ અધિક વીર્ય વ્યાપાર વાળા આત્મ પ્રદેશો મળે. તે પરસ્પર સમાન વીર્ય વ્યાપારવાળા આત્મ પ્રદેશોનો સમુહ તે બીજા સ્પર્ધકની પ્રથમ વર્ગણા ત્યાર પછી પ્રથમ સ્પર્ધકની જેમ એકોત્તર વૃદ્ધિવાળી શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલી વર્ગણાઓ બને તેનો સમુહ તે બીજું સ્પર્ધક.

આ રીતે અસંખ્યાતા સ્પર્ધકો એટલે શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલા સ્પર્ધકો બને.

એક સમયના આત્માના વીર્ય વ્યાપારવાળા બધા આત્મપ્રદેશોમાંથી શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલા સ્પર્ધકો થાય.

**યોગસ્થાન :** એક સમયના આત્મપ્રદેશના વીર્ય વ્યાપારમાંથી બનેલી વર્ગણા અને તેના શ્રેણિના અસંખ્યાતમા ભાગના બનેલા સ્પર્ધકોનો સમુહ તે યોગસ્થાન *કહેવાય છે.*

દરકે સમયે જીવને એક એક યોગસ્થાન હોય છે. અર્થાત્ એક સમયના વીર્ય વ્યાપારમાંથી બનેલા સ્પર્ધકોનો સમુહ તેને યોગ્યસ્થાનક કહેવાય છે.

જોકે જીવો અનંતા છે તો પણ યોગસ્થાનક અનંતા નથી પરંતુ અસંખ્યાતા

છે. કારણકે કેટલાક કેટલાક સરખા યોગસ્થાનકોમાં નિગોદમાં અનંતા જીવો છે. વળી કેટલાક સૂક્ષ્મ અપર્યાપ્તાને એક સમયે સમાન એક યોગસ્થાન હોય બીજે સમયે અસંખ્યાતગુણો યોગ વધે, ત્યારે કેટલાક જુદે જુદે યોગ સ્થાનકે હોય અથવા એક યોગસ્થાને પણ હોય. અને ત્રસજીવોના સરખા યોગસ્થાનોમાં અસંખ્યાતા જીવો પણ હોય છે. માટે અનંતાજીવોના અસંખ્યાતા યોગસ્થાનો થાય પણ અનંતા નહી. આમ સમાન વીર્ય વ્યાપાર વાળા યોગસ્થાનને એક ગણીએ તેથી યોગસ્થાનો અસંખ્યાતા થાય છે. એટલે આ પ્રમાણે યોગસ્થાનો શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલા થાય છે.

યોગસ્થાન કરતા એક એક પ્રકૃતિના ભેદો અસંખ્યાતા છે. કારણકે યોગવ્યાપાર એક હોવા છતાં જીવ ભેદે, કાળભેદે, ક્ષેત્રભેદે અને અધ્યવસાયના ભેદથી જુદી જુદી પ્રકૃતિ બંધાય એટલે પ્રકૃતિના ભેદો લોકાકાશના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાતી શ્રેણીઓના આકાશપ્રદેશ જેટલા એટલે કે અસંખ્યાતી શ્રેણીઓના આકાશપ્રદેશ જેટલા પ્રકૃતિ ભેદો છે. આમ યોગસ્થાન કરતાં પ્રકૃતિના ભેદો અસંખ્યાતા થાય.

યોગસ્થાનો **શ્રેણિના અસંખ્યાતમા** ભાગ જેટલાં છે. પ્રકૃતિના ભેદો **લોકાકાશના અસંખ્યાતમા** ભાગ જેટલા છે.

પ્રકૃતિ એક હોવા છતાં જુદા - જુદા દ્રવ્યના નિમિત્તથી જુદા - જુદા ક્ષેત્રમાં જુદા જુદા કાળે અને જુદા જુદા અધ્યવસાયે - અવસ્થાએ ઉદયમાં આવે તે ભિન્ન ભિન્ન ગણાય. માટે પ્રકૃતિના ભેદો અસંખ્યાતા છે.

પ્રકૃતિના ભેદો કરતાં સ્થિતિના ભેદ અસંખ્યગુણા છે. કારણકે એક જ પ્રકૃતિ જઘન્ય સ્થિતિવાળી, સમયાધિક જઘન્ય સ્થિતિવાળી એમ સમય સમયની વૃદ્ધિએ ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી - ઉત્કૃષ્ટ સ્થિતિવાળી બંધાય એટલે કે જઘન્ય સ્થિતિથી ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીના જેટલા સમય તેટલા એક એક પ્રકૃતિના સ્થિતિભેદ થાય માટે પ્રકૃતિના ભેદો કરતાં સ્થિતિના ભેદ અસંખ્યગુણા છે. અંતર્મુહૂર્ત થી માંડીને

૭૦ કોડાકોડી સુધીના જેટલા સમયો તેટલા સ્થિતિસ્થાનો છે માટે જેટલા સ્થિતિભેદો થાય તેટલા ગુણા સ્થિતિસ્થાનો છે.

સ્થિતિના ભેદો કરતાં સ્થિતિબંધના અધ્યવસાયસ્થાનો અસંખ્યગુણા છે. કારણકે એક એક સ્થિતિસ્થાન જુદા જુદા અમુક પ્રમાણ સુધીના અસંખ્ય અધ્યવસાયોથી બંધાય છે. એટલે કે એક જ સ્થિતિસ્થાન (એક સરખી સ્થિતિ) અસંખ્ય અધ્યવસાયોથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, આદિના ભેદે ભેદ થતા હોવાથી અસંખ્ય અધ્યવસાય થાય છે માટે સ્થિતિસ્થાનો કરતાં સ્થિતિબંધના અધ્યવસાય સ્થાનો અસંખ્યગુણા છે.

એક સ્થિતિસ્થાન-અસંખ્યાતા અધ્યવસાય, તેથી અસંખ્યાતા લોકાકાશના આકાશપ્રદેશ જેટલા અધ્યવસાયો.

સ્થિતિબંધના અધ્યવસાય સ્થાનો કરતાં અનુભાગના અધ્યવસાય સ્થાના અસંખ્યાતા - અસંખ્યગુણા છે એટલે કે અસંખ્ય અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલા છે. કારણકે સ્થિતિબંધના અધ્યવસાયમાં કષાય એ મુખ્ય છે. જ્યારે અનુભાગના અધ્યવસાયમાં કષાયસહિત લેશ્યા છે. તેથી કષાય એક હોવા છતાં જુદી જુદી લેશ્યાની ભિન્નતાએ એક કષાયથી બંધાતી એક જ સ્થિતિમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ , ભાવ અને રસને આશ્રયીને અસંખ્યાતા ભેદ થાય. તેથી એક સ્થિતિબંધના અધ્યવસાયસ્થાન બરાબર અનુભાગના અધ્યવસાયસ્થાનો અસંખ્યાતા થાય છે.[1] સર્વ જીવોના અધ્યવસાયોના ભેદ પાડીએ તો પણ અસંખ્યાતા થાય પણ અનંતા થાય નહિ.

રસબંધના અધ્યવસાયસ્થાનો અને રસસ્થાનો સમાન અને અસંખ્યાતા છે. એટલે કે એક રસબંધસ્થાન એક અધ્યવસાયથી બંધાય. એટલે એક રસબંધસ્થાનનું કારણ એક અધ્યવસાય સ્થાન જાણવું. પરંતુ એક સ્થિતિબંધમાં અનેક રસબંધ

૧. એક અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિમાં પણ અનેક રીતે રસ બંધાય. એમ દરેક સ્થિતિસ્થાનોમાં એટલે એક સ્થિતિસ્થાનમાં અસંખ્યાતાં રસસ્થાનો જાણવાં.

રસસ્થાન જાણવા.

રસબંધના અધ્યવસાય સ્થાનો કરતા કર્મના પરમાણુઓ અનંતગુણા છે. કારણકે અનંતા પ્રદેશની બનેલી અનંતી કાર્મણ વર્ગણાઓ (અનંતા કર્મસ્કંધો) જીવ સમયે સમયે ગ્રહણ કરે છે. તેથી રસબંધના અધ્યવસાય સ્થાનો કરતાં કર્મના પરમાણુઓ અનંતગુણા છે.

એક એક કાર્મણ વર્ગણામાં અભવ્યથી અનંતગુણા પરમાણુઓ હોય છે. તેવી અનંતા પ્રદેશની બનેલી અનંતી (અભવ્યથી અનંતગુણી) કાર્મણ વર્ગણા (કાર્મણ સ્કંધો) ને જીવ સમયે સમયે ગ્રહણ કરે છે. માટે રસબંધસ્થાનો અને રસબંધના અધ્યવસાયસ્થાનોથી કર્મના પ્રદેશો અનંતગુણા થાય.

કર્મ પરમાણુઓ કરતાં રસના અવિભાજ્ય પલિચ્છેદો અનંતગુણા છે. કારણકે ગ્રહણ કરેલા પરમાણુઓમાંના એક એક પરમાણુમાં રસબંધના અધ્યવસાયથી (લેશ્યા સહિત કષાયરૂપ પરિણામથી) સર્વ જીવ કરતાં અનંતગુણો રસ ઉત્પન્ન થાય છે. વળી કર્મ પરમાણુઓ અભવ્યથી અનંતગુણા છે. અને રસના અવિભાજ્ય પલિચ્છેદો સર્વ જીવ કરતાં અનંતગુણા છે. તેથી કર્મ પરમાણુ કરતાં રસબંધના અવિભાજ્ય પલિચ્છેદો અનંતગુણા છે. આ પ્રમાણે યોગ સ્થાનાદિ સાતબોલનું અલ્પબહુત્વ જાણવું.

હવે પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશબંધના કારણ કહે છે :-

પ્રકૃતિબંધ અને પ્રદેશબંધનો હેતુ યોગ છે. જોકે બંધના મિથ્યાત્વાદિક ચાર હેતુ કહ્યા છે તો પણ મિથ્યાત્વ, અવિરતિ અને કષાયને અભાવે પણ યોગ માત્ર જ હેતુએ કરીને ૧૧,૧૨,૧૩ ગુણઠાણે વેદનીયના પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે. અને અયોગી ગુણઠાણે યોગના અભાવે તે બંધાય નહિ. તેમજ પ્રદેશબંધમાં મંદ વીર્યવાળો થોડા પ્રદેશ બાંધે અને તીવ્ર વીર્યવાળો ઘણા પ્રદેશ બાંધે છે. એ પ્રમાણે પ્રદેશબંધમાં મંદ અને તીવ્ર વીર્યવાળા કહ્યા છે. તે માટે યોગ પ્રધાન કારણ છે. જ્યારે સ્થિતિબંધ અને રસબંધના કારણ કષાય છે. મિથ્યાત્વ, અવિરતિના

અભાવે પણ કષાય માત્ર હેતુએ કરીને સ્થિતિબંધ અને રસબંધ પણ થાય છે. અને સ્થિતિબંધ તેમજ રસબંધના સ્વામીમાં પણ સંક્લિષ્ટ પરિણામી અને વિશુદ્ધ પરિણામી એ હેતુ કહ્યા છે.

સંક્લિષ્ટ પરિણામવાળો તીવ્રકષાયી અને વિશુદ્ધ પરિણામવાળો મંદકષાયી જાણવો અને તે કષાયને અભાવે ઉપશાંતમોહાદિકને વિષે વેદનીય જ બાંધે. તે પણ બે સમયનું જ બાંધે માટે સ્થિતિબંધ અને રસબંધમાં કષાય મૂખ્ય કારણ છે. ઉપશાન્તમોહ આદિ ગુણસ્થાનકોમાં કષાય નથી તેથી સ્થિતિબંધ અને રસબંધ થતો નથી.

**चउदसरज्जू लोगो, बुद्धिकओ सत्तरज्जुमाणघणो ।**
**तद्दीहेगपएसा सेढी पयरो अ तव्वग्गो ॥97॥**

बुद्धिकओ - મતિ કલ્પનાએ કરેલો सत्तरज्जुमाणघणो - સાતરાજ પ્રમાણનો ઘન

तद् - તે ઘનીકૃત લોકની | दीहेगपएसा - લાંબી એક પ્રદેશની

सेढी - શ્રેણિ | तव्वग्गो - તેનો વર્ગ

અર્થ :- ચૌદરાજ પ્રમાણ લોક તેને મતિકલ્પનાએ ઘન કરેલા સાત રાજ પ્રમાણ થાય છે. તે ઘનીકૃત લોકની સાતરાજ પ્રમાણ લાંબી એક પ્રદેશની શ્રેણિ તે સુચિ શ્રેણિ. તેનો વર્ગ તે પ્રતર જાણવો.

## ઘન, પ્રતર અને શ્રેણિનું સ્વરૂપ

અધોલોકના છેડાથી ઉર્ધ્વલોકના છેડા સુધી લોક ચૌદરાજ ઉંચો છે. આ ચૌદરાજલોક તળીયા આગળ સાતરાજ પહોળો છે. ત્યારપછી ઘટતો ઘટતો મધ્ય તિર્ચ્છાલોક પાસે એક રાજ પહોળો છે. ત્યાંથી વળી વધતો વધતો બ્રહ્મલોક દેવલોક પાસે પાંચરાજ પહોળો છે. ત્યાંથી વળી ઘટતો ઉપર એક રાજ પહોળો છે. આવા ચૌદ રાજલોકને બુદ્ધિની કલ્પનાથી ઘન કરવામાં આવે તો સાત રાજ થાય છે.

ઘન :- કોઈપણ અનિયમિત આકારવાળા પદાર્થનો લંબાઈ પહોળાઈ અને જાડાઈમાં

સરખા માપવાળો આકાર કરવો તે પદાર્થનો ઘન કહેવાય છે.[1]

## લોકાકાશનો ઘન બનાવવાની રીત

લોકના મધ્યભાગમાં ચૌદરાજ લાંબી અને એક રાજ પહોળી એક રાજજાડી ત્રસનાડી છે. સર્વત્રસજીવો તેમાં રહે છે માટે તેને ત્રસનાડી કહેવાય છે. તે ત્રસનાડીનો દક્ષિણ દિશાનો અધોલોકનો ભાગ નીચે ત્રણરાજ પહોળો છે. ઉપર સાંકડો અને સાત રાજ ઉંચો છે. તે ઉપાડીને ત્રસનાડીની ઉત્તર દિશાએ વિપરીતપણે જોડીએ એટલે કે નીચેનો પહોળો ભાગ ઉપર અને ઉપરનો સાંકડો ભાગ નીચે જોડવાથી અધોલોક સાત રાજ ઉંચો અને ચાર રાજ પહોળો થાય છે. જુઓ બીજાચિત્રમાં. નં.-૧, નં.-૨ અને નં.-૩

તેમજ ઉર્ધ્વલોકમાં ત્રસનાડીની દક્ષિણ દિશાનો ભાગ બે રાજ પહોળો સાત રાજ ઉંચો છે. તેના બ્રહ્મલોકના મધ્યભાગથી બે ભાગ કરી ત્રસનાડીની ઉત્તરદિશા પાસે વિપરીત પણે જોડવા એટલે કે પહોળો ભાગ ઉપર અને નીચે અને સાંકડો ભાગ વચ્ચે સ્થાપન કરવો. આમ કરવાથી ઉર્ધ્વલોક ૩ રાજ પહોળો અને સાતરાજ ઉંચો થાય છે.

જોકે કોઈ ઠેકાણે થોડું ઘણું અધિકું ઓછું હોય તે પોતાની બુદ્ધિએ અધિકું ઓછામાં ભેળવી સરખું કરવું ત્યારપછી લોકનો ઉર્ધ્વભાગ ને સંવર્તિત અધોલોકની સાથે જોડાવાથી સાત રાજ પહોળો સાતરાજ લાંબો અને સાતરાજ ઉંચો સમચતુરસ્ર ઘનલોક થાય છે.

જુઓ ૩જા ચિત્ર માં નં. ૪-૫-૬-૭-૮

તેમજ ૪થા ચિત્રમાં ૧ થી ૮ નંબર જોડેલા જોવા.

જો કે લોક તો વૃત્ત એટલે ગોળ છે એ ઘન તો સમચતુરસ્ર થયો તેથી વૃત કરવા માટે તેને ૧૯ વડે ગુણી બાવીશ વડે ભાગવાથી કંઈક ન્યુન સાતરાજ વૃત્ત લાંબો પહોળો થાય છે. પણ વ્યવહારથી સાત રાજનો જ ચતુરસ્ર ઘનલોક જાણવો.


---

૧. લોકાકાશનો ઘન કોઈદેવ અથવા ઈંદ્ર પણ કરે નહિ પંરતુ જીવાદિ પદાર્થોની સંખ્યા સમજવામાં લોકાકાશની શ્રેણિઓ તથા પ્રતરો બહુ ઉપયોગી છે. તે કારણથી અસત્કલ્પનાએ પણ લોકાકાશનો ઘન બુદ્ધિથી કલ્પવો પડે છે.


એક રાજ એટલે સ્વયંભૂરમણ સમુદ્રની પૂર્વદિશાની વેદિકાથી પશ્ચિમની વેદિકા સુધી અસંખ્યાત કોડા કોડી યોજન થાય છે. એ ઘન ચતુરસ્ર લોકના એકેક રાજના ઘન ચતુરસ્ર ખંડુક ૩૪૩ થાય છે અને ઘનવૃત્ત લોકના ઘનચતુરસ્ર ખંડુક ૨૯૭ થાય છે.

**ચૌદ રાજલોક**


**ચિત્ર નં. ૧**





**ચિત્ર નં. ૨**




**ચિત્ર નં. ૩**




**ચિત્ર નં. ૪**



# ઘનીકૃત લોકનું વર્ણન

## ઘનીકૃત લોકની શ્રેણિ

આ પ્રમાણે વ્યવહારિક રીતે ૭ રજ્જુ લાંબો પહોળો અને ઉંચો ઘનીકૃત લોકાકાશની અસંખ્ય શ્રેણિઓ (એકેક આકાશ પ્રદેશની પંક્તિઓ) ૭ રાજ લાંબી ૧ આકાશ પ્રદેશ પહોળી અને ઉંચી છે તેને સુચિ (એટલે સોય સરખી પાતળી) શ્રેણિ કહેવાય છે. એક સર વાળી મોતીની માળા હોય તેવી શ્રેણિઓ લાગે છે.

## ઘનીકૃત લોકાકાશનો પ્રતર

પૂર્વે જે સૂચિ શ્રેણિ કહી તે શ્રેણિનો વર્ગ કરીએ એટલે કે એક શ્રેણિના જેટલા આકાશ પ્રદેશ હોય તેટલી શ્રેણિઓનો વર્ગ કરીએ ત્યારે ૧ પ્રતર થાય છે. જેટલી શ્રેણીની લંબાઈ છે તેટલી પહોળામાં ગોઠવીએ તો પ્રતર થાય.


પ્રતરને શ્રેણીના આકાશ પ્રદેશ સાથે ગુણવાથી ઘન થાય છે. ઉદાહરણ તરીકે અસત્કલ્પનાએ એક શ્રેણિના પાંચ પ્રદેશ છે તેને સૂચિ શ્રેણિ કહેવાય. તે પાંચને ૫ વડે ગુણવાથી ૨૫ આવે તે પ્રતર કહેવાય. તે ૨૫ને વળી પાંચ વડે ગુણવાથી ૧૨૫ થાય ઘન કહેવાય છે.


સૂચિ :- ૭ રાજ લાંબી ૧ પ્રદેશ જાડી અને ૧ આકાશ પ્રદેશ પહોળી આકાશપ્રદેશની શ્રેણી તે સૂચિશ્રેણિ. શ્રેણિ..................................................

પ્રતર : ૭ રાજ લાંબી, ૭ રાજ પહોળી, ૧ આકાશ પ્રદેશની જાડી તેવી આકાશ પ્રદેશની ચોરસ કાગળ જેવી રચના તે **ઘન** ૭ રાજ લાંબી, ૭ રાજ પહોળી, ૭ રાજ જાડી તેવી આકાશ પ્રદેશની જાડા પુસ્તક અથવા લોખંડના ઘણ જેવી રચના તે ઘન કહેવાય.

**શ્રેણિ** ................................................

**પ્રતર**





# ઉપશમશ્રેણિનું સ્વરૂપ

**अणदंसनपुंसित्थी वेअच्छक्कं च पुरिसवेअं च ।**
**दो दो एगंतरिए सरिसे सरिसं उवसमेइ ॥98॥**

एगंतरिए - એકેકના આંતરે **सरिसे सरिसं - સરખે સરખાને**

**અર્થ :** ઉપશમ શ્રેણિ કરનાર અનંતાનુબંધિ કષાય, ત્રણ દર્શન મોહનીય, નપુંસક વેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિષટ્ક, પુરુષવેદ અને સંજ્વલન એકેક કષાયને આંતરે બે-બે કષાયો સરખે સરખાને અનુક્રમે ઉપશમાવે છે. ॥૯૮॥

ઉપશમ શ્રેણિ કરનાર પ્રથમ ઉપશમ અથવા ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. તેમાં ઉપશમ સમ્યક્ત્વ બે પ્રકારે પ્રાપ્ત કરાય છે.

૧) અનાદિ મિથ્યાત્વી જીવ ત્રણ કરણ કરવા પૂર્વક પ્રાપ્ત કરે તે.

૨) ૪ થી ૭ ગુણમાં, અનં. ચાર કષાયનો ઉપશમ અથવા વિસંયોજના કરી દર્શન ત્રિકની ઉપશમના કરવા પૂર્વક, તેમાં પહેલાં અનાદિ મિથ્યાત્વી જીવ જે પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે તેનું સ્વરૂપ આ પ્રમાણે છે.

**પ્રથમ (નવું) ઉપશમ સમ્યક્ત્વ**

૧) કરણ કાળ પહેલા અંતર્મુહૂર્ત પૂર્વે પ્રતિસમયે અનંતગુણ વિશુદ્ધિવાળા

૨) પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય ચારે ગતિના જીવ આ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે.

૩) સાકારોપયોગવંત

૪) ત્રણ યોગમાંથી કોઈપણ એક યોગના વ્યાપાર વાળો.

૫) તેજો' પદ્મ અને શુક્લ એ ત્રણમાંથી કોઈપણ એક શુભલેશ્યાવાળો.

૬) પરાવર્તમાન શુભપ્રકૃતિનો બંધક

૭) અશુભ પ્રકૃતિઓના બે ઠાણીયાના બદલે ચાર ઠાણીયો રસ બાંધતો

૮) શુભ પ્રકૃતિઓના બે ઠાણીયાના બદલે ચાર ઠાણીયો રસ બાંધતો

૯) સત્તામાં પણ બંધની જેમ અશુભનો બે ઠાણીયો અને શુભનો ચાર ઠાણીયો

રમ કરતો.

૧૦) આયુષ્ય સિવાય સાત કર્મની સત્તા અને સાત કર્મનો સ્થિતિબંધ અંતઃકોડા કોડી સાગ. પ્રમાણ કરતો.

૧૧) અભવ્ય પ્રાયોગ્ય વિશુદ્ધિથી અનંતગુણ વિશુદ્ધિવાળો.

૧૨) ઉપશમ - ઉપદેશશ્રવણ અને પ્રયોગ એ ત્રણ લબ્ધિવાળો આવા પ્રકારનો જીવ અંતર્મુહૂર્ત કાળે યથાપ્રવૃત્ત કરણ કરે.


**યથાપ્રવૃત્તકરણ**

અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતા પૂર્વોક્ત પ્રકારના જીવને અનાયાસે જે સારો (શુભ) પરિણામ પ્રાપ્ત થાય તે યથાપ્રવૃત્તકરણ કહેવાય.

નદીના પાષાણના ગોળઘોલ ન્યાયે સંસારમાં અનેક યાતનાઓને ભોગવતા સહજ રીતે પરિણામની વિશુદ્ધિ થાય છે.

૧) આ કરણમાં પ્રતિ સમયે ત્રિકાળવર્તી જીવોના અધ્યવસાયો અસંખ્યાતા હોય. એટલે આ કરણને પામનારા ત્રિકાળવર્તી અનંતા જીવોમાં કેટલાકને પરસ્પર સરખા અધ્યવસાય હોય છે. અને કેટલાક કેટલાકને ભિન્ન ભિન્ન અધ્યવસાય હોય છે. એમ અનંતા જીવોના અસંખ્યાતા અધ્યવસાય સ્થાનો થાય છે.

૨) પ્રતિસમયે તે અધ્યવસાય સ્થાનોની સંખ્યા વિશેષાધિક - વિશેષાધિક હોય છે. એટલે કે પહેલા સમયના અસંખ્ય અધ્યવસાય સ્થાનો કરતાં બીજા સમયે વિશેષ અસંખ્યાતા હોય છે. ત્રીજા સમયે તેનાથી પણ વિશેષ અસંખ્યાતા હોય છે. તેની આકૃતિ વિષમ ચતુરસ્ર થાય છે. તે આ પ્રમાણે



**વિષમ ચતુરસ્ર**

ઉત્તરોત્તર સમયે વિશેષાધિક અધ્યવસાય સ્થાનો

પ્રથમ સમયે સર્વથી થોડા અધ્યવસાય સ્થાનો

બીજા વિગરે સમયે વિશેષાધિક

### ૩) ષટ્સ્થાન (છઠાણવડીયા)

દરેક સમયના અધ્યવસાય સ્થાનો ષટ્સ્થાન પતિત (છઠાણવડિયા) હોય છે. એટલે કે દરેક સમયે સર્વથી જઘન્ય વિશુદ્ધિવાળા કરતાં બીજા વિગેરે શરૂઆતના કેટલાક અસંખ્યાતા અધ્યવસાયસ્થાનો અનંતભાગ અધિક વિશુદ્ધિવાળા હોય છે. તે પછીના કેટલાક અસંખ્યાતા અધ્યવસાયસ્થાનો અસંખ્યભાગ અધિક વિશુદ્ધિવાળા હોય છે. તે પછીનાં કેટલાંક અસંખ્યાતા અધ્ય. સંખ્યાત ભાગ અધિક વિશુદ્ધિવાળા હોય છે. એમ સંખ્યાત ગુણ અધિક, અસંખ્યગુણ અધિક, અને અનંતગુણ અધિક વિશુદ્ધિવાળા અધ્યવસાય સ્થાનો પછી-પછીના સમજવાં.

આ અસંખ્ય અધ્યવસાય સ્થાનોમાં સર્વથી અધિક વિશુદ્ધિવાળા સ્થાનની અપેક્ષાએ વિચારીએ તો છ પ્રકારની હાની ઘટે છે. એટલે કે દરકે સમયના અધ્યવસાયોમાં જે સર્વથી અધિક વિશુદ્ધિવાળું છે તેના કરતા તેની નીચેના કેટલાક અસંખ્યાતા અધ્યવસાયો અનંતભાગહીન, પછીના નીચેનાં કેટલાક અસંખ્યાતા અધ્યવસાયો અસંખ્ય ભાગ હીન એમ સંખ્યાતભાગહીન, સંખ્યાત ગુણહીન, અસંખ્ય ગુણહીન અને અનંત ગુણહીન સમજવાં.

આ રીતે દરેક સમયનાં અધ્યવસાયસ્થાનોને છ વિભાગમાં વહેંચી શકાય છે. છ ભાગ પડે છે. તેથી તેને ષટ્સ્થાન પતિત કહેવાય છે. એટલે દરેક સમયના અધ્યવસાયસ્થાનોમાં છં જાતની હાનિ અને છ જાતની વૃદ્ધિ ઘટે છે.

૪) અહિં દરેક સમયે પૂર્વના સમયનાં શરૂઆતનાં કેટલાક અધ્યવસાય સ્થાનો પછીના સમયે હોય નહીં. અને ઉત્કૃષ્ટ વિશુદ્ધિવાળા અધ્યવસાયથી વધારે વિશુદ્ધિવાળાં નવાં કેટલાક અધ્યવસાય સ્થાનો પછીના સમયે હોય છે. અને મધ્યનાં સ્થાનો પણ હોય છે. તેથી

૫) યથાપ્રવૃત્તકરણમાં પ્રથમ સમયે જઘન્ય વિશુદ્ધિ સર્વથી થોડી તેના કરતાં બીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ તેના કરતાં ત્રીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ એમ યાવત્ યથાપ્રવૃત્ત કરણના એક સંખ્યાતમા ભાગ સુધી સમજવી. ત્યાર પછી સંખ્યાતમા ભાગના (કંડકના) છેલ્લા સમયની જઘન્ય

વિશુદ્ધિ કરતાં યથાપ્રવૃત્ત કરણના પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ હોય છે. તેનાથી કંડકના ઉપરના (પછીના) સમયની જઘન્ય વિશુદ્ધિ અનંત ગુણ, તેના કરતાં યથાપ્રવૃત્ત કરણના બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ, તેથી કંડકની પછીના બીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ, એમ ઉપરના એક સમયની જઘન્ય અને નીચેના એક સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ ત્યાં સુધી કહેવી. કે યથાપ્રવૃત્તકરણના છેલ્લા સમયની જઘન્ય વિશુદ્ધિ સુધી, એક સંખ્યાતમા ભાગની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કહેવાની બાકી રહે તે અનુક્રમે અનંતગુણ સમજવી.

૬) અહીં કરણકાળ પૂર્વેની કહેલ હકીકતો પણ હોય છે. સંભવે છે.

૭) યથાપ્રવૃત્ત કરણનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. પરંતુ અપૂર્વકરણાદિ કરતાં તેનો કાળ મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે.

૮) અનાદિ મિથ્યાત્વી યથાપ્રવૃત્ત કરણ અનેક વાર પણ કરે છે.

૯) આ કરણ ભવ્યો કરે છે. અને અભવ્ય પણ કરે છે.

૧૦) યથાપ્રવૃત્ત કરણથી શ્રુત સામાયિકનો પણ લાભ થાય છે.

**અપૂર્વકરણ**

પૂર્વે ક્યારેય ન આવ્યો હોય તેવો અપૂર્વ વિશુધ્ધિ અધ્યવસાય તે અપૂર્વકરણ કહેવાય છે. આસન્નભવી જીવ યથાપ્રવૃત્ત કરણ પછી અપૂર્વકરણ કરે છે.

૧) આ કરણનો કાળ અંતર્મુહૂર્ત

૨) પ્રતિ સમયે અનંતગુણ વિશુદ્ધિ હોય છે. તેથી યથાપ્રવૃત્તકરણના છેલ્લા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કરતાં અપૂર્વકરણના પ્રથમ સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ, તેથી પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ., તેથી બીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ તેથી બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ, એમ યાવત્ અપૂર્વ કરણના ચરમ સમય સુધી જાણવું.

૩) યથાપ્રવૃત્તકરણની જેમ અહીં પણ ત્રિકાળવર્તી જીવોના અધ્યવસાયો અસંખ્યાતા

અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે. અને તે યથાપ્રવૃત્તકરણની જેમ ષટ્સ્થાન પતિત હોય છે.

૪) પ્રતિસમયે વિશેષાધિક - વિશેષાધિક અસંખ્યાતા અધ્યવસાયો હોય છે.

૫) અહીં પણ શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધે, અને અશુભનો બે ઠાણીયો રસ બાંધે, વિગેરે કરણકાળ પૂર્વેની હકીકતો પણ અહીં સંભવે.

અહીં અપૂર્વકરણની વિશુદ્ધિથી પાંચ અપૂર્વ કાર્યો કરે છે. જો કે અહીં મિથ્યાત્વ બધ્યમાન હોવાથી ગુણસંક્રમ થાય નહીં. તેથી મિથ્યાત્વે અપૂર્વકરણમાં ચાર કાર્યો થાય છે. ઉપરના ગુણસ્થાનકોમાં અપૂર્વકરણમાં પાંચ અપૂર્વ કાર્યો કરે છે. તે આ પ્રમાણે

૬) **સ્થિતિઘાત** - સત્તામાં રહેલી સ્થિતિના અગ્રીમ ભાગ થકી પ્રથમ સ્થિતિખંડ જઘન્યથી પલ્યોપમનો (અ) સં. ભાગ, ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિનો અંતર્મુહૂર્તમાં ઘાત કરે છે. બીજા વિગેરે સ્થિતિખંડો પલ્યોપમના (અ) સંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. દરેક સ્થિતિખંડ અંતર્મુહૂર્તે ઘાત કરે છે.

ઘાત કરતા સ્થિતિખંડમાંથી પ્રથમ સમયે દલિક સર્વથી થોડુ બીજા સમયે અસંખ્ય ગુણ એમ ચરમ સમય સુધી અસંખ્ય ગુણ ઉપાડે છે - ઉકેરે છે.

તે ઉકેરાતુ દલિક નહીં ખંડન કરાતી નીચેની સ્થિતિઓમાં ગોઠવે છે.

આ અપૂર્વકરણના કાળમાં હજારો સ્થિતિઘાત થાય છે.

તેથી અપૂર્વકરણના પ્રથમ સમયે જે સ્થિતિસત્તા હોય તેના કરતા ચરમ સમયે સંખ્યાતગુણ હીન સત્તા બને છે.

૭) **રસઘાત** - સત્તામાં રહેલી અશુભ પ્રકૃતિઓના રસના અનંતા ભાગ કરી એક અનંતમો ભાગ બાકી રાખી બીજા અનંતા ભાગોનો અંતર્મુહૂર્તે નાશ કરે છે. વળી બાકી રહેલા અનંતમાં ભાગના રસના અનંતા ભાગ કરી એક અનંતમો ભાગ બાકી રાખી બીજા અનંતા ભાગોનો નાશ કરે છે. આવા રસઘાત એક સ્થિતિઘાતના કાળમાં હજારો થાય છે. અને અપૂર્વકરણના કાળમાં હજારોવાર હજારો રસઘાત

થાય છે.

**૮) ગુણશ્રેણિ** - ઉપરની ખંડન કરાતી સ્થિતિના દલિયાને નીચે ઉતારી ઉદય સમયથી અસંખ્યગુણાકારે અંતર્મુહુર્તની સ્થિતિમાં ગોઠવવા તે. આ ગુણશ્રેણિનું અંતર્મુહૂર્ત અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના બન્નેના કાળ કરતાં થોડુ મોટું જાણવું.

ગુણશ્રેણિના અંતર્મુહૂર્તના છેલ્લા સમયને ગુણશ્રેણિનું શીર્ષ કહેવાય છે. ગુણશ્રેણિના પ્રથમ સમયથી ગુણશ્રેણિના મસ્તક સુધીમાં અસંખ્ય ગુણાકારે દલિયા ગોઠવે છે. એટલે કે ઉદય સમયમાં થોડુ, બીજા સમયમાં અસંખ્ય ગુણ, ત્રીજા સમયમાં અસંખ્ય ગુણ. એમ શ્રેણિના શીર્ષ સુધી સમજવુ.

વળી જે ઉપરની સ્થિતિમાંથી દલીયા ઉકેરે છે. તે પણ અસંખ્ય ગુણાકારે ઉપાડે છે. એટલે પ્રથમ સમયે થોડા, બીજા સમયે અસંખ્યગુણ ત્રીજા સમયે અસંખ્યગુણ, એમ યાવત્, અંતર્મુહૂર્તના ચરમ સમય સુધી.

ગુણશ્રેણિની રચના શેષ - શેષ સમયોમાં થાય છે. એટલે પ્રથમ સમયે અતંર્મુહૂર્ત સુધી, બીજા સમયે પ્રથમ સમય જવાથી બીજા સમયથી અંતર્મુહૂર્ત એટલે પ્રથમ સમયે ગોઠવ્યા છે ત્યાં સુધી અર્થાત્ ગુણશ્રેણિનું મસ્તક આગળ વધતુ નથી.

| | |
|---|---|
| જેમ પ્રથમ સમયે | ૧ થી ૫ સમયમાં |
| બીજા સમયે | ૨ થી ૫ સમયમાં |
| ત્રીજા સમયે | ૩ થી ૫ સમયમાં |

**૯) અપૂર્વ સ્થિતિબંધ** : અપૂર્વકરણના પ્રથમ સમયથી નવો સ્થિતિબંધ શરૂ થાય. તેટલો તેટલો સ્થિતિબંધ એક અંતર્મુ. સુધી થાય. પછીના અંતર્મુ. માં પલ્યો. સંખ્યાતમે ભાગ ન્યૂન નવો સ્થિતિબંધ થાય. તેટલો - તેટલો સ્થિતિબંધ બીજા અંતર્મુ. સુધી થાય છે. જો કે અંતર્મુહૂર્તના દરેક સમયમાં કંઈક કંઈક ન્યૂન સ્થિતિબંધ થાય પરંતુ ઘણો ન્યૂન ન થવાથી સરખો કહ્યો છે આ રીતે અંતર્મુહૂર્તે

- અંતર્મુહૂર્ત પલ્યો. (અ) સંખ્યાતમે ભાગે હીન હીન સ્થિતિબંધ કરે તે

સ્થિતિબંધ અને સ્થિતિઘાત સાથે શરૂ થાય છે. અને સાથે પૂર્ણ થાય છે.

**૧૦) ગ્રંથીભેદ** - અપૂર્વકરણની વિશુદ્ધિથી ગ્રંથીભેદ થાય છે. અહીં ગ્રંથી (ગાંઠ) એટલે તીવ્ર એવો રાગ-દ્વેષ રૂપ પરિણામ. આ ગ્રંથી ચિરકાળથી ઉત્પન્ન થયેલી, કઠણવાંસના મૂળની જેમ દુર્ભેદ્ય હોય છે.

ગ્રંથીભેદ એકવાર જ કરવાનો હોય છે. એટલે એકવાર સમ્યક્ત્વ પામેલ જીવ જો મિથ્યાત્વમાં નિરંતર પલ્યો. નો અસં. ભાગ કાળ - ચિરકાળ રહે તો સમક્તિ મોહનીય અને મિશ્ર મોહનીયની ઉદ્વલના થાય છે. જો તે બંનેની ઉદ્વલના થઈ જાય તો ફરી ઉપશમ સમ્યક્ત્વ પામતી વખતે ત્રણ કરણ કરવા પડે છે. પરંતુ ગ્રંથીભેદ કરવો પડે નહીં.

સંસારમાં ગ્રંથીભેદ એક વાર જ કરે છે.

મિથ્યાત્વમાંથી ઉપશમ સમ્યક્ત્વ આમ કોઈક જીવને અનેકવાર પ્રાપ્ત કરવું પડે છે. છતાં તે જાતિભેદથી એક ગણાય છે.

૧૧) શ્રેણિનું ઉપશમ સમ્યકત્વ સંસાર ચક્રમાં વધારેમાં વધારે ચાર વાર પમાય છે. તેથી અનાદિ મિથ્યાત્વીનું એક અને શ્રેણિનું ચારવાર મળીને કુલ પાંચ વાર પમાય છે.

**અનિવૃત્તિકરણ** - આ કરણમાં પ્રતિ સમયે ત્રિકાળવર્તી જીવોના અધ્યવસાય પરસ્પર સરખા હોય. અ-નહિ નિવૃત્તિકરણ - વિશુદ્ધિ અર્થાત્ પરસ્પર અધ્યવસાયોમાં ફેરફાર ન હોય. દરેકને એક સરખી વિશુદ્ધિ હોય. પરસ્પર સમાન અધ્યવસાય - પરિણામ હોય તે અનિવૃત્તિકરણ અથવા.

**અનિવૃત્તિકરણ - સમક્તિ (ઈષ્ટગુણ) પામ્યા પહેલા જીવ પાછો ન ફરે** તેવો ઉત્તરોત્તર ચઢતો પરિણામ

૧) આ કરણમાં પ્રતિ સમયે ત્રિકાળવર્તી જીવોનો એક એક (સમાન - સરખો) અધ્યવસાય હોય છે તેથી મુક્તાવલિની ઉપમા આપી શકાય. ઉત્તરોત્તર ચડતો

પરિણામ

૨) ઉત્તરોત્તર દરેક સમયે અનંતગુણ વિશુદ્ધિ હોય છે. એટલે પ્રથમ સમયની વિશુદ્ધિથી બીજા સમયની અનંતગુણ, તેથી ત્રીજા સમયની અનંતગુણ એમ ચરમ સમય સુધી જાણવું. (દરેક સમયે જીવોની પરસ્પર સમાન)

૩) અહીં પણ અપૂર્વકરણની જેમ ચાર અપૂર્વકાર્યો થાય છે.

૪) અહીં દરેક સમયે એક-એક જ અધ્યવસાય સ્થાન છે. તેથી ષટ્સ્થાન થાય નહી.

૫) અનિવૃત્તિકરણના ઘણા સંખ્યાતાભાગ કાળ જાય, એક સંખ્યાતમો ભાગ કાળ બાકી હોય ત્યારે અંતરકરણ કરે છે. અંતર - વચમાં, કરણ - ખાલી કરવું તે એટલે ઉદય સમયથી એક અંતર્મુહૂર્તકાળ છોડી વચ્ચે અંતર્મુહૂર્તના દલિકોને ખાલી કરે છે. અંતર્મુહૂર્તની જગ્યાના દલિકોને ખાલી કરવા તે અંતરકરણ કહેવાય છે એમ સમજવું.

**પ્રથમ સ્થિતિ - અંતરકરણ - બીજી સ્થિતિ**

૬) ઉદય સમયથી અંતર્મુહૂર્તના કાળમાં જે દલિકો છે. જેને ખાલી કરતો નથી. પરંતુ ભોગવીને નાશ કરશે તે પ્રથમ સ્થિતિ અથવા નીચેની સ્થિતિ કહેવાય છે.

૭) વચ્ચે અંતર્મુહૂર્તની સ્થિતિના દલિયા ખાલી કરવા તે અંતરકરણ, તે પ્રથમ સ્થિતિ કરતા મોટું અંતર્મુહૂર્તનું પ્રમાણ છે.

૮) અંતરકરણની પછીની સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણે છે તે બીજી સ્થિતિ - ઉપરની સ્થિતિ કહેવાય છે.

૯) અંતરકરણની ક્રિયા એક સ્થિતિઘાત - સ્થિતિબંધના કાળમાં થઈ જાય છે.

૧૦) સ્થિતિઘાત સ્થિતિબંધ અને અંતરકરણની ક્રિયા સાથે શરૂ થાય છે. અને સાથે પૂર્ણ થાય છે.

૧૧) અંતરકરણના દલિક મિથ્યાત્વની પ્રથમ અને દ્વિતીય બન્ને સ્થિતિમાં પ્રતિ સમયે અસંખ્યગુણાકારે નાખે છે. કારણકે જેનો બંધ અને ઉદય હોય તેના

અંતરકરણના દલિયા બન્ને સ્થિતિમાં નાખવાના હોય છે. જો ઉદય હોય અને બંધ ન હોય તો પ્રથમ સ્થિતિમાં નાંખે, જો બંધ હોય અને ઉદય હોય તો બીજી સ્થિતિમાં નાખે, અને બંધ - ઉદય બંને ન હોય તો પર પ્રકૃતિમાં નાખે. અહીં મિથ્યાત્વનો બંધ-ઉદય બંન્ને છે. માટે બંન્ને સ્થિતિમાં નાંખે છે.

૧૨) મિથ્યાત્વની પ્રથમ સ્થિતિને ભોગવતા ભોગવતા અંતર્મુહૂર્ત કાળે અંતરકરણની ક્રિયા પૂર્ણ થાય છે હજુ પ્રથમ સ્થિતિનો ઉદય હોય છે.

૧૩) અંતરકરણની ક્રિયા પૂર્ણ થયા પછી મિથ્યાત્વની બીજી સ્થિતિમાં રહેલ દલિકને ઉપશમાવવા માંડે છે. પ્રથમ સમયે થોડું, બીજા સમયે અસંખ્ય ગુણ એમ પ્રથમ સ્થિતિ ભોગવવાના ચરમ સમય સુધી જાણવું.

૧૪) પ્રથમ સ્થિતિ ઉદય અને ઉદીરણા વડે ભોગવતાં બે આવલિકા જેટલી બાકી રહે ત્યારે આગાલ વિચ્છેદ થાય છે. એક આવલિકા બાકી રહે ત્યારે ઉદીરણા અટકે છે. પ્રથમ સ્થિતિની છેલ્લી આવલિકાને ઉદય વડે ભોગવે છે.

૧૫) આગાલ એટલે બીજી સ્થિતિમાંથી દલિયા આકર્ષી ઉદયાવલિકામાં નાખવા તે. ઉદીરણાનું જ વિશેષનામ છે.

૧૬) પ્રથમ સ્થિતિના ચરમ સમયે વર્તતો જીવ અંતરકરણની ઉપરની બીજી સ્થિતિના દરેક સમયના દલિકના ત્રણ પુંજ કરે છે. એટલે મિથ્યાત્વની અંતઃકોડાકોડીની બીજી સ્થિતિના ત્રણ ભાગ અંતઃકોડાકોડી જેટલા લાંબા ત્રણ ભાગ (ઉભા ત્રણ ટૂકડા) થાય છે. ત્રણ ભાગ તે ૧ શુદ્ધ, ૨ અર્ધશુદ્ધ અને (૩) અશુદ્ધ તેમાં શુદ્ધ પુંજનું નામ સમક્તિ મોહનીય (૨) અર્ધશુદ્ધ પુંજનું નામ મિશ્ર મોહનીય (૩) અશુદ્ધ પુંજનું નામ મિથ્યાત્વ મોહનીય.

| | | |
|---|---|---|
| પ્રથમ સ્થિતિ | સમ્યકત્વ મોહનીય | (અંત. કોડાકોડી) |
| ના | મિશ્રમોહનીય | (અંત. કોડાકોડી) |
| ચરમ સમયે | મિથ્યાત્વ મોહનીય | (અંત. કોડાકોડી) |

૧૭) ત્રણ પુંજ કરવાથી મોહનીયની ૨૬ના બદલે ૨૮ની સત્તા થાય છે. દરેકની

અંતઃકોડાકોડી સાગ. સ્થિતિ સત્તા હોય છે.

(અહીં કેટલાકના મતે ઉપશમ સમ્યકત્વની વિશુદ્ધિથી ત્રણ પુંજ થાય તેમ કહેવાય છે.) એટલે કે અંતરકરણમાં પ્રવેશે ત્યારથી ત્રણ પુંજ કરે છે.

**ઉપશમ સમ્યકત્વ - અંતરકરણમાં પ્રવેશ**

૧) મિથ્યાત્વની પ્રથમ સ્થિતિ ભોગવાયે છતે જીવ ખાલી જગ્યા (અંતરકરણ) માં પ્રવેશે છે. જેમ વન દાવાનળ ઉષર ભૂમિને પામીને ઓલવાઈ જાય તેમ મિથ્યાત્વ દલિયાના વેદનના અભાવથી શુદ્ધ અપૌદ્ગલિક એવું **ઉપશમ સમ્યકત્વ** પ્રાપ્ત કરે છે.

આ **પ્રથમ સમ્યક્ત્વ - નવું સમ્યક્ત્વ - ઔપશમિક સમ્યક્ત્વ** કહેવાય ઉપશમ સમ્યકત્વની સાથે કોઈ જીવ દેશવિરતિ અને કોઈજીવ સર્વવિરતિ પણ પામે છે.[1] સમ્યકત્વની પ્રાપ્તિ કાળથી અનં. કષાયનો પણ ક્ષાયોપશમ થાય છે. એટલે તેનો રસોદય હોય નહીં.

૨) ઉપશમ સમ્યકત્વનો કાળ અંતર્મુહૂર્તનો છે. અહીં મિથ્યાત્વની જાતિના દલિયા (સમક્તિ મોહનીયના) ઉદયમાં નથી તેથી સમક્તિમાં અતિચાર લાગતા નથી.

૩) ઉપશમ સમ્યકત્વના પ્રથમ સમયથી મિથ્યાત્વના દલિયા સમક્તિ મોહનીય અને મિશ્ર મોહનીયમાં ગુણ સંક્રમ વડે અંતર્મુહૂર્ત સુધી સંક્રમાવે છે. એટલે કે હવે ગુણસંક્રમ પણ શરૂ થાય છે.

૪) અંતર્મુહૂર્ત પછી વિધ્યાતસંક્રમ પ્રવર્તે છે.

૫) ઉપશમ સમ્યક્ત્વનો (અંતરકરણનો) સમયાધિક આવલિકા કાળ બાકી રહે એટલે બીજી સ્થિતિમાં રહેલા ત્રણ પુંજમાંથી દલિયા આકર્ષી અંતરકરણની છેલ્લી આવલિકામાં ગોપુચ્છાકારે ગોઠવે છે.

૬) અંતરકરણની એક આવલિકા બાકી રહે એટલે ગોઠવાયેલા ત્રણ પુંજમાંથી પરિણામના અનુસારે કોઈપણ એક પુંજ ઉદયમાં આવે છે.

---

૧.નવા ઉપશમસમ્યકત્વની સાથે અપ્રમત્તગુણ.પ્રાપ્ત કરનાર આહારકદ્વિકનો બંધ કરતો નથી.

૭) શુદ્ધ પુંજ ઉદયમાં આવે તો ક્ષયોપશમ સમ્યકત્વ પ્રાપ્ત કરે છે. અર્ધશુદ્ધ પુંજ ઉદયમાં આવે તો મિશ્રપણું પામે છે. અને અશુદ્ધ પુંજ ઉદયમાં આવે તો મિથ્યાત્વ પામે છે.

૮) અંતરકરણમાંથી મિથ્યાત્વે જનાર કોઈ મહાભિરૂ જીવને મિથ્યાત્વના ઉદયની પહેલાં જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા પહેલા અનંતાનુબંધીના દલિયા ઉદયમાં આવી જાય છે. તેથી તે સાસ્વાદનપણું પામે છે.

૯) મિથ્યાત્વનો ઉદય હજુ થયો નથી તેથી સમ્યક્ત્વ ગયું નથી અને અનંતાનુબંધીનો ઉદય થયો છે. તેથી સમ્યક્ત્વનો કંઈક સ્વાદ હોય તેથી તેને સાસ્વાદન ગુણ. કહેવાય છે.

૧૦) સાસ્વાદનનો કાળ પૂર્ણ થયે જીવ નિયમા મિથ્યાત્વે જ જાય છે.

૧૧) આ રીતે અનાદિ મિથ્યાત્વી જીવ [૧]ઉપશમ સમ્યકત્વ પામી ઉપ. સમ્યકત્વની સાથે દેશવિરતિ કે સર્વવિરતિ પામે. અને ઉપશમ સમ્યકત્વથી પડી ક્ષાયોપશમીક સમ્યક્ત્વ, મિશ્ર - સાસ્વાદન અને મિથ્યાત્વ પણ પામે.

ઉપશમશ્રેણિ કરનાર આત્મા પ્રથમ અનંતા. નો ઉપશમ અથવા વિસંયોજના કરે છે. તેથી અહીં પ્રથમ અનંતાનુબંધીની ઉપશમના કહેવાય છે.

## અનંતાનુબંધીની ઉપશમના (કર્મગ્રંથકારાદિના મતે)

૪ થી ૭ ગુણ.માં વર્તતો મનુષ્ય અનંતાનુબંધીની ઉપશમના કરે છે. ઉપશમના કરતાં ત્રણ કરણ કરે છે. ત્રણ કરણનું વર્ણન યથાયોગ્ય પ્રથમ સમ્યક્ત્વ પામતાં ની જેમ કરે છે. તફાવત એ છે કે

૧) અહીં અપૂર્વકરણમાં ગુણસંક્રમ થાય છે. કારણકે અનંતાનુબંધી અબધ્યમાન છે.

**ગુણસંક્રમ** - અબધ્યમાન અશુભ પ્રકૃતિના દલિયા બધ્યમાનમાં પ્રતિ સમયે અસંખ્ય ગુણાકારે નાખવા તે, તેથી અનં. ના. દલિયા બધ્યમાન મોહનીયમાં

---

૧ સિદ્ધાન્તના મતે ત્રણ કરણ કર્યા પછી ક્ષયોપશમ સમ્યકત્વ પ્રાપ્ત કરે તેમ કહ્યું છે.

અસંખ્ય ગુણકારે નાખે છે. અપૂર્વકરણ - અને અનિવૃત્તિકરણમાં ગુણસંક્રમ થાય છે.

૨) અનિવૃત્તિ કરણના સંખ્યાતા ભાગ જાય એક સંખ્યાતમો ભાગ બાકી હોય ત્યારે અંતરકરણ કરે છે.

૩) અહી અનંતાનુબંધી અનુદયવતી હોવાથી પ્રથમ સ્થિતિ એક આવલિકા રાખે છે. વચ્ચે અંતર્મુહૂર્તનું અંતરકરણ કરે છે.

૪) અંતરકરણના દલિયા ચારિત્ર મોહનીયની બંધાતી પ્રકૃતિઓમાં નાખે છે.

૫) એક સ્થિતિબંધના કાળ જેટલા અંતર્મુહૂર્તમાં અંતરકરણની ક્રિયા પૂર્ણ થાય છે.

૬) **ઉપશાન્તાદ્ધા** - અંતરકરણની ક્રિયા પછીના સમયથી બીજી સ્થિતિમાં રહેલા અનં. ના દલિયાને અંતર્મુહૂર્ત કાળે ઉપશમાવે છે. તેમાં પ્રથમ સમયે થોડું બીજા સમયે અસંખ્ય ગુણ, ત્રીજા સમયે અસંખ્યગુણ એમ યાવત્ અતંર્મુહૂર્તના ચરમ સમય સુધી જાણવું.

૭) પ્રથમ સ્થિતિ એક આવલિકા રૂપ છે. તેને ઉદયવતી મોહનીયની પ્રકૃતિમાં સ્તિબુકસંક્રમવડે સંક્રમાવી નાશ કરે છે.

આ રીતે અનંતાનુબંધીની ઉપશમના કરનારને મોહનીયની ૨૮ની સત્તા હોય છે. જે ઉપશમ શ્રેણિ કરનારા હોય તેને જ અનંતા. ની ઉપશમના થાય છે. (કર્મપ્રકૃતિકાર વિગેરે અનં. ની ઉપશમના માનતા નથી)

## અનંતાનુબંધીની વિસંયોજના (ક્ષય)

૧) જો અનં. કષાયનો ક્ષય કર્યા પછી દર્શન ત્રિકનો ક્ષય ન કરે તો તેને અનંતા. ની **વિસંયોજના** કહેવાય છે. અને અનં. કષાયનો ક્ષય કર્યા પછી જો દર્શનત્રિકનો ક્ષય કરે તો અનં. નો ક્ષય કહેવાય છે.

૨) અનં. ની વિસંયોજના ચારે ગતિમાં થાય છે. તેમાં અવિરતિ ગુણ. માં ચારે ગતિમાં, દેશ. ગુણ. માં મનુષ્ય અને તિર્યંચમાં, સર્વવિરતિ (૬-૭ ગુણ) માં

મનુષ્યમાં વિસંયોજના થાય છે.

અનંતાનુબંધીની વિસંયોજના કરનાર ત્રણ કરણ કરે છે. તેમાં પ્રથમ યથાપ્રવૃત્તકરણ-તેનું વર્ણન પ્રથમ સમ્યક્ત્વ પામતી વખતે બતાવ્યા મુજબ જાણવું.

૩) **અપૂર્વકરણ :** આ કરણનું વર્ણન પણ પ્રથમ સમ્યક્ત્વ પામતી વખતના અપૂર્વકરણ જેવું સમજવું પરંતું.

૪) અહીં અપૂર્વકરણના પ્રથમ સમયથી જ અનં. નો ગુણસંક્રમ થાય છે. કારણકે અનંતાનુબંધી અબધ્યમાન છે. એટલે તેના દલિયા ગુણસંક્રમ વડે બધ્યમાન ચારિત્ર મોહનીયની પ્રકૃતિમાં પ્રતિસમયે અસંખ્યગુણાકારે સંક્રમાવે છે. જેમ કે પ્રથમ સમયે થોડું, બીજા સમયે અસંખ્યગુણ, ત્રીજા સમયે તેનાથી અસંખ્યગુણ એમ યાવત્ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના ચરમ સમય સુધી સમજવું.

૫) વળી ગુણશ્રેણિ ઉદયાવલિકાની બહારથી કરે છે. કારણકે અનંતાનુબંધી ઉદયવતી નથી. ત્યાર પછી અનિવૃત્તિકરણ કરે છે.

૬) **અનિવૃત્તિકરણ** - આ કરણ અંતર્મુહૂર્ત પ્રમાણનું હોય છે.

પ્રતિ સમયે અનંતગુણ વિશુદ્ધિ હોય છે.

પ્રતિ સમયે દરેક જીવોના અધ્યવસાય પરસ્પર સરખા હોય છે. તેથી આ *કરણના જેટલા (અસંખ્યાતા) સમય તેટલાં અધ્યવસાય સ્થાનો હોય છે.*

અહિં સ્થિતિઘાતાદિ પાંચ અપૂર્વકાર્યો કરે છે. અહીં ઉદ્વલના સહિત ગુણસંક્રમ થાય છે. તેથી ઉદ્વલનાનુવિધ્ધ ગુણસંક્રમ વડે સ્થિતિસત્તાને ઉકેરતો હજારો સ્થિતિઘાત વડે દ્વિચરમ સ્થિતિઘાત સુધી જાય છે. પછી એક ઉદયાવલિકા મુકીને દ્વિચરમ સ્થિતિઘાત કરતાં અસંખ્યગુણ મોટો ચરમસ્થિતિઘાત ઉકેરે છે. ત્યારે અનંતાનુબંધીનો ક્ષય (વિસંયોજના) થાય છે. પરંતુ ઉદયાવલિકા શેષ રહે છે. તેને વિદ્યમાન કષાયમાં સ્તિબુક સંક્રમ વડે સંક્રમાવી નાશ કરે છે. એટલે મોહનીયની ૨૪ની સત્તા થાય છે.

૭) અહીં અંતરકરણ થાય નહી. તેમજ ઉપશમના પણ ન હોય.

૮) અનંતાનુબંધીની વિસંયોજના કર્યા પછી દર્શનત્રિકનો ક્ષય ન કરે તો ફરી મિથ્યાત્વે પણ જાય છે. અને અનંતાનુબંધી ફરી બાંધે છે. તેથી મોહનીયની ફરી ૨૮ની સત્તા થાય છે.

## દર્શનત્રિકની ઉપશમના

અનંતાનુબંધીની ઉપશમના કે વિસંયોજના કર્યા પછી ઉપશમ શ્રેણિ કરનાર કોઈ જીવ દર્શનત્રિકની ઉપશમના કરે છે. તે આ પ્રમાણે

૧) ક્ષાયોપશમિક સમ્યક્ત્વી પ્રમત્ત સંયત અથવા અપ્રમત્ત સંયત ગુણ.વાળા આ ઉપશમના કરે.

૨) અહીં પણ કરણકાળ પૂર્વે પ્રતિસમયે અનંત ગુણ વિશુદ્ધિએ વધતો ત્રણ કરણ કરે છે.

૩) કરણ કરવા પૂર્વેનું વર્ણન પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરનારની જેમ યથાયોગ્ય સમજવું.

૪) યથાપ્રવૃત્તકરણનું વર્ણન પણ તેની જેમ સમજવું.

૫) અપૂર્વકરણનું વર્ણન પણ તે પ્રમાણે જાણવું. પરંતુ અહિં પ્રથમ સમયથી મિથ્યાત્વ અને મિશ્રનો ગુણસંક્રમ થાય છે. એટલે મિથ્યાત્વના દલિયા મિશ્ર અને સમ્ય. મોહનીયમાં અસંખ્ય ગુણાકારે નાંખે છે. અને મિશ્રના દલિયા સમ્યક્ત્વ મોહનીયમાં અસં. ગુણાકારે નાંખે છે. (અહીં ગ્રંથીભેદ ન હોય)

૬) અનિવૃત્તિકરણ - આ કરણનું વર્ણન પ્રથમ સમ્યકત્વ પ્રાપ્ત કરનારની જેમ (પૂર્વની જેમ) જાણવું વિશેષ અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે એટલે દર્શનત્રિકનું અંતરકરણ કરે છે. તેમાં મિથ્યાત્વ અને મિશ્રની પ્રથમ સ્થિતિ એક આવલિકા રાખે છે. અને સમ્યક્ત્વ મોહનીયની પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્તની રાખે છે તે આ પ્રમાણે.

મિથ્યા.—— – – – – – – – – – ————————

મિશ્ર. —— – – – – – – – – – ————————

સમ્ય. મોહ.———— – – – – – – ————————

૭) અહીં અંતરકરણના ત્રણેના દલિયા સમ્યક્ત્વ મોહનીયની પ્રથમ સ્થિતિમાં નાંખે છે.

૮) અંતરકરણની ક્રિયા એક સ્થિતિઘાતના કાળમાં પૂરી થાય છે.

૯) મિથ્યાત્વ અને મિશ્ર મોહ. ની પ્રથમ સ્થિતિ એક આવલિકા છે. તેને સ્તિબુક સંક્રમવડે સમક્તિ મોહનીયમાં સંક્રમાવી નાશ કરે છે.

૧૦) જ્યાં સુધી અંતરકરણની ક્રિયા (ખાલી કરવાનું કાર્ય) કરે છે. ત્યાં સુધી તે બંન્નેની પ્રથમ સ્થિતિ એક આવલિકા હોય છે. અર્થાત્ જેમ જેમ સ્તિબુક સંક્રમ થતો જાય તેમ તેમ પ્રથમ સ્થિતિ એક આવલિકા આગળ આગળ વધે છે.

૧૧) અંતરકરણની ક્રિયા પૂર્ણ થયા પછી મિથ્યા. અને મિશ્રની પ્રથમસ્થિતિ એક આવલિકા કાળે પૂર્ણ થાય છે.

૧૨) અંતરકરણની ક્રિયા પૂર્ણ થયા પછીના સમયથી દ્વિતીય સ્થિતિમાં રહેલ ત્રણે દર્શનમોહનીયને અંતર્મુહૂર્ત કાળે ઉપશમાવે છે.

૧૩) સમ્યકત્વ મોહનીયની પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્ત કાળે ભોગવાયે છતે અંતર કરણમાં પ્રવેશ કરે છે. તે વખતે ઉપશમ સમ્યકત્વ પ્રાપ્ત કરે છે. અંતરકરણમાં પણ અંતર્મુહૂર્ત સુધી મિથ્યા. અને મિશ્ર. નો ગુણસંક્રમ ચાલુ રહે છે. અંતર્મુહૂર્ત પછી વિધ્યાત સંક્રમ થાય છે. દર્શન મોહનીય ઉપશાન્ત થયેલ હોય તો પણ સંક્રમ થાય છે. કારણકે ઉપશમેલા દર્શન મોહનીયનો સંક્રમ થાય છે. પરંતુ ઉપશમાવેલ ચારિત્ર મોહનીયનો સંક્રમ થતો નથી.

આ પ્રમાણે અનં. બંધીની ઉપશમના કરી દર્શનત્રિકની પણ ઉપશમના કરનાર મોહનીયની ૨૮ની સત્તાવાળો ઉપશમ શ્રેણી કરે. (શિવશર્મસૂરિ વિગેરે અનંતા. ની ઉપશમના માનતા નથી)

અને અનં. કષાયની વિસંયોજના કરી દર્શનત્રિકની ઉપશમના કરનાર ૨૪ની સત્તાવાળો પણ ઉપશમ શ્રેણિ કરે.

એટલે ઉપશમ સમ્યક્ત્વી ૨૮ કે ૨૪ ની સત્તાવાળો ઉપશમ શ્રેણિ કરે.

# દર્શનત્રિકની ઉપશમના

પૂર્વે આયુઃ બાંધ્યુ હોય પછી અનં. કષાયનો ક્ષય કરી દર્શનત્રિકનો પણ ક્ષય કરી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને પણ ઉપશમશ્રેણિ કરે. તેને મોહનીયની ૨૧ની સત્તા હોય. આ રીતે ઉપશમશ્રેણિ કરનારને મોહનીયની ૨૮,૨૪,૨૧ સત્તા હોય છે.

દર્શનત્રિકની ક્ષપણાનો વિધિ આ પ્રમાણે.

## દર્શનત્રિકની ક્ષપણા

૧) દર્શનત્રિકની ક્ષપણા ૪ થી ૭ ગુણસ્થાનકમાં થાય છે.

૨) જિનેશ્વર ભગવાન અને કેવલજ્ઞાનીના કાલમાં વર્તતો મનુષ્ય જ દર્શનત્રિકની ક્ષપણાનો પ્રારંભ કરે છે.

૩) દર્શનત્રિકની ક્ષપણાની સમાપ્તિ ચારે ગતિમાં થાય છે.

૪) ૮ વર્ષથી અધિક ઉંમરવાળો, પ્રથમ સંઘયણી, શુભલેશ્યાવંત ક્ષપણાનો પ્રારંભ કરે.

૫) પ્રથમ યથાપ્રવૃત્તકરણ, પછી અપૂર્વકરણ ત્યારબાદ અનિવૃત્તિકરણ કરે.

૬) અહીં અપૂર્વકરણમાં મિથ્યાત્વ મોહનીય તથા મિશ્ર મોહનીયનો ગુણસંક્રમ પણ હોય છે. મિથ્યાત્વના દલિયા મિશ્ર અને સમ્યકત્વ મોહ. માં અને મિશ્રના દલિયા સમ્યક્ત્વ મોહનીયમાં અસંખ્ય ગુણકારે નાંખે છે.

૭) અહીં અપૂર્વકરણના કાળથી મિથ્યાત્વ મોહ. તથા મિશ્ર મોહ. ની ઉદ્વલના પણ કરે છે. એટલે મિથ્યાત્વના દલિક પોતાની નીચેની સ્થિતિમાં અને મિશ્ર અને સમ્યક્ત્વમાં અને મિશ્રના દલિક પોતાની નીચેની સ્થિતિમાં અને સમ્યક્ત્વ મોહનીયમાં નાંખે છે.

૮) ઉદ્વલનામાં સ્થિતિની અપેક્ષાએ પ્રથમ સ્થિતિખંડ મોટો ઉવેલે છે. બીજો સ્થિતિ ખંડ વિશેષહીન, ત્રીજો વિશેષહીન એમ યાવત્ દ્વિચરમ સ્થિતિખંડ સુધી જાણવું.

૯) અપૂર્વકરણમાં ઉદ્વલના થતી હોવાથી મિથ્યા. મિશ્રની શરૂઆતમાં જે

સ્થિતિસત્તા હોય તે સ્થિતિસત્તા ચરમ સમયે સંખ્યાત ગુણ હીન થાય.

૧૦) અંતર્મુહૂર્ત કાલે અપૂર્વકરણ પૂર્ણ થયે અનિવૃત્તિકરણ કરે છે. અહીં પણ સ્થિતિઘાતાદિ હોય છે.

૧૧) અનિવૃત્તિકરણમાં દર્શનમોહનીયની દેશોપશમના, નિદ્ઘતિ, નિકાચના વિચ્છેદ થાય છે.

૧૨) અનિવૃતિકરણમાં હજારો સ્થિતિઘાત કર્યે છતે દર્શન મોહ. ત્રિકની સ્થિતિ સત્તા જે પૂર્વે અંતઃકોડાકોડી સાગ. ની હતી તે હવે અસંજ્ઞીસમાન થાય છે.

ત્યારપછી ક્રમશઃ હજારો સ્થિતિખંડ ગયે છતે. અનુક્રમે ચઉ. તેઈ. બેઈ. અને એકે. સમાન સ્થિતિસત્તા થાય છે. એટલે તે તે ભવોમાં કર્મની જેટલી સ્થિતિ સત્તા હોય તેટલી સત્તાવાળો થાય છે.

૧૩) એકે. સમાન સ્થિતિ સત્તા થયા પછી હજારો સ્થિતિખંડ ગયે છતે પલ્યો. ના સંખ્યાતમા ભાગ પ્રમાણ (ચૂર્ણિકારના મતે ૧ પલ્યો.) સ્થિતિસત્તાવાળો થાય છે.

૧૪) હવે સત્તામાં રહેલ દર્શનત્રિકની સ્થિતિના સંખ્યાતાભાગ કરી એક સંખ્યાતમો ભાગ રાખી બીજા સંખ્યાતા ભાગોનો (સંખ્યાત બહુ ભાગોનો) નાશ કરે એ રીતે હજારો સ્થિતિઘાત થયે છતે દર્શનત્રિકની સત્તા હજુ પણ પલ્ય. ના સંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે.

૧૫) ત્યાર પછી મિથ્યાત્વ પ્રથમ ક્ષય થવાનું હોવાથી તેની સ્થિતિસત્તાના અસંખ્યભાગ કરી એક અસંખ્યાતમો ભાગ રાખી બીજા અસંખ્ય ભાગોનો નાશ કરે છે. અને મિશ્ર તથા સમ્યક્ત્વ મોહ. ના સંખ્યાતા ભાગોને હણે છે. આ રીતે હજારો સ્થિતિખંડ ગયે છતે મિથ્યાત્વ એક આવલિકા જેટલું રહે છે. તે આવલિકાનો સ્તિબુક સંક્રમ વડે સમ્યક્ત્વ મોહનીયમાં સંક્રમાવી નાશ કરે છે.

૧૬) મિથ્યાત્વની એક આવલિકા બાકી રહે ત્યારે મિશ્ર અને સમ્ય. મોહ. ની સત્તા પલ્યો. અસં. ભાગ હોય છે.

૧૭) ત્યાર પછી મિશ્ર તથા સમ્યક્ત્વ મોહ. ના અસંખ્યાતા ભાગ કરી એક

અસંખ્યાતમો ભાગ બાકી રાખી બીજા અસંખ્ય ભાગોનો નાશ કરે છે. એમ હજારો સ્થિતિખંડ ગયે છતે મિશ્ર. એક આવલિકા જેટલું રહે છે. અને સમ્યક્ત્વ મોહ. આઠ વર્ષ પ્રમાણે રહે છે.

૧૮) પછી મિશ્રની એક આવલિકાને સ્તિબુક સંક્રમ વડે સમ્યક્ત્વ મોહનીયમાં સંક્રમાવી નાશ કરે છે.

૧૯) સમ્યક્ત્વ મોહનીયની સ્થિતિ આઠ વર્ષ પ્રમાણ સત્તામાં હોય ત્યારે નિશ્ચય નયથી **દર્શન મોહનીયનો ક્ષપક** કહેવાય છે.

૨૦) ત્યાર પછી સમ્યક્ત્વના અંતર્મુહૂર્ત, અંતર્મુ. પ્રમાણ સ્થિતિખંડોને ઉકેરે છે. દ્વિચરમ સ્થિતિખંડ કરતાં ચરમ સ્થિતિખંડ સંખ્યાત ગણો મોટો હોય છે.

૨૧) સમ્યકત્વ મોહનીયનો ચરમ સ્થિતિખંડનો નાશ થયા પછી સમ્યક્ત્વ મોહનીયની અંતર્મુહૂર્તની સત્તા હોય છે. તે વખતે જીવ **કૃતકરણ** કહેવાય છે.

૨૨) ઉકેરાતા મિથ્યાત્વના દલિયા સમ્ય. મોહનીય અને મિશ્ર મોહનીયમાં નાખે છે. અને મિશ્રના દલિયા સમ્યક્ત્વ મોહનીયમાં નાખે છે.

૨૩) કૃતકરણમાં વર્તતો જીવ જો પૂર્વ બદ્ધાયુ હોય તો ભોગવાતુ આયુ. પૂર્ણ થાય તો મરણ પામી બાંધેલા આયુષ્ય પ્રમાણે ચારે ગતિમાંથી કોઈ પણ ગતિમાં જાય છે.

૨૪) પ્રથમ શુભ લેશ્યા હતી. હવે કોઈ પણ લેશ્યમાં પ્રવર્તે છે.

૨૫) આ રીતે છેલ્લો ગ્રાસ (અંતર્મુહૂર્ત પ્રમાણ) સમક્તિ મોહનીયને ઉદય ઉદીરણા વડે ભોગવીને નાશ કરે છે. અનંતર સમયે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

૨૬) સમ્યક્ત્વ મોહનીયની છેલ્લી, આવલિકા (લોકપ્રકાશના મતે ચરમ સમયને) ફક્ત ઉદય વડે ભોગવતો જીવ **વેદક સમ્યકત્વી** કહેવાય છે.

આ રીતે ક્ષાયિક પામવાનો પ્રારંભ મનુષ્ય જ કરે છે.

અને સમાપ્તિ ચારે ગતિમાં થાય છે. "પટ્ઠવગો અ મણુસો નિટ્ઠવગો ચઉસુવિ

ગઈસુ''.

ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જો બદ્ધાયુ ન હોય અથવા જિનનામ ન બાંધ્યું હોય તે અંતર્મુહૂર્ત પછી ક્ષપકશ્રેણિ કરે છે.

### ઉપશમ શ્રેણિ

ઉપશમ શ્રેણી કરનાર ત્રણ પ્રકારના જીવો હોય છે.

૧) કર્મગ્રંથકારના મતે દર્શન સપ્તકનો ઉપશમ કરી મોહનીયની ૨૮ની સત્તાવાળો ઉપશમ સમ્યક્ત્વી[૧]

૨) (અન્યમતે) અનંતાનુબંધીની વિસંયોજના (ક્ષય) કરી દર્શન ત્રિકની ઉપશમના કરનાર મોહનીયની ૨૪ ની સત્તાવાળો ઉપશમ સમ્યકત્વી.

૩) દર્શન સપ્તકનો ક્ષય કરનાર મોહનીયની ૨૧ની સત્તાવાળો બધ્ધાયુઃ ક્ષાયિક સમ્યકત્વી.

આ ત્રણે પ્રકારના જીવો ઉપશમ શ્રેણિ પ્રારંભે છે. તેમાં કરણકાળ પૂર્વે અંતર્મુહૂર્ત સુધી પ્રતિ સમયે અનંતગુણ વિશુદ્ધિવંત

૪) સાતમા ગુણ સ્થાનકે યથાપ્રવૃત્ત કરણ કરે

(કરણનું વર્ણન પ્રથમ કહ્યા મુજબ યથાયોગ્ય જાણવું)

૫) આઠમા ગુણસ્થાનકે અપૂર્વકરણ કરે.

અહીં આઠમા ગુણસ્થાનકનું નામ અપૂર્વકરણ એટલા માટે જ છે કે શ્રેણિમાં અહીં આઠમે અપૂર્વકરણ (અપૂર્વ અધ્યવસાય - અપૂર્વ પાંચકાર્યો) કરે છે.

૬) અપૂર્વકરણનો એક સંખ્યાતનો ભાગ ગયે છતે નિદ્રા પ્રચલાનો બંધ વિચ્છેદ થાય.

૭) બીજા સંખ્યાતા ભાગો ગયે છતે નામ કર્મની ત્રીસ પ્રકૃતિનો બંધ વિચ્છેદ

---

૧. અનંતા. ની ઉપશમના કરી શ્રેણિ ન ચડાય તેમના મતે મોહનીયની ૨૮ની સત્તા ૧ થી ૭ ગુણ. સુધી જ હોય.

થાય.

૮) અપૂર્વકરણના અંતે હાસ્યાદિ - ૪ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય.

૯) અહીં અપૂર્વકરણના પ્રથમ સમયથી આયુષ્ય વિનાના અશુભ સાતકર્મના સ્થિતિઘાતાદિ પાંચ કાર્યો કરે છે.

૧૦) અપૂર્વકરણસુધી સાતે કર્મનો બંધ અને સત્તા અંતઃકોડાકોડી સાગરોપમની હોય પરંતુ પ્રથમના ગુણસ્થાનકો કરતાં સંખ્યાતગુણહીન હોય.

૧૧) અહિ પ્રતિ સમયે ત્રિકાળવર્ત્તી જીવોના અધ્યવસાય પરસ્પર બધાના સરખા ન હોય નિવૃત્તિ ફેરફારવાળા હોય તેથી અપૂર્વકરણનું બીજુ નામ નિવૃત્તિકરણ ગુણસ્થાનક પણ કહેવાય છે.

૧૨) આ કરણમાં વર્તતો જીવ મોહનીયની એકેય પ્રકૃતિને ઉપશામવતો નથી. પરંતુ અનિવૃત્તિકરણમાં જ ઉપશમ થાય છે. છતાં અહીં ઉપશામક કહેવાય છે. કારણકે ઉપશમાવવાની પૂર્વ ભૂમિકા રૂપ કાર્ય અધ્યવસાયની વિશુદ્ધિના કારણે હોય છે માટે.

અહીં પ્રથમ સમયથી જ પહેલા ગુણ. ના અંતે બંધ વિચ્છેદ થતી અશુભ-૧૩ બીજા ગુણ. ની અંતે બંધ વિચ્છેદ થતી અશુભ-૧૯ ચોથા ગુણ. ના અંતે બંધ વિચ્છેદ થતા અપ્રત્યા. ૪, પાંચમાના અંતે બંધવિચ્છેદ થતા પ્રત્યા. ૪ છઠ્ઠાના અંતે બંધવિચ્છેદવાળી અરતિ-શોક વિગેરે ૬ એમ કુલ ૪૬ પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે. તેમજ આ ગુણસ્થા. માં બંધ વિચ્છેદ થતી નિદ્રાદ્વિક અશુભ વર્ણાદિ ૯ અને ઉપઘાતનો બંધ વિચ્છેદ પછી ગુણસંક્રમ થાય છે.

૧૩) અપૂર્વકરણ પછી નવમા ગુણસ્થાનકે અનિવૃત્તિકરણ કરે છે.

અહીં પ્રતિ સમયે. ત્રિકાળવર્ત્તી જીવોના અધ્યવસાય પરસ્પર સરખા ફેરફાર વિનાના હોય છે. તેથી આ ગુણસ્થાનકનું નામ પણ અનિવૃત્તિકરણ છે.

૧૪) અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી સાત કર્મના દેશોપશમના, નિદ્ધત્તિ, અને નિકાચના વિચ્છેદ થાય છે.

૧૫) અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી યાવત્ ઉપશાન્ત મોહ. ગુણ. સુધી સાત કર્મની સ્થિતિસત્તા અંતઃકોડાકોડી સાગરોપમની હોય છે. પરંતુ અહીં અનિવૃત્તિ ગુણ. માં સાતે કર્મનો બંધ અંતઃકોડી સાગરોપમ (પંચસંગ્રહના મતે અંતઃકોડા કોડી સાગરોપમ) હોય છે. પછી બંધ ઘટતો જાય છે એટલે

૧૬) ત્યારબાદ હજારો સ્થિતિબંધ ગયે છતે સહસ્રપૃથક્ત્વ સાગરોપમ પ્રમાણ સાત કર્મનો બંધ થાય છે.

૧૭) ત્યારબાદ અનુક્રમે હજારો - હજારો સ્થિતિબંધના આંતરે - આંતરે અનુક્રમે અસંજ્ઞી પંચે.ચઉરીન્દ્રિય - તેઈન્દ્રિય - બેઈન્દ્રિય- અને એકે. સમાન સ્થિતિબંધ થાય છે.

૧૮) ત્યારબાદ હજારો સ્થિતિબંધ ગયે છતે [1]એક પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે.

૧૯) ત્યાર પછી હજારો સ્થિતિબંધ ગયે છતે અનુક્રમે દેશઘાતી રસબંધ શરૂ થાય છે. એટલે કે તે પ્રકૃતિઓનો અત્યાર સુધી સર્વઘાતી રસબંધ હતો. હવે દેશઘાતી રસ બંધાય તે આ પ્રમાણે.

૧) પ્રથમ હજારો સ્થિતિબંધ ગયે છતે દાનાન્તરાય અને મનઃપર્યવજ્ઞાનેનો. ત્યારપછી

હજારો સ્થિતિબંધ પછી લાભાન્તરાય; અવધિદ્વિકનો દેશઘાતી રસ બાંધે.

હજારો સ્થિતિબંધ પછી ભોગાન્તરાય, શ્રુતજ્ઞાના. અચક્ષુદર્શનાવરણનો

હજારો સ્થિતિબંધ પછી ચક્ષુદર્શનાવરણનો

હજારો સ્થિતિબંધ પછી ઉપભોગાન્તરાય, મતિજ્ઞાના. નો

હજારો સ્થિતિબંધ પછી વીર્યાન્તરાયનો દેશઘાતી રસબંધ થાય છે.

૨૦) ત્યારપછી હજારો સ્થિતિબંધ ગયે છતે મોહનીયની ૨૧ પ્રકૃતિઓનું અંતરકરણ કરે છે. તેમાં (૧) કોઈપણ એક વેદ અને (૨) કોઈપણ એક સંજ્વલન

---

૧. જોકે અહીં કમ્મપયડી - પંચસંગ્રહ વિગેરેમાં સ્થિતિબંધનું વિસ્તારથી વિભાગ પ્રમાણે વર્ણન છે. પરંતુ અહીં ઘણો વિસ્તાર લખ્યો નથી તે ગ્રંથોમાંથી જાણી લેવું.

કષાયની પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્તની રાખે છે. અને બાકીની ૧૯ પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ એક આવલિકા રાખે છે.

૨૧) ઉદયવતી પ્રકૃતિના પ્રથમ સ્થિતિના ત્રણવેદ અને ચાર કષાયના ઉદયકાળનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે. સ્ત્રીવેદ અને નપુંસકવેદનો ઉદયકાળ સર્વથી અલ્પ અંતર્મુહૂર્ત (પરસ્પર સરખો) તેનાથી પુરુષવેદનો સંખ્યાતગુણ તેથી સં. ક્રોધ - માન - માયા અને લોભનો ઉદયકાળ વિશેષાધિક - વિશેષાધિક અંતર્મુહૂર્ત જાણવો.

૨૨) જો સંજ્વલન ક્રોધના ઉદયે શ્રેણિ આરંભે તો જ્યાં સુધી અપ્રત્યા. તથા પ્રત્યાખ્યાનાવરણનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજ્વલન ક્રોધનો ઉદય હોય છે. જો સંજ્વલન માનના ઉદયેશ્રેણિ આરંભે તો જ્યાં સુધી અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન માનનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજ્વલન માનનો ઉદય હોય છે. જો સંજ્વલન માયાના ઉદયે શ્રેણિ આરંભે તો જ્યાં સુધી અપ્રત્યા. તથા પ્રત્યા. માયાનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજ્વલન માયાનો ઉદય હોય છે. અને સંજ્વલન લોભના ઉદયમાં વર્તતો જીવ જો શ્રેણિ પ્રારંભે તો જ્યાં સુધી અપ્રત્યા. પ્રત્યા. લોભનો ઉપશમ ન થાય ત્યાં સુધી બાદર સંજ્વલન લોભનો ઉદય હોય છે.

૨૩) સર્વ પ્રકૃતિઓનું અંતરકરણ નીચેની (પ્રથમ) સ્થિતિની અપેક્ષાએ વિષમ અને ઉપરની (બીજા) સ્થિતિની અપેક્ષાએ સમાન હોય છે.

૨૪) અંતરકરણની ક્રિયા એક સ્થિતિઘાતના કાળમાં પૂર્ણ થાય છે.

૨૫) અંતરકરણના દલિકનો પ્રક્ષેપ વિધિ - અંતકરણ કરતી વખતે -

૧) જેનો બંધ અને ઉદય બંને હોય તેના અંતરકરણના દલિયા પ્રથમ અને દ્વિતીય એમ બંને સ્થિતિમાં નાંખે છે. જેમ પુરુષવેદારુઢ શ્રેણી આરંભે તો તેના અંતરકરણના દલિયા બંને સ્થિતિમાં નાંખે

૨) જેનો માત્ર ઉદય હોય પણ બંધ ન હોય તેના અંતરકરણના દલિયા પ્રથમ સ્થિતિમાં નાખે છે જેમ નપું. અથવા સ્ત્રીવેદના ઉદયમાં વર્તતો જીવ શ્રેણિ આરંભે તો તેના અંતરકરણના દલિયા પ્રથમ સ્થિતિમાં નાંખે.

૩) જેનો માત્ર બંધ હોય પરંતુ ઉદય ન હોય તેના અંતરકરણના દલિયા બીજી

સ્થિતિમાં નાંખે છે. જેમ નપું - અથવા સ્ત્રીવેદમાં વર્તતો શ્રેણિ આરંભે તા પુરુષવેદના દલિયા બીજી સ્થિતિમાં નાંખે.

૪) જેનો બંધ- ઉદય એકેય ન હોય તેના અંતરકરણના દલિયા પરપકૃતિમા નાંખે, જેમ અપ્રત્યા. પ્રત્યા. ના દલિયા સંજ્વલન કષાયમાં નાંખે.

૨૬) અંતરકરણની ક્રિયા શરૂ થયા પછી, પછીના સમયથી પ્રથમ નુપંસકવેદને ઉપશમાવે છે. તેમાં પ્રથમ સમયે થોડું દલિક, બીજા સમયે અસંખ્યગુણ, ત્રીજા સમયે અસંખ્યગુણ એમ યાવત્ અંતર્મુહુર્ત સુધી ઉપશમાવે.

તેમજ પ્રતિ સમયે જે દલિક ઉપશમાવે છે. તેના કરતાં પરપ્રકૃતિમાં અસંખ્યગુણ દલિક સંક્રમાવે છે. એટલે પ્રથમ સમયે ઉપશાન્ત દલિક કરતાં પરમાં અસંખ્યગુણ નાખે છે. એમ અતંર્મુહૂર્તમાં દ્વિચરમ સમય સુધી જાણવું.

ચરમ સમયે પરમાં નાખે તેના કરતાં ઉપશમ પામતું અસંખ્ય ગુણ સમજવું.

આમ અંતર્મુહૂર્ત કાળે નપુંસક વેદ ઉપશાન્ત થાય છે.

૨૭) નપુંસકવેદ ઉપશમાવ્યા પછી હજારો સ્થિતિબંધ ગયે છતે નપુંસકવેદમાં કહ્યા પ્રમાણે અંતર્મુહૂર્ત કાળે સ્ત્રીવેદ ઉપશમાવે છે.

૨૮) ત્યાર પછી હજારો સ્થિતિબંધ ગયે છતે પુરુષવેદ અને હાસ્યાદિ છ ને ઉપશમાવવાનું કાર્ય સાથે પૂર્વોક્ત રીતે કરે છે. પ્રથમ હાસ્યાદિનો ઉપશમ થાય છે. અને પુ. વેદનો બંધ - ઉદય વિરામ પામે છે.

૨૯) જ્યારથી અવેદક થયો ત્યારથી અપ્રત્યા. પ્રત્યા. અને સંજ્વલન ક્રોધ એમ ત્રણ ક્રોધને ઉપશમાવવાનું શરૂ કરે છે. સાથે સાથે સમયન્યૂન બે આવલિકા કાળમાં બાંધેલું પુરુષવેદનું દલિયું પણ તેટલા કાળે ઉપશમાવે છે.

૩૦) સંજ્વલન ક્રોધના ઉદયમાં શ્રેણિ આરંભ કરનારને ક્રોધની પ્રથમ સ્થિતિ સમયન્યૂન ત્રણ આવલિકા બાકી રહેતે છતે અપ્રત્યા. પ્રત્યા. ના દલિયા સંજ્વલન ક્રોધમાં ન નાખે પરંતુ સંજ્વલન માનાદિમાં નાખે. એટલે કે સં. ક્રોધ બંધ હોવા છતાં અપતદ્ગ્રહ બને છે.

સં. ક્રોધની પ્રથમ સ્થિતિ બે આવલિકા શેષ હોય ત્યારે આગાલ વિચ્છેદ થાય છે. અને એક આવલિકા બાકી હોય ત્યારે બંધ અને ઉદય ઉદીરણા વિચ્છેદ થાય છે. તે વખતે અપ્રત્યા - પ્રત્યા ક્રોધનો ઉપશમ પૂર્ણ થાય છે. સં. ક્રોધની પ્રથમ સ્થિતિ એક આવલિકા અને સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલા દલિક સિવાયનું સં. ક્રોધનુ દલિક પણ ઉપશમ થઈ જાય છે.

૩૧) જ્યારથી સં. ક્રોધનો બંધ ઉદય ઉદીરણા વિચ્છેદ થાય છે. ત્યારથી સં. માનની બીજી સ્થિતિમાંથી દલિયા આકર્ષીને પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ કરે છે. અને વેદે છે. તે વેદતો છતો અપ્ર. પ્રત્યા. અને સંજ્વલન માનને ઉપશામવાનું કાર્ય પણ શરૂ કરે છે.

સાથે સાથે સં. ક્રોધની બીજી સ્થિતિમાં સમયન્યૂન બે આવલિકામાં નવું બંધાયેલ દલિક નહી ઉપશમાવેલ છે. તેને તેટલા કાળે ઉપશમાવે છે. અને સં. ક્રોધની પ્રથમ સ્થિતિમાં એક આવલિકા બાકી છે તેનો સ્તિબુક સંક્રમ વડે સં. માનમાં સંક્રમાવી નાશ કરે છે.

૩૨) સં. માનને વેદતો છતો પ્રથમ સ્થિતિ સમયન્યૂન ત્રણ આવલિકા બાકી રહે તે છતે અપ્રત્યા, પ્રત્યા. માનના દલિયા સં. માનમાં ન નાખે એટલે કે સં. માન બંધ હોવા છતાં. અપતદ્ગ્રહ થાય. તેથી સં. માયાદિમાં નાખે. બે આવલિકા બાકી રહે ત્યારે આગાલ વિચ્છેદ થાય છે. અને એક આવલિકા બાકી હોય ત્યારે બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય છે. અપ્રત્યા. પ્રત્યા. માન સંપૂર્ણ ઉપશમ થાય છે. સંજ્વલન માનની પ્રથમ સ્થિતિ એક આવલિકા અને દ્વિતીય સ્થિતિમાં સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલ દલિયું બાકી છે. બાકીનું સં. માનનું પણ બધુ દલિયું ઉપશમી જાય છે.

૩૩) જ્યારથી સં. માનના બંધ - ઉદય - ઉદીરણા વિચ્છેદ થાય ત્યારથી સં. માયાની ઉપરની (બીજી) સ્થિતિમાંથી દલિયા આકર્ષી પ્રથમ સ્થિતિ કરે અને અંતર્મુહૂર્ત સુધી વેદે છે.

તે વેદતો છતો ત્રણ માયાને ઉપશમાવવાનું પણ કરે છે. અને સાથે સાથે સમયન્યૂન

બે આવલિકામાં નવું બંધાયેલ સં. માનનું દલિયું જે નહી ઉપશમેલ છે તેને પણ ઉપશમાવે છે. અને સં. માનની પ્રથમ સ્થિતિ એક આવલિકા છે. તેને સં. માયામાં સ્તિબુક સંક્રમ વડે સંક્રમાવી નાશ કરે છે.

૩૪) સં. માયાને વેદતો છતો પ્રથમ સ્થિતિ સમયન્યૂન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે અપ્રત્યા. પ્રત્યા. માયાના દલિયા સં. માયામાં ન નાખતાં સં. લોભમાં નાખે છે.

બે આવલિકા શેષ રહે છતે આગાલ વિચ્છેદ થાય છે. અને એક આવલિકા શેષ રહે ત્યારે સં. માયાના બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય છે. અપ્રત્યા. પ્રત્યા. માયા ઉપશમ પામે છે. અને સં. માયાની પણ પ્રથમ સ્થિતિ એક આવલિકા તથા બીજી સ્થિતિમાં સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલ દલિક સિવાય બધું ઉપશમ થઈ જાય છે.

૩૫) જ્યારથી સં. માયાના બંધ - ઉદય - ઉદીરણા વિચ્છેદ થાય છે. ત્યારથી સં. લોભની બીજી સ્થિતિમાંથી દલિયા આકર્ષી પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ કરે છે અને વેદે છે.

તે વેદતો છતો અપ્રત્યા. પ્રત્યા. લોભ અને બાદર સં. લોભને ઉપશમાવવાનું કાર્ય શરૂ કરે છે. અને તેની સાથે સાથે સં. માયાના સમયન્યૂન બે આવલિકાના કાળમાં નવા બંધાયેલા દલિકોને પણ ઉપમાવે છે. અને માયાની પ્રથમ સ્થિતિની એક આવલિકાને સ્તિબુક સંક્રમ વડે સં. લોભમાં સંક્રમાવી નાશ કરે છે.

૩૬) તેમજ સં. લોભને વેદતો છતો લોભ વેદવાના અંતર્મુહૂર્તના કાળના ત્રણ ભાગ કરે છે તેમાં પ્રથમ ત્રિભાગમાં અપૂર્વસ્પર્ધકો કરે છે.

**પૂર્વ સ્પર્ધકો :**

જ્યારે કાર્મણ વર્ગણા ગ્રહણ કરી કર્મ રૂપે આત્મ સાથે ચોંટે છે ત્યારે તે પરમાણુઓમાં કષાય સહિત લેશ્યાથી ઉત્પન્ન થયેલા અધ્યવસાયોવડે દરેક પરમાણુમાં સર્વ જીવ કરતાં અનંતગુણરસ ઉત્પન્ન થાય છે. તેમાં સર્વથી અલ્પ અને પરસ્પર સમાન રસાંશવાળા કેટલાક પરમાણુઓનો સમુહ તેનું નામ પ્રથમ

વર્ગણા. તેનાથી એક અધિક રસાંશવાળા કેટલાક કર્મ પરમાણુઓનો સમુહ તે બીજી વર્ગણા, તેનાથી એક અધિક રસાંશવાળા કેટલાક કર્મ પરમાણુઓનો સમુહ તે ત્રીજી વર્ગણા. આમ એક-એક (એકોત્તર) વૃદ્ધિવાળી અભવ્યથી અનંતગુણ વર્ગણાઓ બને છે. તેનું નામ પ્રથમ સ્પર્ધક - પૂર્વ સ્પર્ધક

પછી એક અધિક રસાંશવાળા કર્મ પરમાણુઓ નથી. બે અધિક રસાંશવાળા કર્મ પરમાણુઓ હોતા નથી. પરંતુ પ્રથમ સ્પર્ધકની છેલ્લી વર્ગણા કરતાં સર્વ જીવ કરતાં અનંતગુણ રસવાળા કર્મ પરમાણુઓ હોય, તેવા સમાન રસાંશવાળા કર્મ પરમાણુઓનો સમુહ તેનું નામ બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા. પછી પ્રથમ સ્પર્ધકની જેમ અભવ્યથી અનંતગુણી એકોત્તર વૃદ્ધિવાળી વર્ગણાઓ થાય તેનું નામ બીજું સ્પર્ધક.

એમ એક સમયે ગ્રહણ કરેલ કર્મ પરમાણુઓમાંથી આવા અનંતા સ્પર્ધકો બને. તે બધા સ્પર્ધકોનો સમુહ તેનુ નામ એક રસસ્થાન:

**અપૂર્વ સ્પર્ધક** - આમ જીવે પહેલાં બાંધેલા રસસ્થાનના પૂર્વ સ્પર્ધકોમાંથી વર્ગણાઓ ગ્રહણ કરી તેના રસને અનંતગુણ હીન કરે. પરંતુ એકોત્તર વૃદ્ધિનો ક્રમ રહેવા દે તેનું નામ **અપૂર્વસ્પર્ધક.**

આ રીતે પ્રથમ ત્રિભાગમાં અપૂર્વ સ્પર્ધકો કરે. અર્થાત્ રસ અનંતગુણ હીન કરે પરંતુ એકોત્તર વૃદ્ધિનો ક્રમ રહે છે.

**૩૭) કિટ્ટિ કરણાદ્ધા**

ત્યાર પછી પૂર્વ સ્પર્ધકો અને અપૂર્વ સ્પર્ધકોની વર્ગણાઓ ગ્રહણ કરી રસ અનંત ગુણ હીન કરે અને વર્ગણાઓનો એકોત્તર વૃદ્ધિનો ક્રમ પણ ન રહે તે કિટ્ટિ કહેવાય, લોભ વેદવાના કાળના બીજા તૃતીયાંશ ભાગમાં કિટ્ટિઓ કરે છે.

૩૮) બાદર સં. લોભને વેદતો છતો પ્રથમ સ્થિતિ સમયન્યુન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે અપ્ર. પ્રત્યા. લોભના દલિયા સં. લોભમાં ન નાખે પરંતુ સ્વસ્થાને જ ઉપશમાવે, સં. લોભની પ્રથમ સ્થિતિ બે આવલિકા શેષ રહે ત્યારે આગાલ વિચ્છેદ થાય અને એક આવલિકા શેષ રહે ત્યારે સં. લોભનો બંધ બા.સં. લોભનો

ઉદય - ઉદીરણા વિચ્છેદ થાય તે વખતે.

૩૯) (૧) નવમું ગુણસ્થાનક પૂર્ણ થાય

(૨) બાદર સં. લોભનો ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય.

(૩) સં. લોભનો બંધ વિચ્છેદ થાય

(૪) અપ્રત્યા. પ્રત્યા., લોભનો સંપૂર્ણ ઉપશમ થાય

(૫) સં. લોભની પ્રથમ સ્થિતિ એક આવલિકા તથા સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલ દલિયું અને કિટ્ટિઓ સિવાયનું સં. લોભનું બાકીનું બધું દલિયું ઉપશમ પામે.

૪૦) અનન્તર સમયે બીજી સ્થિતિમાંથી કેટલીક કિટ્ટિઓ આકર્ષીને પ્રથમ સ્થિતિ રૂપે ગોઠવે છે. એટલે સૂક્ષ્મ સંપરાયના કાળ પ્રમાણ - અંતર્મુહૂર્ત સુધી ઉદયમાં આવે તે રીતે પ્રથમ સ્થિતિ રૂપે બનાવે છે. અને ભોગવે છે.

૪૧) પ્રથમ સ્થિતિ રૂપ કરેલ કિટ્ટિઓને ઉદય - ઉદીરણા વડે ભોગવતો જીવ **સૂક્ષ્મ સંપરાય** કહેવાય છે.

સૂક્ષ્મ સંપરાયમાં વર્તતો જીવ દ્વિતીય સ્થિતિમાં રહેલ સમયન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલ બાદર લોભને તેટલા કાળે તથા સૂક્ષ્મ કિટ્ટિઓને પણ સમયે સમયે સાથે ઉપશમાવે છે.

વળી બાદર સં. લોભની પ્રથમ સ્થિતિમાં રહેલ એક આવલિકાને સ્તિબુક સંક્રમ વડે સૂક્ષ્મ કિટ્ટિઓમાં સંક્રમાવી નાશ કરે છે.

૪૨) સૂક્ષ્મ કિટ્ટિઓને ભોગવતો અને શેષ સં. લોભને ઉપશમાવતો સૂક્ષ્મ સંપરાય ગુણ. ના ચરમ સમય સુધી જાય છે.

૪૩) અનન્તર સમયે સૂ. લોભનો ઉદય - ઉદીરણા વિચ્છેદ થવાથી **ઉપશાન્ત મોહ ગુણ.** ને પ્રાપ્ત કરે છે.

અહીં સં. લોભનો સંપૂર્ણ ઉપશમ થઈ ગયો છે. તેથી તે **ઉપશાન્ત મોહ વીતરાગ** કહેવાય છે. આ રીતે ઉપશમ શ્રેણિ પ્રાપ્ત કરે છે.

૪૪) ઉપશાન્ત મોહ વીતરાગપણાનો કાળ

ભવક્ષયે - જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત

કાળક્ષયે - જ. - ઉ. - અંતર્મુહૂર્ત

અહીં અધ્યવસાયો સ્થિર હોય છે. દરેક સમયે સરખા હોય છે.

૪૫) જો આયુષ્ય પૂર્ણ થઈ જાય તો ઉપશમ શ્રેણિમાં ચડતાં અથવા અગ્યારમાં ગુણસ્થાનકે તેમજ પડતા જઘન્યથી ૮ થી ૧૧ ગુણ. માં એક સમય કાળ ઘટે છે.

અને જો શ્રેણિમાં આયુષ્ય પૂર્ણ ન થાય તો દરેક ગુણ. માં અંતર્મુહૂર્ત રહીને અનુક્રમે પડે છે. અને છઠ્ઠુ - સાતમું ગુણ. પામે છે.

તેથી પણ પતિત પરિણામી હોય તો છઠ્ઠા - સાતમામાંથી પડી પાંચમે - ચોથે - બીજે - અને પહેલા ગુણ. માં પણ આવે છે.

આ રીતે ઉપશમ શ્રેણિ પ્રાપ્ત કરી અંતર્મુહૂર્ત કાલે પડી કોઈક આત્મા ફરી પણ ઉપશમ શ્રેણિ કરી શકે છે.

ઉપશમ શ્રેણિ એક ભવમાં ઉત્કૃષ્ટથી બે વાર અને સંસાર ચક્રમાં ચાર વાર પમાય છે.

જે આત્મા એક વાર ઉપશમ શ્રેણિ ચડે તે પછી ક્ષપણ શ્રેણિ કરી શકે છે. પરંતુ બે વાર ઉપશમ શ્રેણિ કરનાર તે ભવમાં ક્ષપક શ્રેણિ કરી શકે નહી.[1]

## ક્ષપકશ્રેણિ

**अणमिच्छ मीस सम्मं, तिआउइविगलथीण तिगुज्जोअं।**
**तिरि निरय थावरदुगं, साहारायव अडनपुत्थी ॥99॥**

૧. ઉપશમ શ્રેણિમાં મરણ પામે તે અનુત્તર માં જ જાય. તેવું માનનારના મતે બીજા અને ત્રીજા સંઘયણ વડે શ્રેણિ ચડે તે શ્રેણિમાં મરણ ન પામે. પ્રથમ સંઘયણવાળા જ મરણ પામે. કેટલાકના મતે પ્રથમ સંઘયણવાળા મરણ પામે તો અનુત્તર વૈમાનિક સુધી જાય. અને બીજા ત્રીજા સંઘયણવાળા મરણ પામે તે ૧૨ દેવલોકમાં જાય

**छगपुमसंजलणादो, निद्दाविग्धावरणखए नाणी ।**
**.दिंदसूरिलिहिअं, सयगमिणं आयसरणट्ठा ॥100॥**

लिहिअं - લખ્યો છે. सयगं - સો ગાથા પ્રમાણ શતકનામા ગ્રંથને
इणं - આ आयसरणट्ठा - પોતાને સંભારવા માટે

**અર્થ :** ક્ષપક શ્રેણિવાળો અનંતાનુબંધિ કષાય, મિથ્યાત્વ મોહનીય મિશ્ર મોહનીય, સમ્યકત્વ મોહનીય, ત્રણ આયુષ્ય, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, થીણદ્ધિત્રિક, ઉદ્યોતનામ, તિર્યંચદ્વિક, નરકદ્વિક, સ્થાવરદ્વિક, સાધારણનામ. આતપનામ, આઠ (બીજા, ત્રીજા) કષાય, નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યષટ્ક, પુરુષવેદ, સંજ્વલન કષાયો, બે નિદ્રા, પાંચ અંતરાય, અને નવ આવરણોનો ક્ષય થયે છતે કેવલી થાય. શ્રી દેવેન્દ્રસૂરિએ આ શતકનામા કર્મગ્રંથ પોતાના સ્મરણ માટે લખ્યો છે.

**ક્ષપકશ્રેણિનું વિસ્તારથી સ્વરૂપ**

ક્ષપક શ્રેણિ પ્રારંભ કરે તે મનુષ્ય અવશ્ય આઠ વર્ષ ઉપરની ઉંમરનો હોય. વિશુદ્ધિ વગેરે પૂર્વની જેમ સમજવું.

ક્ષપકશ્રેણિ આરંભતો મનુષ્ય ૭ મા ગુણઠાણામાં વર્તતો દર્શન સપ્તકનો ક્ષય થયા પછી અબધ્યાયુ: આત્મા ક્ષપકશ્રેણિ કરે. એટલે ચારિત્ર મોહનીયની ૨૧ પ્રકૃતિનો ક્ષય કરવા ત્રણ કરણ કરવા પૂર્વક ક્ષપકશ્રેણિ પ્રારંભે તેમાં

૧) **યથાપ્રવૃત્તકરણ** - અપ્રમત્તસંયમ ગુણસ્થાનકે અંતર્મુહૂર્ત કાળે આ કરણ કરે યથાપ્રવૃત્તકરણનું વર્ણન પૂર્વની જેમ જાણવું ત્યાર પછી

૨) **અપૂર્વકરણ** - અપૂર્વકરણ ગુણસ્થાનકે આ કરણ કરે. ક્ષપક અને ઉપશામકને આ ગુણસ્થાનકે આજ સુધી ન આવ્યા હોય તેવા અપૂર્વ અધ્યવસાય અહીં હોય છે. તેથી જ આ ગુણસ્થાનકનું નામ પણ અપૂર્વ કરણ ગુણસ્થાનક છે. અપૂર્વકરણનું વર્ણન પણ પૂર્વની જેમ જાણવું. અહિં અબધ્યમાન અશુભ પ્રકૃતિઓનો ગુણસંક્રમ પણ થાય છે.

૩) અપૂર્વકરણનો એક સાતમો ભાગ ગયે છતે નિદ્રા પ્રચલાનો બંધ વિચ્છેદ

થાય.

૪) સાતીયા છ ભાગ (૬/૭ ભાગ) ભાગ ગયે છતે નામકર્મની ત્રીસ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય છે.

૫) અપૂર્વકરણના ચરમ સમયે હાસ્ય, રતિ, ભય અને જાુગુપ્સા મોહનીયનો બંધ વિચ્છેદ થાય છે.

૬) અપૂર્વકરણ - પ્રથમ સમયે સાત કર્મનો બંધ અને સ્થિતિસત્તા અંતઃકોડાકોડી સાગ. હતી તેના કરતાં અપૂર્વકરણનાં ચરમ સમયે સંખ્યાત ગુણ હીન અંતઃકોડાકોડી સ્થિતિબંધ અને સ્થિતિસત્તા હોય છે.[1]

૭) **અનિવૃત્તિકરણ** - ત્યાર પછી અનન્તર સમયે અનિવૃત્તિ કરણ કરે છે.

અહિં ત્રિકાળવર્તી (એટલે) ભૂતકાળમાં અનિવૃત્તિ કરનાર વર્તમાનકાળે આ કરણ કરનાર અને ભવિષ્યકાળમાં આ કરણ કરનારા જીવોના પરસ્પર સમાન અધ્યવસાય હોય છે. અને તેથી જ આ ગુણસ્થાનકનું નામ અનિવૃત્તિકરણ છે.

જો કે ઉપશમશ્રેણિ કરનારના અનિવૃત્તિકરણના અધ્યવસાય કરતાં ક્ષપકશ્રેણિ કરનારની વિશુદ્ધિ દ્વિગુણ હોય છે. છતાં ઉપશામક જીવોને પરસ્પર સમાન અને ક્ષપકને પરસ્પર સમાન અધ્યવસાય હોય છે. માટે અનિવૃત્તિકરણ જ કહેવાય છે. આ કરણનું કેટલુંક વર્ણન પણ પૂર્વની જેમ જાણવું.

૮) વિશેષ - અનિવૃત્તિકરણના પ્રથમ નવમા ભાગમાં સ્થાવર, સૂક્ષ્મ, તિર્યંચદ્વિક નરકદ્વિક, આતમ, ઉદ્યોત, જાતિચતુષ્ક, સાધારણ એ તેર નામ કર્મની અને થિણદ્ધિ ત્રિક એમ ૧૬ પ્રકૃતિની ઉદ્વલના અને ગુણસંક્રમ વડે સંક્રમાવતો ક્ષય કરે છે. અને ઉદયાવલિકાનો સ્તિબુક સંક્રમવડે સંક્રમાવી નાશ કરે છે. તેથી નવમા ગુણસ્થાનકના બીજાભાગે આઠ કર્મની ૧૨૨ની સત્તા રહે છે.

૯) ત્યારપછી બીજા ભાગે અપ્રત્યખાન - પ્રત્યાખ્યાનાવરણ કષાયને ઉદ્વલના

---

૧. અપુર્વકરણના અંતે અપ્રત્યા. પ્રત્યા. કષાયની સ્થિતિસત્તા પલ્યો. નો અસં. ભાગ રહે છે.

અનુવિધ્ધ ગુણસંક્રમ વડે સંક્રમાવતો ઉદયાવલિકા રહિત સર્વ તે કષાયોને સંક્રમાવી નાશ કરે છે. અને એક આવલિકા જેટલું બાકી રહે તે સ્તિબુક સંક્રમવડે સંક્રમાવી નાશ કરે છે. તેથી નવમા ગુણ. ના બીજા ભાગના અંતે આઠ કષાયનો ક્ષય થવાથી સર્વ કર્મની ૧૧૪ની સત્તા રહે છે.

૧૦) ત્યારપછી નવ નોકષાય અને ચાર સંજ્વલન એમ તેર પ્રકૃતીઓનું અંતરકરણ કરે છે. તેમાં જે વેદ અને જે કષાયનો ઉદય હોય તેની પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્તની રાખે છે. શેષ ૧૧ પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ એક આવલિકા રાખે છે અંતરકરણના દલિકનો પ્રક્ષેપવિધિ ઉપશમશ્રેણિમાં જણાવ્યા પ્રમાણે સમજવો.

૧૧) એક સ્થિતિઘાતના કાળમાં અંતરકરણની ક્રિયા પૂર્ણ કરે છે. એટલે કે સ્થિતિઘાત, સ્થિતિબંધ અને અંતરકરણ સાથે શરૂ થાય છે. અને સાથે પૂર્ણ થાય છે. એટલે એક સ્થિતિઘાતના પ્રમાણવાળા અંતર્મુહૂર્તમાં અંતરકરણ કરે છે.

૧૨) અંતરકરણની ક્રિયા પૂર્ણ થયા પછી નપુંસકવેદને વિશેષે કરીને ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમવડે સંક્રમાવી નાશ કરે છે.

જો કે અર્પૂવકરણથી અશુભ અબધ્યમાન પ્રકૃતિઓનો ઉદ્વલના સહિત ગુણ સંક્રમ શરૂ થઈ જાય છે. તો પણ જેનો પ્રથમ ક્ષય કરવાનો હોય તેનો વિશેષ પ્રમાણમાં ઉદ્વલના સહિત ગુણસંક્રમ કરે છે. નપુંસક વેદના ઉદયે શ્રેણિ ન ચડયો હોય તો તેની પ્રથમ સ્થિતિ એક આવલિકા હોય તેને સ્તિબુક સંક્રમ વડે સંક્રમાવી નાશ કરે છે.

૧૩) આ રીતે નપુ. ની સત્તાનો ક્ષય થયે છતે મોહનીયની ૧૨ની સત્તા રહે છે. અને આઠ કર્મની ૧૧૩ની સત્તા રહે છે.

૧૪) નપુંસકવેદની જેમ સ્ત્રીવેદનો પણ અંતર્મુહૂર્ત કાળે ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ વડે ક્ષય કરે છે. ત્યારે મોહનીયની ૧૧ અને સર્વકર્મની ૧૧૨ની સત્તા હોય છે.

૧૫) ત્યારપછીથી હાસ્યાદિ છ અને પુરુષવેદનો ક્ષય કરવા માંડે છે. તે વખતે પુરુષવેદની પ્રથમ સ્થિતિ જો ઉદયવતી હોય તો ભોગવીને નાશ કરવાનું કરે છે.

૧૬) તેની પ્રથમ સ્થિતિ બે આવલિકા શેષ હોય ત્યારે આગાલ વિચ્છેદ થાય છે. એટલે કે બીજી સ્થિતિમાંથી દલિયા લાવી ઉદયાવલિકામાં નાખતો નથી.

૧૭) તેમજ પ્રથમસ્થિતિ સમયન્યૂન બે આવલિકા શેષ હોતે છતે પુરુષવેદ અપતદ્ગ્રહ થાય છે. એટલે હાસ્યાદિના બીજી સ્થિતિના ઉવેલાતા દલિયા પુરૂષવેદમાં ન નાખતાં સંજ્વલન ક્રોધાદિમાં નાખે છે.

૧૮) પુરૂષવેદની પ્રથમ સ્થિતિ એક આવલિકા શેષ રહે ત્યારે તેની ઉદીરણા વિચ્છેદ થાય છે. ત્યારપછી

૧૯) પ્રથમ સ્થિતિની એક આવલિક ભોગવાયે છતે પુરુષવેદનો બંધ ઉદય વિચ્છેદ થાય છે.

તે સમયે હાસ્યાદિ નો સંપૂર્ણ ક્ષય થાય છે અને પુરુષ વેદ સમય ન્યૂન બે આવલિકામાં બંધાયેલ સિવાય બધું ક્ષય થાય છે. પુરુષવેદની સત્તાને તે તેટલા કાળે સં. ક્રોધની સાથે ઉદ્વલના સહિત ગુણસંક્રમ વડે અને છેલ્લે સર્વસંક્રમ વડે ક્ષય કરે છે.

૨૦) જે સમયે પુરુષવેદનો બંધ અને ઉદય વિચ્છેદ થયો ત્યારથી મુખ્યતયા સં. ક્રોધને ક્ષય કરવા માંડે છે.

સં. ક્રોધના દ્વિતીય સ્થિતિગત દલિકને નાશ કરતો આ પ્રથમ સ્થિતિને અંતર્મુહૂર્ત કાળ સુધી ભોગવે છે અને તે ભોગવતો આત્મા સં. ક્રોધના વેદવાના અંતર્મુહૂર્તના કાળના ત્રણભાગ કરે છે. અર્થાત્ અંતર્મુહૂર્તમાં ત્રણ કાર્ય થાય છે. (૧) અશ્વકરણકરણાદ્ધા (૨) કિટ્ટીકરણાદ્ધા અને (૩) કિટ્ટીવેદનાદ્ધા

**૨૧) અશ્વકરણ કરણાદ્ધા** - તેમાં પ્રથમ ત્રિભાગમાં અશ્વકરણ કરણાદ્ધામાં વર્તતો આત્મા અપૂર્વ સ્પર્ધકો કરે છે. તેમજ સમયન્યુન બે આવલિકાના બંધાયેલ પુરૂષવેદને તેટલા કાળે ક્ષય કરે છે.

અપૂર્વસ્પર્ધકોનું વર્ણન ઉપશમ શ્રેણીમાં જણાવ્યા પ્રમાણે સમજવું. (જુઓ પા. ૨૩૦)

૨૨) **કિટ્ટી કરણાદ્ધા** - બીજા ત્રિભાગમાં કિટ્ટીઓ કરે તેનુ વર્ણન પણ ઉપશમ શ્રેણિમાં બતાવ્યા પ્રમાણે જાણવું. (જુઓ પા. ૨૩૦)

કિટ્ટીઓ પરમાર્થથી તો અનંતી હોય છે પરંતુ અહીં એક કષાયની ત્રણ ત્રણ કલ્પવી અર્થાત્ એક એક કલ્પેલી કિટ્ટીમાં અનંતી અનંતી કિટ્ટીઓનો સમાવેશ જાણવો.

૨૩) તેમાં પ્રથમ કિટ્ટી (જઘન્ય રસવાળી) ના રસ કરતાં બીજી કિટ્ટીનો રસ અનંત ગુણ. અધિક તેના કરતાં ત્રીજી કિટ્ટીનો રસ અનંતગુણ અધિક એમ દરેક કષાયમાં સમજવું.

૨૪) ક્રોધના ઉદયમાં શ્રેણિ આરંભનારની અપેક્ષાએ એક એક કષાયની ત્રણ હોવાથી ૧૨ કિટ્ટીઓ કરે પરંતુ માનના ઉદયમાં શ્રેણી આરંભનાર ક્રોધની કિટ્ટીઓ ન કરે પરંતુ તેને સ્ત્રીવેદારૂઢ જેમ પુરુષવેદનો ક્ષય કરે તેમ સં. ક્રોધનો ક્ષય કરે.

૨૫) તેજ રીતે માયાના ઉદયે શ્રેણિ આરંભ કરનારને માયા અને લોભની છ કિટ્ટીઓ થાય અને લોભના ઉદયે શ્રેણી આરંભનાર લોભની ત્રણ કિટ્ટીઓ કરે અને સં. ક્રોધ, માન, અને માયાનો પુરૂષવેદની જેમ ક્ષય કરે.

૨૬) **કિટ્ટીવેદનાદ્ધા** - સં. ક્રોધના ઉદયમાં વર્તતો જીવ કિટ્ટીકરણાદ્ધાના પછીના સમયથી દ્વિતીય સ્થિતિમાં રહેલ સં. ક્રોધની પ્રથમ કિટ્ટીના દલિયા આકર્ષીને પ્રથમ સ્થિતિ રૂપે અંતર્મુહૂર્ત પ્રમાણ ગોઠવે અને તેની એક આવલિકા બાકી રહે ત્યા સુધી ભોગવે.

૨૭) ત્યારબાદ બીજી સ્થિતિમાંથી બીજી કિટ્ટીના દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિ રૂપે અંતર્મુહૂર્ત પ્રમાણ ગોઠવે અને એક આવલિકા બાકી રહે ત્યાં સુધી ભોગવે.

૨૮) બીજી કિટ્ટીના પ્રથમ સ્થિતિરૂપ ગોઠવેલ દલિકને ભોગવતો પ્રથમ કિટ્ટીની એક આવલિકા શેષ છે. તેને પણ તેની સાથે સંક્રમાવી ભોગવે.

૨૯) બીજી કિટ્ટીની પ્રથમ સ્થિતિરૂપે કરેલ દલિકની એક આવલિકા શેષ રહે ત્યારે ત્રીજી કિટ્ટીના દલિયા આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે અંતર્મુહૂર્ત પ્રમાણે ગોઠવે અને એક આવલિકા બાકી રહે ત્યાં સુધી ભોગવે.

૩૦) આ રીતે ત્રણ કિટ્ટીને ભોગવવાના કાળ દરમ્યાન સં. ક્રોધની બીજી સ્થિતિમાં રહેલ દલિયાને ઉદ્વલના સંક્રમ વડે સંક્રમાવે.

ત્રીજી કિટ્ટીની પ્રથમ સ્થિતિ એક આવલિકા શેષ રહે ત્યારે.

૩૧) સં. ક્રોધના બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય છે તે વખતે પ્રથમ સ્થિતિમાં રહેલ એક આવલિકા અને દ્વિતીય સ્થિતિમાં નવુ બંધાયેલ સમય ન્યુન બે આવલિકા સિવાયનું બધું ક્ષય થઈ જાય છે.

૩૨) જે સમયે ક્રોધના બંધાદિ વિચ્છેદ થાય છે. તેના પછીના સમયથી સંજ્વ. માનની દ્વિતીય સ્થિતિમાંથી પ્રથમ કિટ્ટીરૂપ દલિયા આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે ગોઠવે છે અને ભોગવે છે.

તેની સાથે સં. ક્રોધનું પ્રથમ સ્થિતિનું ત્રીજી કિટ્ટીનું એક આવલિકાનું બાકી છે તેને સ્તિબુકસંક્રમ વડે પ્રથમ સ્થિતિમાં સંક્રમાવી નાશ કરે છે. અને

દ્વિતીય સ્થિતિમાં રહેલા સં. ક્રોધના દલિયાને સમય ન્યુન બે આવલિકા કાળે ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ વડે સંક્રમાવી ચરમ સમયે સર્વ સંક્રમ વડે સંક્રમાવે છે. અને સંપૂર્ણ ક્ષય થાય છે.

૩૩) સં. માનની પ્રથમ સ્થિતિ રૂપ કરેલ પ્રથમ કિટ્ટી એક આવલિકા શેષ રહે ત્યારે સં. માનની બીજી સ્થિતિમાંથી બીજી કિટ્ટીના દલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિ રૂપ કરે અને આવલિકા શેષ રહે ત્યાં સુધી વેદે ત્યાર પછી ત્રીજી કિટ્ટીને પ્રથમ સ્થિતિ રૂપે કરે અને વેદે

૩૪) અહીં પ્રથમ સ્થિતિની પ્રથમ કિટ્ટીની એક આવલિકા, બીજી કિટ્ટી સાથે ભોગવાય. બીજી કિટ્ટીની એક આવલિકા ત્રીજી કિટ્ટી સાથે ભોગવાય અને ત્રીજી કિટ્ટીની પ્રથમ સ્થિતિની આવલિકા સં. માયાની પ્રથમ કિટ્ટી સાથે સ્તિબુક સંક્રમવડે સંક્રમાવી ભોગવે છે.

૩૫) સં. માનની ત્રણે કિટ્ટીઓને ભોગવતો તેના દ્વિતીય સ્થિતિમાં રહેલા દલિયાને ઉદ્વલના સંક્રમવડે સંક્રમાવી નાશ કરે.

૩૬) સં. માનની ત્રીજી કિટ્ટીની એક આવલિકા બાકી હોય ત્યારે સં. માનના બંધ - ઉદય ઉદીરણા વિચ્છેદ થાય.

૩૭) પ્રથમ સ્થિતિમાં ત્રીજી કિટ્ટીનું એક આવલિકા અને બીજી સ્થિતિમાં રહેલું સમય ન્યૂન બે આવલિકાનુ બંધાયેલ સિવાયનું સં. માનનું બધું દલિયું ક્ષય થઈ જાય છે.

૩૮) અનંતર સમયથી સં. માયાની દ્વિતીય સ્થિતિમાં રહેલ પ્રથમ કિટ્ટીના દલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિ રૂપે કરે અને અંતર્મુહૂર્ત પર્યંત એક આવલિકા શેષ રહે ત્યાં સુધી વેદે. તેની સાથે સં. માનની પ્રથમ સ્થિતિ એક આવલિકા શેષ રહેલ છે. તેને માયામાં સ્તિબુક સંક્રમવડે સંક્રમાવી ભોગવે.

અને સં. માનની દ્વિતીય સ્થિતિનું સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલ નવુ દલિક બાકી છે તેને તેટલા કાળે ઉદ્‌વલના અનુવિધ્ધ ગુણસંક્રમ વડે સંક્રમાવી ચરમ સમયે સર્વ સંક્રમવડે સંક્રમાવે છે. અને નાશ કરે છે.

૩૯) સં. માયાની પ્રથમ કિટ્ટી એક આવલિકા શેષ રહે ત્યારે બીજી કિટ્ટીનું દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે અને વેદે. તેની એક આવલિકા શેષ રહે છતે ત્રીજી કિટ્ટીના દલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિ રૂપે કરે અને વેદે, સં. માયાની પ્રથમ સ્થિતિમાં શેષ રહેલ પ્રથમ કિટ્ટીની આવલિકાને બીજી કિટ્ટી સાથે બીજી કિટ્ટીની શેષ આવલિકાને ત્રીજી કિટ્ટી સાથે અને ત્રીજી કિટ્ટીની શેષ આવલિકાને સં. લોભની પ્રથમ કિટ્ટીમાં સ્તિબુકસંક્રમ વડે સંક્રમાવી નાશ કરે.

૪૦) સં. માયાની ત્રણ કિટ્ટીઓને ભોગવતો સં. માયાની બીજી સ્થિતિમાં રહેલા દલિયાને ઉદ્‌વલના સંક્રમવડે નાશ કરે.

ત્રીજી કિટ્ટીનું પ્રથમ સ્થિતિનું એક આવલિકા અને સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલ સિવાય સં. માયાનું સર્વ દલિક નાશ થાય છે.

૪૧) સં. માયાની ત્રીજી કિટ્ટીની પ્રથમ સ્થિતિમાં એક આવલિકા શેષ રહે ત્યારે સં. માયાના બંધ - ઉદય - ઉદીરણા વિચ્છેદ થાય.

૪૨) ત્યારથી સં. લોભની દ્વિતીય સ્થિતિમાં રહેલ પ્રથમ કિટ્ટીના દલિયાને આકર્ષીને

પ્રથમ સ્થિતિ રૂપે કરે અને એક આવલિકા શેષ રહે ત્યાં સુધી અતંર્મુહૂર્ત પર્યંત વેદે છે.

તેની સાથે સં. માયાની ત્રીજી કિટ્ટીની એક આવલિકાને પણ સ્તિબુક સંક્રમવડે સંક્રમાવી નાશ કરે અને સમયન્યુન બે આવલિકાનું બંધાયેલ દલિકને તેટલા કાળે ઉદ્વલના સહિત ગુણ સંક્રમવડે સંક્રમાવતો ચરમ સમયે સર્વ સંક્રમવડે સંક્રમાવી નાશ કરે.

૪૩) સં. લોભની પ્રથમ સ્થિતિમાં પ્રથમ કિટ્ટીની એક આવલિકા બાકી રહે ત્યારે બીજી કિટ્ટીના દલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે અને એક આવલિકા બાકી રહે ત્યાં સુધી અંતર્મુહૂર્ત પર્યંત વેદે.

૪૪) બીજી કિટ્ટીને વેદતો જીવ બીજી સ્થિતિમાં રહેલ ત્રીજી કિટ્ટીની સૂક્ષ્મ કિટ્ટીઓ કરે તે યાવત્ અનિવૃત્તિના ચરમ સમય સુધી કિટ્ટીઓ કરે છે.

૪૩) **સૂક્ષ્મ કિટ્ટીઓ** - અહીં પરિણામની અત્યંત વિશુદ્ધિ હોવાથી પ્રથમ સં. કષાયની જે બાર કિટ્ટીઓ કરી છે તેના કરતાં પણ અતિઘણા ઓછા રસવાળી અને વર્ગણાઓના એકોત્તર વૃદ્ધિના ક્રમને તોડીને વર્ગણાના દલિયાના રસને અનંત ગુણ હીન રસવાળા કરે.

ચૂર્ણ રૂપે એટલે અતિ અલ્પ રસવાળા એકોત્તર વૃદ્ધિના ક્રમ રહિત સં. લોભના દલિયાને બનાવંવા તે **સૂક્ષ્મ કિટ્ટી** કહેવાય.

૪૪) સં. લોભની બીજી કિટ્ટીની એક આવલિકા બાકી રહે છતે.

૧) બા. સં. લોભનો ઉદય વિચ્છેદ થાય (૨) સં. લોભનો બંધ વિચ્છેદ થાય (૩) સૂક્ષ્મ કિટ્ટીઓ કરવાનું કાર્ય પૂર્ણ થાય (૪) અનિવૃત્તિ ગુણ. પૂર્ણ થાય

૪૫) અનન્તર સમયે બીજી સ્થિતિમાં રહેલ સૂક્ષ્મ કિટ્ટીઓ આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે અને ઉદય - ઉદીરણાવડે ભોગવે તે વખતે જીવ **સૂક્ષ્મસંપરાય** કહેવાય.

૪૬) સૂક્ષ્મ કિટ્ટીઓને વેદતો સૂક્ષ્મસંપરાયે વર્તતો જીવ. સં. લોભની બાદર બીજી

કિટ્ટીની એક આવલિકા શેષ છે તેને સ્તિબુક સંક્રમવડે સંક્રમાવી સૂક્ષ્મ કિટ્ટીઓની સાથે ભોગવી નાશ કરે.

તેમજ અહીં સૂક્ષ્મ કિટ્ટીઓને ભોગવતો સં. લોભને બીજે ક્યાંય નહી સંક્રમાવતો હોવાથી સ્થિતિઘાતાદિ વડે નવા બંધાયેલ લોભને, અને નહિ ઉદયમાં આવતી સૂક્ષ્મ કિટ્ટીઓને નાશ કરવાનું પણ કરે છે.

૪૭) સૂક્ષ્મ સંપરાય ગુણ. નો એક સંખ્યાતમો ભાગ શેષ હોતે છતે શેષ સં. લોભને સર્વ અપર્વતના વડે અપવર્તાવી દશમા ગુણ. ના કાલ જેટલો કરે છે.

૪૮) ત્યારપછી સૂક્ષ્મ કિટ્ટીઓને ઉદય ઉદીરણાવડે ભોગવતો દશમા ગુણની એક આવલિકા શેષ રહે ત્યારે ઉદીરણા વિચ્છેદ થાય છે. કારણકે માત્ર આવલિકા જેટલું જ કર્મ હોવાથી ઉદીરણા થાય નહીં.

૪૯) ચરમ આવલિકાને ઉદય વડે ભોગવી નાશ કરે છે.

૫૦) અહીં દશમા ગુણ. ના ચરમ સમયે (૧) સૂક્ષ્મ સં. લોભનો ઉદય વિચ્છેદ થાય છે. (૨) દશમું ગુણસ્થાન પૂર્ણ થાય છે. (૩) મોહનીય નો ઉદય વિચ્છેદ થાય છે. (૪) જ્ઞાનાવરણીય આદિ ૧૬ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય છે.

૫૧) અનન્તર સમયે ક્ષીણમોહ ગુણ. ને પ્રાપ્ત કરે છે જ્યાં મોહનીય કર્મનો ઉદય અને સત્તા હોય નહીં. અહીં અધ્યવસાય સ્થિર હોય છે.

આ રીતે ક્ષપક શ્રેણી પ્રાપ્ત કરનાર ક્ષીણ મોહ ગુણ. માં અંતર્મુહૂર્ત રહે છે. અહીં આ ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ જાય ત્યાં સુધી જ્ઞાનાવરણીય વિગેરેના સ્થિતિઘાતાદિ પ્રવર્તે છે અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે ૧ જ્ઞાનાવરણીય ૨ દર્શનાવરણીય ૩ અંતરાય કર્મના સ્થિતિઘાતાદિક વિરામ પામે. શેષ અઘાતી પ્રકૃતિના પ્રવર્તે, નિદ્રાદ્વિક હીન ચૌદ પ્રકૃતિ ઉદય - ઉદીરણાએ કરીને સમયાધિક આવલિકા માત્ર શેષ રહે, ત્યાં સુધી વેદે. તે પછી ઉદીરણા અટકી જાય. એટલે કે છેલ્લી આવલિકા માત્ર ઉદય વડે જ ભોગવીને નાશ કરે. એમાં દ્વિચરમ સમયે નિદ્રાદ્વિકનો સ્વરૂપસત્તાની અપેક્ષાએ ક્ષય થાય અને ચરમ સમયે જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અને અંતરાય-૫, આ ચૌદ પ્રકૃતિઓનો ક્ષય થાય તદનંતર

સમયે જ જીવ કેવળજ્ઞાન કેવલદર્શન પામે અર્થાત્ સયોગી કેવલી ગુણઠાણું પામે.

સયોગી કેવલી ગુણઠાણે જઘન્યથી અતંર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી નવ વર્ષ ન્યૂન (દેશોન) પૂર્વક્રોડ વર્ષ રહે. છેલ્લું અતંર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે કેટલાક કેવલી સમુદ્ઘાત કરે. કહ્યું છે કે

**यः षण्मासाधिकायुष्को, लभते केवलं ध्रुवं ।**

**करोत्यसौ समुद्घातमन्ये, कुर्वन्ति वा न वा ॥**

જે છ મહિના કે તેથી અધિક શેષ આયુષ્યવાળા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે તે સમુદ્ઘાત નિશ્ચે કરે, બીજા કરે અથવા ન કરે.

વેદનીયાદિ અને આયુઃકર્મની વર્ગણા અધિકો ઓછી વિષમ હોય તે સમ કરવાને કાજે સમુદ્ઘાત કરે. તે સમુદ્ઘાત આઠ સમયનો હોય છે. પ્રથમ સમયે આત્મપ્રદેશોનો અધઃ ઉર્ધ્વ લોકના છેડા લગે દંડ કરે. બીજે સમયે પૂર્વાપર લોકાંત લગે કપાટ કરે. ત્રીજે સમયે દક્ષિણોત્તર લોકાંત લગે આત્મપ્રદેશ વિસ્તારીને મંથાનરૂપ કરે. ચોથે સમયે આંતરા પુરીને સમગ્ર લોકવ્યાપી થાય. પાંચમે સમયે આંતરા સંહરે. છઠ્ઠે સમયે મંથાન સંહરે. સાતમે સમયે કપાટ સંહરે અને આઠમે સમયે દંડ પણ સંહરીને શરીરસ્થ થાય. તેમાં પહેલે - આઠમે સમયે ઔદારિક કાયયોગી હોય. બીજે - છઠ્ઠે - સાતમે સમયે ઔ. મિશ્ર યોગી હોય અને ત્રીજા, ચોથા પાંચમા સમયે કાર્મણ કાયયોગી હોય છે. અને આ ત્રણ સમયે અણાહારીપણુ હોય છે. અહીં ઘણો વિસ્તાર છે પણ તે પંચસંગ્રહાદિ ગ્રંથાન્તરથી જાણવો. (ઉપર કહ્યા પ્રમાણે કેવલી સમુદ્ઘાત બધા કેવલી ન કરે)

કેવલી સમુદ્ઘાત કર્યા. પૂર્વે અંતર્મુહૂર્ત કાળ પ્રમાણે આવર્જિતકરણ કરે. અર્થાત્ મન - વચન - કાયાના અતિ શુભ વ્યાપાર દ્વારા ઘણા કર્મોને સત્તામાંથી દૂર કરે. આ કાર્ય બધા જ કેવલી કરતા હોવાથી તેને ‘આવશ્યકરણ’ અથવા આયોજિકાકરણ પણ કહે છે. કેવલી સમુદ્ઘાત પછી સયોગી કેવલી ભવોપગ્રાહી કર્મ ક્ષય કરવાને માટે લેશ્યાતીત (અત્યંત અપ્રકંપ, પરમનિર્જરાનું કારણભુત) ધ્યાન સ્વીકારવા ઈચ્છતા, યોગનિરોધ કરવા માંડે તેમાં પ્રથમ બાદર કાયયોગે

કરીને બાદર મનોયોગ રૂંધે, તે પછી બાદર કાયયોગ વડે બાદર વચન યોગ રૂંધે અને ત્યારપછી સૂક્ષ્મ કાયયોગ વડે બાદર કાયયોગને રુંધે ત્યાર પછી સૂક્ષ્મ કાયયોગ વડે સૂક્ષ્મ મનયોગને રૂંધે પછી સૂક્ષ્મ કાયયોગ વડે જ સૂક્ષ્મ વચનયોગ રૂંધે, સૌથી છેલ્લે સૂક્ષ્મ કાયયોગને પણ રૂંધતાં **સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ** નામનું ત્રીજું શુક્લધ્યાન ધ્યાવે. આ ધ્યાનના સામર્થ્યથી મુખ-નાસિકા ઉદર વિગેરે શરીરના સર્વ પોલાણ ભાગોને પુરીને દેહનો ત્રીજો ભાગ સંકુચીને સ્વશરીરના ૨/૩ ભાગ પ્રમાણ આત્મા બને. આ ધ્યાને જ વર્તતો થકો સ્થિતિઘાતાદિક વડે આયુઃ વિના ત્રણ કર્મ સયોગિ કેવલીના ચરમ સમય લગે અપવર્તાવે, ચરમ સમયે સર્વ કર્મ અયોગી અવસ્થાની સ્થિતિ સમાન સ્થિતિનાં થાય. એમાંથી પણ જે કર્મનો અયોગી અવસ્થાએ ઉદય નથી તેની સ્થિતિ એક સમય ઉણી કરે. સયોગી ગુણઠાણાના ચરમ સમયે બેમાંથી કોઈ એક વેદનીય, ઔદારિક-તૈજસ-કાર્મણ શરીર, ૭ સંસ્થાન, પ્રથમ સંઘયણ, ઔદારિકાંગોપાંગ, વર્ણચતુષ્ક, અસ્થિર, વિહાયોગતિ દ્વિક, પ્રત્યેક, શુભ, અશુભ, દુઃસ્વર, સુસ્વર, નિર્માણ આ ત્રીશ પ્રકૃતિનો ઉદય - ઉદીરણા વિરામ પામે.

તદનંતર સમયે જીવ **અયોગીકેવળીગુણઠાણું પામે** છે. તેનો કાળ પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચાર પ્રમાણ - અંતર્મુહૂર્ત માત્ર હોય છે. વળી, સૂક્ષ્મક્રિયા ધ્યાન પૂર્ણ કરીને વ્યુપરત ક્રિયા અનિવૃત્તિ નામે ચોથું શુક્લધ્યાન ધ્યાવે છે. સાથે સાથે સ્થિતિઘાતાદિક રહિત, અનુદયવંત કર્મને વેદ્યમાન પ્રકૃતિમાં સ્તિબુક સંક્રમ વડે સંક્રમાવીને વેદતે અયોગી ગુણઠાણાના દ્વિચરમ સમય પર્યંત જાય.

અયોગી ગુણઠાણાના દ્વિચરમ સમયે દેવગતિ, દેવ-મનુષ્યાનુપુર્વી, ૫ શરીર, ૩ અંગોપાંગ, ૫ બંધન, ૫ સંઘાતન, ૬ સંઘયણ, ૬ સંસ્થાન, વર્ણાદિ ૨૦, બન્ને વિહાયોગતિ, પરાઘાત, ઉપઘાત, અગુરુલઘુ, ઉચ્છ્વાસ, નિર્માણ, પ્રત્યેક, અપર્યાપ્ત, સ્થિર, અસ્થિર શુભ, અશુભ, સુસ્વર, દુઃસ્વર, દુર્ભગ, અનાદેય, અપયશ, નીચગોત્ર અને બેમાંથી કોઈપણ એક વેદનીય આમ કુલ ૭૩ પ્રકૃતિઓ સત્તામાંથી સંપૂર્ણ પણે ક્ષય પામે છે.

# ચારિત્રમોહનીયની ક્ષપણા

હવે અયોગી ગુણઠાણાના ચરમ સમયે કુલ ૧૨ પ્રકૃતિઓ રહી છે તેમાં નામકર્મની નવ તે આ પ્રમાણે મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, યશ અને તીર્થંકર નામકર્મ તથા બેમાંથી એક વેદનીય ઉચ્ચગોત્ર અને મનુષ્યાયુઃ આ ૧૨ પ્રકૃતિઓ ઉદયવતી છે માટે તેને વેદતો ક્ષય કરે છે. જે જીવોએ તીર્થંકર નામ કર્મ બાંધ્યુ જ નથી અર્થાત્ તીર્થંકર સિવાયના જીવો જિનનામ વિનાની ૧૧ પ્રકૃતિઓ વેદે છે અને સત્તામાંથી ક્ષય કરે છે. અને અનંતર સમયે જ મોક્ષ ગતિને પામે છે.

અહીં કેટલાક એમ માને છે કે ગતિ અને અનુપૂર્વી બન્ને સાથે જ હોય અને સાથે જ જાય. અહીં મનુષ્યગતિ છે માટે મનુષ્યાનુપૂર્વી છે. એટલે કે ૧૨ નહિં પણ તેર પ્રકૃતિઓ ઉદયમાં છે અને આ ૧૩ પ્રકૃતિઓ ચરમસમયે એક સાથે ક્ષય થાય છે. આ અહિં મનુષ્યાનુપૂર્વી વિષેનો મતાંતર જાણવો.

આ રીતે અહીં આઠે કર્મનો ઉત્તર પ્રકૃતિ સહિતનો ક્ષય વિધિ કહીને ક્ષપક શ્રેણીનું વર્ણન પૂર્ણ કર્યું.

સર્વ કર્મક્ષય થયા પછી અનંતર સમયે પૂર્વ પ્રયોગાદિ, અથવા તથાસ્વભાવે જીવ ઉર્ધ્વગતિ કરે છે અને સાતરાજ ઉપર સિદ્ધશિલાની ઉપર લોકાંતે સ્થિર થાય છે. ઈત્યાદિ વર્ણન અન્ય ગ્રંથથી જાણી લેવું.

આ શતકનામા પંચમકર્મગ્રંથનું વિવરણ વાંચી - વિચારી - સર્વજીવો કર્મ રહિત થાય એ શુભભાવના.

આ વિવરણ લખવામાં છદ્મસ્થતાના કારણે અથવા અનુપયોગના કારણે જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમા યાચના સાથે વિરમું છું.

**ઈતિ શતકનામા પંચમકર્મગ્રંથ સમાપ્ત**

# શતકનામા પંચમકર્મગ્રંથ

ઉપશમશ્રેણિક્રમ

| અ.નં. | ઉપશમ થતી પ્રકૃતિ | કયા ગુણસ્થાનકે ઉપશમાવે | કુલ ઉપશમ થયેલ |
|---|---|---|---|
| ૧. | અનં. ચાર કષાય | ૪ થી ૭ માં | ૪ |
| ૨. | દર્શન મોહનીયત્રણ | ૬ થી ૭ માં | ૭ |
| ૩. | નપુંસકવેદ | ૯મે | ૮ |
| ૪. | સ્રીવેદ ૯મે | | ૯ |
| ૫. | હાસ્યાદિ - ૭ | ૯મે | ૧૫ |
| ૬. | પુરુષવેદ | " | ૧૬ |
| ૭. | અપ્રત્યા-પ્રત્યા. ક્રોધ | " | ૧૮ |
| ૮. | સંજ્વલન ક્રોધ | " | ૧૯ |
| ૯. | અપ્રત્યા. પ્રત્યા. માન | " | ૨૧ |
| ૧૦. | સંજ્વલન માન | " | ૨૨ |
| ૧૧. | અપ્રત્યા. પ્રત્યા. માયા | " | ૨૪ |
| ૧૨. | સંજ્વલન માયા | " | ૨૫ |
| ૧૩. | અપ્રત્યા. પ્રત્યા. લોભ | " | ૨૭ |
| ૧૪. | સંજ્વલન લોભ | ૧૦ મે | ૨૮ |

ક્ષપકશ્રેણિક્રમ

| અ.નં. | પ્રકૃતિનાં નામ | ક્યાં ક્ષય કરે | ક્ષય પછી સત્તા પ્રકૃતિની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | નરક-તિર્યંચ દેવાયુષ્ય | ૧ લા ગુણ. થી નવું બાંધે નહીં | ૧૪૫ (મોક્ષગામી) |
| ૨. | અનં. ચાર કષાય | ૪ થી ૭, ચારે ગતિમાં | ૧૪૧ |
| ૩. | મિથ્યાત્વ મોહનીય | મનુષ્યમાં ૪ થી ૭ | ૧૪૦ |
| ૪. | મિશ્ર મોહનીય | મનુષ્યમાં ૪ થી ૭ | ૧૩૯ |
| ૫. | સમ્યક્ત્વ મોહનીય | ચારેગતિમનાં ૪ થી ૭ | ૧૩૮ |
| ૬. | નામકર્મની - ૧૩ - થિણદ્ધિત્રિક | ૯મે ગુણ. | ૧૨૨ |
| ૭. | અપ્રત્યા પ્રત્યા. કષાય | ૯મે ગુણ | ૧૧૪ |
| ૮. | નપુંસકવેદ | ૯મે ગુણ | ૧૧૩ |
| ૯. | સ્રીવેદ | ૯મે ગુણ | ૧૧૨ |
| ૧૦. | હાસ્યાદિ-૬ | ૯મે ગુણ | ૧૦૬ |
| ૧૧. | પુરુષવેદ | ૯મે ગુણ | ૧૦૫ |
| ૧૨. | સંજ્વલન ક્રોધ | ૯મે ગુણ | ૧૦૪ |
| ૧૩. | સંજ્વલન માન | ૯મે ગુણ. | ૧૦૩ |
| ૧૪. | સંજ્વલન લોભ | દશમા ગુણ. | ૧૦૧ |
| ૧૫. | નિદ્રા - પ્રચલા | ૧૨ના દ્વિચરમ સમયે | ૯૯ |
| ૧૬. | જ્ઞાના. ૫, દર્શ. ૪ અંત.૫ | ૧૨ના ચરમસમયે | ૮૫ |
| ૧૭. | અઘાતી - ૭૩ | ૧૪મા ગુણ. દ્વિ ચરમ સ. | ૧૨ |
| ૧૮. | શેષ - ૧૨ | ૧૪ના ચરમ સમયે | ૦ |

અનંતર સમયે મોક્ષ

## અથ શતકનામા પંચમ કર્મગ્રંથઃ

નમિઅ જિણં ધુવબંધો - દયસંતા ઘાઈપુન્નપરિઅત્તા,
સેઅર ચઉહવિવાગા, વુચ્છં બંધવિહ સામી અ ॥૧॥

વન્નચઉતેઅકમ્મા, - ગુરુલહુનિમિણોવઘાયભયકુચ્છા,
મિચ્છકસાયાવરણા, વિગ્ઘં ધુવબંધિ સગચત્તા ॥૨॥

તણુવંગાગિઈસંઘયણ, જાઈગઈખગઈપુવ્વિજિણુસાસં,
ઉજ્જોઆયવપરઘા - તસવીસા ગોઅવેઅણિઅં ॥૩॥

હાસાઈજુઅલદુગવેઅ - આઉ તેવુત્તરી અધુવબંધી (ધા)
ભંગા અણાઈસાઈ, અણંતસંતુત્તરા ચઉરો ॥૪॥

પઢમબિઆ ધુવઉદઈસુ, ધુવબંધિસુ તઈઅવજ્જભંગતિગં,
મિચ્છંમિ તિન્નિ ભંગા, દુહાવિ અધુવા તુરિઅભંગા ॥૫॥

નિમિણથિરઅથિરઅગુરુઅ - સુહઅસુહતેઅકમ્મચઉવન્ના
નાણંતરાયદંસણ, મિચ્છં ધુવઉદય સગવીસા ॥૬॥

થિરસુભિઅર વિણુ અધુવ, બંધી મિચ્છવિણુમોહધુવબંધી
નિદ્દેવઘાયમીસં, સમ્મં પણનવઈ અધુવુદયા ॥૭॥

તસવન્નવીસસગતેઅ, - કમ્મ ધુવબંધિસેસ વેઅતિગં,
આગિઈતિગ વેઅણિઅં, દુજુઅલ સગઉરલુસાસચઉ ॥૮॥

ખગઈતિરિદુગ નીઅં, ધુવસંતા સમ્મ મીસ મણુયદુગં,
વિઉવ્વિક્કાર જિણાઊ, હારસગુચ્ચા અધુવસંતા ॥૯॥

પઢમતિગુણેસુ મિચ્છં, નિઅમા અજયાઈઅટ્ઠગે ભજ્જં,
સાસાણે ખલુ સમ્મં, સંતં મિચ્છાઈદસગે વા ॥૧૦॥

સાસણમીસેસુ ધુવં, મીસં મિચ્છાઈનવસુ ભયણાએ,
આઈદુગે અણ નિઅમા, ભઈઆ મીસાઈનવગંમિ ॥૧૧॥

આહારસત્તગં વા, સવ્વગુણે બિતિગુણે વિણા તિત્થં,
નોભયસંતે મિચ્છો, અંતમુહુત્તં ભવે તિત્થે ॥૧૨॥

કેવલજુઅલાવરણા, પણ નિદ્દા બારસાઈમકસાયા,
મિચ્છં તિ સવ્વઘાઈ, ચઉનાણતિદંસણાવરણા ॥૧૩॥

સંજલણ નોકસાયા, વિગ્ઘં ઈઅ દેસઘાઈ ય અઘાઈ,
પત્તેયતણુડ્ઠાઉ, તસવીસા ગોઅદુગવન્ના ॥૧૪॥

સુરનરતિગુચ્ચસાયં, તસદસ તણુવંગ વઈરચઉરંસં,
પરઘાસગ તિરિઆઊ, વન્નચઉ પણિંદિ સુભખગઈ ॥૧૫॥

બાયાલ પુણ્ણપગઈ, અપઢમસંઠાણખગઈસંઘયણા,
તિરિદુગઅસાયનીઓ, વઘાયઈગવિગલનિરયતિગં ॥૧૬॥

થાવરદસ વન્નચઉક્ક, ઘાઈ પણયાલ સહિઅ બાસીઈ,
પાવપયડિ ત્તિ દોસુ વિ વન્નાઈગહા સુહા અસુહા ॥૧૭॥

નામધુવબંધિનવગં, દંસણ પણનાણ વિગ્ઘ પરઘાયં,
ભયકુચ્છમિચ્છસાસં, જિણ ગુણતીસા અપરિઅત્તા ॥૧૮॥

તણુઅટ્ઠ વેઅ દુજુઅલ, કસાય ઉજ્જોઅગોઅદુગ નિદ્દા,
તસવીસાઉ પરિત્તા, ખિત્તવિવાગાડણુપુવ્વીઓ ॥૧૯॥

ઘણઘાઈદુગોઅજિણા, તસિઅરતિગસુભગદુભગચઉસાસં,
જાઈતિગ જિઅવિવાગા, આઉ ચઉરો ભવવિવાગા ॥૨૦॥

નામધુવોદય ચઉતણુ - વઘાયસાહારણિઅરુજ્જોઅતિગં,
પુગ્ગલવિવાગિ બંધો, પયઈઠિઈરસપએસ ત્તિ ॥૨૧॥

મૂલપયડીણ અડસત્ત, - છેગબંધેસુ તિન્નિ ભૂગારા,
અપ્પતરા તિઅ ચઉરો, અવટ્ઠિઓ ન હુ અવત્તવ્વો ॥૨૨॥

એગાદહિગે ભૂઓ, એગાઈ ઊણગંમિ અપ્પતરો,
તમ્મત્તોડવટ્ઠિયઓ, પઢમે સમએ અવત્તવ્વો ॥૨૩॥

નવ છ ચ્ચઉ દંસે દુ દુ, તિ દુ મોહે દુઈગવીસ સત્તરસઃ,
તેરસ નવ પણ ચઉ તિ દુ, ઈક્કો નવ અટ્ઠ દસ દુન્નિ ॥૨૪॥

તિપણછઅટ્ઠનવહિઆ, વીસા તીસેગતીસ ઈગ નામે,
છસ્સગઅટ્ઠતિબંધા, સેસેસુ ય ઠાણમિક્કિક્કં ॥૨૫॥

વીસયર કોડિકોડી, નામે ગોએ અ સત્તરી મોહે,
તીસિયરચઉસુ ઉદહી, નિરયસુરાઉંમિ તિત્તીસા ॥૨૬॥

મુત્તું અકસાયઠિઈં, બાર મુહુત્તા જહન્ન વેઅણિએ,
અટ્ઠટ્ઠ નામગોએસુ, સેસએસું મુહુત્તંતો ॥૨૭॥

વિગ્ઘાવરણ અસાએ, તીસં અટ્ઠાર સુહુમવિગલતિગે,
પઢમાગિઈસંઘયણે, દસ દુસુવરિમેસુ દુગવુડ્ઢી ॥૨૮॥

ચાલીસ કસાએસું, મિઉલહુનિધ્ધુણ્હસુરહિસિઅમહુરે,
દસ દોસઢ્ઢ સમહિઆ, તે હાલિદંબિલાઈણં ॥૨૯॥

દસ સુહવિહગઈઉચ્ચે, સુરદુગથિરછક્કપુરિસરઈહાસે,
મિચ્છે સત્તરિ મણુદુગ, ઈત્થીસાએસુ પન્નરસ ॥૩૦॥

ભયકુચ્છઅરઈસોએ, વિઉવ્વિતિરિઉરલનિરયદુગનીએ,
તેઅપણ અથિરછક્કે, તસચઉ થાવર ઈગ પણિંદી ॥૩૧॥

નપુકુખગઈસાસચઊ - ગુરુકક્ખડરુક્ખસીયદુગ્ગંધે,
વીસં કોડાકોડી, એવઈઆબાહ વાસસયા ॥૩૨॥

ગુરુ કોડિકોડી અંતો, તિત્થાહારણ ભિન્નમુહુ બાહા,
લહુઠિઈ સંખગુણૂણા, નરતિરિઆણાઉ પલ્લતિગં ॥૩૩॥

ઈગવિગલ પુવ્વકોડી, પલિઆડસંખંસ આઉચઉ અમણા,

નિરુવકમાણ છમાસા, અબાહ સેસાણ ભવતંસો ॥૩૪॥

લહુઠિઇબંધો સંજલણ - લોહપણવિગ્ઘનાણદંસેસુ,
ભિન્નમુહુત્તં તે અટ્ઠ, જસુચ્ચે બારસ ય સાએ ॥૩૫॥

દોઇગમાસો પક્ખો, સંજલણતિગે પુમટ્ઠ વરિસાણિ,
સેસાણુક્કોસાઓ, મિચ્છત્તઠિઈઇ જં લદ્ધં ॥૩૬॥

અયમુક્કોસો ગિંદિસુ, પલિયાડસંખંસહીણ લહુબંધો,
કમસો પણવીસાએ, પન્ના સય સહસ સંગુણિઓ ॥૩૭॥

વિગલઅસન્નિસુ જિટ્ઠો, કણિટ્ઠઓ પલ્લસંખભાગૂણો,
સુરનિરયાઉ સમા દસ, સહસ્સ સેસાઉ ખુડ્ડભવં ॥૩૮॥

સવ્વાણ વિ લહુબંધે, ભિન્નમુહુ અબાહ આઉજિટ્ઠેવિ,
કેઇ સુરાઉસમં જિણ, - મંતમુહુ બિંતિ આહારં ॥૩૯॥

સત્તરસ સમહિઆ કિર, ઈગાણુપાણુંમિ હુંતિ ખુડ્ડભવા,
સગતીસસયતિહુત્તર, પાણૂ પુણ ઈગમુહુત્તંમિ ॥૪૦॥

પણસટ્ઠિસહસ પણસય - છત્તીસા ઈગમુહુત્તખુડ્ડભવા,
આવલિઆણં દોસય - છપ્પન્ના એગખુડ્ડભવે ॥૪૧॥

અવિરયસમ્મો તિત્થં, આહારદુગામરાઉય પમત્તો,
મિચ્છદિટ્ઠી બંધઈ, જિટ્ઠઠ્ઠિઈ સેસ પયડીણં ॥૪૨॥

વિગલસુહુમાઉગતિગં, તિરિમણુઆ સુરવિઉવ્વિનિરયદુગં,
એગિંદિથાવરાયવ, આઈસાણા સુરુક્કોસં ॥૪૩॥

તિરિઉરલદુગુજ્જોઅં, છિવટ્ઠ સુરનિરય સેસ ચઉગઈઆ,
આહારજિણમપુવ્વો, ડનિઅટ્ટિસંજલણપુરિસલહું ॥૪૪॥

સાય જસુચ્ચાવરણા, વિગ્ઘં સુહુમો વિઉવ્વિછ અસન્ની,
સન્ની વિ આઉ બાયર - પજ્જેગિંદી ઉ સેસાણં ॥૪૫॥

ઉક્કોસજહન્નેઅર, ભંગા સાઈ અણાઈ ધુવ અધુવા:
ચઉહા સગ અજહન્નો, સેસતિગે આઉચઉસુ દુહા ॥૪૬॥

ચઉભેઓ અજહન્નો, સંજલણાવરણનવગવિગ્ઘાણં,
સેસતિગિ સાઈ અધુવો, તહ ચઉહા સેસપયડીણં ॥૪૭॥

સાણાઈઅપુવ્વંતે, અયરંતો કોડિકોડિઓ ન હિગો,
બંધો નહુ હીણો ન ય, મિચ્છે ભવ્વિયરસન્નિમિ ॥૪૮॥

જઈ લહુબંધો બાયર, પજ્જઅસંખગુણ સુહુમપજ્જડહિગો,
એસિ અપજ્જાણ લહૂ, સુહુમેઅર - અપજ્જપજ્જગુરુ ॥૪૯॥

લહુ બિઅપજ્જઅપજ્જે, અપજેઅરબિઅગુરુડહિગો એવં,
તિચઉઅસન્નિસુ નવરં, સંખગુણો બિઅઅમણપજ્જે ॥૫૦॥

તો જઈજિટ્ઠો બંધો, સંખગુણો દેસવિરયહસ્સિઅરો,
સમ્મચઉ સન્નિચઉરો, ઠિઈબંધાણુકમસંખગુણા ॥૫૧॥

સવ્વાણવિ જિટ્ઠઠિઈ, અસુભા જં સાઈસંકિલેસેણં,
ઈઅરા વિસોહિઓ પુણ, મુત્તું નરઅમરતિરિઆઉં ॥૫૨॥

સુહુમનિગોઆઈખણ - પ્પજોગ બાયર ય વિગલઅમણમણા,
અપજ્જલહુ પઢમદુગુરુ, પજહસ્સિઅરો અસંખગુણો ॥૫૩॥

અપજ્જત્તતસુક્કોસો, પજ્જજહન્નિઅરુ એવ ઠિઈઠાણા,
અપજેઅર સંખગુણા, પરમપજબિએ અસંખગુણા ॥૫૪॥

પઈખણમસંખગુણવિરિઅ અપજ્જપઈ ઠિઈમસંખલોગસમા,
અજ્ઝવસાયા અહિઆ, સત્તસુ આઉસુ અસંખગુણા ॥૫૫॥

તિરિનિરયતિજોઆણં, નરભવજુઅ સચઉપલ્લ તેસટ્ઠં,
થાવરચઉઈગવિગલા યવેસુ પણસીઈસયમયરા ॥૫૬॥

અપઢમસંઘયણાગિઈ - ખગઈઅણમિચ્છદુહગથીણતિગં,
નિઅનપુઈત્થિ દુતીસં, પણિંદિસુ અબંધઠિઈ પરમા ॥૫૭॥

વિજયાઈસુ ગેવિજ્જે, તમાઈ દહિસય દુતીસ તેસટ્ઠં,
પણસીઈ સયયબંધો, પલ્લતિગં સુરવિઉવ્વિદુગે ॥૫૮॥

સમયાદસંખકાલં, તિરિદુગનીએસુ આઉ અંતમુહુ,
ઉરલિ અસંખપરટ્ટા, સાયઠિઈ પુવ્વકોડૂણા ॥૫૯॥

જલહિસયં પણસીઅં, પરઘુસ્સાસે પણિંદિ તસચઉગે,
બત્તીસં સુહવિહગઈ, - પુમસુભગતિગુચ્ચચઉરંસે ॥૬૦॥

અસુખગઈજાઈઆગિઈ - સંઘયણાહારનિરયજોઅદુગં,
થિરસુભજસથાવરદસ, નપુઈત્થીદુજુઅલમસાયં ॥૬૧॥

સમયાદંતમુહુત્તં, મણુદુગજિણવઈરઉરલુવંગેસુ,
તિત્તીસયરા પરમો, અંતમુહુ લહૂવિ આઉજિણે ॥૬૨॥

તિવ્વો અસુહસુહાણં, સંકેસવિસોહિઓ વિવજ્જયઓ,
મંદરસો ગિરિમહિરય, - જલરેહાસરિસકસાએહિં ॥૬૩॥

ચઉઠાણાઈ અસુહો, સુહડન્નહા વિગ્ઘદેસઆવરણા,
પુમસંજલણિગદુતિચઉ - ઠાણરસા સેસ દુગમાઈ ॥૬૪॥

નિંબુચ્છુરસો સહજો, દુતિચઉભાગકઢિઈક્કભાગંતો,
ઈગઠાણાઈ અસુહો, અસુહાણ સુહો સુહાણં તુ ॥૬૫॥

તિવ્વમિગથાવરાયવ, સુરમિચ્છા વિગલસુહુમનિરયતિગં,
તિરિમણુઆઉ તિરિનરા, તિરિદુગછેવટ્ઠ સુરનિરયા ॥૬૬॥

વિઉવ્વિસુરાહારગદુગં, સુખગઈવન્નચઉતેઅજિણસાયં,
સમચઉપરઘાતસદસ, પણિંદિસાસુચ્ચ ખવગા ઉ ॥૬૭॥

તમતમગા ઉજ્જોઅં, સમ્મસુરા મણુઅઉરલદુગવઈરં,

અપમત્તો અમરાઉં, ચઉગઈ મિચ્છા ઉ સેસાણં ॥૬૮॥

થીણતિગં અણમિચ્છં, મંદરસં સંજમુમ્મુહો મિચ્છો,
બિઅ તિઅકસાય અવિરય - દેસપમત્તો અરઈસોએ ॥૬૯॥

અપમાઈ હારગદુગં, દુનિદઅસુવન્નહાસરઈકુચ્છા,
ભયમુવઘાયમપુવ્વો, અનિઅટ્ટી પુરિસસંજલણે ॥૭૦॥

વિગ્ઘાવરણે સુહુમો, મણુતિરિઆ સુહુમવિગલતિગ આઉં,
વેઉવ્વિછક્કમમરા, નિરયા ઉજ્જોઅઉરલદુગં ॥૭૧॥

તિરિદુગનિઅંતમતમા, જિણમવિરયનિરયવિણિગથાવરયં,
આસુહમાયવ સમ્મો વ, સાયથિરસુભજસા સિઅરા ॥૭૨॥

તસવન્નતેઅચઉમણુ, ખગઈદુગપણિંદિસાસપરઘુચ્ચં,
સંઘયણાગિઈનપુંથી, સુભગિઅરતિમિચ્છચઉગઈઆ ॥૭૩॥

ચઉતેઅવન્ન વેઅણિઅ, - નામણુક્કોસ સેસધુવબંધી,
ઘાઈણં અજહન્નો, ગોએ દુવિહો ઈમો ચઉહા ॥૭૪॥

સેસંમિ દુહા, ઈગ દુગ - ણુગાઈ જા અભવણંતગુણિઆણૂ:
ખંધા ઉરલોચિઅવગ્ગણા ઉ તહ અગહણંતરિઆ ॥૭૫॥

એમેવ વિઉવ્વાહાર, તેઅભાસાણુપાણમણકમ્મે,
સુહુમા કમાવગાહો, ઉણૂણંગુલઅસંખંસો ॥૭૬॥

ઈક્કિક્કહિઆ સિદ્ધા - ણંતંસા અંતરેસુ અગ્ગહણા,
સવ્વત્થ જહન્નુચિઆ, નિઅણંતંસાહિઆ જિટ્ઠા ॥૭૭॥

અંતિમચઉફાસદુગંધ, - પંચવન્નરસકમ્મખંધદલં,
સવ્વજિઅણંતગુણરસ, અણુજુત્તમણંતયપએસં ॥૭૮॥

એગપએસોગાઢં, નિઅસવ્વપએસઓ ગહેઈ જિઓ,

થોવો આઉ તદંસો, નામે ગોએ સમો અહિઓ ॥૭૯॥

વિગ્ઘાવરણે મોહે, સવ્વોવરિ વેઅણીયે જેણપ્પે,
તસ્સ ફુડત્તં ન હવઈ, ઠિઈવિસેસેણ સેસાણં ॥૮૦॥

*નિઅજાઈલદ્ધદલિઆ - ણંતંસો હોઈ સવ્વઘાઈણં,*
બજ્ઝંતીણ વિભજ્જઈ, સેસં સેસાણ પઈસમયં ॥૮૧॥

સમ્મદરસવ્વવિરઈ, અણવિસંજોઅ દંસખવગે અ,
મોહસમસંતખવગે, ખીણસજોગિઅરગુણસેઢી ॥૮૨॥

ગુણસેઢી દલરયણા - ણુસમયમુદયાદસંખગુણણાએ,
એયગુણા પુણ કમસો, અસંખગુણનિજ્જરા જીવા ॥૮૩॥

પલિઆડસંખંસમુહૂ, સાસણઈઅરગુણઅંતરં હસ્સં,
ગુરુ મિચ્છિ બે છસટ્ઠી, ઈઅરગુણે પુગ્ગલદ્ધંતો ॥૮૪॥

ઉદ્ધારઅદ્ધખિત્તં, પલિઅ તિહા સમયવાસસયસમએ,
કેસવહારો દીવો - દહિઆઉતસાઈપરિમાણં ॥૮૫॥

દવ્વે ખિત્તે કાલે, ભાવે ચઉહ દુહ બાયરો સુહુમો,
હોઈ અણંતુસ્સપ્પિણિ, પરિમાણો પુગ્ગલપરટ્ટો ॥૮૬॥

ઉરલાઈસત્તગેણં, એગજિઓ મુઅઈ ફુસિઅ સવ્વઅણૂ,
જત્તિઅકાલિ સ થૂલો, દવ્વે સુહુમો સગન્નયરા ॥૮૭॥

લોગપએસોસપ્પિણિ, સમયા અણુભાગબંધઠાણા ય,
જહતહ કમમરણેણં, પુટ્ઠા ખિત્તાઈથૂલિઅરા ॥૮૮॥

અપ્પયરપયડિબંધી, ઉક્કડજોગી અ સન્નિપજ્જત્તો,
કુણઈ પએસુક્કોસં, જહન્નયં તસ્સ વચ્ચાસે ॥૮૯॥

મિચ્છઅજયચઉઆઉ, બિતિગુણવિણુમોહિસત્તમિચ્છાઈ,
છણ્હં સતરસ સુહુમો, અજયા દેસા બિતિકસાએ ॥૯૦॥

પણઅનિઅટ્ટીસુખગઈ, નરાઉસુરસુભગતિગવિઉવ્વિદુગં,
સમચઉરંસમસાયં, વઈરં મિચ્છો વ સમ્મો વા ॥૯૧॥

નિદ્દાપયલાદુજુઅલ - ભયકુચ્છાતિત્થ સમ્મગો સુજઈ,
આહારદુગં સેસા, ઉક્કોસપએસગા મિચ્છો ॥૯૨॥

સુમુણી દુન્નિ અસન્ની, નિરયતિગસુરાઉસુરવિઉવ્વિદુગં,
સમ્મો જિણં જહન્નં, સુહુમનિગોઆઈખણિ સેસા ॥૯૩॥

દંસણછગભયકુચ્છા, બિતિતુરિઅકસાયવિગ્ઘનાણાણં,
મૂલછગેડણુક્કોસો, ચઉહ દુહા સેસિ સવ્વત્થ ॥૯૪॥

સેઢિઅસંખિજ્જંસે, જોગટ્ઠાણાણિ પયડિઠિઈભેઆ,
ઠિઈબંધજ્ઝવસાયા - ણુભાગઠાણા અસંખગુણા ॥૯૫॥

તત્તો કમ્મપએસા, અણંતગુણિઆ તઓ રસચ્છેઆ,
જોગા પયડિપએસં, ઠિઈઅણુભાગં કસાયાઓ ॥૯૬॥

ચઉદસરજ્જૂ લોગો, બુદ્ધિકઓ સત્તરજ્જુમાણઘણો,
તદ્દીહેગપએસા, સેઢી પયરો અ તવ્વગ્ગો ॥૯૭॥

અણદંસનપુંસિત્થી, વેઅચ્છક્કં ચ પુરિસવેઅં ચ,
દો દો એગંતરિએ, સરિસે સરિસં ઉવસમેઈ ॥૯૮॥

અણમિચ્છમીસસમ્મં, તિઆઉઈગવિગલથીણતિગુજ્જોઅં,
તિરિનિરયથાવરદુગં, સાહારાયવઅડનપુત્થી ॥૯૯॥

છગપુમસંજલણા દો, - નિદ્દાવિગ્ઘાવરણખએ નાણી,
દેવિંદસૂરિલિહિઅં, સયગમિણં આયસરણટ્ઠા ॥૧૦૦॥

■ ■ ■

सम्यग्दर्शन ज्ञान चारित्राणि
मोक्षमार्गः

जिनगुण आराधक ट्रस्ट

**NEM** graphics
9428608279